ઈચ્છાથી રહિત જીવને ધર્મ સંભળાવવો તે સેર વગરની જમીનમાં કૂવો ખોદવા સમાન હોવાથી શ્રમમૂલક કેવળ પરિશ્રમસ્વરૂપ ક્લેશને આપનાર છે - એમ જાણવાનું. [૧૧/૧]

**પ્રકારને** = ભેદને આશ્રયીને શુશ્રૂષાને મૂલકારશ્રી જણાવે છે.

**ગાથાર્થ :-** પંડિતોએ શુશ્રૂષા પણ પરમ અને ઈતર (= અપરમ) એવા ભેદથી બે પ્રકારની જણાવેલી છે. પરમ ક્ષયોપશમથી જન્ય પરમ શુશ્રૂષા શ્રવણાદિસિદ્ધિસ્વરૂપ ફળને આપનારી છે. [૧૧/૨]

## ❀ શુશ્રૂષાના બે ભેદ ❀

**ટીકાર્થ :-** પંડિતોએ પ્રકૃષ્ટ અને અપકૃષ્ટ- આમ બે ભેદથી પૂર્વોક્ત શુશ્રૂષા પણ બે પ્રકારની કહેલી છે. શુશ્રૂષાઆવરણના ઉત્કૃષ્ટ ક્ષયોપશમથી પરમશુશ્રૂષા ઉત્પન્ન થાય છે. પરમ શુશ્રૂષાનું ફળ ધર્મશ્રવણ, ગ્રહણ, ધારણા વગેરેની સિદ્ધિ છે.[૧૧/૨]

**વિશેષાર્થ :-** જેમ ભગવતીસૂત્રમાં જણાવેલ છે કે યતનાવરણ કર્મના ક્ષયોપશમથી યતના પ્રગટે છે. તેમ શુશ્રૂષાવરણ કર્મના ક્ષયોપશમથી શુશ્રૂષા પ્રગટે છે. તેનો પ્રકૃષ્ટ ક્ષયોપશમ હોય તો પ્રકૃષ્ટ શુશ્રૂષા પ્રગટે છે. મતલબ કે સમકિતીનું મતિજ્ઞાન જેમ ક્ષાયોપશમિક છે. તેમ પ્રસ્તુત પરમ શુશ્રૂષા ક્ષાયોપશમિક છે. તેથી જ પરમ શુશ્રૂષાથી ૧૯મા ષોડશકમાં (પૃષ્ઠ-૩૭૧) જેનું વર્ણન થશે તે શ્રવણ, ગ્રહણ, ધારણા વગેરેની સિદ્ધિ થવી યુક્તિસંગત છે. પાંચમા શ્લોકમાં જેનું વર્ણન થશે તે અપર શુશ્રૂષા ઔદયિક જાણવી. તે ઔદયિક હોવાથી જ મોક્ષમાર્ગમાં તેનું કોઈ મહત્ત્વ નથી. [૧૧/૨]

પરમ શુશ્રૂષા સંપન્ન થયે છતે જે થાય છે તેને મૂલકારશ્રી જણાવે છે.

**ગાથાર્થ :-** ચતુર, પત્નીયુક્ત અને અત્યંત કામી એવા પણ યુવાનને કિન્નરોના ગીતને સાંભળવા (માં જે રાગ હોય તે રાગ) થી વધુ રાગ ધર્મશ્રવણમાં હોય છે. [૧૧/૩]

१. मुद्रितप्रतौ 'क्षयोपशमान्' इति पाठः, स चार्थतः शुद्धोऽपि मूलानुसारेण न युक्तः ।

**यूनः** = [1]तारुण्यपुण्यस्य **वैदग्ध्यवतः** = चातुरीशालिनः कान्तया = कमनीयकामिन्या युक्तस्य **कामिनोऽपि** = अनुरक्तस्याऽपि **दृढं** इत्यर्थः, किन्नराणां गेयस्य = सर्वातिशायितामृतकल्पगानस्य श्रवणात् **अधिकः** = विशेषवान् **धर्मश्रुतौ** = धर्मश्रवणे **रागः** = अभिलाषः परमशुश्रूषायां भवति । शुश्रूषेच्छात्मिका रागस्तु प्रशस्तवासनात्मक [2]इति न हेतुफलाऽभेदः ॥११/३॥

**कल्याणकन्दली**

समृद्धता । अधिकः **धर्मश्रवणे अभिलाषः परमशुश्रूषायां भवति,** हेतु-स्वरूप-फलापेक्षया किन्नरगेयादिजिनोक्त्योः तुच्छत्व-महत्त्वाभ्यामतिभेदोपलम्भात् । **योगदृष्टिसमुच्चये**ऽपि --> कान्तकान्तासमेतस्य दिव्यगेयश्रुतौ यथा । यूनो भवति शुश्रूषा, तथाऽस्यां तत्त्वगोचरा ॥५२॥ इति तृतीयदृष्टौ शुश्रूषास्वरूपमावेदितम् । तदनुसारेण **तारादित्रयद्वात्रिंशिकायामपि** --> कान्ताजुषो विदग्धस्य दिव्यगेयश्रुतौ यथा । यूनो भवति शुश्रूषा तथाऽस्यां तत्त्वगोचरा ॥ <-- [२२/१३] इत्युक्तं टीकाकृता । **अध्यात्मतत्त्वालोके**ऽपि --> यूनः सकान्तस्य विदग्धबुद्धेर्यथा सुगेयश्रवणेऽभिलाषः । इमां दृशं प्राप्नवतस्तथा स्यात्, तत्त्वावबोधश्रवणाभिलाषः ॥ <-- [३/१००] इत्युक्तम् । इमां दृशं = तृतीयां बलाभिधानां दृष्टिम् । **योगबिन्दौ** अपि --> न किन्नरादिगेयादौ शुश्रूषा भोगिनस्तथा । यथा जिनोक्तावस्येति, हेतुसामर्थ्यभेदतः ॥२५४॥ <-- इत्येवं सम्यग्दृष्टेः धर्मशुश्रूषा वर्णिता । इयञ्च मिथ्यात्वक्षयोपशमादिजन्या भवति, यथोक्तं मूलकारैरेव **पञ्चाशके श्रावकधर्मविधौ** च --> मिच्छत्तखओवसमा सुस्सूसाई उ होंति दढं <-- [पं.१/३ श्रा ९८] । तत एव च सम्यक्त्वशुद्धिरपि, यथोक्तं **धर्मरत्नप्रकरणे** --> सवणकरणेसु इच्छा, होइ रुई सद्दहाणसंजुत्ता । एईइ विणा कत्तो सुद्धी सम्मत्तरयणस्स ॥४६॥ <-- इति । यतेस्तु सुतरां ग्रहणाऽऽसेवनशिक्षागोचरा महती प्रीतिः । यथोक्तं **शिक्षाविंशिकायां** --> सिक्खादुगंमि पीई जइ जायइ हंदि समणसीहस्स । तह चक्कवट्टिणोऽवि हु नियमेण न जाउ नियकिच्चे ॥ <-- [विं.विं.१२/५] इति । इयञ्च शुश्रूषा महानिर्जराकारणम् । तदुक्तं **स्थानाङ्गसूत्रे** --> तीहिं ठाणेहिं समणे निग्गंथे महाणिज्जरे महापज्जवसाणे भवइ । [१] कया णं अहं अप्पं वा बहुं वा सुअं अहिज्जिस्सामि ? [२] कया णं अहं एकल्लविहारपडिमं उवसंपज्जित्ताणं विहरिस्सामि ? [३] कया णं अहं अपच्छिममारणंतियसंलेहणाजूसणाजूसिए भत्त-पाणपडिआइक्खिए पाओवगए कालमणवकंखेमाणे विहरिस्सामि ? एवं समणसा सवयसा सकायसा पडिजागरमाणे निग्गंथे महाणिज्जरे महापज्जवसाणे भवइ <-- [स्था.३/४/२१०] ।

ननु परमशुश्रूषायां सत्यां धर्मश्रवणगोचरो विशिष्टरागो भवतीत्यङ्गीकारे तूत्पत्तौ स्वाश्रयदोषो दुर्वारः, जन्य-जनकयोरभेदात् । न हि तत्त्वशुश्रूषा-तत्त्वश्रवणरागयोः कञ्चिद्भेदं वयमुपलभामहे इति **चेत् ? नैवम्, शुश्रूषा इच्छात्मिका, रागस्तु** = धर्मश्रवणरागस्तु **प्रशस्तवासनात्मकः** = सत्संस्काररूप इति तयोर्भेदोपलम्भात् न **हेतु-फलाभेदः,** न वा तत्प्रयुक्त उत्पत्तौ स्वाश्रयप्रसङ्गः । न हि स्थाणोरयमपराधो यदेनमन्धो न पश्यति ॥११/३॥

## ❀ પરમ શુશ્રૂષાનો પરિચય ❀

**ટીકાર્થ :-** ચાતુર્યવાળા અને સુંદર એવી પત્નીથી યુક્ત અને (પત્નીમાં) અત્યંત અનુરક્ત એવા તરુણને કિન્નરોના સર્વોત્કૃષ્ટ અમૃતતુલ્ય ગાયનને સાંભળવામાં જે રાગ હોય તેનાથી ચઢિયાતો ધર્મશ્રવણને વિશે રાગ = અભિલાષ પરમ શુશ્રૂષા ઉપસ્થિત હોય ત્યારે હોય છે. શુશ્રૂષા એ ઈચ્છાસ્વરૂપ છે, જ્યારે રાગ તો પ્રશસ્ત સંસ્કારસ્વરૂપ છે. માટે હેતુ બનેલી શુશ્રૂષા અને ફલસ્વરૂપ રાગમાં ભેદ રહેલો છે. [૧૧/૩]

**વિશેષાર્થ :-** યુવાનને સ્વાભાવિક રીતે ગીતનો શોખ હોય. તેમાં પણ રાગ-રાગિણી જાણવામાં જે કુશળ હોય તેને તો ગીત સાંભળવાનો ભારે શોખ હોય. વળી સાથે સોહામણી પત્ની હોય ત્યારે ગીત સાંભળવામાં વધુ આનંદ આવે. તેમાં પણ જો પોતે પત્નીમાં આસક્ત હોય તો ગીતશ્રવણમાં ઉત્કટ અભિલાષા હોય. તથા જો સંગીતપ્રિય કિન્નર વગેરેના અમૃતાસ્વાદ કરાવે તેવા મધુર ગીતો ગવાતા હોય તો તો તે યુવાનને તે ગીત સાંભળવાનો રાગ અતિઉત્કટ બની જાય. પ્રસ્તુતમાં શ્રીમદ્જી કહે છે કે પ્રસ્તુત યુવાનને કિન્નરોના ગીત સાંભળવામાં જે રાગ છે તેના કરતાં પણ ધર્મશ્રવણને વિશે વધારે રાગ પરમશુશ્રૂષાવાળા જીવને હોય છે. ચિંતાજ્ઞાનાદિના કારણીભૂત શ્રુતજ્ઞાનનું લક્ષણ બનેલ પરમ શુશ્રૂષાનું આવું બેનમુન સ્વરૂપ જાણ્યા પછી દરેક આરાધક શ્રોતાએ ધર્મશ્રવણની અભિલાષા કેવી કરવી જોઈએ ? તેના વિશે વધુ કહેવાની જરૂર નથી. [૧૧/૩]

## ❀ શુશ્રૂષા અને રાગના ભેદને નિહાળીએ ❀

१. मुद्रितप्रतौ 'तरुणस्य' इति पाठान्तरम् । २. मुद्रितप्रतौ --> इति हेतु-फलयोर्भेदः <-- इति पाठान्तरम् । एतद्द्वयमपि शुद्धम् ।

**'गुरुभक्तिरि'**त्यादि ।

**गुरुभक्तिः परमाऽस्यां विधौ प्रयत्नस्तयाऽऽदृतिः करणे । सद्ग्रन्थाप्तिः श्रवणं तत्त्वाभिनिवेशपरमफलम् ॥११/४॥**

गुरौ भक्तिः **परमा** = प्रधाना **अस्यां** परमशुश्रूषायां सत्यां भवति । **तथा विधौ** = क्षेत्रशुद्धि-मण्डलि-निषद्यादिविधिविषये **प्रयत्नः** = अप्रमादः । **तथा आदृतिः** = आदरः **करणे** = आगमार्थक्रियायाम् । सती = शोभना ग्रन्थाप्तिः

**कल्याणकन्दली**

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् —> अस्यां परमा गुरुभक्तिः तथा विधौ प्रयत्नः, करणे आदृतिः, सद्ग्रन्थावाप्तिः, **श्रवणं** तत्त्वाभिनिवेशपरमफलम् ॥१०/४॥

**गुरुभक्तिः** सम्यक्त्वलक्षणं, यथोक्तं **योगशतके** —> सुस्सूस धम्मराओ गुरुदेवाणं जहासमाहीए । वेयावच्चे णियमो सम्मद्दिट्ठिस्स लिंगाइं ॥१४॥ <— इति । सा च **प्रधाना** = वर्धमाना **परमशुश्रूषायां सत्यां भवति**, तस्याः तत्कार्यत्वात् 'कल्याणसम्पदः परमो हेतुः गुरुः' इति धिया गुरुभक्तिर्विवर्धते । यथोक्तं **पञ्चाशके** —> कल्लाणसंपया इमीइ हेऊ जओ गुरु परमो । इय बोहभावओ चिय जायइ गुरुभत्तिवुड्ढीवि ॥ <—[२/४१] इति । इत्थमेव तस्य तात्त्विकबोधोपपत्तेः, यथोक्तं **श्वेताश्वतरोपनिषदि** अपि —> यस्य देवे परा भक्तिः यथा देवे तथा गुरौ । तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥ <— [६/२३] इति । **गुरुगीतायामपि** —> गुरुवक्त्रे स्थिता विद्या, गुरुभक्त्या तु लभ्यते <— [ ] इत्युक्तम् । **वाल्मीकीरामायणे**ऽपि —> गुरुभक्तिरतानां च वक्तव्यं मोक्षसाधनम् <— [५/४३] इत्युक्तम् । **स्कन्दपुराणे**ऽपि —> गुरुप्रसादात् सर्वं तु प्राप्नोत्येव न संशयः <— [वि.ख.कार्ति.मा.२/७-८] इत्युक्तम् । अन्यत्राऽपि —> गुरुभक्तेः श्रुतज्ञानं भवेत् कल्पतरूपमम् । लोकद्वितयभाविन्यस्ततः स्युः सर्वसंपदः ॥ <— [ ] इत्युक्तम् । अत एव साऽमोघा भवति, तदुक्तं **कादम्बर्यां बाणभट्टेनापि** —> अमोघफला हि महामुनिसेवा भवति <— [ ] । **ततश्च सर्वयत्नेन** गुरुविनयपरतया भाव्यमात्महितमिच्छता, तदुक्तं **उत्तराध्ययनसूत्रे** —> विणए ठविज्ज अप्पाणं इच्छंतो हियमप्पणो <— [१/६] ।

**क्षेत्रशुद्धि- मण्डलिनिषद्यादिविधिविषये अप्रमादः**, अयमवन्ध्यहेतुः सज्ज्ञानस्य, तदुक्तं **मुनिसुन्दरसूरिभिः उपदेशपदवृत्तौ** —> मण्डलिप्रमार्जनादिना विधिना नियोगतः = नियमेन ज्ञानं आगमश्रवणप्रवृत्तस्य श्रोतुः सम्पद्यते <— [गा.८८६] इति । **तथा आगमार्थक्रियायां** उपधिप्रेक्षादिलक्षणायां आदरः, तत्त्वविविदिषोत्तरशुश्रूषाजन्यस्य क्षेत्रविशुद्धि-मण्डलिनिषद्या-कृतिकर्म-कायोत्सर्गादिविधिना गृहीतस्य गुरुभक्तिसमुपात्तस्य तत्त्वज्ञानस्य आगमार्थक्रियाप्रतिबन्धककर्मापनोदकत्वात् । इत्थमेव श्रुतसाफल्योपपत्तेः । यथोक्तं **शिक्षाविंशिकायां** —> आसेवइ य जहुत्तं तहा तहा सम्ममेस सुत्तत्थं । उचियं सिक्खापुव्वं नीसेसं उवहिपेहाई ॥ पडिवत्तिविरहियाणं न हु सुयमित्तमुवगारगं होइ । नो आउरस्स रोगो नासइ तह ओसहसुईओ ॥ न य विवरीएणेसो किरियाजोतेण अवि य वट्टेइ । इय परिणामाओ खलु सव्वं खु जहुत्तमायरइ ॥ <— [विं.विं.१२/११-१२-१३] इति । इत्थमेव धीरत्वोपपत्तेः, यथोक्तं **उत्तराध्ययने** —> किरिअं च रोयए धीरो <— [१८/३३] इति । **विनयद्वात्रिंशिकायामपि** —> शुश्रूषति विनीतः

અહીં એવી શંકા થાય કે —> 'પરમ શુશ્રૂષા હોય ત્યારે ઉપરોક્ત રીતે ધર્મશ્રવણવિષયક ઉત્કૃષ્ટ રાગ ઉત્પન્ન થાય છે' - આવું કહેવાનો અર્થ એ થયો કે પરમ શુશ્રૂષા એ કારણ છે અને ધર્મશ્રવણગોચર ઉત્કૃષ્ટ રાગ એ કાર્ય છે. પરંતુ ધર્મશ્રવણગોચર ઉત્કૃષ્ટ રાગના કારણ તરીકે સંમત પરમ શુશ્રૂષા પણ ધર્મશ્રવણગોચર ઉત્કટ ઈચ્છાસ્વરૂપ જ છે. ઈચ્છા કહો કે રાગ કહો, બન્ને પદનો અર્થ એક જ છે. માટે કારણ અને કાર્ય એક થવાની આપત્તિ આવશે. આ દોષસ્વરૂપ એટલા માટે બનશે કે ઉત્પત્તિમાં આત્માશ્રય દોષ પ્રાપ્ત થાય છે. કાર્યને ઉત્પન્ન કરવા માટે જે કારણની અપેક્ષા છે તે કારણ પોતે જ કાર્યસ્વરૂપ હોવાથી કાર્યને પોતાની ઉત્પત્તિમાં પોતાની અપેક્ષા રહી. આવું થવાથી ક્યારેય પણ કાર્યજન્મ સંભવી જ ના શકે. <— તો તેનું સમાધાન એ છે કે ધર્મશુશ્રૂષા એ ઈચ્છાસ્વરૂપ છે- એ વાત બરાબર છે. પરંતુ રાગ એ ઈચ્છાસ્વરૂપ નથી પણ પ્રશસ્ત સંસ્કારસ્વરૂપ છે. કાર્ય અને કારણ ભિન્ન હોવાના કારણે ઉત્પત્તિમાં આત્માશ્રય દોષને અવકાશ નહિ રહે. [૧૧/૩]

**ગાથાર્થ** :- પરમશુશ્રૂષા હોતે છતે ગુરુભક્તિ પ્રધાન બને છે. વિધિવિષયક પ્રયાસ થાય છે. ધર્મક્રિયા કરવામાં આદર પ્રગટે છે. સુંદર ગ્રંથપ્રાપ્તિ થાય છે. તથા એવું સૂત્રાર્થવિષયક શ્રવણ મળે છે જેનું પ્રકૃષ્ટ ફળ તત્ત્વનો અભિનિવેશ હોય છે. [૧૧/૪]

## ❁ પરમ શુશ્રૂષાના પ્રભાવને પિછાણીએ ❁

**ટીકાર્થ** :- પરમ શુશ્રૂષા હોતે છતે ગુરુવિષયક પ્રકૃષ્ટ ભક્તિ પ્રગટે છે. તેમ જ ક્ષેત્રશુદ્ધિ, માંડલી બનાવવી, વાચનાચાર્યનું આસન પાથરવું વગેરે વિધિને વિશે અપ્રમત્તતા આવે છે. આગમમાં જણાવેલી ક્રિયાને કરવામાં આદર આવે છે. સુંદર ગ્રંથપ્રાપ્તિ

= परिस्फुटसूत्रार्थाऽधिगतिः, सद्ग्रन्थानां - रहस्यशास्त्राणां आप्तिः वा, **श्रवणं** अर्थस्य, तत्त्वाभिनिवेशः = निश्चित-प्रामाण्यकं तत्त्वज्ञानं परमं = प्रकृष्टं फलं यस्य तत्तथा ॥११/४॥ अपरमशुश्रूषामुपदर्शयति —> '**विपरीते**'त्यादि ।

**विपरीता त्वितरा स्यात् प्रायोऽनर्थाय देहिनां सा तु । या सुप्तनृपकथानकशुश्रूषावत् स्थिता लोके ॥११/५॥**

**विपरीता तु** = उक्तविपरीतैव **इतरा** = अपरमशुश्रूषा **स्यात्** **प्रायः** - बाहुल्येन **अनर्थाय** = अनुपकाराय **देहिनां सा तु** = सा पुनः इतरशुश्रूषा❀ [1]या सुप्तः शय्यावस्थितो लीलया स्वापाय किञ्चिच्छ्रवणरतो नृपः = नरपतिः, तस्य कथानके क्वचिदाख्यायिकायां या शुश्रूषा -❀ श्रवणव्यापृतिः **तद्वत् स्थिता** = प्रसिद्धा **लोके**

**कल्याणकन्दली**

सन् सम्यगेवावबुध्यते । यथावत् कुरुते चार्थं मदेन च न माद्यति ॥ <— [द्वा.द्वा.२९/२२] इत्युक्तम् । कदाचिदनाभोगादिनाऽकरणेऽपि परेण स्मारितस्तु नियमेन सूत्रोक्तं संपादयत्येव शक्त्यनुसारेण, अन्यथा धर्माधिकारहानेः, तदुक्तं **पञ्चवस्तुके** —> सुत्तेण चोइओ जो अण्णं उद्दिसिअ तं ण पडिवज्जे । सो तत्तवायबज्झो न होइ धम्मम्मि अहिगारी <— ॥१७०९॥ आगमार्थक्रियाकरणाद्धि ज्ञानवृद्धिर्निरपाया, तदुक्तं **पञ्चाशके** —> विहियाणुट्ठाणाओ पाएणं सव्वकम्मखओवसमा । णाणावरणावगमा णियमेणं बोह-वुड्ढि त्ति ॥ <— [२/४०] इति । तत्फलमेवाह-**परिस्फुटसूत्रार्थाधिगतिरि**ति । इदमेवाभिप्रेत्य **पञ्चवस्तुके पुष्पमालायां** च —> **गुरुपरितोसगएणं**, गुरुभत्तीए तहेव विणएणं । इच्छियसुत्तत्थाणं खिप्पं पारं समुवयंति ॥ <— [पं.व.१००८ पु.मा.२५] इत्युक्तम् । **बृहत्कल्पभाष्येऽपि** —> विणयाहीया विज्जा देंति फलं इह परे य लोगम्मि <— [५२०३] इति प्रोक्तम् । **निशीथचूर्णौ** अपि —> विणओवनेयस्स इह परलोगे वि विज्जाओ फलं पयच्छंति <— [१३] इत्युक्तम् । **हर्षप्रबन्धेऽपि** —> सर्वविद्याऽधिगमे निमित्तं निरस्तविघ्ना गुरुभक्तिरेव <— इत्युक्तम् ।

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् —> विपरीता तु इतरा स्यात् । सा तु देहिनां प्रायः अनर्थाय स्यात् या सुप्तनृपकथानकशुश्रूषावत् लोके स्थिता ॥११/५॥ इयं कारिका **श्रावकधर्मविधिवृत्तौ** [गा.२ पृ.३] समुद्धृता वर्तते ।

થાય છે. અર્થાત્ સૂત્ર અને અર્થનું સ્પષ્ટ જ્ઞાન થાય છે. અથવા સુંદર એવા રહસ્યભૂત શાસ્ત્રોની પ્રાપ્તિ થાય છે. તથા જેના પ્રામાણ્યનો નિશ્ચય થયો છે એવા તત્ત્વજ્ઞાનસ્વરૂપ પ્રકૃષ્ટ ફળને આપનાર એવું **અર્થશ્રવણ** મળે છે. [૧૧/૪]

**વિશેષાર્થ** :- ધર્મશ્રવણની પ્રકૃષ્ટ ઈચ્છા ક્ષાયોપશમિક હોવાથી ધર્મશ્રવણના ઉપાયોમાં સચોટ પ્રવૃત્તિ થાય છે. ગુરુની પ્રસન્નતા હોય તો જ ગુરુદેવ પાસેથી તાત્ત્વિક ધર્મ સાંભળવા મળે. માટે તે જીવ ગુરુદેવની- વાચનાચાર્યની પૂજ્યબુદ્ધિથી જોરદાર ભક્તિ કરે છે. તેવા પ્રકારની ઉદાત્ત ભક્તિ દ્વારા તે જીવની ધર્મશ્રવણયોગ્યતાનો ગુરુને નિશ્ચય થવાથી ગુરુદેવ તેને આગમની વાચના આપવા તૈયાર થાય એટલે તે જીવ મકાન અને તેની આજુબાજુ ૧૦૦ ડગલાં [મતાંતરે ૬૦ ડગલાં] જેટલી ભૂમિ માંસ-હાડ-પંચેન્દ્રિયહત્યા વગેરેથી અશુદ્ધ નથી તેની તપાસ કરી તેની ગુરુને જાણ કરી આગમવાચના લેવા માંડલીરૂપે - ગોળાકારે - વર્તુળાકારે પર્યાયના ક્રમથી સમૂહમાં ગોઠવાય અને વાચનાચાર્યને બેસવા માટે આગમોક્ત વિધિથી પોતાની કામળી વગેરે દ્વારા પ્રત્યેક આગમશ્રોતા વાચનાચાર્યનું આસન (ગાદી જેવું પોચું) બનાવે જેથી વાચનાચાર્ય તેવા આસન ઉપર બેસીને લાંબા સમય સુધી પ્રસન્નતાપૂર્વક વાચના આપી શકે. આદર-અહોભાવથી આગમવાચના સાંભળવા દ્વારા જણાયેલ જે જે આચાર-અર્થ પ્રવૃત્તિમાં લાવવાની પોતાનામાં શક્તિ હોય તેને પ્રમાદ કર્યા વિના જીવનમાં આચરે. તેવું થવાથી અંતરાયાદિ કર્મોનો એવો ક્ષયોપશમ થાય કે દુર્લભ એવા રહસ્યમય ગ્રન્થરત્નો પોતાને પ્રાપ્ત થાય. તેમ જ જ્ઞાનાવરણાદિનો એવો ક્ષયોપશમ થાય કે સૂત્ર અને અર્થનો બોધ સ્પષ્ટરૂપે થવા માંડે. તેથી તેવો શ્રોતા જે અર્થશ્રવણ કરે તેનાથી એવો તત્ત્વનિશ્ચય થાય કે પછી તેને તે બાબતમાં કોઈ ભ્રમ-શંકા જેવું ન રહે. જે તત્ત્વજ્ઞાનમાં પ્રામાણ્યનો નિશ્ચય થયો હોય તે સંબંધી ભ્રમાદિને અવકાશ જ નથી. આ બધાના મૂળમાં રહેલી છે ક્ષાયોપશમિક એવી પ્રકૃષ્ટ ધર્મશુશ્રૂષા. ઘણા બધા સાનુબંધ મહત્ત્વના લાભોનું કારણ હોવાથી પરમ ધર્મશુશ્રૂષા પ્રગટાવવા દરેક શ્રોતાએ પ્રયત્ન કરવો જ રહ્યો. [૧૧/૪]

ગ્રન્થકારશ્રી અપરમ શુશ્રૂષાને બતાવે છે.

**ગાથાર્થ** :- ઉપર કરતાં વિપરીત જ શુશ્રૂષા અપરમ બને છે. સુતેલા રાજાને વાર્તા સાંભળવાની ઈચ્છા હોય તેની જેમ જે શુશ્રૂષા લોકમાં પ્રસિદ્ધ હોય તે અપરમ શુશ્રૂષા તો પ્રાયઃ જીવોને અનર્થ માટે થાય છે. [૧૧/૫]

## ❖ અપરમ શુશ્રૂષા અનર્થકારી ❖

**ટીકાર્થ** :- ઉપર જણાવી તે પરમ શુશ્રૂષાથી વિપરીત હોય તે જ શુશ્રૂષા અપરમ શુશ્રૂષા થાય. ઊંઘવા માટે પથારીમાં આડા પડેલા રાજાને વાર્તા સાંભળવાની ઈચ્છા હોય તેની જેમ જે અપરમ શુશ્રૂષા લોકમાં બધે જ પ્રસિદ્ધ છે તે અપરમ શુશ્રૂષા

१. ❀❀ चिह्नद्वयमध्यवर्ती पाठः मुद्रितप्रतौ नास्ति, सम्पादकप्रमादेन स च भ्रष्ट इत्यवसीयते ।

सर्वत्रैव । यथा नृपस्य कथानकश्रवणे न महान् आदरः, अथ च किञ्चिच्छृणोति अनुषङ्गश्रवणमात्ररसिकत्वात् तथाऽपरमशुश्रूषावानपि लीलया किञ्चिच्छृणोति, न तु परमाऽऽदरेणेत्यर्थः ॥११/५॥ शुश्रूषाजन्यानां श्रुतादिज्ञानानां विभागमुपदर्शयति —> 'ऊहे'त्यादि ।

**ऊहादिरहितमाद्यं तद्युक्तं मध्यमं भवेज्ज्ञानम् । चरमं हितकरणफलं विपर्ययो मोहतोऽन्य इति ॥११/६॥**

ऊहादिना रहितं **आद्यं ज्ञानं** श्रुतज्ञानसंज्ञं **भवेत्** । ऊहः = वितर्कः 'आदिनाऽपोहादि, **तद्युक्तं** = ऊहादि-

कल्याणकन्दली

**यथा** शय्यासुप्तस्य **नृपस्य कथानकश्रवणे न महान्** = महत्त्वाऽवधारणप्रयुक्तप्रणिधानलक्षण **आदरः अथ च किञ्चित्** = लेशतः **शृणोति** संमुग्धकथार्थश्रवणाभिप्रायात्, **अनुषङ्गश्रवणमात्ररसिकत्वात्** = निद्राऽऽनयनलक्षणोद्देश्यसिद्धौ चोपसर्जनभावेनैव श्रवणाभिलाषात् । **तथा अपरमशुश्रूषावानपि लीलया** = क्रीडया **किञ्चिच्छृणोति, न तु परमादरेण** = विस्मिताऽऽननाद्यभिव्यङ्ग्य-वक्तव्यविविदिषानुविद्धप्रणिधानेन । **न चैवमियमनर्थाय** कथं स्यादिति **शङ्कनीयम्**, असम्बद्धतत्तज्ज्ञानलवफलायाः **तस्या दौर्विदग्ध्यबीजत्वात्**, औदयिकभावरूपत्वात्, आगमानादरादिगर्भितत्वाच्च । अपरमशुश्रूषा च न श्रुतमय-चिन्तामय-भावनामयज्ञानहेतुः, तत्त्वपरिणतेरभावात् । यदाह **अवधूताचार्यः** —> 'नाप्रत्ययानुग्रहमन्तरेण तत्त्वशुश्रूषादयः, उदक-पयोऽमृतकल्पज्ञानाऽजनकत्वात् । लोकसिद्धास्तु सुप्तनृपाऽऽख्यानकगोचरा इवाऽन्यार्था एव <— । न चेयं सम्यग्दृष्टेः सम्भवति, तदुक्तं **सम्यग्दृष्टिद्वात्रिंशिकायां** —> भोगिकिन्नरगेयादिविषयाऽऽधिक्यमीयुषी । शुश्रूषाऽस्य न सुप्तेशकथार्थविषयोपमा ॥ <— [द्वा.द्वा. १५/२] ॥११/५॥

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् —> आद्यं ज्ञानं ऊहादिरहितं भवेत् । तद्युक्तं मध्यमं, चरमं हितकरणफलम् । अन्यो विपर्ययो मोहत इति ॥११/६॥

ऊहादिरहितमिति उपलक्षणात् मदेर्ष्यादिदोषापेतमित्यपि बोध्यम् । ऊहादिगुणसमेतत्वे यथा श्रुतज्ञानं चिन्तामयादिज्ञाने प्रविशति तथा मदेर्ष्यादिदोषकलितत्वे तत् अज्ञाने निपतति, यदाह —> तज्ज्ञानमेव न भवति यस्मिन्नुदिते विभाति रागादिगणः ।

**પ્રાયઃ જીવોને અનર્થ માટે થાય છે. જેમ ઊંઘવા માટે પથારીમાં પડેલા રાજાને વાર્તા સાંભળવામાં વિશેષ આદર નથી છતાં તે કંઈક સાંભળે છે, કારણ કે આનુષંગિક રીતે જ સાંભળવામાં કેવળ તેને રસ છે. તેમ અપરમ શુશ્રૂષાવાળો જીવ પણ લીલાથી કંઈક સાંભળે છે, નહિ કે પરમ આદરથી.** [૧૧/૫]

**વિશેષાર્થ :-** ધર્મશ્રવણની ઈચ્છા હોવા છતાં જે વ્યક્તિ ગુરુની ભક્તિ ન કરે, વસતિશુદ્ધિમાં ગોટાળા વાળે, વાચના માંડલીમાં **પર્યાયક્રમથી ન બેસે, ગુરુનું આસન ન પાથરે, જે સાંભળે તેનો અમલ કરવાની શક્તિ હોવા છતાં ન આચરે, અથવા અનાદરથી કરે, એવી વ્યક્તિની ધર્મશ્રવણવિષયક ઈચ્છા એ અપરમ શુશ્રૂષા છે.** એ પ્રાયઃ અનર્થ કરનારી છે, કારણ કે તે **ઔદયિક** ભાવની છે. ધર્મઅનાદરથી ગર્ભિત છે. વિનય, વિવેક, વૈરાગ્ય, શિસ્ત, મર્યાદા, મૂલ્ય, સભ્યતા વગેરે સાથે તેને કશા લેવા દેવા નથી. પથારીમાં પડેલો રાજા ઊંઘવા માટે વાર્તા સાંભળે તેમાં કથાશ્રવણ ગૌણ છે અને નિદ્રા એ મુખ્ય છે. તેમ સમય પસાર કરવા કે મનોરંજન માટે ધર્મ સાંભળવાને ઈચ્છે તેમાં ધર્મશ્રવણ ગૌણ છે અને મનોરંજન, કુતૂહલ વગેરે મુખ્ય છે. માટે પ્રાયઃ તે ધર્મશુશ્રૂષા અનર્થકારી બને છે. આથી ભીંતનો ટેકો લઈને કે સૂતાં સૂતાં કે હસતાં હસતાં, આડું અવળું જોતાં જોતાં, મશ્કરી કરતાં કરતાં, ઝોકા ખાતાં ખાતાં કે, બીજું કાંઈ ખાતાં-પીતાં કે બીજું કામકાજ કરતાં કરતાં ધર્મ સાંભળે તેની ધર્મશુશ્રૂષા પ્રાયઃ અનર્થકારી જ સંભવે; કેમ કે તેમાં આત્મકલ્યાણની ભાવનાથી પ્રગટતો આદર-બહુમાન-શ્રદ્ધા વગેરે નથી. ઊલટું તેમાં ધર્મનો અનાદર ભળેલ છે. જે ધર્મશ્રવણને પ્રધાન-મુખ્ય કરવું જોઈએ તેને ગૌણ કરીને સાંભળવું- તે ધર્મનો અનાદર જ કહેવાય ને ! સૂતાં સૂતાં ધર્મગ્રંથ વાંચવા કે નવકારવાળી ગણવી તે હિતકારી નથી. ઊંઘ ન આવે ત્યાં સુધી આડા-અવળા સંકલ્પ-વિકલ્પોમાં પડવાથી પાપકર્મ બંધાય. તેવું ન બને તેવા આશયથી માંદગી વગેરે અવસ્થામાં સૂતાં સૂતાં નવકારવાળી ગણવી તે એક અલગ વાત છે. બાકી અવાર-નવાર કેવળ ઊંઘ લાવવા માટે સૂતાં સૂતાં નવકારવાળી ગણવામાં આવે તેનાથી ઉચિત ફળ મળે નહિ. એવી આરાધનાથી ભવિષ્યમાં તે-તે આરાધનાને માટે પોતે અયોગ્ય બને. તે-તે આરાધનાના સંયોગો ન મળે તેવા પાપકર્મ બંધાય. આ વાતને ખાસ ધ્યાનમાં રાખવી. [૧૧/૫]

શુશ્રૂષાથી ઉત્પન્ન થનાર શ્રુત આદિ જ્ઞાનોના વિભાગને મૂલકારશ્રી બતાવે છે.

**ગાથાર્થ :-** પ્રથમ જ્ઞાન ઊહાપોહાદિથી રહિત હોય, તેનાથી યુક્ત મધ્યમ = બીજું જ્ઞાન થાય. હિત કરવા સ્વરૂપ ફલને દેનાર ચરમ જ્ઞાન છે. આનાથી ભિન્ન જ્ઞાન મોહના લીધે વિપર્યાસ છે. [૧૧/૬]

१. मुद्रितप्रतौ —> आदिनाऽपोहा' <— इति त्रुटितः पाठः ।

युक्तं **मध्यमं** = चिन्तामयं **भवेत्** ज्ञानं द्वितीयम् । **चरमं** = भावनामयं तृतीयं, हितकरणं फलं यस्य तत्तथा । **अन्यः** = एतज्ज्ञानत्रयाद् भिन्नो बोधः **विपर्ययः** = विपर्यासः = मिथ्याज्ञानमिति यावत् **मोहतः** = मिथ्यात्वमोहनीयोदयात् ॥११/६॥ तत्र श्रुतज्ञानस्य लक्षणमाह —> '**वाक्यार्थे**'त्यादि ।

**वाक्यार्थमात्रविषयं कोष्ठकगतबीजसन्निभं ज्ञानम् । श्रुतमयमिह विज्ञेयं मिथ्याभिनिवेशरहितमलम् ॥११/७॥**

वाक्यार्थः = प्रकृतवाक्यैकवाक्यताऽऽपन्नसकलशास्त्रवचनार्थाऽविरोधिवचनार्थः तन्मात्रं '१प्रमाण-नयाधिगमरहितं

**कल्याणकन्दली**

तमसः कुतोऽस्ति शक्तिर्दिनकरकिरणाग्रतः स्थातुम् ॥ <— [ ] ततश्च यत् स्वामिगतोहादिगुणसंस्कृतं न भवति, न वा स्वामिगतदोषविकृतं भवति किन्तु यथावस्थितं नय-प्रमाणवर्जितं शास्त्रोपदर्शितं सर्वशास्त्राविरोधिनिर्णीतार्थं तदत्र **श्रुतज्ञानसंज्ञं भवेदिति** स्पष्टीभविष्यति । **ऊहादियुक्तं चिन्तामयं ज्ञानं, हितकरणफलं** तु **भावनामयं ज्ञानम्** । अनुपदमेवैतत्सर्वं स्पष्टीभविष्यति । इत्थञ्च **एतज्ज्ञानत्रयाद् भिन्न** उत्कटमदमदनेर्ष्यारागादिदोषशताविलो मिथ्यैकान्तवादाविर्भूतश्च **बोधः मिथ्याज्ञानं, मिथ्यात्वमोहनीयोदयात्** इत्यपि सङ्गच्छते इति भावनीयम् ॥११/६॥

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् —> वाक्यार्थमात्रविषयं कोष्ठकगतबीजसन्निभं अलं मिथ्याभिनिवेशरहितं ज्ञानं इह श्रुतमयं विज्ञेयम् ॥११/७॥ इयं कारिका **धर्मबिन्दूपदेशपदोपदेशरहस्यवृत्त्यादौ** [ध.बि.६/३०; उप.प.८८८; उप.रह.१७२] समुद्धृता । तदनुसारेण **देशनाद्वात्रिंशिकायां** —> उत्पन्नमविनष्टं च बीजं कोष्ठगतं यथा । परस्परविभिन्नोक्तपदार्थविषयं तु न ॥ <— [द्वा.द्वा.२/११] **अध्यात्मोपनिषदि** च —> त्रिविधं ज्ञानमाख्यातं श्रुतं चिन्ता च भावना । आद्यं कोष्ठगबीजाऽऽभं वाक्यार्थविषयं मतम् ॥ <— [१/६५] इत्युक्तं टीकाकृता ।

**प्रकृतवाक्यैकवाक्यतापन्नसकलशास्त्रवचनार्थाविरोधिवचनार्थः** = विवक्षितवाक्येन सह एकवाक्यताऽऽपन्नं यत् सकलशास्त्रवचनं एतदर्थस्याऽविरोधी वचनार्थः । यथा 'सव्वे पाणा न हंतव्वा' इति वाक्येन सह एकवाक्यतामापन्नानि = एकार्थगोचराणि 'सव्वे जीवा वि इच्छंति जीविउं', 'पाणवहो न कायव्वो', 'मा हिंस्यात् सर्वभूतानि' इत्यादीनि सकलशास्त्रवचनानि तेषामर्थस्याऽविरोधी 'जीवहिंसनं बलवदनिष्टानुबन्धि' इति वाक्यार्थः । स्वार्थबोधे समाप्तानां पदानां परस्पराकाङ्क्षयैकवाक्यता जायते । **अन्ये** तु वाक्यानामुपकार्योपकारकाकाङ्क्षायामेकवाक्यतेत्याहुः । उपजीव्योपजीवकभावापन्नबोधजनकता = वाक्यैकवाक्यता इति **वैशेषिकाः** । अङ्गबोधकवाक्यस्याङ्गिबोधकवाक्येन सहैकवाक्यतेति **मीमांसकाः** । **तन्मात्रं** यथाश्रुतं **प्रमाण-नयाधिगमरहितं**

## ज्ञानना 3 प्रकार

**टीकार्थ** :- ऊह = वितर्क = अन्वयमुखी विचार अने अपोह = व्यतिरेकमुखी विचार- आ बन्ने प्रकारना विचारथी रहित एवुं ज्ञान प्रथम = श्रुतज्ञान थाय छे. ऊहापोहथी युक्त एवुं ज्ञान चिन्तामय = बीजुं ज्ञान थाय छे. त्रीजुं भावनामय ज्ञान छे जेनुं फळ हितकरण छे. आ त्रण ज्ञानथी भिन्न ज्ञान मिथ्यात्व मोहनीयना उदयथी विपर्यास = मिथ्या ज्ञान थाय छे. [११/६]

**विशेषार्थ** :- 'दूर जे सफेद पदार्थ देखाय छे ते ठूंठुं-सूकुं झाड होवुं जोईए' - आ विधानात्मक अन्वयमुखी विचारने ऊह = वितर्क कहेवाय. 'दूर जे सफेद वस्तु देखाय छे ते माणस तो न ज होय, कारण के तेनी उपर कागडा वगेरे पंखी बेठेला छे.' आ प्रतिषेधात्मक व्यतिरेकमुखी विचारधाराने अपोह कहेवाय. श्रुत ज्ञानमां ऊहापोह वगेरे नथी होता. उपरोक्त ऊहापोहादिवाळुं ज्ञान चिन्तामय ज्ञान बने. भावनाज्ञान ते बोधने कहेवाय जे बोधथी स्व-परनुं हित थाय तेवी प्रवृत्ति थाय - आ त्रणेय ज्ञाननुं सविस्तर निरूपण आगळ करवामां आवशे. आ त्रणेय सम्यग्ज्ञान छे. परंतु आ त्रण ज्ञानमां जे ज्ञाननो समावेश न थाय ते ज्ञान मिथ्या ज्ञान कहेवाय छे, कारण के ते मिथ्यात्व मोहनीयना उदयथी व्याप्त होय छे. [११/६]

मूळकारश्री श्रुतमय ज्ञानना लक्षणने बतावे छे.

## श्रुतज्ञाननी त्रण विशेषता

**गाथार्थ** :- वाक्यार्थमात्रविषयक, कोठारमां रहेल बीज जेवुं, अत्यंत मिथ्या अभिनिवेशथी रहित एवुं ज्ञान अहीं श्रुतमय ज्ञान जाणवुं. [११/७]

**टीकार्थ** :- प्रस्तुत वाक्यनी साथे एकवाक्यताने प्राप्त थयेल एवा सर्व शास्त्रवचनोना अर्थने अविरोधी एवो जे वाक्यार्थ होय तेने ज पोतानो विषय करनार एवो बोध के जे प्रमाण अने नयना ज्ञानथी शून्य होय ते श्रुतज्ञान जाणवुं. परस्पर

१. मुद्रितप्रतौ 'प्रमाण-तया...' इत्यशुद्धः पाठः ।

तद्विषयं = तद्गोचरं; न तु परस्परविभिन्नविषयशास्त्रावयवभूतपदमात्रवाच्यार्थविषयं, तस्य संशयादिरूपत्वेनाऽज्ञानत्वात् । कोष्ठके = लोहकोष्ठकादौ गतं - स्थितं यद् बीजं = धान्यं तत्सन्निभं, अविनष्टत्वात्, **श्रुतमयं इह** = प्रक्रमे **विज्ञेयं**. मिथ्याभिनिवेशः = असद्ग्रहः तेन रहितं = विप्रमुक्तं **अलं** = अत्यर्थं, पदार्थज्ञानोत्थापितानुपपत्तिनिरासप्रधानत्वात् ॥११/७॥

**कल्याणकन्दली**

**तद्विषयं** दृष्टेष्टविरुद्धत्वज्ञानविरहेण अप्रामाण्यज्ञानानास्कन्दितश्रुतज्ञानं भवति । एतद्व्यवच्छेदमाह --> **न तु परस्परविभिन्नविषयशास्त्रावयवभूतपदमात्रवाच्यार्थविषयं** = मिथो विभिन्नविषयाणि यानि ग्रन्थैकदेशात्मकानि पदानि तन्मात्राभिधेयार्थगोचरम् । अत्र टीकाकारो हेतुमावेदयति-**तस्य** = मिथोविभिन्ननय-निक्षेप-प्रमाण-स्वदर्शन-परदर्शनोत्सर्गापवादादि-विशकलितार्थगोचरज्ञानस्य **संशयादिरूपत्वेन अज्ञानत्वात्** । आदिपदेन विपर्ययादिग्रहणम् । इत्थञ्च विशकलितवाच्यार्थमात्रविषयं श्रुतज्ञानमत्र व्यवच्छिद्यते, न तु दीर्घैकोपयोगानुस्यूतं पद-वाक्य-महावाक्यैदम्पर्यार्थमूर्त्तिकं, तस्य **उपदेशपद**प्रसिद्धत्वात् । तदुक्तं **उपदेशपदे** --> पय-वक्क-महावक्कत्थमेदंपज्जं च एत्थ चत्तारि । सुयभावावगमम्मि हंदि पगारा विणिद्दिट्ठा ॥८५९॥ संपुण्णेहिं जायइ सुयभावावगमो इहरहा उ । होइ विवज्जासो वि हु अणिट्ठफलओ य सो नियमा ॥८६०॥ <-- इति । यद्वा तत्र स्वतन्त्रसंज्ञाव्यवच्छेद एवेष्यत इति न दोष इति व्यक्तं **देशनाद्वात्रिंशिकायाम्** [२/११द्वा.द्वा.] । **अविनष्टत्वादिति** । अविनष्टं सदेव बीजकल्पं श्रुतज्ञानमङ्कुरादिस्थानीयचिन्ताज्ञानादिजनकं स्यादिति ध्येयम् । असद्ग्रहरहितत्वे हेतुमाह - **पदार्थज्ञानोत्थापितानुपपत्तिनिरासप्रधानत्वात्** = पदार्थज्ञानेनोपस्थापिताया अनुपपत्तेः निरासे प्रवणत्वात् । मिथ्याभिनिवेशे त्वज्ञानमेव स्यात्, तदुक्तं **उपदेशपदे** --> इहरा अण्णयरगमा दिट्ठेट्ठविरोहगाणविरहेण । अणभिनिविट्ठस्स सुयं इयरस्स उ मिच्छणाणं ति ॥८८२॥ <-- इति भावनीयम् ॥११/७॥

વિભિન્નવિષયક અને શાસ્ત્રના અવયવભૂત એવા પદોના જ કેવળ વાચ્યાર્થને વિષય બનાવનાર શ્રુતજ્ઞાન ન હોય, કારણ કે તેવો બોધ તો સંશયાદિસ્વરૂપ હોવાના લીધે અજ્ઞાનસ્વરૂપ છે. લોઢાના કોઠાર વગેરેમાં રહેલ જે અનાજ હોય તેના જેવું શ્રુતજ્ઞાન હોય છે, કારણ કે તે વિનાશ પામેલ નથી. (અર્થાત્ તે સ્થિર છે.) પદાર્થના જ્ઞાનથી ઊભી થયેલ અનુપપત્તિને દૂર કરવામાં તત્પર હોવાથી શ્રુતજ્ઞાન અત્યંત મિથ્યા કદાગ્રહથી રહિત હોય છે. [૧૧/૭]

<u>**વિશેષાર્થ**</u> :- 'सव्वे जीवा न हंतव्वा' આવા [A] વાક્ય સાથે એકવાક્યતાને પામેલ એવા 'सव्वे जीवा वि इच्छंति जीविउं', 'पाणवहो न कायव्वो', 'मा हिंस्यात् सर्वभूतानि' વગેરે [B] સર્વ શાસ્ત્રવચનોના અર્થને અવિરોધી એવા 'જીવહિંસા ભગવાન અનિષ્ટને લાવનાર છે' અર્થને જ પોતાનો વિષય બનાવે તે જ્ઞાન શ્રુતજ્ઞાન કહેવાય. તે જ્ઞાન પ્રમાણ-નયબોધથી શૂન્ય હોય છે, કારણ કે પ્રમાણ-નયના વિભાગથી ગર્ભિત એવું જ્ઞાન તો ચિંતાજ્ઞાન બની જાય. મતલબ એ છે કે જે વિષયનું પ્રતિપાદન જે [A] વાક્ય દ્વારા થઈ રહ્યું હોય તે જ વિષયનું પ્રતિપાદન કરનાર બધા જ [B] શાસ્ત્રવચનો પરસ્પર એકવાક્યતાઆપન્ન કહેવાય. તેવા વચનોનો જે વિષય = અર્થ હોય તેનાથી અવિરુદ્ધ એવા અર્થના પ્રતિપાદક એવા [A] શાસ્ત્રવચનના અર્થમાત્રનું જે જ્ઞાન થાય કે જેમાં નય-નિક્ષેપ-પ્રમાણ-સપ્તભંગી વગેરેની અપેક્ષાઓનું અવગાહન થતું ન હોય તે જ્ઞાન શ્રુતમય કહેવાય. અર્થાત્ સર્વ શાસ્ત્રવચનો સાથે જેનો વિરોધ ન આવે તેવા નિશ્ચિત અર્થનું પ્રતિપાદન કરનાર એવા અમુક શાસ્ત્રવાક્યના યથાશ્રુત અર્થનું જ્ઞાન, જેમ કે 'કોઈ જીવને મારવા નહિ' આવું જ્ઞાન, શ્રુતમય જ્ઞાન કહેવાય. આમાં નય-પ્રમાણ વગેરેનું અવગાહન થતું નથી. પરંતુ પરસ્પર વિભિન્ન વિષયનું પ્રતિપાદન કરનારા એવા શાસ્ત્રવચનઘટક પદોના વાચ્યાર્થનું અવગાહન કરનાર બોધ શ્રુતજ્ઞાન ન કહેવાય, કારણ કે તે સંશયાદિસ્વરૂપ બનવાના લીધે અજ્ઞાનસ્વરૂપ છે. અહીં તો જ્ઞાનના વિભાગની વાત ચાલે છે. તેથી તેમાં અજ્ઞાનનો અંતર્ભાવ થઈ ન શકે. દા.ત. કોઈ શાસ્ત્રવચન ઉત્સર્ગપ્રતિપાદક હોય, કોઈક અપવાદવિષયક હોય, કોઈ નિશ્ચયનું વાક્ય હોય, કોઈક વ્યવહારનું વચન હોય, કોઈ સ્વદર્શનપરક વચન હોય, કોઈ પરદર્શનપ્રતિપાદનપરક હોય, કોઈ નિક્ષેપવિષયક હોય, કોઈ નયવિષયક હોય, કોઈ સપ્તભંગીવિષયક હોય, કોઈક વચન દ્રવ્યાર્થિક નયનું હોય, કોઈ પર્યાયાર્થિક નયનું હોય, કોઈક ક્ષેત્રવિષયક હોય, કોઈ કાલ-જ્યોતિષવિષયક હોય, કોઈ કર્મવિષયક હોય, કોઈ પુરુષાર્થવિષયક હોય, કોઈ મંત્રવિષયક હોય, કોઈક આરોગ્યશાસ્ત્રવચન હોય, કોઈક વ્યાકરણવિષયક હોય, કોઈ ન્યાય-તર્કવિષયક હોય, કોઈક સાહિત્યવિષયક હોય-તેવા અલગ અલગ વિષયવાળા શાસ્ત્રવચનોના કોઈક કોઈક પદમાત્રને પકડી તેના પદાર્થનું ભાન થાય તે સંશય-ભ્રમસ્વરૂપ બનવાના લીધે અજ્ઞાનસ્વરૂપ જ હોય. માટે તેનો અહીં શ્રુતજ્ઞાનમાં વ્યવચ્છેદ = અસમાવેશ = બાદબાકી કરેલ છે.

બીજી મહત્ત્વની વાત એ છે કે શ્રુત જ્ઞાન એ ભવિષ્યમાં થનાર ચિંતા જ્ઞાનનું કારણ છે. માટે જ્યાં સુધી ચિંતાજ્ઞાનાદિ ન પ્રગટે ત્યાં સુધી શ્રુતજ્ઞાન ટકવું જરૂરી છે. જેમ ભવિષ્યમાં વૃક્ષો વાવવા કે પાક લેવા માટે તેનું બીજ જરૂરી હોય છે. ખેડૂત નવો પાક લેવા બીજને કોઠારમાં રાખી મૂકે. તે સડી ન જાય કે નાશ પામે નહિ તો જ નવી સીઝનમાં તે બીજમાંથી પાક ઉગી

चिन्तामयज्ञानस्य लक्षणमाह –> 'यत्त्वि'त्यादि ।

**यत्तु महावाक्यार्थजमतिसूक्ष्मसुयुक्तिचिन्तयोपेतम् । उदक इव तैलबिन्दुर्विसर्पि चिन्तामयं तत्स्यात् ॥११/८॥**

**यत्तु** = यत्पुनः **महावाक्यार्थजं** = आक्षिप्तेतरसर्वधर्मात्मकवस्तुप्रतिपादकानेकान्तवादव्युत्पत्तिजनितं, अतिसूक्ष्माः = अतिशयितसूक्ष्मबुद्धिगम्याः शोभनाः = अविसंवादिन्यो या युक्तयः सर्वप्रमाणनयगर्भास्तच्चिन्तया = तदालोचनया उपेतं = सहितं **उदक इव** = सलिल इव **तैलबिन्दुः** = तैललवः **विसर्पि** = विस्तारयुक्तं चिन्तया निर्वृत्तं = **चिन्तामयं तत्** ज्ञानं **स्यात्** = भवेत् ॥११/८॥

**कल्याणकन्दली**

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् –> यत्तु महावाक्यार्थजं अतिसूक्ष्मसुयुक्तिचिन्तया उपेतं उदके तैलबिन्दुः इव विसर्पि तत् चिन्तामयं स्यात् ॥११/८॥ इयं कारिका **धर्मबिन्दूपदेशपदोपदेशरहस्यवृत्त्यादौ** [ध.बि.६/३०; उप.प.८८२; उप.रह.१७२] समुद्धृता । एतदनुसारेण प्रकृतटीकाकृता **देशनाद्वात्रिंशिकायां** –> महावाक्यार्थजं सूक्ष्मयुक्त्या स्याद्वादसङ्गतम् । चिन्तामयं विसर्पि स्यात्तैलबिन्दुरिवाम्भसि ॥ <– [द्वा.द्वा.२/१२] **अध्यात्मोपनिषदि** च –> महावाक्यार्थजं यत्तु, सूक्ष्मयुक्तिशतान्वितम् । तद् द्वितीयं जले तैलबिन्दुरीत्या प्रसृत्वरम् ॥ <– [१/६६] इत्युक्तम् ।

**आक्षिप्तेतरसर्वधर्मात्मकवस्तुप्रतिपादकानेकान्तवादव्युत्पत्तिजनितमिति** । सप्तभङ्गी-सकलादेशादिपरिकलितः अनेकान्तवादोऽस्तित्व-नास्तित्वाद्यर्पणया शब्ददर्शिताऽदर्शित-परस्परविरुद्धाऽविरुद्ध-सत्त्वाऽसत्त्वाऽभिलाप्यत्वाऽनभिलाप्यत्व-वस्तुत्व-प्रमेय-

શકે. તે રીતે શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ બાદ ઊહાપોહ નય-પ્રમાણાદિની વિચારણાથી ચિંતાજ્ઞાન ન પ્રગટે ત્યાં સુધી તે શ્રુતજ્ઞાન ટકવું જોઈએ. શ્રુતજ્ઞાન જ જો નાશ પામી ગયું હોય, ભૂલાઈ ગયું હોય તો ઊહાપોહ-વિચારણા શેની કરવાની ? જે શ્રુતજ્ઞાન ચિંતાજ્ઞાનનું ઘટક જ ન બને તે શ્રુત જ્ઞાનનું મહત્ત્વ શું ? પાણી પીવા માટે ઘડો ખરીદવામાં આવે. પણ પાણી ભરતા પહેલાં જ ઘડો ફૂટી જાય તો તેવો ઘડો આવે કે ન આવે તેમાં કોઈ ફરક પડતો નથી. માટે કોઠારમાં સુરક્ષિત રહેલ બીજની જેમ શ્રુતજ્ઞાન ટકવું જોઈએ. તો જ ચિંતાજ્ઞાન સંભવી શકે. ગુરુભક્તિ, વિધિપરાયણતા, યથાશક્તિપાલન, બહુમાનગર્ભિત શ્રવણ વગેરેથી શણગારાયેલી ક્ષાયોપશમિક એવી પરમ શુશ્રૂષા પછી થનાર શ્રુતજ્ઞાન પ્રાયઃ જરૂર ટકે જ છે. - આ અનુભવસિદ્ધ બાબત છે.

ત્રીજી મહત્ત્વની વાત એ છે કે શ્રુતજ્ઞાન એ ચિંતાજ્ઞાન માટે છે. માટે પદાર્થજ્ઞાનથી ઉત્પન્ન થયેલ ઉપલક દૃષ્ટિએ જણાતી અસંગતિને (કે ઊંડાણથી વિચારતા જણાયેલ વિરોધ વગેરે દોષને) દૂર કરવામાં શ્રુતજ્ઞાન પરાયણ હોય છે. તે અસંગતિ તો જ દૂર થઈ શકે જો શ્રુતજ્ઞાનવાળી વ્યક્તિ કદાગ્રહ-દુરાગ્રહથી તદ્દન મુક્ત હોય. જો તેને કદાગ્રહ હોય તો તે અસંગતિ વગેરેને દૂર કરી ન શકે. અને તો પછી ચિંતાજ્ઞાન ભવિષ્યમાં ન પ્રગટે. આ માટે ચિંતાજ્ઞાનકારણીભૂત શ્રુતમય જ્ઞાન કદાગ્રહના કાદવથી સર્વથા રહિત જ હોય છે. આનાથી સૂચિત થાય છે કે જેને સાંપ્રદાયિક આગ્રહ હોય કે પોતાની માન્યતાને મગજમાં પહેલાં દૃઢ કરીને પછી શાસ્ત્ર ભણવામાં કે સાંભળવામાં આવે તો તે વ્યક્તિને ચિંતાજ્ઞાન કે ભાવનાજ્ઞાન થઈ ન શકે. કદાગ્રહ એ શ્રુતજ્ઞાનમાં રહેલી ચિંતાજ્ઞાનજનન શક્તિને ખલાસ કરી નાંખે છે. પછી ચિંતાજ્ઞાન વગેરે કઈ રીતે પ્રગટે ? બીજ સેકાઈ ગયા પછી તેને વાવવામાં આવે કે ખાતર-પાણી-પ્રકાશ વગેરેનો સહયોગ મળે તો પણ તેમાંથી અંકુરો ન પ્રગટે. માટે દરેક મુમુક્ષુએ ચિંતાજ્ઞાન, ભાવનાજ્ઞાન પામવું હોય તો કદાગ્રહરૂપી કાદવના છાંટાથી પોતાના શ્રુતજ્ઞાનને કલંકિત ન કરવું જોઈએ. વર્તમાન કાળને અનુલક્ષીને આ બાબત પર ધ્યાન રાખવું અતિ આવશ્યક છે. [૧૧/૭]

ચિંતામય જ્ઞાનના લક્ષણને મૂલકારશ્રી બતાવે છે.

## ❀ ચિંતાજ્ઞાનની ચમક ❀

**ગાથાર્થ :-** જે જ્ઞાન મહાવાક્યાર્થથી ઉત્પન્ન થયેલ હોય, અત્યંત સૂક્ષ્મ સુંદર યુક્તિઓના ચિંતનથી યુક્ત હોય તેમ જ પાણીમાં વિસ્તરતા તેલના ટીપા જેવું હોય તે ચિંતામય જ્ઞાન બને. [૧૧/૮]

**ટીકાર્થ :-** આક્ષિપ્ત = શબ્દ દ્વારા પ્રદર્શિત અને અનાક્ષિપ્ત = સાક્ષાત્ શબ્દ દ્વારા નહિ દર્શાવાયેલ- આ રીતે સર્વ ધર્મોને વસ્તુમાં સિદ્ધ કરી સર્વધર્માત્મક વસ્તુનું પ્રતિપાદન અનેકાન્તવાદ કરે છે. તેની વ્યુત્પત્તિ = વ્યુત્પાદન = વિશિષ્ટ સમજણ એ મહાવાક્યાર્થ કહેવાય. તેનાથી ચિન્તામય જ્ઞાન ઉત્પન્ન થાય છે. તે અત્યંત સૂક્ષ્મબુદ્ધિગમ્ય એવી અવિસંવાદી અને સર્વ પ્રમાણ તથા નયથી ગર્ભિત એવી યુક્તિઓની વિચારણાઓથી યુક્ત હોય છે. પાણીમાં તેલનું બિંદુ જેમ વિસ્તાર પામે છે તેમ ચિન્તા = ચિંતનથી ઉત્પન્ન થયેલ જ્ઞાન વિસ્તારયુક્ત હોય છે. [૧૧/૮]

**વિશેષાર્થ :-** ઘડામાં જેમ ઘટત્વ, દ્રવ્યત્વ, સત્ત્વ વગેરે ધર્મ અન્વયમુખે રહે છે. તેમ પટત્વ, મઠત્વ, ગુણત્વ વગેરે ધર્મો

भावनाज्ञानलक्षणमाह —> 'ऐदम्पर्ये'त्यादि ।

**ऐदम्पर्यगतं यद्विध्यादौ यत्नवत्तथैवोच्चैः । एतत्तु भावनामयमशुद्धसद्रत्नदीप्तिसमम् ॥११/९॥**

ऐदम्पर्यं = तात्पर्यं —> 'सर्वज्ञेयविषये सर्वज्ञाज्ञैव प्रधानं कारणं' <— इत्येवंरूपं तद्गतं = तद्विषयं **यत्** ज्ञानं **विध्यादौ** = विधि-द्रव्य-दातृ-पात्रादौ **उच्चैः** = अतिशयेन **यत्नवत्** = परमादरयुक्तं **'तथैव'** ऐदम्पर्यवत्त्व-

**कल्याणकन्दली**

त्वादिसकलधर्मात्मकं वस्तुमात्रं प्रतिपादयतीति व्युत्पत्त्या उत्पादितमित्यर्थः । अयं भावः एकार्थप्रतिपादकानि पदानि, वाक्यं पदार्थचालनारूपं, वाक्यान्येव विशिष्टतरैकार्थचालितार्थप्रत्यवस्थानरूपं महावाक्यं [उपदेशपद-८५९ वृत्तिः] इति व्यपदिश्यते । पदार्थमात्रावगमस्य श्रुतमयत्वमुक्तम् । पदार्थमात्रावग्रहोत्तरस्य वाक्यार्थस्य कथंभावाऽऽकाङ्क्षागर्भत्वेनेहारूपत्वान्न तद्गोचरज्ञानमत्र श्रुतादिमध्ये विवक्षितम् । वाक्यार्थविचारोत्तरस्य विभज्यवादव्युत्पत्तिजनितस्य कृत्स्नैकदेशापायरूप-सर्वप्रमाणनयगर्भचिन्तायुक्तस्य विसर्पणशीलस्य ज्ञानस्य चिन्तामयत्वमत्र स्यात् ॥११/८॥

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् —> यत् ऐदम्पर्यगतं तथैव विध्यादौ उच्चैः यत्नवत् एतत् तु भावनामयं अशुद्धसद्रत्नदीप्तिसमम् ॥११/९॥ इयमपि कारिका **धर्मबिन्दूपदेशपदोपदेशरहस्यवृत्त्यादौ** [ध.बि.६/३०; उप.प.८८२ उप.रह.१७२] समुद्धृता । एतदनुसारेण **देशनाद्वात्रिंशिकायां** —> सर्वत्राऽऽज्ञापुरस्कारि ज्ञानं स्याद् भावनामयम् । अशुद्धजात्यरत्नाभासमं तात्पर्यवृत्तितः ॥ <— [द्वा.द्वा.२/१३] **अध्यात्मोपनिषदि** च —> ऐदम्पर्यगतं यच्च विध्यादौ यत्नवच्च यत् । तृतीयं तदशुद्धोच्चजात्यरत्नविभानिभम् ॥ <— [१/६७] इत्युक्तम् । **ऐदम्पर्यं = तात्पर्यं —> सर्वज्ञेयविषये** = सकलज्ञेयगोचरे **सर्वज्ञाऽऽज्ञैव प्रधानं कारणं <— इत्येवंरूपम्** । अयं भावः हेयोपादेयज्ञेयभेदेन त्रिविधा विषया भवन्ति । तत्र हेयोपादेययोरविपर्यस्तबोधो निर्मलसम्यग्दर्शनवतां मिथ्यात्वक्षयोपशम-दृष्टिवादोपदेशिकीसंज्ञादिप्रभावेन परोपदेशमनपेक्ष्यैव भवति । परं ज्ञानावरणोदयादिना निगोदाभव्यादिज्ञेयपदार्थगोचरः संशयादिरपि सम्भवति । अतः तन्निरासाय सर्वज्ञोपदेशस्य महत्त्वावश्यकता, तत एव तद्गोचरा-

પણ વ્યતિરેકમુખે રહે છે. આમ ઘડો અન્વય-વ્યતિરેકમુખે સર્વધર્માત્મક છે. તેમ જ સત્ત્વ-અસત્ત્વ, અભિલાપ્યત્વ-અનભિલાપ્યત્વ વગેરે સર્વે વિરોધી ધર્મો પણ ઘડામાં રહેલ છે, કારણ કે ઘટ સ્વસ્વરૂપે સત્ છે, પરસ્વરૂપે અસત્ છે. ઘટપદ વડે ઘડો અભિલાપ્ય છે, પટાદિ પદ વડે ઘડો અનભિલાપ્ય છે. જો ઘડાને પરસ્વરૂપે અસત્ માનવામાં ન આવે તો ઘડો પરસ્વરૂપે પણ સત્ બનવાની આપત્તિ આવે. તેમ ઘડાને પટાદિપદ વડે અનભિલાપ્ય માનવામાં ન આવે તો ઘડો પટ, મઠ વગેરે પદોથી પણ અભિલાપ્ય થવાની આપત્તિ આવે. આથી ઘડાને સત્ત્વ, અસત્ત્વ,અભિલાપ્યત્વ, અનભિલાપ્યત્વ વગેરે સર્વધર્માત્મક માનવો જરૂરી છે. આવું પ્રતિપાદન અનેકાંતવાદ કરે છે. આ અનેકાંતવાદનું વ્યુત્પાદન = નિરૂપણ = પ્રતિપાદન = વ્યાખ્યા મહાવાક્યાર્થ કહેવાય છે. તેનાથી ચિન્તામય જ્ઞાન ઉત્પન્ન થાય છે. આ ચિંતામય જ્ઞાન એ અત્યંત સૂક્ષ્મ બુદ્ધિથી જાણી શકાય અને વિસંવાદ ન પામે તેવી સર્વ પ્રમાણો અને નયથી ગર્ભિત યુક્તિઓની વિચારણાથી વ્યાપ્ત હોય છે. શ્રુતજ્ઞાન પ્રમાણ-નયનું અવગાહન કરતું નથી. જ્યારે ચિંતાજ્ઞાન તો પ્રત્યક્ષ, અનુમાન, આગમ આદિ પ્રમાણ અને નૈગમ, સંગ્રહ, વ્યવહાર વગેરે નયોથી ગર્ભિત એવી સચોટ અને સૂક્ષ્મ યુક્તિઓની વિચારણાઓથી અનુવિદ્ધ હોય છે. દા.ત. 'આત્મા નિત્ય છે' આ વાત કયા પ્રમાણથી સિદ્ધ છે ? કયા નયની અપેક્ષાએ છે ? તેમ જ આત્મામાં નિત્યત્વ માનવું કઈ રીતે યોગ્ય છે ? આવી અનેક સૂક્ષ્મ યુક્તિઓની વિચારણાથી ચિન્તામય જ્ઞાન વ્યાપ્ત હોય છે.

તેલનું બિંદુ નાનકડું હોવા છતાં પાણીમાં તે ફેલાય છે. તેમ ચિંતાજ્ઞાન પણ અનેક શાસ્ત્ર-પ્રમાણ-નય-વિષય વગેરેમાં ફેલાતું જાય છે. સર્વ પ્રમાણ-નય-નિક્ષેપ વગેરેમાં ચિંતાજ્ઞાન વધુને વધુ વ્યાપ્ત થતું જાય છે. સર્વવ્યાપી બનતું ચિંતાજ્ઞાન ભાવના જ્ઞાનને લાવે છે. [૧૧/૮]

ગ્રંથકારશ્રી ભાવનાજ્ઞાનનું લક્ષણ બતાવે છે.

**ગાથાર્થ** :- જે જ્ઞાન તાત્પર્યવિષયક હોય તેમ જ વિધિ વગેરેને વિશે અત્યંત પ્રયત્નવાળું હોય તે ભાવનામય જ્ઞાન જાણવું. અશુદ્ધ છતાં સુંદર એવા રત્નની કાંતિ જેવું આ જ્ઞાન હોય છે. [૧૧/૯]

## ❀ ભાવના જ્ઞાનનું સ્વરૂપ ❀

**ટીકાર્થ** :- 'સર્વ જ્ઞેય વિષયોને સ્વીકારવામાં સર્વજ્ઞની આજ્ઞા એ જ પ્રધાન કારણ છે' આવા પ્રકારના તાત્પર્યને પોતાનો વિષય બનાવનાર ભાવનાજન્ય જ્ઞાન હોય છે. આ જ્ઞાન વિધિ, દ્રવ્ય, દાતા, પાત્ર વગેરેને વિશે અત્યંત પરમ આદરવાળું હોય છે. ક્ષાર, માટીના લેપ કરીને ગરમ કરવું વગેરે પ્રક્રિયાના અભાવમાં અશુદ્ધિવાળું હોવા છતાં શ્રેષ્ઠ રત્નની સ્વભાવથી જે પ્રભા

यत्नवत्त्वयोः समुच्चयार्थं 'तथैव' इत्यस्य ग्रहणम्, एतत्तु = एतत्पूर्वः भावनया निर्वृत्तं = भावनामयं ज्ञानं अशुद्धस्य 'क्षारमृत्पुटपाकाद्यभावे, अपिना शुद्धिमतोऽपि सद्रत्नस्य स्वभावतो या दीप्तिः तत्समम् । यथाहि जात्यरत्नं स्वभावत एवान्यरत्नेभ्योऽधिकदीप्तिमत् तथेदमपि भावनाज्ञानमशुद्धसद्रत्नकल्पस्य भव्यजीवस्य कर्ममलिनस्याऽपि शेषज्ञानेभ्योऽधिकप्रकाशकृद् भवति । अनेन हि ज्ञातं ज्ञातं[2], क्रियाऽप्येतत्पूर्विकैवाऽक्षेपेण मोक्षदेति ।

अत्र चैकस्मादपि वाक्यात् व्युत्पत्तिविशेषेण जायमानानां वाक्यार्थज्ञानादीनां[3] महावाक्यार्थज्ञानादौ अवान्तरव्यापारत्वमिति न विरम्यव्यापारानुपपत्तिदोषः । तथा चाहुः तार्किकाः —> 'सोऽयमिषोरिव दीर्घ-दीर्घतरो व्यापारो

**कल्याणकन्दली**

भ्रान्तज्ञानसम्भवादिति 'सर्वज्ञेयविषये बोधे सर्वज्ञाज्ञैव प्रधानं कारणम्' इति स्वीक्रियते । ज्ञेयादिविषयोऽपि नयाभिप्रायभेदेन पदार्थ-वाक्यार्थ-महावाक्यार्थैदम्पर्यार्थभेदेन चतुर्धा भिद्यते । पदार्थादिभावना चैवं बोध्या, यथा 'मा हिंस्यात् सर्व्वभूतानि' इत्यत्र 'सर्वजीवानां सर्वथा बाधां न कुर्यात्' इति पदार्थः । गृहस्थस्य चैत्यालयादौ यत्नः कथम् ? इति चालनात्मकः वाक्यार्थः । अविधिकरणे आज्ञाविराधनाद् चैत्यकरणस्य सदोषत्वेन विधिना यतितव्यमिति प्रत्यवस्थानात्मको महावाक्यार्थः । —> जिनाज्ञैव धर्मे सारः <— इति चैदम्पर्यार्थः । तदुक्तं **उपदेशपदे** —> हिंसिज्ज ण भूयाइं इत्थ पयत्थो पसिद्धगो चेव । मणमाइएहिं पीडं सव्वेसिं चेव ण करिज्जा ॥८६५॥ आरंभिपमत्ताणं इत्तो चेइहरलोचकरणाई । तक्करणमेव अणुबंधओ तहा एस वक्कत्थो ॥८६६॥ अविहिकरणम्मि आणाविराहणा दुट्ठमेव एएसिं । ता विहिणा जइयव्वं ति महावक्कत्थरूवं तु ॥८६७॥ एवं एसा अणुबंधभावओ तत्तओ कया होइ । अइदंपज्जं एयं आणा धम्मम्मि सारोत्ति ॥८६८॥ <— इति ।

**अनेन** = भावनाज्ञानेन **हि ज्ञातं ज्ञातं** = सुज्ञातं भवति, **क्रिया**ऽपि सकला **एतत्पूर्विका** = भावनाज्ञानपूर्विका एव औचित्ययुक्ता **मोक्षदा** । तदुक्तं **धर्मबिन्दौ** —> उचितानुष्ठानमेव सर्वत्र श्रेय इति । भावनासारत्वात्तस्येति । इयमेव प्रधानं निःश्रेयसाङ्गमिति । एतत्स्थैर्याद्धि कुशलस्थैर्योपपत्तेरिति । भावनानुगतस्य ज्ञानस्य तत्त्वतो ज्ञानत्वादिति । न हि श्रुतमय्या प्रज्ञया, भावनादृष्टं ज्ञातं नामेति । उपरागमात्रत्वादिति । दृष्टवदपायेभ्योऽनिवृत्तेरिति । एतन्मूले च हिताऽहितयोः प्रवृत्ति-निवृत्ती इति । अत एव भावनादृष्टज्ञाताद् विपर्ययाऽयोग इति । तद्वन्तो हि दृष्टापाययोगेऽप्यदृष्टापायेभ्यो निवर्तमाना दृश्यन्त एवान्यरक्षादाविति । इति मुमुक्षोः सर्वत्र भावनायामेव यत्नः श्रेयानिति । तद्भावे निसर्गत एव सर्वथा दोषोपरतिसिद्धेरिति <— [ध.बिं.६/२६-३८] । **पञ्चवस्तुके**ऽपि —> सम्मं विआरिअव्वं अत्थपदं भावणापहाणेणं । विसए अ ठावियव्वं बहुस्सुअगुरुसयासाओ ॥८६५॥ <— इति प्रोक्तम् ।

**अत्र** = व्याख्याविधिनिरूपणे **च** = हि **एकस्मादपि वाक्यात् व्युत्पत्तिविशेषेण** = प्रमाणनयानुगृहीतव्युत्पत्तिविशेषेण **जायमानानां वाक्यार्थज्ञानादीनां** = शाब्दबोधात्मकपदार्थ-वाक्यार्थ-महावाक्यार्थज्ञानानां **महावाक्यार्थज्ञानादौ** = वाक्यार्थ-महावाक्यार्थैदम्पर्यार्थज्ञानेषु **अवान्तरव्यापारत्वं** = द्वारित्वे सति द्वारत्वम् । न चैकत्र तयोर्विरोधः, अपेक्षाभेदेन तत्परिहारात् **इति न विरम्यव्यापारानुपपत्तिदोषः** = शब्दस्य तृतीयक्षणे उपरम्य = विनश्य तदुत्तरं व्यापारं प्रति जनकत्वं कथं ? इति दोषः सावकाशो नेत्यर्थः । **तथा चाहुः तार्किकाः** —> **सो**ऽयं **इषोः** = दूरदेशगामिनः शरस्य **इव दीर्घ-दीर्घतरो व्यापारः** ।

હોય તેના જેવું આ ભાવનામય જ્ઞાન હોય છે. જેમ શ્રેષ્ઠ રત્ન સ્વભાવથી જ બીજા રત્નો કરતાં વધારે કાંતિવાળું હોય છે તેમ અશુદ્ધ એવા શ્રેષ્ઠ રત્ન સમાન, કર્મથી મલિન થયેલ, ભવ્ય જીવનું પણ આ ભાવનાજ્ઞાન બીજા જ્ઞાનો કરતાં અધિક પ્રકાશ કરનારું હોય છે. [ભવ્ય જીવ = શ્રેષ્ઠરત્ન. કર્મ = મેલ. જ્ઞાન = પ્રકાશ-કાંતિ-દીપ્તિ. શ્રેષ્ઠ રત્ન = ભવ્ય જીવ કર્મસ્વરૂપ મેલથી અશુદ્ધ હોવા છતાં બીજા જ્ઞાન કરતાં ભવ્યજીવગત ભાવનાજ્ઞાન અધિક પ્રકાશ કરનાર હોય છે.] ભાવના જ્ઞાનથી જણાયેલ વસ્તુ જ જણાયેલ = જ્ઞાત જાણવી, ક્રિયા પણ ભાવનાજ્ઞાનપૂર્વક જ તુરત મોક્ષ આપે છે.

અહીં એક જ વાક્યથી પણ વ્યાખ્યાવિશેષથી ઉત્પન્ન થનાર વાક્યાર્થજ્ઞાન વગેરે, મહાવાક્યાર્થજ્ઞાન વગેરેમાં અવાન્તર વ્યાપાર બને છે. માટે વિરમ્ય = વિરામ પામીને = અટકીને = વિનાશ પામીને વ્યાપાર = દ્વાર સંગત નહિ થવા સ્વરૂપ દોષને અવકાશ નહિ રહે. તાર્કિકો તે જ પ્રમાણે કહે છે કે - તે આ બાણની જેમ દીર્ઘ-દીર્ઘતર વ્યાપાર છે. જેના પ્રતિપાદનમાં શબ્દ પ્રવર્તે છે તે શબ્દાર્થ છે. - આ પ્રમાણે અન્ય સ્થળે વિસ્તાર જાણવો. (જુઓ વિશેષાર્થમાં શંકા-સમાધાન) [૧૧/૯]

१. मुद्रितप्रतौ —> 'क्षारमृत्पुटकाद्यभावेऽपि नशुद्धिमत... <— इत्यशुद्धः पाठः । २. मुद्रितप्रतौ 'ज्ञानं' इत्यशुद्धः पाठः । ३. मुद्रितप्रतौ —> 'महावाक्यार्थशब्दज्ञानादौ' <— इत्यशुद्धः पाठः ।

यत्परः शब्दः[1] स शब्दार्थः' (विज्ञानभिक्षुकृतसाङ्ख्यप्रवचनभाष्य पृ.१२) इत्यन्यत्र विस्तरः ॥११/९॥

**कल्याणकन्दली**

अयमाशयः अतिदूरदेशवर्तिलक्ष्यवेधाय धनुर्धरमोचिते बाणे यः वेग प्रथममुत्पन्नः स तु क्षणिकत्वात् द्रुतमेव विनष्टः पुनश्च नवीनो वेगगुणः बाणे उत्पन्नः; इत्थं नानावेगगुणोत्पत्तिक्रमेण बाणोऽभिसर्पयन् लक्ष्यदेशेन सम्बध्यते । ततश्च यथा बाणस्य दीर्घ-दीर्घतरो व्यापारः तथा **यत्परः** = यद्विषयकबोधेच्छयोच्चरितः शब्दः **स शब्दार्थः** = तात्पर्यार्थः । अविसंवादिनो बाणस्य लक्ष्यदेशमप्राप्याऽनुपरमात् तदन्यथाऽनुपपत्त्या तावत्कालावच्छिन्ना शरगतदीर्घव्यापारस्थितिः स्वीक्रियते सम्यक्प्रयुक्तस्य शब्दस्य स्वतात्पर्यार्थमनभिधायाऽनुपरमात् शब्दैदम्पर्यार्थबोधान्यथानुपपत्त्या तावत्कालावच्छिन्नः = पदार्थ-वाक्यार्थ-महावाक्यार्थैदम्पर्यार्थावबोधव्यापियथोचितबहुसमयावच्छिन्नः श्रुतोपयोगकालोऽवश्यमेवाभ्युपगन्तव्यः । न च शब्दोत्तरकालीनविचारस्य मानसत्वं स्मृतित्वमेव वेति शब्दस्य क्षणिकत्वेऽपि न क्षतिरिति शङ्कनीयम्, तदुत्तरं 'शब्दादेनमर्थं जानामी'ति प्रतीत्यनुपपत्तेः । उपनीतभानादौ

**<u>વિશેષાર્થ</u> :-** જગતમાં ત્રણ પ્રકારના પદાર્થો હોય છે. હેય, જ્ઞેય અને ઉપાદેય. હેય અને ઉપાદેય વિષયનું યથાર્થ જ્ઞાન તો દરેક સમકિતીને મિથ્યાત્વક્ષયોપશમ, દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા વગેરેના પ્રભાવે સ્વતઃ જ થાય છે. આપ્ત પુરુષના ઉપદેશ વિના પણ તે વિષય-કષાયને અંતરથી હેય = છોડવા યોગ્ય માને અને ત્યાગ, તિતિક્ષા, બ્રહ્મચર્ય વગેરેને અંતરથી ઉપાદેય = ગ્રહણ કરવા યોગ્ય માને. પરંતુ જ્ઞેય પદાર્થના વિષયમાં જ્ઞાનાવરણના ઉદય વગેરેથી કદાચ વિપર્યાસ-સંશય વગેરે થવા સંભવ રહે, કારણ કે જ્ઞેય પદાર્થો છદ્મસ્થ માટે અવિપર્યસ્ત સ્વસંવેદનનો સ્વતઃ વિષય નથી. જેમ કે ''બટાટા, નિગોદમાં અનંતા જીવો છે, અભવ્ય જીવો અનંતા છે, અનાદિ નિગોદમાં જાતિભવ્ય જીવો અનંતા હોય છે.'' આ બધા જ્ઞેય પદાર્થોમાં છદ્મસ્થની પોતાની બુદ્ધિ બહેર મારી જાય તેવી હોય છે. માટે 'સર્વ જ્ઞેય પદાર્થોના સ્વીકારમાં સર્વજ્ઞની આજ્ઞા એ જ પ્રધાન કારણ છે'. આ તાત્પર્યવિષયક જે જ્ઞાન હોય તે ભવનાજ્ઞાન કહેવાય.

આ ભાવનાજ્ઞાનવાળો વિધિ વગેરેમાં પરમ આદરવાળો હોય. દા.ત. દાન સંબંધમાં દાનની પૂર્વોક્ત [ષો.૫-ગાથા ૧૩] વિધિ, દાનનું ઉત્કૃષ્ટ દ્રવ્ય, દાન આપનાર દાતાના પાંચ ભૂષણ, દાનનું સામેનું યોગ્ય પાત્ર વગેરે વિશે અત્યંત આદરવાળો થઈને ભાવનાજ્ઞાનવાળો પ્રવૃત્ત થાય.

**<u>શંકા</u> :-** એક જ વાક્યથી પૂર્વે શ્રુતજ્ઞાન ઉત્પન્ન થાય છે, કે જે માત્ર વાક્યાર્થવિષયક છે. શ્રુતજ્ઞાન = શાબ્દબોધ. અર્થાત્ પદજ્ઞાન એ પદાર્થઉપસ્થિતિ દ્વારા શાબ્દબોધ = શ્રુતજ્ઞાન = વાક્યાર્થજ્ઞાન ઉત્પન્ન કરશે. તેથી દ્વાર = વ્યાપાર બનશે પદાર્થ ઉપસ્થિતિ. દ્વારી = વ્યાપારી બનશે પદજ્ઞાન = શબ્દજ્ઞાન. કાર્ય = ફલ બનશે શાબ્દબોધ = શ્રુતજ્ઞાન = વાક્યાર્થજ્ઞાન. પછી ચિંતાજ્ઞાન ઉત્પન્ન થાય છે કે જે મહાવાક્યાર્થવિષયક છે. પરંતુ તે વખતે તો પદજ્ઞાન અને પદ = શબ્દ નષ્ટ થયેલ છે. અર્થાત્ વિરામ પામેલ છે. વિરામ પામેલ = નષ્ટ થયેલ પદજ્ઞાન અને પદ પોતાના નાશ પછી વ્યાપાર = દ્વાર ઉત્પન્ન કરી ન શકે. માટે મહાવાક્યાર્થજ્ઞાન = ચિંતાજ્ઞાન એ શબ્દજ્ઞાનજન્ય શાબ્દબોધસ્વરૂપ બની નહિ શકે. શબ્દનો જ્યાં વ્યાપાર ન હોય તે શાબ્દબોધ ન કહેવાય. વ્યાપારનું લક્ષણ છે तज्जन्यत्वे सति तज्जन्यजनकत्वम् । આ દોષને દાર્શનિક દુનિયામાં 'વિરમ્ય વ્યાપાર અનુપપત્તિ' દોષ કહેવાય છે.

## ચિંતાજ્ઞાનાદિમાં શબ્દવ્યાપારસંગતિ

**<u>સમાધાન</u> :-** ઉપરોક્ત શંકા વ્યાજબી ન હોવાનું કારણ એ છે કે શબ્દજ્ઞાન પદાર્થોપસ્થિતિ દ્વારા જે વાક્યાર્થજ્ઞાનને = શ્રુતજ્ઞાનને ઉત્પન્ન કરે છે તે શ્રુતજ્ઞાન = વાક્યાર્થજ્ઞાન પદજ્ઞાનનું = શબ્દજ્ઞાનનું ફલ હોવા છતાં મહાવાક્યાર્થજ્ઞાન = ચિન્તાજ્ઞાન પ્રત્યે તે શબ્દજ્ઞાનનો અવાન્તર વ્યાપાર બને છે. અર્થાત્ જેમ શબ્દજ્ઞાન એ વાક્યાર્થજ્ઞાન દ્વારા મહાવાક્યાર્થજ્ઞાનને ઉત્પન્ન કરે છે. તેમ જ આગળ વધીને શબ્દજ્ઞાન એ મહાવાક્યાર્થજ્ઞાન દ્વારા તાત્પર્યવિષયક ભાવનાજ્ઞાનને ઉત્પન્ન કરે છે. વાક્યાર્થજ્ઞાન શબ્દજ્ઞાનજન્ય હોતે છતે શબ્દજ્ઞાનજન્ય એવા મહાવાક્યાર્થજ્ઞાનનું જનક હોવાથી શબ્દજ્ઞાનનું વ્યાપાર બની શકે છે. તેમ જ મહાવાક્યાર્થજ્ઞાન શબ્દજ્ઞાનજન્ય હોવા ઉપરાંત શબ્દજ્ઞાનજન્ય એવા ભાવનાજ્ઞાનનું જનક હોવાથી શબ્દજ્ઞાનનું વ્યાપાર બની શકે છે. એકની અપેક્ષા એ ફલસ્વરૂપ હોવા છતાં અન્યની અપેક્ષાએ વ્યાપારરૂપતાનો વિરોધ સંભવતો નથી. અપેક્ષાભેદ એ વિરોધ દોષને હટાવે છે. માટે ઉપરોક્ત 'વિરમ્ય વ્યાપાર અસંગતિ' દોષને અવકાશ રહેતો નથી.

—> મહાવાક્યાર્થજ્ઞાનની અપેક્ષાએ વાક્યાર્થજ્ઞાન અને ભાવનાજ્ઞાનની અપેક્ષાએ મહાવાક્યાર્થજ્ઞાન શબ્દજ્ઞાનના વ્યાપાર કેમ કહી શકાય ? આટલો દીર્ઘકાલીન શબ્દજ્ઞાનનો વ્યાપાર કેમ માની શકાય ? <— આ શંકા અસ્થાને છે. આનું કારણ એ છે કે જેમ બાણ પોતાના લક્ષ્યને વિંધે નહિ ત્યાં સુધી અનેક વ્યાપારો = નવી-નવી ગતિ ક્રિયાઓ ચિર કાળ સુધી ઉત્પન્ન કરે છે. નજીક લક્ષ્ય હોય તો તે અલ્પ વ્યાપાર = ગતિ ક્રિયા ઉત્પન્ન કરે છે. લક્ષ્ય દૂર હોય તો દીર્ઘ કાળ સુધી અનેક નવા નવા વ્યાપાર = ગમન ક્રિયાઓ ઉત્પન્ન કરે છે. લક્ષ્ય દેશ જો અતિદૂર હોય તો દીર્ઘતર કાળ સુધી અનેકાનેક નવા નવા વ્યાપારો = દ્વારો = ગતિ

१. मुद्रितप्रतौ —> 'शब्द' <— इति पदं नास्ति ।

एतेषां त्रयाणां विषयविभागमाह <— 'आद्य' इत्यादि, 'चारी'त्यादि ।

**आद्य इह मनाक्पुंसस्तद्रागाद्दर्शनग्रहो भवति । न भवत्यसौ द्वितीये चिन्तायोगात् कदाचिदपि ॥११/१०॥**

**चारिचरक-सञ्जीवन्यचरकचारणविधानतश्चरमे । सर्वत्र हिता वृत्तिर्गाम्भीर्यात् समरसापत्त्या ॥११/११॥**

**आद्ये** = श्रुतज्ञाने **इह** = जगति **मनाग्** = ईषत् **पुंसः** = तद्वतः पुरुषस्य **तद्रागात्** = श्रुतमयज्ञानानुरागाद् **दर्शनग्रहः** = असत्पक्षपातो **भवति** यथा —> '[१]इदमत्रोक्तं इदमेव च प्रमाणं नान्यत् <— इति । **असौ** = दर्शनग्रहः 'अस्मदीयं दर्शनं शोभनमन्यदीयमशोभनं' इत्येतद्रूपो **द्वितीये** = चिन्तामये ज्ञाने **चिन्तायोगात्** = अतिसूक्ष्म-

कल्याणकन्दली

लौकिकविषयताद्यभावात् 'साक्षात्करोमी'ति प्रतीतिपरिहारेऽपि तत्र 'शाब्दयामी'ति प्रतीतेः समाधातुमशक्यत्वात् । न चात्र शब्द-प्रयोज्यत्वमेवोपाधिभूतं विषय इति शङ्कनीयम्; बाधकं विना स्वभावभूतस्यैव शाब्दत्वस्य तत्र विषयत्वात् इत्यमुना प्रकारेण पदार्था-दिभेदेन पूर्णं ज्ञानं कर्तुमुक्तक्रमानुविद्धसूत्रदेशनात्मा उपदेशो भवतीति **अन्यत्र** = उपदेशरहस्यादौ [गा.१७४/१७५] **विस्तरः** ।

नन्वेकस्य शरस्य सदृशा एव व्यापाराः दृष्टाः । ततः तदुदाहरणेनैकस्य वाक्यस्य श्रुत-चिन्तादयो मिथो विलक्षणव्यापाराः कथं इति चेत् ? अत्रोच्यते, यथा घट-तद्रूपादिगोचरे सविकल्पे जननीये एकस्यापीन्द्रियस्य स्वसंयोग-संयुक्तसमवायादयो मिथो विजातीयाः प्रत्यासत्तयो भवन्ति तथा प्रकृतेऽपि सङ्गच्छते इति व्यक्तं **देशनाद्वात्रिंशिकायाम्** [द्वा.द्वा.२/१३] ॥११/९॥

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् —> इह पुंसः आद्ये तद्रागात् मनाक् दर्शनग्रहो भवति । द्वितीये चिन्तायोगादसौ कदाचिदपि न भवति ॥११/१०॥ चरमे चारिचरक-सञ्जीवन्यचरकचारणविधानतः समरसापत्त्या गाम्भीर्यात् सर्वत्र हिता वृत्तिः ॥११/११॥ एतदनुसारेण **अध्यात्मोपनिषदि** —> आद्ये ज्ञाने मनाक् पुंसः तद्रागाद्दर्शनग्रहः । द्वितीये न भवत्येष चिन्तायोगात्क-दाचन ॥ [१/६८] चारिसञ्जीविनीचारकारकज्ञाततोऽन्तिमे । सर्वत्रैव हिता वृत्तिर्गाम्भीर्यात्तत्त्वदर्शिनः ॥ <— [१/६९] इत्युक्तम् ।

असन् चासौ पक्षपातश्च = **असत्पक्षपात** इति कर्मधारयसमासोऽङ्गीकर्तव्यः, न तु 'असतः पक्षपातः = असत्पक्षपातः' इति **षष्ठीतत्पुरुषसमासः**, प्रकृतपक्षपातस्य विषयापेक्षया कदाचित् शोभनत्वेऽपि स्वरूपतोऽशोभनत्वस्य प्रतिपिपादयिषितत्वात् । **न च** प्राक् [११-७] 'मिथ्याभिनिवेशरहितं' इत्युक्तेन सह कथं नास्य विरोध इति **शङ्कनीयम्**, तत्राऽनुबन्धापेक्षयाऽभिनिवेश-

ક્રિયાઓ ઉત્પન્ન કરે જ છે. તેમ શબ્દનો સામાન્ય અર્થ હોય તો ૧ વ્યાપાર દ્વારા શાબ્દબોધસ્વરૂપ ફળ ઉત્પન્ન થાય. શબ્દનો અર્થ થોડો ગૂઢ હોય તો શબ્દજ્ઞાન અનેક વ્યાપારો ઉત્પન્ન કરીને શાબ્દબોધને જન્મ આપે. જ્યારે અતિગૂઢ અર્થનું શબ્દ પ્રતિપાદન કરે ત્યારે શબ્દજ્ઞાન અનેકાનેક વ્યાપાર = અવાન્તરવ્યાપાર ઉત્પન્ન કરીને શાબ્દબોધને પેદા કરે. તે કાર્યને ઉત્પન્ન કર્યા વિના શબ્દજ્ઞાન અટકી ન જાય; કારણ કે જે અર્થનો બોધ કરાવવામાં શબ્દ તત્પર હોય, જે અર્થનો બોધ કરાવવાની ઈચ્છાથી શબ્દ પ્રયુક્ત થયો હોય, તે જ વાસ્તવમાં શબ્દાર્થ કહેવાય. તેનું ભાન ન થાય ત્યાં સુધી શબ્દજ્ઞાન અપેક્ષિત -આવશ્યક એવા અનેક વ્યાપાર/ અવાન્તર વ્યાપારને અવશ્ય ઉત્પન્ન કરે. બાણ દૂરસ્થ લક્ષ્યને ન વિંધે ત્યાં સુધી જેમ અનેક વ્યાપાર = ગતિ ક્રિયાઓ ઉત્પન્ન કરે જ છે. ગતિ એ ક્રિયાસ્વરૂપ = કર્મસ્વરૂપ છે અને તે તો ક્ષણિક હોય છે. તેથી બાણ ફેંકાયા પછી ૫૦-૬૦ ક્ષણ પછી લક્ષ્યવેધ થાય ત્યાં અનેક વ્યાપાર = ગતિક્રિયાઓ ફલબલકલ્પ્ય છે. તેમ શબ્દસ્થલમાં અનેક વ્યાપાર માનવામાં કોઈ દોષ નથી. આવું સમાધાન તાર્કિક બુદ્ધિથી પ્રાપ્ત થાય છે. [૧૧/૯]

શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાનના વિષયવિભાગને ગ્રંથકારશ્રી બતાવે છે.

**ગાથાર્થ** :- અહીં પ્રથમ શ્રુતમય જ્ઞાનમાં તેના રાગથી પુરુષને કાંઈક દર્શનગ્રહ = ખોટો પક્ષપાત થાય છે. બીજા જ્ઞાનમાં ચિંતનના યોગથી ક્યારેય પણ દર્શનગ્રહ થતો નથી. [૧૧/૧૦]

**ગાથાર્થ** :- ચારો ચરનાર અને સંજીવની ઔષધિ ન ચરનારને ચરાવવાનું કરવાથી ચરમ ભાવનાજ્ઞાનમાં સમરસાપત્તિજન્ય ગાંભીર્યના લીધે સર્વત્ર હિતકારી પ્રવૃત્તિ થાય છે. [૧૧/૧૧]

## ત્રણેય જ્ઞાનનો વિષયવિભાગ

**ટીકાર્થ** :- આ દુનિયામાં પ્રથમ શ્રુતજ્ઞાનમાં શ્રુતમય જ્ઞાનનો અનુરાગ થવાથી શ્રુતજ્ઞાનવાળા પુરુષને કાંઈક દર્શનગ્રહ = ખોટો પક્ષપાત થાય છે. જેમ કે 'અહીં આ કહ્યું છે. અને આ જ પ્રમાણ છે, બીજું કશું નહિ.' 'અમારું જ દર્શન = ધર્મ સારો છે, બીજાનો ધર્મ ખરાબ છે' આવો દર્શનગ્રહ = ધર્મનો આગ્રહ, ચિંતાજ્ઞાનમાં અત્યંત સૂક્ષ્મ અને અવિસંવાદી યુક્તિઓને

१. मुद्रितप्रतौ —> इदं मयोक्तं <— इत्यशुद्धः पाठः ।

सुयुक्तिचिन्तनसम्बन्धात् **कदाचिदपि काले न भवति** । दृष्टनय-प्रमाणरूपसिद्धान्तसद्भावो हि विद्वान् सर्वं स्वपर-तन्त्रोक्तमर्थं स्थानाऽविरोधेन प्रतिपद्यते, न त्वेकान्ततस्तत्र विप्रतिपद्यते इति । तथा चाह **सम्मतौ महामतिः** —> णिययवयणिज्ज-सच्चा सव्वणया परवियालणे मोहा । ते पुण अदिट्ठसमओ विभयइ सच्चे व अलिए वत्ति' <— ॥(१/२८)॥११/१०॥

## कल्याणकन्दली

राहित्यस्योक्तत्वात् प्रकृते च हेत्वपेक्षया ईषद् असत्पक्षपातस्याभिहितत्वात् । यद्वा **प्राक्** 'क्षीयमाणं क्षीणं' इति नयेनाभिनिवेश-राहित्यस्योपदर्शितत्वात् अत्र च **स्वरूपतो**ऽसत्पक्षपातस्याऽऽवेदितत्वात् । यद्वा पूर्वं उदयापेक्षयाऽभिनिवेशवैकल्यस्याविष्कृत-त्वात् इह च प्राधान्येन सत्तापेक्षयाऽसत्पक्षपातस्य प्रदर्शितत्वात् । यद्वा पूर्वं तत्तत्तन्त्रोक्ताहिंसादिपदार्थे पदार्थगोचरत्वेनाऽ-सद्ग्रहराहित्यस्य विवक्षितत्वात् अत्र च तत्तत्तन्त्रोक्तत्वेनाऽन्ततोऽसद्ग्रहसाहित्यस्य सम्भावितत्वात् । यद्वा पूर्वं प्रज्ञापनीयत्वादि-गुणापेक्षयाऽभिनिवेशराहित्यस्य विवक्षितत्वात्, इह तु स्वीयशास्त्ररागापेक्षयांशतो दर्शनग्रहस्येष्टत्वादिति न विरोधलेशोऽपि । एतेन —> श्रुतज्ञानात् विवादः स्यात् <— [९/१०५८] इति **वैराग्यकल्पलता**वचनमपि व्याख्यातमिति ।

**दृष्टनयप्रमाणस्वरूपसिद्धान्तसद्भावो हि** = विभावितनतत्त्वसुनय-सप्तभङ्ग्यादिप्रमाणात्मकराद्धान्तपरमार्थ एव **विद्वान् सर्वं स्वपरतन्त्रोक्तं अर्थं स्थानाविरोधेन** = तत्तन्नयनिक्षेपादिविरोधपरिहारपूर्वं प्रतिनियतविवक्षापुरस्कारेण **प्रतिपद्यते** । 'परतन्त्रोक्तमपि यत् शब्दतोऽर्थतो वा जिनवचनाऽविरोधि दृष्टं तत्सर्वं प्रामाणिकमेवे'ति ज्ञेयम् । यथा —> आपदां कथितः पन्था इन्द्रियाणाम-संयमः । तज्जयः संपदां मार्गो येनेष्टं तेन गम्यताम् ॥ पञ्चैतानि पवित्राणि सर्वेषां धर्मचारिणाम् । अहिंसा सत्यमस्तेयं त्यागो मैथुनवर्जनम् ॥ <— [ ] इत्यादि । न चैतेष्वप्रामाण्यं युक्तं, जिनवचनाऽबाधितार्थत्वात् । न चान्धपरम्परापतितत्वेनाऽ-प्रामाण्यमेतेषाम्, सर्वस्यैव सुन्दरार्थस्य दृष्टिवादमूलत्वेनाऽतथात्वात् । वक्तृविश्वासेनाऽविकल्पतथाकाराऽयोग्यत्वेऽपि विकल्प्य तथाकारेऽनौचित्याऽभावात् । इत्थं विकल्पेनैव सम्यग्दृष्टिपरिगृहीतत्वात् सम्यक्श्रुतत्वोपपत्तेश्च । परप्रणीतत्वेन तदभ्युपगमे एकान्तभयश्चाज्ञानविजृम्भितमेव, यदुक्तं मूलकारैरेव **उपदेशपदे** —> जं अत्थओ अभिन्नं अण्णत्था सद्दओ वि तह चेव । तंमि पओसो मोहो विसेसओ जिणमयठियाण ॥६९३॥ <— इति प्राक् [पृ.१०३] दर्शितमेव । अत एव **न तु** = नैव **एकान्ततः तत्र** = परतन्त्रोक्तार्थे **विप्रतिपद्यते**, द्वादशाङ्ग्याशातनापत्तेरिति प्रागुक्तमेव [४/११] । इत्थञ्च परतन्त्रोक्तत्वेनाऽपि रूपेण न सद्वचनस्य प्रतिक्षेप्यता किं पुनः परसम्प्रदायाभ्युपगतत्वादिना रूपेणेति मध्यस्थतया विभावनीयम् ।

**तथा चाह सम्मतौ** = **सम्मतितर्कग्रन्थे महामतिः** श्रीसिद्धसेनदिवाकरसूरिः - **'नियये'**ति । श्रीअभयदेवसूरिकृता तद्व्याख्या चैवं —> निजकवचनीये = स्वांशे परिच्छेद्ये सत्याः = सम्यग्ज्ञानरूपाः सर्व एव नयाः सङ्ग्रहादयः परविचालने = परविषयोत्खनने मोहाः मुह्यन्तीति मोहाः = मिथ्याप्रत्ययाः, परविषयस्यापि सत्यत्वेनोन्मूलयितुमशक्यत्वात्, तदभावे स्वविषयस्याप्यव्यवस्थितेः । ततश्च परविषयस्याभावे स्वविषयस्याप्यसत्त्वात् तत्प्रत्ययस्य मिथ्यात्वमेव, तद्व्यतिरिक्तग्राहकप्रमाणस्य चाभावात् । तस्मात् तानेव नयान्, पुनः शब्दस्यावधारणार्थत्वात्, न इति प्रतिषेधो विभजनक्रियायाः, दृष्टः समयः = सिद्धान्तवाच्यमनेकान्तात्मकं वस्तुतत्त्वं येन पुंसा स तथा, स न विभजते सत्येतरतया स्वेतरविषयमवधारयमाणोऽपि तथा तान् न विभजते अपि त्वितरनयविषयसव्यपेक्षमेव स्वनयाभिप्रेतं विषयं सत्यमेवावधारयतीति यावत् । 'ग्राह्यसत्याऽसत्याभ्यां ग्राहकसत्यासत्ये' इत्येवमभिधानम् । तच्च दृष्टानेकान्ततत्त्वस्य विभजनं 'स्यादस्त्येव द्रव्यार्थत' इत्येवंरूपम् <— [कां.१ गा.२८ वृ.पृ.४२९] । तदुक्तमेतदनुसारेण **देशनाद्वात्रिंशिकायां** —> आद्येऽविरुद्धार्थतया मनाक् स्यात् दर्शनग्रहः । द्वितीये बुद्धिमाध्यस्थ्य-

વિચારવાના કારણે, કોઈ પણ કાળે થતો નથી. નય અને પ્રમાણ સ્વરૂપ સિદ્ધાન્તનો હાર્દ જેણે જોયેલો-જાણેલો હોય તેવો વિદ્વાન પોતાના ધર્મશાસ્ત્ર કે બીજાના ધર્મશાસ્ત્રોમાં કહેલ બધા અર્થને સ્થાનવિરોધને દૂર કરીને સ્વીકારે છે. [પરસ્થાનનિયોગથી = અયોગ્ય સ્થાને અયોગ્ય અપેક્ષાથી અર્થને જોડવાથી જે વિરોધ વગેરે દોષ આવે તેનો પરિહાર કરવા પૂર્વક સ્વસ્થાનનિયોગથી = યોગ્ય સ્થાને યોગ્ય અપેક્ષાથી અર્થને જોડવાથી ને તે સ્વ-પરદર્શનપ્રદર્શિત સર્વ અર્થનો સ્વીકાર પ્રમાણ-નયના રહસ્યને જાણનાર વિદ્વાન કરે છે.] તેવો વિદ્વાન પરદર્શનોક્ત પદાર્થને વિશે એકાન્તથી વિપ્રતિપત્તિ = વિવાદ કરે નહિ. **સન્મતિતર્ક ગ્રંથમાં** મહાબુદ્ધિશાળી શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજી મહારાજે કહેલ છે કે —> "સર્વ નય પોતાના વાચ્યાર્થ વિશે સત્ય હોય છે. પરનય-વિષયનો નિરસ્કાર કરવામાં આવે તો મૂઢ = મિથ્યા છે. જેણે સિદ્ધાન્ત = જૈનદર્શનના પ્રમાણ-નયના હાર્દ જાણેલ ન હોય તે જ વ્યક્તિ 'આ નય સાચો છે, તે નય ખોટો છે' આ રીતે નયોનું વિભાજન કરે છે." <— [૧૧/૧૦]

चारेः चरकः = भक्षयिता [1]सञ्जीवन्या औषधेश्च अचरकः = अनुपभोक्ता, तस्य चारणं = अभ्यवहारणं तस्य विधानतः = दृष्टान्तात् **चरमे** भावनामये ज्ञाने सति **सर्वत्र** = सर्वजीवेषु **हिता** = हितहेतुः **वृत्तिः** = प्रवृत्तिः, न तु कदाचित् अहिता, **समरसापत्त्या** = सर्वतन्त्रसमूहरूपस्वसमयव्युत्पत्तिकृतसर्वानुग्रहपरिणत्या **गाम्भीर्यात्** = गम्भीराशयात् । दृष्टान्तश्चायं —> काचित् स्त्री स्वपतिवशीकाराय काञ्चित्परिव्राजिकां तदुपायमपृच्छत् । [2]तया च किल कुतश्चित्

## कल्याणकन्दली

चिन्तायोगात् कदापि न ॥ <— [२/१४] इति । यत्तु **वैराग्यकल्पलतायां** —> स्यात् मतावेशश्च चिन्तया <— [९/१०५०] इत्युक्तं तत्तु चिन्ताज्ञानस्य प्राथमिकदशामपेक्ष्य भावनाज्ञानातिव्यवहिता-वस्थामाश्रित्योक्तं, इह तु परिपक्वचिन्ताज्ञानापेक्षयेति न विरोध इति ध्येयम् ॥११/१०॥

**सर्वजीवेषु हितहेतुः प्रवृत्तिरि**ति । यथोक्तं **उपदेशपदे** —> णाणी य णिच्छएणं पसाहई इच्छियं इहं कज्जं । बहुपडि-बंधजुयंपि हु तहा तहा तयविरोहेण ॥८८७॥ मग्गे य जोयइ तहा केई भावाणुवत्तणगुणेण । बीजाहाणं पायं तदुचियाणं कुणइ एसो ॥८८८॥ <— इति । ध्याननिर्बन्धा नृपपत्नी **उपदेशपदो**क्ताऽत्र दृष्टान्तत्वेन भावनीया । **समरसापत्त्या = सर्वतन्त्र-समूहरूपस्वसमयव्युत्पत्तिकृतसर्वानुग्रहपरिणत्या** = 'सर्वेषामेव दर्शनानां समीचीनसंवलनात्मकः अनेकान्तवादराद्धान्तः' इति विज्ञानेन भद्रकजीवानां सर्वतन्त्रस्थितानामासन्नदूरादिभावेन विशेषेऽपि जिनसेवकत्वाविशेषपरिज्ञानेनोपस्थापितायाः सर्वेषामेवानुरूप-तयाऽनुग्रहपरिणत्याः प्राप्त्या । **गुरुतत्त्वविनिश्चयवृत्तौ** अपि —> सर्वहितावहा समापत्तिः चन्दनगन्धस्थानीया स्वस्वदर्शनग्रहविमुख-सहजमाध्यस्थ्यपरिणतिः <— [१/३९] इत्युक्तम् । तदुक्तं **योगदृष्टिसमुच्चये** —> तस्मात् सामान्यतोऽप्येनमभ्युपैति य एव हि । निर्व्याजं तुल्य एवाऽसौ तेनांशेनैव धीमताम् <— ॥१०६॥ एवं = सर्वज्ञं, तथा —> यथैवैकस्य नृपतेर्बहवोऽपि समाश्रिताः । दूरासन्नादिभेदेऽपि तद्भृत्याः सर्व एव ते ॥१०७॥ <— इति । **गम्भीराशयात्** = अतुच्छपरिणामात् । आदिधार्मिक-पुरुषाणामित्थमेवोत्क्रान्तिसम्भवात्, यथोक्तं **पूर्वसेवाद्वात्रिंशिकायां** —> चारिसञ्जीविनीचारन्यायादेवं फलोदयः । मार्गप्रवेशरूपः स्याद्विशेषेणाऽऽदिकर्मणाम् ॥ <— [द्वा.द्वा.१२/९] **देशनाद्वात्रिंशिकायामपि** —> सर्वत्रैव हिता वृत्तिः समापत्त्याऽनुरूपया । ज्ञाने सञ्जीविनीचारज्ञातेन चरमे स्मृता ॥ <— [द्वा.द्वा.२/१५] इत्युक्तम् । **दृष्टान्तश्चाय**मिति । **योगबिन्दुवृत्तौ** त्विदमुदाहरण-मेवमाऽऽवेदितं सोपनयम् —>

भावार्थस्तु कथागम्यः सा चेयमभिधीयते । अस्ति स्वस्तिमती नाम नगरी नागराकुला ॥१॥

तस्यामासीत्सुता काचिद् ब्राह्मणस्य तथा सखी । तस्या एव परं पात्रं सदा प्रेम्णो गतावधेः ॥२॥

तयोर्विवाहवशतो भिन्नस्थाननिवासिता । जज्ञेऽन्यदा द्विजसुता जाता चिन्तापरायणा ॥३॥

कथमास्ते सखीत्येवं ततः प्राघूर्णिकाऽऽगता । दृष्ट्वा विषादजलधौ, निमग्ना सा तया ततः ॥४॥

प्रपच्छ किं त्वमत्यन्तविच्छायवदना सखी ? तयोचे पापसद्माऽहं पत्युर्दुर्भगतां गता ॥५॥

मा विषीद विषादोऽयं निर्विशेषो विषात्सखि ! करोम्यनड्वाहमहं, पतिं ते मूलिकाबलात् ॥६॥

तस्याः सा मूलिकां दत्त्वा, संनिवेशं निजं ययौ । अप्रीतमानसा तस्य प्रायच्छत् तामसौ ततः ॥७॥

अभूद् गौरुद्धुरस्कन्धो झगित्येव सा हृदि । विद्राणैष कथं सर्वकार्याणामक्षमो भवेत् ॥८॥

गोयूथान्तर्गतो नित्यं, बहिश्चारयितुं सकः । तयाऽऽरब्धो वटस्याऽधः, सोऽन्यदा विश्रमं गतः ॥९॥

तच्छाखायां नभश्चारिमिथुनस्य कथञ्चन । विश्रान्तस्य मिथो जल्पप्रक्रमे रमणोऽब्रवीत् ॥१०॥

नात्रैष गौः स्वभावेन किन्तु वैगुण्यतोऽजनि । पत्नी प्रतिबभाषे सा पुनर्नाऽसौ कथं भवेत् ? ॥११॥

मूल्यन्तरोपयोगेन, कास्ते ? साऽस्य तरोरधः । श्रुत्वैतत्सा पशोः पत्नी पश्चात्तापितमानसा ॥१२॥

ચારો ચરનાર = ખાનાર અને સંજીવની ઔષધ ન ખાનાર વ્યક્તિને તે ખવડાવવાના દૃષ્ટાંતથી છેલ્લું ભાવનામય જ્ઞાન હોય ત્યારે સર્વ જીવો વિશે હિતકારી પ્રવૃત્તિ થાય, નહિ કે કોઈને પણ અહિતકારી. આનું કારણ એ છે કે સર્વદર્શનના-ધર્મના સમૂહ સ્વરૂપ જૈનદર્શનની વ્યાખ્યાથી ઉત્પન્ન થયેલી સર્વ જીવો ઉપર અનુગ્રહની પરિણતિ સ્વરૂપ સમરસાપત્તિથી જન્ય ગંભીર ચિત્ત ભાવનાજ્ઞાનવાળા પાસે હોય છે.

ચારિસંજીવનીદૃષ્ટાંત આ મુજબ છે. કોઈક સ્ત્રીએ પોતાના પતિને વશ કરવા માટે કોઈક જોગણ બાઈને તેનો ઉપાય પૂછ્યો. તેણીએ કોઈક મંત્રાદિના સામર્થ્યથી તે પતિને બળદસ્વરૂપ કર્યો. તે સ્ત્રી બળદપતિને ચારો ચરાવતી અને પાણી પાતી રહે

१. मुद्रितप्रतौ ह.प्रतौ च —> 'सञ्जीविन्या' <— इति पाठः । २. मुद्रितप्रतौ 'तथा' इत्यशुद्धः पाठः ।

सामर्थ्यात् स वृषभः कृतः तं चारयन्ती पाययन्ती चाऽऽस्ते । अन्यदा च वटवृक्षस्याऽधस्तान्निषण्णे तस्मिन् पुरुषगवे विद्याधरीयुग्मं विहायसस्तत्राऽऽजगाम । तत्रैकयोक्तं 'अयं स्वाभाविको न गौः' । द्वितीययोक्तं 'कथं तर्हि स्वाभाविकः स्यात् ?' आद्ययोक्तं 'अस्य वटस्याधस्तात् सञ्जीवनीनामौषधिरस्ति । यदि तामयं चरेत्तदा सहजपुंरूपतामासादये-दि'ति । तच्च विद्याधरीवचनं तया स्त्रिया श्रोत्रपत्राभ्यां पपे । तामौषधिं विशेषतोऽजानानया सर्वामेव तत्प्रदेशस्थां चारिं चारितः सामान्यतः पतिगवः । यावदसौ सञ्जीवनीमुपभुक्तवांस्तावदेव पुरुषः संवृत्तः । यथा तस्याः स्त्रियाः तस्मिन् पुंगवे हिता प्रवृत्तिरेवं भावनाज्ञानान्वितस्याऽपि सर्वभव्यसार्थेऽनुग्रहप्रवृत्तस्य हितैव प्रवृत्तिरिति ॥११/११॥

**कल्याणकन्दली**

अभेदज्ञानतश्चारिं सर्वां चारयितुं तकम् । प्रवृत्ता मूलिकाभोगात् सद्योऽसौ पुरुषोऽभवत् ॥१३॥

अजानाना यथा भेदं मूलिकायास्तथा पशुः । चारितः सर्वतश्चारिं पुनर्नृत्वोपलब्धये ॥१४॥

तथा धर्मगुरुः शिष्यं पशुप्रायं विशेषतः । प्रवृत्तावक्षमं ज्ञात्वा देवपूजादिके विधौ ॥१५॥

सामान्यदेवपूजादौ प्रवृत्तिं कारयन्नपि । विशिष्टसाध्यसिद्ध्यर्थं न स्याद्दोषी मनागपि ॥१६॥ इति

इदं निदर्शनमुद्दिश्य **उपदेशपदे**ऽपि —> ता ओहेणं इहयं उचियत्तेणमविरोहओ जत्तो । कायव्वो जह भव-गोणविगमओ जीवमणुपत्तं ॥९०६॥ तीसा सासणवण्णो पूजा भत्तीए बीजपक्खेवो । एवं नाणी बाहुल्लओ हियं चेव कुणइ त्ति <— ॥९०७॥ इत्युक्तम् । 'शाखायां चन्द्रः' इति न्यायः तथा 'अशुद्धे वर्त्मनि स्थित्वा ततः शुद्धं समीहते' इति न्यायोऽप्येतदर्थसमर्थक एव । इदमेवाभिप्रेत्योक्तं **योगशतके**ऽपि —> एवं चिय अवयारो जायइ मग्गम्मि हंदि एयस्स । रण्णे पहपब्भट्ठोऽवट्टा वट्टमोयरइ ॥२६॥ भावनाज्ञानात् माध्यस्थ्यलाभोऽपि सम्मतः । तदुक्तं **वैराग्यकल्पलतायां** —> माध्यस्थ्यं भावनाज्ञानात् सर्वत्र च हितार्थिता <— [९/१०५०] । अतः —> न हिंस्यात् सर्वभूतानि नानृतं वा वदेत् क्वचित् । नाऽहितं नाऽप्रियं ब्रूयान्न स्तेनः स्यात् कथञ्चन ॥ <— [१६/पृ.५५३] इति **वराहपुराणा**दिवचनमपि तत्तत्तन्त्रस्थान् श्रोतॄन् प्रति मध्यस्थः भावनाज्ञानवान् प्रयुङ्क्ते । ततश्च श्रोतृकल्याणमपि । अतो **योगबिन्दौ** अपि अपुनर्बन्धकादीनुद्दिश्य —> सर्वान् देवान् नमस्यन्ति नैकं देवं समाश्रिताः । जितेन्द्रिया जितक्रोधा दुर्गाण्यतितरन्ति ते ॥११८॥ <— इत्युक्तम् । अत एव देवगुरुधर्मस्वरूपपृच्छकं **सिद्धराजं** प्रति **श्रीहेमचन्द्रसूरि**भिरपि सर्वदेवनमनार्चनादिकं धर्मतयोक्तम् । सञ्जीवनीज्ञातमुपदर्श्य **प्रबन्धचिन्तामणौ मेरुतुङ्गसूरिभिः** —> 'यथा तदज्ञातरूपोऽपि भेषजाङ्कुरः समीहितकार्यसिद्धिं चकार तथा कलियुगे मोहात्तदपि तिरोहितं पात्रपरिज्ञानं सभक्तिकं सर्वदर्शनाराधनेनाऽनिवेदितस्वरूपमपि मुक्तिप्रदं भवती'ति निर्णयः । इति हेमचन्द्राचार्यैः सर्वदर्शनसम्मते निवेदिते सति श्रीसिद्धराजः

છે. એક વખત તે બળદ વડલાના ઝાડ નીચે બેઠેલ હોય છે ત્યારે બે વિદ્યાધરી સ્ત્રી આકાશમાંથી તે વડલાના ઝાડ ઉપર ઉતરે છે. એક વિદ્યાધરી સ્ત્રી કહે છે કે 'આ સ્વાભાવિક બળદ નથી.' બીજી વિદ્યાધરી સ્ત્રી પૂછે છે કે 'તો આ સ્વાભાવિક = પોતાના મૂળસ્વરૂપવાળો કેવી રીતે થાય ?' પ્રથમ વિદ્યાધરી સ્ત્રી કહે છે 'આ વડલાના ઝાડની નીચે સંજીવની નામની ઔષધિ છે. જો તેને આ ખાય તો સ્વાભાવિક માનવીય પુરુષસ્વરૂપને પ્રાપ્ત કરે.' તે વિદ્યાધરી સ્ત્રીનું વચન બળદપતિની સ્ત્રીએ બે કાનરૂપી પડિયાથી પીધું. [અર્થાત્ બે કાનથી સાંભળ્યું.] તે સંજીવની ઔષધિને વિશેષરૂપે ન જાણતી એવી તે સ્ત્રી તે જગ્યામાં રહેલ બધો ચારો બળદને સામાન્યતઃ = સમાન રીતે ચરાવે છે [ખવડાવે છે]. જ્યાં બળદપતિએ સંજીવની ઔષધિ ખાધી ત્યાં જ બળદ મનુષ્ય પુરુષ થઈ ગયો. જેમ તે પત્નીની પાછળથી તે બળદમાં હિતકારી પ્રવૃત્તિ હતી. તેમ સર્વ ભવ્ય જીવોના સમૂહને વિશે અનુગ્રહથી પ્રવૃત્ત થયેલ ભાવનાજ્ઞાનવાળા જીવની પણ હિતકારી જ પ્રવૃત્તિ હોય છે. [૧૧/૧૧]

**વિશેષાર્થ** :- યથાવસ્થિત નય અને પ્રમાણનો બોધ ન હોવાથી અને શ્રુતજ્ઞાનનો રાગ હોવાથી શ્રુતજ્ઞાનીને 'આ શાસ્ત્રમાં કહ્યું તે જ સાચું, બીજું નહિ', 'અમારો ધર્મ જ સારો, બીજો ધર્મ ખરાબ.' આવો કંઈક આગ્રહ સંભવે છે. પણ તે જીવ પ્રજ્ઞાપનીય હોવાથી તે આગ્રહ પણ દૂર થાય તેવો હોય, બારેખમ નહિ.

ચિંતાજ્ઞાનવાળાને આવો આગ્રહ-કદાગ્રહ નથી હોતો. આનું કારણ એ છે કે તેણે યથાવસ્થિત નય-પ્રમાણને જાણેલા છે. સ્વદર્શનમાં જે વાત કહેવાયેલી છે તે અમુક નયની અપેક્ષાએ કહેવાયેલ છે. તેમ અન્ય દર્શનમાં કહેવાયેલ વાત પણ અમુક નયની અપેક્ષાએ સત્ય હોય છે. દા.ત. જડનો રાગ અને જીવનો દ્વેષ ભવભ્રમણનું પ્રધાન કારણ હોવાથી સંસારના ભોગ-સુખની તીવ્ર આસક્તિને તોડવાની દૃષ્ટિએ 'સર્વં ક્ષણિકં' આવી બૌદ્ધદર્શનની વાત ઉપયોગી છે. પર્યાયાર્થિક નયની અપેક્ષાએ પણ સર્વ વસ્તુઓ ક્ષણિક-વિનશ્વર છે જ. જૈનદર્શનમાં પણ અનિત્યભાવના બતાવેલ જ છે. આ અપેક્ષાએ બૌદ્ધદર્શનોક્ત 'સર્વં ક્ષણિકં' સિદ્ધાન્તને ચિંતાજ્ઞાનવાળો સ્વીકારે છે. બીજા જીવો પ્રત્યે દ્વેષ-ધિક્કાર, તિરસ્કારને તોડવા 'सर्वं ब्रह्म', 'जीवो ब्रह्मैव नेतरः' ઈત્યાદિ વેદાન્તીદર્શનની વાત પણ સ્વીકારવી જરૂરી છે. સંગ્રહનયની અપેક્ષાએ વેદાન્તીદર્શનની વાત પણ સાચી છે. જીવત્વ-સચ્ચિદાનંદમયત્વ વગેરે ધર્મની અપેક્ષા બધા જીવો સરખા જ છે. 'अप्पा चेव परमप्पा'. ઠાણાંગસૂત્રમાં પણ સંગ્રહનયની દૃષ્ટિએ 'एगे आया'

उक्तं ज्ञानत्रयस्वरूपम् । अथैतद्विपर्यासस्वरूपमाह --> 'गुर्वादी'त्यादि ।

**गुर्वादिविनयरहितस्य यस्तु मिथ्यात्वदोषतो वचनात् । दीप इव मण्डलगतो बोधः स विपर्ययः पापः ॥११/१२॥**

कल्याणकन्दली

सर्वधर्मानाराध <-- [पृ.७०] इत्युक्तम् । सम्मतश्चायमेव न्यायः परेषामपि । अत एव **भगवद्गीतायामपि** --> येऽप्यन्यदेवताभक्ता यजन्ते श्रद्धयाऽन्विताः । तेऽपि मामेव कौन्तेय ! यजन्त्यविधिपूर्वकम् ॥ <-- [९/२३] इत्युक्तम् । अत एव **पाण्डवगीतायामपि** --> आकाशात् पतितं तोयं यथा गच्छति सागरम् । सर्वदेवनमस्कारः केशवं प्रति गच्छति ॥ <-- [उपसंहार-८०] इति चारिसंजीवनीन्यायादुक्तम् । **एतेन** --> शृणुते सर्वधर्मांश्च सर्वान् देवान् नमस्यति । अनसूयुर्जितक्रोधस्तस्य तुष्यति केशवः ॥ [१/५८] <-- इति **विष्णुधर्मोत्तरपुराण**वचनं तथा --> तैस्तैरेव सदागमैः श्रुतिमुखैर्नानापथप्रस्थितैर्गम्योऽसौ जगदीश्वरो जलनिधिर्वारां प्रवाहैरिव ॥ <-- [५/९] इति **प्रबोधचन्द्रोदयकृतः कृष्णमिश्रस्य** वचनं **व्याख्यातम्**, विशेषबोधविरहदशायां प्रज्ञापनीयकृतस्य परमदेवधियाऽपरमदेवभक्त्यादेः परमदेवे विश्रामादिति तात्पर्यं भावनीयम् ॥११/११॥

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् --> गुर्वादिविनयरहितस्य तु मिथ्यात्वदोषतो वचनात् यो बोधः स दीपे मण्डलगत इव विपर्ययः पापः ॥११/१२॥ **उपाध्यायादीनां विनयरहितस्य** श्रुतप्रदाननिषेध एव, तदुक्तं **निशीथभाष्यादौ** --> पुरिसम्मि दुव्विणीए विणयविहाणं न किंचि आइक्खे । नवि दिज्जति आभरणं पलियत्तियकण्णहत्थस्स ॥ <-- [नि.भा.६२२१ बृ.क.भा.७८२]

આમ જણાવેલ છે. અન્ય દર્શનમાં જણાવેલી વાતનો પણ ઉચિત અપેક્ષાએ સ્વીકાર કરવાની વાત જૈનદર્શન જણાવે છે. તો પછી બીજા સમુદાયવાળા કે અલગ સંપ્રદાયવાળા કે અન્ય ગચ્છના લોકો જે વાત કરે તેનું મારી મચડીને ખંડન કરવું એ ક્યાંનો ન્યાય ? अन्यदर्शनोक्तत्व પણ જો મારી મચડીને ખંડન કરવામાં પ્રયોજક નથી તો अन्यसमुदायोक्तत्व કેવી રીતે ખંડન કરવામાં પ્રયોજક બને ? તેવું કરે તો તે વ્યક્તિમાં ચિંતાજ્ઞાન કેવી રીતે સંભવે ? ચિંતાજ્ઞાન સુધી ન પહોંચી શકનારા ભાવનાજ્ઞાન પાસે પહોંચે તેની તો કલ્પના પણ ન કરી શકાય. તેથી તે જીવ માત્ર શ્રુત જ્ઞાનમાં જ અટવાઈ જાય. અરે ! 'બીજા સમુદાયવાળા જે કહે તેનું ખંડન જ કરવું' આ કદાગ્રહથી કલંકિત વ્યક્તિ પાસે શ્રુત જ્ઞાન પણ ન જ હોય, કારણ કે ભારેખમ કદાગ્રહ વિનાના જીવ પાસે જ શ્રુત જ્ઞાન હોય-આ વાત તો ૭ મા શ્લોકમાં જ મૂલકારશ્રીએ કહેલ છે. 'મારું તે જ સાચું' આવી મનોવૃત્તિ મિથ્યાત્વીની હોય. સમકિતીની મનોવૃત્તિ તો 'સાચું તે મારું' આવી હોય. [૧૧/૧૦]

"સર્વ દર્શનનો યથોચિત સમન્વય કરવા દ્વારા જૈનદર્શનની સાચી આજ્ઞાકારી મળે, કારણ કે જૈનદર્શન યથોચિત સર્વધર્મસમૂહસ્વરૂપ છે." આવી બુદ્ધિથી સર્વ ધર્મના જીવો પ્રત્યે અનુગ્રહ કરવાની પરિણતિ પ્રગટે છે. સ્વદર્શનના જીવો ઉપર અનુગ્રહ કરવાનો જેવો રસ હોય તેવો જ રસ પરદર્શનના સર્વ જીવો ઉપર અનુગ્રહ કરવાનો હોય છે. અર્થાત્ સ્વદર્શની અને પરદર્શની ઉપર અનુગ્રહનો સમાન રસ ભાવનાજ્ઞાનવાળા જીવોને પ્રાપ્ત થયેલ હોય છે, જેને સમરસાપત્તિ કહે છે. સમ = સરખો, રસ = અનુગ્રહપરિણામ. આપત્તિ = પ્રાપ્તિ. માટે ભાવનાજ્ઞાનવાળા જીવનો આશય ગંભીર હોય છે. સ્વદર્શની અને પરદર્શનીમાં ભેદભાવનો આશય ભાવના-જ્ઞાનવાળા જીવ પાસે નથી હોતો. માટે જ સ્વદર્શનીની જેમ પરદર્શનીનું પણ હિત થાય તેવી જ પ્રવૃત્તિ ભાવનાજ્ઞાનવાળો કરે છે. જે જીવનું જે રીતે, જ્યાં, જ્યારે કલ્યાણ થવાની શક્યતા હોય તે રીતે પ્રવૃત્તિ કરવાનો ભાવનાજ્ઞાનવાળાનો ઈરાદો હોય. તે માટે ક્યારેક 'अशुद्धे वर्त्मनि स्थित्वा ततः शुद्धं समीहते' આ ન્યાયનો પણ આશ્રય ભાવનાજ્ઞાનવાળો કરે. વૈદિક કુળમાં જન્મેલો હોય અને નાસ્તિકની જેમ જીવન પસાર કરતો હોય તો તેને ગાયત્રીપાઠ કરવાનો ઉપદેશ આપે, નવકારમંત્રનો નહિ. તેને અતિથિસત્કારનો ઉપદેશ આપે, જૈનોને જમાડવાનો નહિ. તેને ઉપાશ્રયમાં જૈનમુનિના વ્યાખ્યાન સાંભળવાનો નહિ પણ મોરારીબાપુની રામાયણ કથા કે પાંડુરંગશાસ્ત્રીના ભાગવત સપ્તાહમાં જવાની પ્રેરણા કરે. તેના ઈષ્ટદેવના દર્શન-વંદનાદિની તેને પ્રેરણા કરે. તેવી રીતે જ તે વ્યક્તિ ધર્મપ્રવૃત્તિ કરી, ધાર્મિક બની, આર્યસંસ્કૃતિને ધબકતી રાખી, હિંસા-જૂઠ-ચોરી-વ્યભિચાર-વિષય-કષાય-વ્યસનોથી મુક્ત રહીને મોક્ષમાર્ગે આગળ વધે છે. તેને નવકારજાપ, જૈનોને ભોજન કરાવવા, જૈનપ્રવચનનું જ શ્રવણ, જિનદર્શન-પૂજા વગેરેની જ વાત કરવામાં આવે તો તે ભડકી જ જાય; વધુ નાસ્તિક બને. જૈનકુળમાં જન્મેલ ધર્મપરાઙ્મુખ યુવાનને તો નવકારજાપ, સાધર્મિકભક્તિ, સાધુભક્તિ, જિનપ્રવચનશ્રવણ, જિનદર્શન-પૂજા વગેરેની પ્રેરણા ભાવનાજ્ઞાનવાળો કરે. તાત્ત્વિક ધર્મની જિજ્ઞાસાવાળા સિદ્ધરાજ જયસિંહને શ્રીકલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિવરે સર્વ દેવોની ઉપાસના કરવાનું જણાવ્યું. તથા સમકિતી બનેલા પરમાર્હત કુમારપાળને કેવળ વીતરાગ દેવ અને જૈન ધર્મની આરાધના કરવાનું જણાવ્યું. આ રીતે સર્વ ધર્મના જીવોને હિતકારી પ્રવૃત્તિ ગંભીર મનવાળા ભાવનાજ્ઞાની જ કરી શકે. આ વિષય વાચકવર્ગે પણ ક્ષુદ્રતા છોડી ગંભીર મનથી વિચારવો. જિનશાસનને આત્મામાં પરિણમાવવા માટે સાંપ્રદાયિકજડતા - કદાગ્રહકલુષિતતા છોડવી જ પડે. [૧૧/૧૧]

સંક્ષેપમાં પાછળના કોઠામાં ત્રણેય જ્ઞાનનો પરિચય આપવામાં આવે છે.

गुर्वादीनां = उपाध्यायादीनां विनयरहितस्य **यत्तु मिथ्यात्वदोषतः** = तत्त्वार्थाऽश्रद्धानजदोषात् **वचनात्** = आगमात् **दीप इव मण्डलगतः** = मण्डलाकारविषयो **बोधः** तैमिरिकस्येव । **स** = बोधो वचनाद् भवन्नपि दोषजत्वात्

**कल्याणकन्दली**

पलियत्तियत्ति छिन्नमिति । **शिष्टं** स्पष्टम् । अविनीताध्यापने केवलं क्लेश एव, यदुक्तं **पञ्चवस्तुके** —> अविणीओ न य सिक्खइ, सिक्खं पडिसिद्धसेवणं कुणइ । सिक्खावणेण तस्स हु, सइ अप्पा होइ परिचत्तो <— ॥४५॥ तदुक्तं **दानविंशिकायां** —> अविणीयमाणवंतो किलिस्सइ भासइ मुसं चेवं । घंटालोहं नाउं को कडकरणे पवत्तिज्जा ॥ <— [विं.विं.७/५] इति । **मिथ्यात्वदोषत** इति, अत एवोक्तं —> मदोपशमनं शास्त्रं खलानां कुरुते मदम् । चक्षुःप्रकाशकं तेज उलूकानामिवान्धताम् ॥ <— [सुभाषितावली-२७] इति । मिथ्यात्वेन शास्त्रस्य शस्त्रीकरणात्, तस्यैकान्तेन हेयत्वात् । तदुक्तं **सम्बोधप्रकरणे** —> न वि तं करेइ अग्गी नेव विसं नेव किण्हसप्पो वा । जं कुणइ महादोसं तिव्वं जीवस्स मिच्छत्तं ॥ <— [३/५४] इति । इदमेवाभिप्रेत्यान्यत्र —> मिथ्यात्वं परमो रोगो मिथ्यात्वं परमं तमः । मिथ्यात्वं परमः शत्रुः मिथ्यात्वं परमं विषम् ॥ <— [ ] इत्युक्तम् । सति मिथ्यात्वप्राबल्ये प्रवचनोपदेशस्य सम्यक् परिणमनाऽसम्भवात्, तदुक्तं **कर्मप्रकृतौ** —> मिच्छादिट्ठी नियमा उवइट्ठं पवयणं न सद्दहइ । सद्दहइ असब्भावं उवइट्ठं वा अणुवइट्ठं ॥ <— [क.प्र. उपशमनाकरण-गा.२५] इति । गुर्वादिविनयवशादेव सम्यक्त्वस्य स्थैर्यं स्यात् । इदमेवाभिप्रेत्य **राजप्रश्नीये** —> जत्थेव धम्मायरियं पासेज्जा तत्थेव वंदिज्जा नमंसिज्जा <— [४/७६] इत्युक्तम् । तदकरणे च प्रत्यवायो महान् । अत एव **पञ्चकल्पभाष्यचूर्णौ** —> जइ गुरुणं चक्खूआलोए य पणामं न करेइ पायच्छित्तं विसंभोगो वा <— [गा.१४९८ पश्चात्] इत्युक्तम् । गुरुहीलना तु महापापावहा । तदुक्तं **दशवैकालिकेऽपि** —> न यावि मोक्खो गुरुहीलणाए <— [गा.९/२/७] । **विनयद्वात्रिंशिकायामपि** —> शक्त्यग्रज्वलनज्वाल-

| શ્રુતજ્ઞાન | ચિંતાજ્ઞાન | ભાવનાજ્ઞાન |
|---|---|---|
| (૧) ઊહાપોહાદિથી રહિત યથાશ્રુત બોધ | (૧) નય-પ્રમાણ-યુક્તિ દ્વારા ઊહાપોહાદિયુક્ત બોધ | (૧) હેતુ-સ્વરૂપ-ફળસંબંધી એવો આત્મહિતમાં પ્રવર્તક બોધ |
| (૨) કોઠારમાં પડેલ બીજ જેવું. | (૨) પાણી પર પ્રસરનાર તેલબિંદુ જેવું. | (૨) શ્રેષ્ઠ રત્નની કાંતિ જેવું. |
| (૩) મિથ્યાગ્રહરહિત વાક્યાર્થમાત્રગ્રાહી. | (૩) અતિસૂક્ષ્મ સચોટ યુક્તિના ચિંતનથી મહાવાક્યાર્થગ્રાહી | (૩) વિધિ-દાતા-દ્રવ્ય-પાત્રાદિના પ્રયત્નયુક્ત અને ઐદંપર્યગ્રાહી |
| (૪) વાક્યાર્થ = પ્રસ્તુત વિષય સાથે એકવાક્યતાઆપન્ન સકલ શાસ્ત્રવચનને અબાધક એવો પ્રસ્તુત વચનનો નિર્ણીત અર્થ (નય-પ્રમાણબોધશૂન્ય) | (૪) મહાવાક્યાર્થ = આક્ષિપ્ત-અનાક્ષિપ્ત (ઉક્ત અને ગર્ભિત) સર્વ ધર્માત્મક વસ્તુ પ્રતિપાદક અનેકાન્તવાદને અવલંબીને પ્રાપ્ત થયેલ પ્રસ્તુત વચનનો નય-પ્રમાણાધીન અર્થ. | (૪) ઐદંપર્ય = સર્વ જ્ઞેય પદાર્થના સ્વીકારમાં સર્વજ્ઞની આજ્ઞા જ પ્રધાન કારણ છે - એવું પ્રસ્તુત વચનનું અંતિમ તાત્પર્ય. |
| (૫) 'અહીં આ કહ્યું છે તે જ પ્રમાણ છે' આવો કંઈક મતાગ્રહ શ્રુતજ્ઞાનના રાગથી રહે છે. | (૫) મતાગ્રહરહિત નય-પ્રમાણ-સૂક્ષ્મ સચોટ યુક્તિ ચિંતનવશ ન્યાયપ્રાપ્ત સ્વ-પર શાસ્ત્રોક્ત અર્થનો સ્થાનાનુકૂળ સ્વીકાર કરે, પરંતુ એકાંત પકડી વિવાદ-વિરોધ ન કરે. | (૫) સર્વદર્શનસમૂહસ્વરૂપ સ્વશાસ્ત્રના ગંભીર બોધથી જન્મેલ ભેદભાવ વગરની સર્વાનુગ્રહ પરિણતિવશ ભવ્યસમુદાયના હિતમાં પ્રવૃત્તિ કરે. |

ગ્રંથકારશ્રીએ શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન, ભાવનાજ્ઞાન- આ ત્રણ જ્ઞાનનું સ્વરૂપ જણાવ્યું. હવે જ્ઞાનના વિપર્યાસ અજ્ઞાનને જણાવે છે.

## ❀ વિનયરહિત જીવનો બોધ તે અજ્ઞાન ❀

**ગાથાર્થ :-** ગુરુ વગેરેના વિનયથી રહિત જીવને મિથ્યાત્વ દોષના લીધે આગમથી જે બોધ થાય છે તે દીપકમાં મંડલાકારવિષયક બોધ જેવો, વિપરીતબોધ થાય છે, તે પાપનો હેતુ છે. [૧૧/૧૨]

## ❀ વિનય વિના જ્ઞાન પણ નિયમા મિથ્યા ❀

**ટીકાર્થ :-** ગુરુ-વાચનાચાર્ય - ઉપાધ્યાય વગેરેના વિનયથી રહિત એવા જીવને તાત્ત્વિક અર્થની અશ્રદ્ધાસ્વરૂપ મિથ્યાત્વ દોષના લીધે આગમને આશ્રયીને જે બોધ ઉત્પન્ન થાય છે તે બોધ આગમથી ઉત્પન્ન થવા છતાં મિથ્યાત્વ દોષથી જન્ય હોવાના કારણે

**विपर्ययः** = मिथ्याप्रत्ययः पदमात्रवाच्यार्थविषयः **पापः** = पापहेतुः ॥११/१२॥

विपर्यय एव प्रस्तुते दृष्टान्तगर्भमुपनयमाह —> 'दण्डी'त्यादि, 'मोहे'त्यादि ।

**दण्डिखण्डनिवसनं भस्मादिविभूषितं सतां शोच्यम् । पश्यत्यात्मानमलं ग्रही नरेन्द्रादपि ह्यधिकम् ॥११/१३॥**

**मोहविकारसमेतः पश्यत्यात्मानमेवमकृतार्थम् । तद्व्यत्ययलिङ्गरतं कृतार्थमिति तद्ग्रहादेव ॥११/१४॥**

**कल्याणकन्दली**

सिंहक्रोधातिशायिनी । अनन्तदुःखजननी कीर्त्तिता गुरुहीलना ॥ <— [द्वा.द्वा.२९/११] इति । गुर्वादिहीलनाकारी परैः मूढत्वेनोच्यते । तदुक्तं **महाभारते** —> विद्याशीलवयोवृद्धान् बुद्धिवृद्धांश्च भारत !। धनाभिजातवृद्धांश्च नित्यं मूढोऽवमन्यते ॥ <— [उद्योगपर्व-३८/३४] इति । **दोषजत्वात्** = अविनयप्रयुक्तमिथ्यात्वजन्यत्वात् **मिथ्याप्रत्ययः पदमात्रवाच्यार्थविषयः**, यथोक्तं मूलकारैरेव **उपदेशपदे** —> विहिणा गुरुविणएणं एवं चिय सुत्तपरिणई होइ । इहरा उ सुत्तगहणं विवज्जयफलं मुणेयव्वं <— ॥२७॥ **उत्तराध्ययनचूर्णौ** अपि —> न विनयशून्ये गुणावस्थानम् <— [उ.चू.१] इत्युक्तम् । वस्तुतोऽहङ्कारस्यैव सर्वगुणनाशकत्वेऽपि तस्याविनयाविनाभावित्वादिदमपि युक्तमेव । तदुक्तं **निशीथचूर्णौ** —> अविणीतो णियमा गव्वितो त्ति <— [नि.भा.६२२० भा.४ पृ.२५९] । इदमेवाभिप्रेत्य **ज्ञानार्णवे**ऽपि —> ज्ञानरत्नमपाकृत्य गृह्णात्यज्ञानपन्नगम् । गुरूनपि जनो मानी विमानयति गर्वतः ॥ <— [१९/५२] इत्युक्तम् । मिथ्याज्ञानं च प्रमादपदेनापि प्रतिपाद्यते, यथोक्तं —> पमाओ य जिणिंदेहिं अट्ठहा परिकित्तिओ । अन्नाणं संसओ चेव मिच्छानाणं तहेव य ॥ राग दोसो मइब्भंसो धम्मंमि य अणायरो । जोगाणं दुप्पणिहाणं अट्ठहा वज्जियव्वओ ॥ <— [ ] इति । **विपर्ययः** दोषजन्यतया **पापहेतुरि**ति । इदं च साक्षात्, परम्परया तु गुर्वविनय एव पापहेतुः दुःखहेतुश्च । इदमेवाभिप्रेत्य **दशवैकालिके** —> 'विवत्ती अविणीयस्स' <— [९/१/२१] इत्युक्तम् । विनयस्य गुणादिकारणत्वं तु —> विणओ सव्वगुणाणं मूलं सण्णाणदंसणाईणं । मुक्खस्स य ते मूलं तेण विणीओ इह पसत्थो <— ॥२५॥ इति **धर्मरत्नप्रकरणा**दिना प्रसिद्धमेव । तस्य द्विपञ्चाशद्भेदादिकमन्यतोऽवसेयम् ॥११/१२॥

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् —> दण्डिखण्डनिवसनं, भस्मादिविभूषितं, सतां शोच्यं, आत्मानं अलं ग्रही नरेन्द्रादपि हि अधिकं पश्यति ॥११/१३॥ एवं मोहविकारसमेतः तद्व्यत्ययलिङ्गरतं अकृतार्थं आत्मानं तद्ग्रहादेव कृतार्थं इति पश्यति ॥११/१४॥

તે બોધ મિથ્યા જ્ઞાન છે. પદના કેવળ વાચ્યાર્થનું જ તેમાં અવગાહન થતું હોય છે. તે મિથ્યા જ્ઞાન પાપનો હેતુ બને છે. જેમ તિમિરરોગવાળા જીવને દીપકમાં મંડલાકારવિષયક ભ્રમ થાય છે. (દીપકમાં મોરના પીંછાં જેવા આકારનું ભ્રમાત્મક જ્ઞાન આંખના તિમિરરોગવાળા જીવને થાય છે.) તેમ મિથ્યાત્વદોષગ્રસ્ત જીવનો બોધ મિથ્યા હોય છે. [૧૧/૧૨]

**વિશેષાર્થ** :- ગુરુ વગેરે ઉપકારીઓનો વિનય કરવાથી સમકિત નિર્મળ થાય છે. ઉપકારી એવા ગુરુ, વિદ્યાગુરુ વગેરેના વિનયમાં જે પ્રવર્તતો નથી તેને મિથ્યાત્વનો ઉદય થાય છે. તેના કારણે પછી તે વ્યક્તિ આગમ સાંભળે તો તેને આગમથી થતો બોધ પણ મિથ્યાજ્ઞાન સ્વરૂપ હોય છે. જો કે તે વિદ્વાન હોય તો તેને આગમશ્રવણથી બોધ થાય છે ખરો, પણ તે માત્ર પદાર્થનો જ બોધ હોય છે. મહાવાક્યાર્થજ્ઞાન થવું તેને માટે મુશ્કેલ છે. તાત્પર્યબોધનો = ભાવનાજ્ઞાનનો તો તેને માટે અસંભવ જ છે. વાચ્યાર્થમાં અટવાયેલો તે જીવ શાસ્ત્રના રહસ્યાર્થને ન પામવાના કારણે મોક્ષમાર્ગે આગળ નથી વધતો.

ઊલટું, તાત્પર્યાર્થને કચડી નાંખનારું તેનું જ્ઞાન વાચ્યાર્થમાત્રવિષયક હોય છે. માટે તે મિથ્યાજ્ઞાન જ છે. તિમિરરોગગ્રસ્ત આંખવાળો માણસ દીપકને જુએ તો તેને દીવો મોરના પીંછા જેવો દેખાય છે. ગોળાકાર મોરનું પીંછું સમજીને તે તેને પકડે તો જેમ દાઝે છે. તેમ મિથ્યાજ્ઞાનવાળો જીવ શાસ્ત્રને સાંભળ્યા પછી સંસાર વધારે છે, નુકશાની ભોગવે છે. દા.ત. 'બ્રહ્મચારી પુરુષે રીંગણા ખાવા નહિ. કારણ કે રીંગણા વિકારવર્ધક છે' આવા તાત્પર્યથી શાસ્ત્રમાં લખેલા 'રીંગણા વિકારવર્ધક છે' આ વાક્યને વાંચી, તેનો વાચ્યાર્થ જાણી, મિથ્યાત્વગ્રસ્ત જીવ ભોગશક્તિવૃદ્ધિના ઉદ્દેશથી રીંગણા ખાવા માટે પ્રવૃત્તિ કરે તો તેને ઉપરોક્ત શાસ્ત્રવચનથી થયેલ વાચ્યાર્થમાત્રવિષયક બોધ મિથ્યાજ્ઞાન જ કહેવાય ને ! શાસ્ત્રના તાત્પર્યાર્થને મારી નાંખીને જે બોધ થાય તે સંસારવર્ધક જ બને ને ! દોષજન્ય જ્ઞાન દોષજનક-દોષવર્ધક જ હોય - આ નિયમ અહીં કામ કરી રહ્યો છે. [૧૧/૧૨]

વિપર્યાસ જ પ્રસ્તુત હોવાથી તેને દૃષ્ટાંતગર્ભિત ઉપનયને ગ્રંથકારશ્રી બે ગાથા દ્વારા જણાવે છે.

**ગાથાર્થ** :- સાંધેલા અને જૂના કપડાના પહેરવેશવાળી, શરીર ઉપર રાખ વગેરે ચોપડેલ અને સજ્જન પુરુષોને દયાપાત્ર એવી પોતાની જાતને જેમ અત્યંત કદાગ્રહી રાજા કરતાં પણ ચઢિયાતી જુએ છે. [૧૧/૧૩]

**ગાથાર્થ** :- તેમ મનોવિભ્રમદોષવાળો જીવ કૃતાર્થ કરતાં ઊલટા લક્ષણોમાં મગ્ન થયેલ અને અકૃતાર્થ એવા પોતાને મનોવિભ્રમદોષ ગ્રહણ કરવાના લીધે જ કૃતાર્થ માને છે. [૧૧/૧૪]

दण्डिखण्डं = कृतसन्धानविशेषं जीर्णवस्त्रं तन्निवसनं = परिधानं यस्य स तथा तम् । भस्मादिभिः विभूषितं = विच्छुरितं **सतां** = सत्पुरुषाणां **शोच्यं** = शोचनीयं **पश्यति** = अवलोकयति **अलं** = अत्यर्थं **आत्मानं ग्रही** = स्वाग्रहवान् **नरेन्द्रादपि हि** = चक्रवर्तिनोऽपि हि **अधिकं** = अतिशयितं यथेति गम्यते ॥११/१३॥ मोहविकारेण = मनोविभ्रमदोषेण समन्वितः पुरुष **एवं** = अनुगृहीतरीत्या **आत्मानं अकृतार्थं** सन्तं **कृतार्थं पश्यति** । 'किम्भूतं ?' तस्य = कृतार्थस्य व्यत्ययेन यानि लिङ्गानि तेषु रतः यः स तथा तम् । अनेन वस्तुवृत्त्या अकृतार्थत्वमेवाह । 'विपर्ययदर्शने को हेतुः ?' अत्राऽऽह —> **इति** = अमुना गुर्वनधीनत्वादिलक्षणेन प्रकारेण तस्य मोहविकारस्य ग्रहः = कर्मशक्तिरूपेणाऽऽत्मन्युपादानं, तत एव । 'कृतार्थमिति पश्यती'ति योजनायां च 'इति' उक्तत्वेन प्रथमाऽऽपत्तिः समाधेया। ॥११/१४॥ ज्ञान-विपर्यययोः स्वाम्युपदर्शनार्थमाह कारिकाद्वयं —> '**सम्यगि**'त्यादि. '**लोके**'त्यादि ।

**सम्यग्दर्शनयोगाज्ज्ञानं तद्ग्रन्थिभेदतः परमम् । सोऽपूर्वकरणतः स्याज्ज्ञेयं लोकोत्तरं तच्च ॥११/१५॥**

### कल्याणकन्दली

'दण्डिखण्डे'त्यादि कारिकाद्वयमस्मत्सम्मतमप्यन्यदर्शनिकर्तृकमिति ध्येयम् [दृश्यतां ललितविस्तरायां ८६ तमे पृष्ठे]। ग्रही = **स्वाऽऽग्रहवान्** = असदभिनिवेशवानित्यर्थः । मिथ्यात्वलक्षणग्रहोपेत **इत्यन्ये** ॥११/१३॥

**व्यत्ययेन** = व्यत्ययस्य = अकृतार्थस्य **यानि लिङ्गानि** उच्छृङ्खलप्रवृत्त्यादीनि **तेषु रतः** । 'तद्ग्रहावेशादि'ति पाठान्तरम्, —> स एव ग्रहः = मोहविकारः = तद्ग्रहः, तस्य आवेशात् = उद्रेकात् <— इति **ललितविस्तरापञ्जिकाकारः**।

**ननु** 'अकृतार्थं सन्तं आत्मानं कृतार्थं पश्यति' इत्यादिरूपेण व्याख्यानं न न्याय्यः । किन्तु 'अकृतार्थं सन्तं आत्मानं कृतार्थमिति पश्यती'त्येवमेव योजना युक्ता । ततश्च इतेः एवंप्रकारत्वार्थस्य दर्शने योजनम्, न तु मोहविकारग्रहे इति **चेत्** ? **मैवम्**, 'आत्मानं **कृतार्थमिति पश्यति' इति** = एवं रीत्या **योजनायां च** = शब्दान्वये हि कृतार्थादिगतस्य कर्मत्वस्य **इत्युक्तत्वेन** = इतिशब्देनैव प्रतिपादितत्वेन कृतार्थादिपदेषु **प्रथमापत्तिः** = साधुत्वार्थायाः प्रथमाविभक्तेः प्रसक्तिः स्यात्, अन्यथा पुनरुक्त्यापत्तेः । **ततश्च** कृतार्थादिपदेषु प्रथमापत्तिः = प्रथमाविभक्तिप्राप्तिः किमर्थमतिलङ्घिता ? इति समस्या **समाधेया** स्यात् । अतः 'आत्मानं कृतार्थं पश्यति' इत्यादिरूपेणोक्ता योजनैव सङ्गतिमङ्गति । इत्थमेव द्वितीयायाः साफल्योपपत्तेरिति विभावनीयं वैयाकरणैः ॥११/१४॥

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् —> सम्यग्दर्शनयोगात् ज्ञानम् । ग्रन्थिभेदतः तत् परमम् । सोऽपूर्वकरणतः स्यात् । तच्च

### ❀ અજ્ઞાનીની ઓળખાણ ❀

**ટીકાર્થ :-** જેમાં અમુક સાંધા કરેલ છે એવા જીર્ણ વસ્ત્ર જેનો પહેરવેશ છે અને જેના શરીર ઉપર રાખના શણગાર છે. તેમ જ સત્પુરુષોને દયનીય એવા પોતાને અત્યંત આગ્રહી માણસ જેમ ચક્રવર્તી કરતાં પણ ચઢિયાતો જુએ છે. મૂળ ગાથામાં 'યથા' શબ્દ નથી. તેનો અધ્યાહાર જાણવાનો છે. માટે ગુજરાતી અનુવાદમાં 'જેમ' શબ્દ ઉમેરેલ છે. [૧૧/૧૩]

**ટીકાર્થ :-** મનોવિભ્રમ દોષથી યુક્ત પુરુષ તેમ = કદાગ્રહગ્રસ્તની પદ્ધતિ મુજબ કૃતાર્થના વિપરીત લિંગોમાં રક્ત એવો અકૃતાર્થ હોવા છતાં પોતાને કૃતાર્થ માને છે. કૃતાર્થ-કૃતકૃત્યના વિરોધી લક્ષણોમાં મગ્ન હોવાથી વાસ્તવમાં પોતાની અકૃતાર્થતા-અકૃતકૃત્યતાને જ તે જણાવે છે. 'અકૃતાર્થ હોવા છતાં પોતાને કૃતાર્થ માનવા સ્વરૂપ વિપરીત દર્શનમાં કોણ હેતુ છે ?' આવો પ્રશ્ન ઉપસ્થિત થયે છતે તેના સમાધાન માટે શ્રીમદ્જી કહે છે કે - કારણ કે ગુરુને આધીન ન રહેવું વગેરે સ્વરૂપે મનોવિભ્રમને-મોહવિકારને કર્મશક્તિસ્વરૂપે આત્મામાં તેણે ગ્રહણ કરેલ છે અને જે પોતાને 'કૃતાર્થ' આ પ્રમાણે માને છે - આ પ્રમાણે અર્થઘટન કરવામાં તો इति શબ્દ દ્વારા કર્મત્વને કહેવાના લીધે પ્રથમ વિભક્તિ 'कृतार्थ' શબ્દને લાગવાની આપત્તિ આવે. કર્મત્વને જણાવવા દ્વિતીયા વિભક્તિની કશી જ આવશ્યકતા નથી; કારણ કે કર્મત્વ 'इति' શબ્દથી જણાવાઈ ગયેલ છે. તેથી સાધુત્વ = શિષ્ટત્વ જળવાઈ રહેવા 'कृतार्थ' શબ્દને પ્રથમા વિભક્તિ જ લાગવી જોઈએ. પરંતુ ગ્રંથકારે દ્વિતીયા વિભક્તિ લગાડેલ છે. માટે ટીકાકારે પૂર્વે જે રીતે અર્થઘટન કર્યું તે જ વ્યાજબી છે. આ રીતે સમાધાન કરવું. [૧૧/૧૪]

સમ્યક્ જ્ઞાન અને મિથ્યા જ્ઞાનના સ્વામીને બતાવવા માટે મૂલકારશ્રી બે ગાથા બતાવે છે.

**ગાથાર્થ :-** સમ્યગ્દર્શનના યોગથી જ્ઞાન થાય છે. ગ્રન્થિભેદથી સમ્યગ્દર્શન પ્રધાન થાય છે. ગ્રન્થિભેદ અપૂર્વકરણથી થાય છે. તે અપૂર્વકરણ લોકોત્તર જાણવું. [૧૧/૧૫]

**लोकोत्तरस्य तस्मान्महानुभावस्य शान्तचित्तस्य । औचित्यवतो ज्ञानं शेषस्य विपर्ययो ज्ञेयः ॥११/१६॥**

सम्यग्दर्शनस्य = तत्त्वार्थश्रद्धानस्य योगात् **ज्ञानं** भवति । **तत्** = सम्यग्दर्शनं **परमं** = प्रधानं **ग्रन्थिभेदतो** भवति । **स** = ग्रन्थिभेदो नियमत एवापार्द्धपुद्गलपरावर्त्ताधिकसंसारच्छेदी **अपूर्वकरणतः** = यथाप्रवृत्तोत्तरपरिणाम-विशेषतः **स्यात्** । **तच्च** अपूर्वकरणं लोकात् सर्वस्मादपि उत्तरं = प्रधानं, अनादौ संसारे सूत्रार्थग्रहणादि-तत्तद्धर्मस्थानसम्प्राप्तावप्यजातपूर्वत्वात् ॥११/१५॥

**तस्मात् लोकोत्तरस्य** = लोकातीतचारित्रस्य **महानुभावस्य** = अचिन्त्यशक्तेः **शान्तचित्तस्य** = उपशान्त-मनसः **औचित्यवतः** = औचित्ययुक्तस्य **ज्ञानं** ज्ञेयम् ।

**कल्याणकन्दली**

लोकोत्तरम् ॥११/१५॥ तस्मात् लोकोत्तरस्य महानुभावस्य शान्तचित्तस्य औचित्यवतो ज्ञानं ज्ञेयम् । शेषस्य विपर्ययो ज्ञेयः ॥११/१६॥ आसन्नभव्यता-कर्मलघुतादितः सम्यग्दर्शनं जायते, यथोक्तं —> आसन्नभव्यता-कर्महानि-संज्ञित्व-शुद्धिभाक् । देशनाद्यस्तमिथ्यात्वो जीवः सम्यक्त्वमश्नुते ॥ <— [ ] इति । **कार्त्तिकेयानुप्रेक्षायां तु** —> चदुगदिभव्वो सण्णी सुविसुद्धो जग्गमाणपज्जत्तो । संसारतडे णियडो णाणी पावेइ सम्मत्तं ॥३०७॥ <— इत्युक्तम् । **सम्यग्दर्शनस्य = तत्त्वार्थश्रद्धानस्य योगात्** = सम्बन्धात् मिथ्याज्ञानं सम्यक् **ज्ञानं भवति**, उपलक्षणात् चारित्रादिकमपि प्रादुर्भवति, तस्मिन् सति च ज्ञानादीनां साफल्यं, यदुक्तं **श्रीभद्रबाहुस्वामिभिः आचाराङ्गनिर्युक्तौ** —> दंसणवओ हि सफलाणि हुंति तवनाणचरणाइं <— [२२१] इति । सर्वश्रेयोमूलत्वादेव श्रद्धाया अतिदुर्लभत्वं —> सद्धा परमदुल्लहा <— [३/९] इत्येवं **उत्तराध्ययने** दर्शितम् । **तत् = सम्यग्दर्शनं** प्राक् अव्यक्तमप्रधानं केवलव्यवहारनयाभिमतं वा **ग्रन्थिभेदतः** भव्यानां **प्रधानं** = व्यक्तं निश्चयनयसम्मतं वा **भवति । ग्रन्थिभेदः अपूर्वकरणतः = यथाप्रवृत्तोत्तरपरिणामविशेषतः** = चरमयथाप्रवृत्तकरणोत्तरकालीनपरिणामविशेषतः **स्यात्** । अत्र परिणामः सर्वत्र शुभात्मपरिणतिलक्षणो बोध्यः । तदुक्तं **सद्धर्मविंशिकायां** —> इत्थ परिणामो खलु जीवस्स सुहो य होइ विन्नेओ । किं मलकलंकमुक्कं कणगं भुवि सामलं होइ ?॥ <— [विं.विं.६/९] इति । प्रकृते अपूर्वगुणाप्तित्वात् पूर्वं कदाप्यप्राप्तत्वात् अपूर्वकरणमुच्यते । ग्रन्थिभेदप्रक्रियादिकञ्चाऽऽगमिकं वस्तु, तथा चैतत्संवादिन्यो **विशेषावश्यकभाष्यगाथाः** —> 'करणं अहापवत्तं अपुव्वमणियट्टिमेव भव्वाणं । इयरेसिं पढमं चिय, भण्णइ करणं ति **परिणामो** ॥ जा गण्ठी ता पढमं, गण्ठिं समइच्छओ भवे बीयं । अणियट्टीकरणं पुण, सम्मत्तपुरक्खडे जीवे ॥ गण्ठि त्ति सुदुब्भेओ, कक्खड-घणरूढ-गूढगण्ठि व्व । जीवस्स कम्मजणिओ, घणरागद्दोसपरिणामो ॥ भिन्नम्मि तम्मि लाभो सम्मत्ताईण मोक्खहेऊणं । सो य दुलभो परिस्समचित्तविघायाइविग्घेहिं ॥ <—[१२०२/१२०३/११९५/११९६] इति । परैरपि दुःखोच्छेदाय सम्यग्दर्शनं शरणी-क्रियते, तदुक्तं **व्यासेन योगसूत्रभाष्ये** —> तदेवमनादिना दुःखस्रोतसा व्युह्यमानमात्मानं भूतग्रामं च दृष्ट्वा योगी सर्वदुःखक्षय-कारणं सम्यग्दर्शनं शरणं प्रपद्यते <— [योगसूत्र २/१५-पृ.१७४] इति । **उपशान्तमनसः** इति । परमतानुसारेण **योगारूढदशायां** शमस्यैवापवर्गकारणत्वम्, तदुक्तं **भगवद्गीतायां** —> आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते । योगारूढस्य तस्यैव शमः कारण-मुच्यते ॥ <— [६/३] इति । न च परोक्तत्वादनुपादेयमिदमित्यारेकणीयम्, सदुक्तित्वेनास्माकमप्यभिमतत्वात्तस्य । इदमेवाभिप्रेत्य **ज्ञानसारे** —> आरुरुक्षुर्मुनिर्योगं श्रयेद् बाह्यक्रियामपि । योगारूढः शमादेव शुद्ध्यत्यन्तर्गतक्रियः ॥ <— [६/३] इति प्रोक्तम् । **औचित्ययुक्तस्य** जिनाज्ञाऽऽदरकलित-तत्तद्द्रव्य-क्षेत्र-काल-भावानुरूपप्रवृत्तिसमेतस्य **ज्ञानं** सम्यग्ज्ञानं **ज्ञेयम्** । इत्थञ्चाऽऽसन्न-

**ગાથાર્થ :-** માટે લોકોત્તર મહાનુભાવ શાંતચિત્તવાળા અને ઔચિત્યયુક્ત એવા જીવનો (બોધ તે) જ્ઞાન જાણવું. બાકીનાનું અજ્ઞાન જાણવું. [૧૧/૧૬]

## ❀ જ્ઞાન અને અજ્ઞાનના સ્વામીને ઓળખીએ ❀

**ટીકાર્થ :-** તત્ત્વાર્થશ્રદ્ધાસ્વરૂપ સમ્યગ્દર્શનના યોગથી જ્ઞાન ઉત્પન્ન થાય છે. ગ્રન્થિભેદથી તે સમ્યગ્દર્શન પ્રધાન બને છે. ગ્રન્થિભેદ નિયમા અપાર્ધ પુદ્ગલપરાવર્તથી વધારાના સંસારનો નાશ કરે છે. તે ગ્રન્થિભેદ યથાપ્રવૃત્તકરણ પછી થનાર પરિણામવિશેષ-સ્વરૂપ અપૂર્વકરણથી થાય છે. સર્વ લોક કરતાં પણ તે અપૂર્વકરણ પ્રધાન છે; કારણ કે અનાદિ સંસારમાં સૂત્રગ્રહણ, અર્થ-ગ્રહણ વગેરે ને તે ધર્મસ્થાનોની પ્રાપ્તિ થવા છતાં અપૂર્વકરણ ક્યારેય પણ પૂર્વે પ્રાપ્ત થયું નથી. [૧૧/૧૫]

**ટીકાર્થ :-** માટે લોકોત્તર ચારિત્રવાળા, અચિંત્યશક્તિવાળા, શાંત મનવાળા અને ઔચિત્યવાળા જીવનું જ્ઞાન જાણવું. ઉપરોક્ત

**शेषस्य** = उक्तगुणविपरीतस्य **विपर्यय** = पदमात्र-वाच्यार्थविषयो विपर्यासो **ज्ञेयः** ॥११/१६॥

**॥ इति एकादशं ज्ञानषोडशकम् ॥**

**कल्याणकन्दली**

सिद्धिकल्पमपि विज्ञायते । यथोक्तं **उपदेशपदे** —> आसन्न-सिद्धियाणं लिंगं सुत्ताणुसारओ चेव । उचियत्तणे पवित्ती सव्वत्थ जिणम्मि बहुमाणो ॥३५॥ <— इति । तात्त्विकमौचित्यं तु सुदुर्लभमेव, तदुक्तं **योगसारे** —> औचित्यं ये विजानन्ति सर्वकार्येषु सिद्धिदम् । सर्वप्रियङ्करा ये च ते नरा विरला जने ॥ <— [५/१०] इति । औचित्यविरहे तु न तत् सज्ज्ञानं स्यात् । इदमेवाभिप्रेत्यान्यत्रापि —> औचित्यमेकमेकत्र गुणानां कोटिरेकतः । विषायते गुणग्राम औचित्यपरिवर्जितः ॥ <— [ ] इत्युक्तम् । —> न कयावि उत्तमनरा उचिआचरणं विलंघंति <— [ ] इत्यपि स्मर्तव्यमत्र । **धर्मबिन्दौ** अपि —> उचितानुष्ठानं हि प्रधानं कर्मक्षयकारणम् <— [६/१३] —> उचितानुष्ठानमेव सर्वत्र प्रधानम् <— [६/५०] इत्याद्युक्तम् । उपेत्याऽनुचितकरणे तु नियमेन मिथ्याभिनिवेशः, तदुक्तं **धर्मबिन्दौ** —> अनुचितप्रतिपत्तौ नियमादसदभिनिवेशोऽन्यत्राऽनाभोगमात्रादिति <— [६/१८] इति । 'औचित्ययुक्तस्य' इति पदस्योपलक्षणात् क्षीणपापस्येत्यपि दृश्यम् । परेषामपीदमभिमतम् । तदुक्तं **गरुडपुराणे** —> ज्ञानमुत्पद्यते पुंसां क्षयात्पापस्य कर्मणः । यथादर्शतले प्रख्ये पश्यत्यात्मानमात्मनि ॥ <— [१/२२९/६-७] इति । अन्यत्रापि —> पापक्षयात् शुद्धमतिराप्नोति ज्ञानमुत्तमम् <— [ ] इत्युक्तम् ॥११/१६॥

**इति मुनियशोविजयविरचितायां कल्याणकन्दल्यां एकादशषोडशक-योगदीपिकाविवरणम् ।**

ગુણથી વિપરીત જીવનો બોધ, કે જે પદોના કેવળ વાચ્યાર્થવિષયક છે, વિપર્યાસ-ભ્રમ-અજ્ઞાનસ્વરૂપ જાણવો. [૧૧/૧૬]

__વિશેષાર્થ__ :- કર્મગ્રંથ વગેરેમાં જણાવ્યા મુજબ અપૂર્વ સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણી, ગુણસંક્રમ, અપૂર્વ સ્થિતિબંધ જ્યાં થાય છે તે લોકોત્તર અપૂર્વકરણથી થનાર ગ્રન્થિભેદ દ્વારા પ્રધાન સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે. તે સમ્યગ્દર્શન જ જ્ઞાનનું કારણ છે. [૧૧/૧૫] આ વાત નિશ્ચય નયની અપેક્ષાએ કરી. પરંતુ તે અંતરંગ વસ્તુ હોવાથી તેનો વ્યવહાર કેવી રીતે કરવો ? તેનો આધાર ક્યો જીવ હોય ? તેના જવાબ માટે ૧૬ મા શ્લોકમાં શ્રીમદ્જીએ જણાવેલ છે કે જેની પાસે લોકોત્તર ચારિત્ર હોય, જે અચિંત્યશક્તિવાળો હોય, જેનું મન શાંત હોય અને જે ઔચિત્યનું સર્વત્ર પાલન કરતો હોય તે જીવનો બોધ જ્ઞાન કહેવાય. આથી સમ્યગ્જ્ઞાનના અર્થી વ્યક્તિએ લોકોત્તર ચારિત્રની પ્રાપ્તિ માટે, અચિંત્ય શક્તિ માટે, મનને શાંત બનાવવા માટે અને ઔચિત્યને આત્મસાત્ કરવા પ્રયત્નશીલ રહેવું. બાકી તેનો બોધ માત્ર વાચ્યાર્થવિષયક રહે છે કે જે શાસ્ત્રકારોના તાત્પર્યને ભવિષ્યમાં મચડી શકે છે. માટે તે વિપર્યાસ મિથ્યાજ્ઞાન જ જાણવું. [૧૧/૧૬]

# અગિયારમા ષોડશકનો સ્વાધ્યાય

**(અ) નીચેના કોઈ પણ ૭ પ્રશ્નના જવાબ લખો.**

૧. શુશ્રૂષાનું સ્વરૂપ જણાવો.
૨. શુશ્રૂષાનું કાર્ય જણાવો.
૩. શ્રુતજ્ઞાનનું સ્વરૂપ વર્ણવો.
૪. ચિંતાજ્ઞાનનું સ્વરૂપ બતાવો.
૫. ભાવનાજ્ઞાન ઓળખાવો.
૬. શુશ્રૂષા અને રાગમાં ભેદ શું છે ?
૭. ચારિસંજીવનીન્યાય સમજાવો.
૮. ચિંતાજ્ઞાનમાં શબ્દવ્યાપારની ઉપપત્તિ કરો.
૯. શ્રુતાદિ ત્રણ જ્ઞાનનો ફલવિભાગ સમજાવો.
૧૦. વિનયરહિતનો બોધ અજ્ઞાન કઈ રીતે ?

**(બ) યોગ્ય જોડાણ કરો.**

| | |
|---|---|
| (૧) શુશ્રૂષા | (A) શ્રવણવિધિ |
| (૨) ક્ષેત્રશુદ્ધિ | (B) કોઠારબીજ |
| (૩) અપરમશુશ્રૂષા | (C) વિસ્તારશીલ |
| (૪) ભાવનાજ્ઞાન | (D) ઔચિત્યયુક્ત |
| (૫) જ્ઞાનાધિકારી | (E) મિથ્યાત્વજનક |
| (૬) ગુરુઅવિનય | (F) આદ્ય જ્ઞાન |
| (૭) ચિંતાજ્ઞાન | (G) પાણીની સેર |
| (૮) મતાગ્રહજનક | (H) પથારીમાં પડેલ રાજાનું કથાશ્રવણ |
| (૯) શ્રુતજ્ઞાન | (I) સર્વત્ર હિતપ્રવૃત્તિ |
| (૧૦) પરમશુશ્રૂષા | (J) રહસ્યગ્રંથપ્રાપક |

**(ક) ખાલી જગ્યા યોગ્ય રીતે પૂરો.**

૧. શુશ્રૂષાના ....... પ્રકાર છે. (૨, ૩, ૪)
૨. 'સદ્ગ્રન્થાપ્તિ' પદના ....... અર્થ છે. (૨, ૩, ૪)
૩. અપરમ શુશ્રૂષા ....... છે. (પરમશુશ્રૂષાકારણ, હિતકારી, અહિતકારી)
૪. ઉહ એ ....... જ્ઞાન છે. (અન્વયમુખી, વ્યતિરેકમુખી, મિથ્યા)
૫. શ્રુતજ્ઞાન ....... વિનાનું હોય. (ગાઢ કદાગ્રહ, દર્શનમમત્વ, વિનય)
૬. ...... થી ગ્રંથિભેદ થાય. (સમ્યગ્જ્ઞાન, અપૂર્વકરણ, ચરમ યથાપ્રવૃત્તકરણ)
૭. મોહવિકાર = ....... (મતિવિભ્રમ, વાસના, ખાવાની લાલસા)
૮. ક્રિયા ....... જ્ઞાનપૂર્વક ફલદાયી બને. (શ્રુત, ચિંતા, ભાવના)
૯. વિરમ્ય વ્યાપારાનુપપત્તિ દોષની આપત્તિ ....... જ્ઞાનમાં આપેલી છે. (શ્રુત, ચિંતા, ભાવના)
૧૦. ગુરુનો વિનય એ ....... નું કારણ છે. (જ્ઞાન, અભ્યુદય, પુણ્ય)

નોંધ : આ પ્રશ્નપત્રમાં કોઈએ પેન-પેન્સીલ વગેરેથી કોઈ પણ નિશાની વગેરે ન કરવા ખ્યાલ રાખવો.

# કલ્યાણકંદલીની અનુપ્રેક્ષા

**(અ) નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.**

૧. શુશ્રૂષાશૂન્ય જ્ઞાન અજ્ઞાનસ્વરૂપ કેમ ?
૨. અપરમ શુશ્રૂષા કેવી હોય ? તેનું ફળ શું ?
૩. શ્રુતજ્ઞાનને કોઠારના બીજની ઉપમા આપવાનું કારણ શું છે ?
૪. પદાર્થાદિ ચારેયની ભાવના ઉદાહરણસહિત સમજાવો.
૫. ભાવનાજ્ઞાનનું મહત્ત્વ જણાવો.
૬. શ્રુતજ્ઞાનવાળા પાસે મતાગ્રહ હોય છતાં ન હોય - આ વાતને પાંચ મુદ્દાથી સમજાવો.
૭. ચારિસંજીવની ન્યાય અન્ય લોકોને કેવી રીતે માન્ય છે ?
૮. યોગરૂઢ અને યોગારંભ યોગીનો ભેદ જણાવો.
૯. ગુરુહીલનાની ભયંકરતા વર્ણવો.
૧૦. પરદર્શનીના સદ્વચનની અવહીલનામાં શું વાંધો ? તે સમજાવો.

**(બ) નીચેના પ્રશ્નોના સંક્ષેપમાં જવાબ આપો.**

૧. સમકિતના ૩ લિંગ જણાવો, તેની વાત કયા કયા ગ્રંથોમાં આવે છે ?
૨. શ્રાવકની દર્શનપ્રતિમા એટલે શું ?
૩. સમકિતની શુદ્ધિ શેનાથી થાય ?
૪. સાધુને કઈ બે શિક્ષામાં અતિપ્રીતિ હોય ?
૫. ગુરુભક્તિ કેવા ભાવથી કરવાની હોય ?
૬. ધીરનું લક્ષણ બતાવો ?
૭. ગુરુભક્તિપ્રાપ્ય શ્રુતજ્ઞાન કેવું હોય ?
૮. ધર્માધિકારી કોણ નથી ?
૯. શ્રુતજ્ઞાન સંશયાત્મક કેમ નથી ?
૧૦. 'વાક્યૈકવાક્યતા' નો મતલબ શું ?
૧૧. નય-પ્રમાણનો જ્ઞાતા કેમ નયોમાં સત્ય-મિથ્યાવિભાગ ન કરે ?
૧૨. ચિંતાજ્ઞાનવાળા પાસે મતાગ્રહ હોય છતાં ન હોય - આ વાત હેતુપુરસ્કાર સમજાવો.
૧૩. આદિધાર્મિક પુરુષોની આત્મોત્ક્રાંતિ કેવી રીતે થાય ?
૧૪. 'शाखायां चन्द्रः' આ ન્યાય શેનું સમર્થન કરે છે ?
૧૫. કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરિ મહારાજે ચારિસંજીવની ન્યાયનો ઉપયોગ કેવી રીતે કર્યો ?
૧૬. ઉચિત અનુષ્ઠાન શા માટે પ્રધાન છે ?
૧૭. અવિનીતને આજ્ઞા કરવામાં શું દોષ છે ?
૧૮. અજ્ઞાનીની ઓળખાણ આપો.
૧૯. સમકિત પામવાના પાંચ લક્ષણ જણાવો.
૨૦. સમ્યગ્દર્શન પામવાની પ્રક્રિયા જણાવો.

**(ક) ખાલી જગ્યા પૂરો.**

૧. અવિનીત નિયમા ...... હોય. (અભિમાની, ક્રોધી, લોભી)
૨. અષ્ટવિધ પ્રમાદનો એક પ્રકાર ...... છે. (મિથ્યાજ્ઞાન, અવિનય, લોભ)
૩. વિનયના .... ભેદ છે. (૫, ૫૨, ૭૬)
૪. ...... વાળાના તપ-જ્ઞાન વગેરે સફળ થાય. (વિનય, સમકિત, ચારિત્ર)
૫. ...... અત્યંત દુર્લભ છે. (શ્રદ્ધા, જ્ઞાન, માનવભવ)
૬. ...... બધા ગુણોમાં શ્રેષ્ઠ છે. (ઔચિત્ય, વિનય, ક્ષમા, ઉદારતા, નમ્રતા)

## द्वादशं दीक्षाषोडशकम्

ज्ञानत्रयं प्राक् (१०/१२) उक्तम् । तद्भावाभावाभ्यां दीक्षाधिकाराऽनधिकारौ प्रतिपिपादयिषुराह --> 'अस्मिन्नि'-त्यादि ।

**अस्मिन् सति दीक्षाया अधिकारी तत्त्वतो भवति सत्त्वः । इतरस्य पुनर्दीक्षा वसन्तनृपसन्निभा ज्ञेया ॥१२/१॥**

**अस्मिन्** ज्ञानत्रये सति **दीक्षायाः** = विरतिरूपाया **अधिकारी** = अधिकारवान् **तत्त्वतः** = परमार्थतो **भवति** **सत्त्वः** = पुमान् । **इतरस्य** = अनधिकारिणः **पुनः दीक्षा वसन्तनृपसन्निभा** = चैत्रमासपरिहासकृतराजतुल्या (**ज्ञेया** =) विडम्बनप्रायत्वेन ज्ञातव्या ॥१२/१॥

### कल्याणकन्दली

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् --> अस्मिन् सति सत्त्वः तत्त्वतो दीक्षाया अधिकारी भवति । इतरस्य पुनः दीक्षा वसन्तनृपसन्निभा ज्ञेया ॥१२/१॥

**ज्ञानत्रये** = श्रुत-चिन्ता-भावनाज्ञानत्रितये **सति** एव **दीक्षायाः विरतिरूपायाः** = सर्वपापविरतिस्वरूपायाः **परमार्थतः अधिकारी भवति,** मिथ्यात्व-क्रोधकण्डूत्यादिरूपचित्तमुण्डने ज्ञानिन एव प्रशान्तत्वेन समर्थत्वात्, यथोक्तं **पञ्चाशके** --> दिक्खा मुंडणमेत्थं तं पुण चित्तस्स होइ विण्णेयं । ण हि अप्पसन्तचित्तो धम्महिगारी जओ होइ ॥ <-- [२/२] इति । इयमपि ज्ञानत्रितयोत्तरकालभावितया चरमावर्ते एव तत्त्वतो भवति, यथोक्तं **पञ्चाशकेऽ**पि --> चरमम्मि चेव भणिया एसा खलु पोग्गलाण परियट्टे । सुद्धसहावस्स तहा विसुज्झमाणस्स जीवस्स ॥ <-- [२/३] इति । इतरा त्वचरमावर्त्तेऽपि भवतीति ध्येयम् ।

**धर्मबिन्दौ** तु --> अथ प्रव्रज्यार्हः : [१] आर्यदेशोत्पन्नः, [२] विशिष्टजातिकुलान्वितः, [३] क्षीणप्रायकर्ममलः, [४] तत एव विमलबुद्धिः, [५] 'दुर्लभं मानुष्यं, जन्म मरणनिमित्तं, सम्पदश्चपलाः, विषया दुःखहेतवः, संयोगे वियोगः, प्रतिक्षणं मरणं, दारुणो विपाक' इत्यवगतसंसारनैर्गुण्यः, [६] तत एव तद्विरक्तः, [७] प्रतनुकषायः, [८] अल्पहास्यादिः, [९] कृतज्ञः, [१०] विनीतः, [११] प्रागपि राजामात्यपौरजनबहुमतः, [१२] अद्रोहकारी, [१३] कल्याणाङ्गः, [१४] श्राद्धः, [१५] स्थिरः, [१६] समुपसम्पन्नश्चेति <-- [ध.बिं.३/३] विस्तरतः दीक्षाधिकारिनिरूपणमकारि मूलकारैरेवेत्यनुसन्धेयम् । कालपरिहाणिदोषात् एकादिगुणविकलाः अपि बहुगुणसम्पन्ना योग्या एव, यथोक्तं **पञ्चवस्तुके** --> कालपरिहाणिदोसा एत्तो एक्कादिगुणविहीणा वि । जे बहुगुणसंपन्ना ते जुग्गा हुंति नायव्वा ॥३७॥ <-- इत्यपि विभावनीयम् । **अनधिकारिणः दीक्षा वसन्तनृपसन्निभा** = **चैत्रमासपरिहासकृतराजतुल्या** = फाल्गुनिकराकानन्तराऽऽगामिशास्त्रीयचैत्रमासोपहसित-वसन्तर्तुकालीन-फाल्गुनपूर्णिमा-दिवसीय-होलिकापर्वसम्बन्धिनृपतिसमा **विडम्बनप्रायत्वेन** ज्ञातव्या, तस्य जिनवचनानुपक्रम्यत्वात् । तदुक्तं **पञ्चवस्तुके** --> न कयाइ खुद्दसत्ता किलिट्ठकम्मोदयाओ संभूआ । विसकंटगाइतुल्ला धम्मम्मि दढं पयट्टंति ॥८६१॥ <-- इति ॥१२/१॥

### ❀ રતિદાયિની ❀

ત્રણ જ્ઞાનનું નિરૂપણ ૧૧મા ષોડશકમાં કર્યું. તે જ્ઞાનની હાજરીમાં દીક્ષાની અધિકારીતા અને તેની ગેરહાજરીમાં દીક્ષાની અનધિકારીતાનું પ્રતિપાદન કરવાની ઈચ્છાવાળા મૂલકારશ્રી કહે છે કે —

**ગાથાર્થ** :- આ ત્રણ જ્ઞાન હોય ત્યારે જીવ પરમાર્થથી દીક્ષાનો અધિકારી થાય છે. બીજાની દીક્ષા તો વસન્તરાજ = હોળીના રાજા જેવી જાણવી [૧૨/૧]

### ❀ દીક્ષાના અધિકારીને ઓળખીએ ❀

**ટીકાર્થ** :- શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન - આ ત્રણ જ્ઞાન હોય ત્યારે જીવ પરમાર્થથી વિરતિસ્વરૂપ દીક્ષાનો અધિકારી થાય છે. અન્ય = ત્રણ જ્ઞાનથી શૂન્ય એવા અનધિકારી જીવની દીક્ષા તો ચૈત્ર માસે જેની મશ્કરી કરેલ છે તે વસંતરાજા = હોળીના રાજા જેવી પ્રાયઃ વિડંબના સ્વરૂપ જાણવી. [૧૨/૧]

**વિશેષાર્થ** :- અહીં ધ્યાન દેવા જેવી વાત એ છે કે મૂળ ગાથામાં 'વસંતનૃપ' શબ્દનો પ્રયોગ છે. તેનો યોગદીપિકાકારે 'ચૈત્રમાસપરિહાસકૃતરાજ' આવો અર્થ કરેલ છે. ફાગણ-ચૈત્ર માસ વસંતઋતુ કહેવાય છે. હોળી-ધુળેટીપર્વ વસન્તઋતુમાં આવે છે. ફાગણ પૂર્ણિમાના દિવસે જૈનેતર લોકો એક વ્યક્તિને હોળીનો રાજા બનાવી તેને ગધેડા ઉપર બેસાડે છે તથા કાળા રંગથી

दीक्षापदनिरुक्तमुपदर्शयन् ज्ञानिन एव तां **'नियमयन्नाह** —> 'श्रेय' इत्यादि ।

**श्रेयोदानादशिवक्षपणाच्च सतां मतेह दीक्षेति । सा ज्ञानिनो नियोगाद्यथोदितस्यैव साध्वीति ॥१२/२॥**

श्रेयसः कल्याणस्य दानात्, अशिवस्य = प्रत्यवायस्य क्षपणाच्च **सतां** = मुनीनां **मता** = अभिप्रेता **इह** = प्रवचने **दीक्षा इति** = एवमन्वया निरुक्तप्रक्रियया **सा** दीक्षा **ज्ञानिनो नियोगात्** = नियमात् **यथोदितस्यैव** = अधिकारिण एव **साध्वीति** = निरवद्या वर्तते ॥१२/२॥

'ननु यदि ज्ञानिन एव दीक्षा साध्वी तदा कथं प्रागुक्तज्ञानत्रयविकलानां माषतुषादीनां समये सा श्रेयसी श्रूयते ?' इत्याशङ्कयाऽऽह —> **'य'** इत्यादि ।

**कल्याणकन्दली**

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् —> श्रेयोदानात् अशिवक्षपणाच्च इह सतां दीक्षा मता इति सा यथोदितस्य ज्ञानिन एव नियोगात् साध्वी इति ॥१२/२॥ इयं कारिका **दीक्षाद्वात्रिंशिकावृत्तिप्रभृतौ** समुद्धृता । तदुक्तमेतदनुसारेण **दीक्षाद्वात्रिंशिकायां** —> दीक्षा हि श्रेयसो दानादशिवक्षपणाच्च तथा । सा ज्ञानिनो नियोगेन ज्ञानिनिश्रावतोऽथवा ॥ <— [द्वा.द्वा.२८/१] इति ।

**प्रत्यवायस्य = प्रत्यवायजनकदुरितस्य क्षपणात्**, दीक्षाया भवान्तरकृतानां पापानां प्रायश्चित्तरूपत्वात्, यथोक्तं **पञ्चाशके** —> सव्वा वि य पव्वज्जा पायच्छित्तं भवंतरकडाणं पावाणं कम्माणं <— [१६/४८] । **गौतमीयतन्त्रे**ऽपि —> ददाति दिव्यभावं चेत् क्षिणुयात् पापसन्ततिम् । तेन दीक्षेति विख्याता मुनिभिस्तन्त्रपारगैः ॥ <— [ ] इत्येवं दीक्षानिरुक्तिरुक्ता । **विश्वसारे**ऽपि —> दिव्यं ज्ञानं यतो दद्यात् कुर्यात् पापक्षयं यतः । तस्मात् दीक्षेति सा प्रोक्ता सर्वतन्त्रस्य सम्मता ॥ [ ] <— इत्युक्तम् । **लघुकल्पतन्त्रे**ऽपि —> दीयते परमं ज्ञानं, क्षीयते पापपद्धतिः । तेन दीक्षोच्यते <— [ ] इत्युक्तम् । दीक्षाविहीनस्य त्वनाथत्वमेव । तदुक्तं **दत्तात्रेययामले**ऽपि —> अनीश्वरस्य मर्त्यस्य नास्ति त्राता यथा भुवि । तथा दीक्षाविहीनस्य नेह स्वामी परत्र च ॥ <— [ ] इति । ततश्च दीक्षैव शरणीकर्तव्या मुमुक्षुभिः । **दीक्षा ज्ञानिनो नियमात्**, यथोक्तं —> नाणसहियं चरित्तं, नाणं संपायगं गुणसयाणं । एस जिणाणं आणा नत्थि चरित्तं विणा णाणं ॥ <— [ ] इति । सा च प्रधानमपवर्गकारणम्, यथोक्तं **बृहदारण्यकोपनिषदि** अपि —> दीक्षयैव नरो मुच्येत <— [४/४६] इति । **कुलार्णवतन्त्रे**ऽपि —> दीक्षाग्निदग्धकर्माऽसौ यायाद् विच्छिन्नबन्धनः । गतस्तस्य कर्मबन्धो जीवश्च शिवो भवेत् ॥ रसेन्द्रेण यथा

तेनुं मोढुं-कपडां वगेरे रंगी नाखी तेनी विडंबना करता करता 'होळीना राजानी जय हो' ईत्यादि बोले छे. फागण पुनम पछीना दिवसे फागण वद-१ तिथि आवे छे, जे शास्त्रीय भाषामां चैत्रवद-एकम कहेवाय छे. तेथी चैत्र मास जाणे के होळीना राजानी = वसंतराजानी मश्करी करी रह्यो छे - एवी उत्प्रेक्षा श्रीमद्जीए करी छे. अहीं कहेवानो भाव ए छे के नाम वसंतराज = होळीनो राजा छतां विडंबना पामवानी. तेम अनधिकारी व्यक्ति स्वीकारे दीक्षा छतां तेने माटे ए विडंबनारूप बने छे. माटे अनधिकारी व्यक्तिने दीक्षा न आपवी. [१२/१]

दीक्षापदनी निरुक्ति = व्याख्या बतावता मूलकारश्री 'ज्ञानीने ज दीक्षा छे' आ वातनुं नियमन करतां कहे छे के —

## ❀ दीक्षानी व्याख्या ❀

**गाथार्थ** :- कल्याणने आपवाथी अने पापने खपाववाथी अहीं मुनिओने दीक्षा मान्य छे. पूर्वोक्त अधिकारी ज्ञानीनी ज नियमा ते दीक्षा निर्दोष छे. [१२/२]

**टीकार्थ** :- कल्याणने आपवाना कारणे अने विघ्नने-पापने खपाववाना लीधे जिनशासनमां मुनिओने दीक्षा मान्य छे. आ निरुक्तिनी प्रक्रियाथी ते दीक्षा पूर्वोक्त अधिकारी एवा ज्ञानीने ज नियमा निर्दोष होय छे. [१२/२]

**विशेषार्थ** :- दीक्षा शब्दमां दा धातु अने क्षि धातु छे. आपवुं अने क्षय करवो ते क्रमशः तेनो अर्थ छे. शुं आपवुं? कल्याण. शेनो नाश करवानो ? पापनो. आवी दीक्षापदनी निरुक्ति-व्युत्पत्ति-व्याख्या छे. जेनाथी कल्याणप्राप्ति अने विघ्नक्षय थाय तेना अधिकारी नियमा ज्ञानीओ ज बने. श्रुतज्ञान, चिंताज्ञान अने भावनाज्ञानथी शून्य व्यक्ति दीक्षानी अधिकारी न बनी शके. [१२/२]

अहीं एवी शंका थाय के —> जो ज्ञानीनी ज दीक्षा सुंदर-निर्दोष कहेवाय तो पछी पूर्वोक्त श्रुतज्ञान, चिंताज्ञान अने भावनाज्ञान- आ त्रण ज्ञानथी रहित एवा माषतुष वगेरे मुनिओने दीक्षा कल्याणकारी थई- एम आगममां केम संभळाय

१. 'निगमयन्नाह' इत्यशुद्धः पाठोऽन्यत्र ।

**यो निरनुबन्धदोषाच्छ्राद्धोऽनाभोगवान् वृजिनभीरुः । गुरुभक्तो ग्रहरहितः सोऽपि ज्ञान्येव तत्फलतः ॥१२/३॥**

**यो** निरनुबन्धात् = व्यवच्छिन्नसन्तानात् दोषात् ज्ञानावरणादेः **श्राद्धः** = श्रद्धावान् । यस्तु सानुबन्धदोषान्निरुपक्रमक्लिष्टकर्मलक्षणाज्जातभावप्रतिघातः कथञ्चिच्छ्राद्धो भवति स नेह गृह्यते । अनाभोगः = सूक्ष्मधीगम्यग्रन्थार्थाऽपरिज्ञानमात्रं, स एव यस्याऽस्ति **सोऽनाभोगवान्** । वृजिनात् = पापात् भीरुः, भवविरक्तत्वात् । गुरुषु = पूज्येषु भक्तः, तद्बहुमानित्वात् । ग्रहः मिथ्याभिनिवेशः, तेन रहितः, **सोऽपि** य ईदृगुक्तविशेषणवान् **ज्ञान्येव** = ज्ञानवानेव, **तत्फलतः** = ज्ञानफलभावात्, ज्ञानेनाऽपि भवविरक्तत्वादि फलं क्रियते, तदस्याऽप्यस्तीति कृत्वा

**कल्याणकन्दली**

विद्धमयः सुवर्णतां व्रजेत् । दीक्षाविद्धस्तथैवात्मा शिवत्वं लभते प्रिये !॥ <— [ ] इत्युक्तम् ॥१२/२॥

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् —> यो निरनुबन्धदोषात् श्राद्धः अनाभोगवान् वृजिनभीरुः गुरुभक्तो ग्रहरहितः सोऽपि ज्ञानी एव, तत्फलतः ॥१२/३॥ इयं कारिका **अष्टकप्रकरणवृत्ति-पञ्चाशकवृत्त्यधिकारविंशिकावृत्ति-लोकविंशिकावृत्त्यादौ** [अ.प्र.वृ.५/२ पंचा.११/७ अ.वि.२७ लो.वि.७] समुद्धृता ।

**निरनुबन्धात्** गुरुपारतन्त्र्य-सत्क्रियाद्युपक्रम्यात्, अत एव **व्यवच्छिन्नसन्तानात् दोषात् ज्ञानावरणादेः श्रद्धावान्** गुर्वाद्युपदिष्टार्थगोचरश्रद्धावान् ।

**अनाभोगः = सूक्ष्मधीगम्यग्रन्थार्थाऽपरिज्ञानमात्रं**, क्वचित् तथाविधाज्ञानजनितसदसदप्रवृत्तिप्रवृत्ती इत्यपि बोध्यम् । **न चैवं** तद्वतः कथं चारित्रमिति **शङ्कनीयम्**, आज्ञारुचित्वेन प्रज्ञापनीयत्वाच्चारित्राभ्युपगमात्, **यथोक्तं पञ्चाशके** —> आणारुइणो चरणं आणाए च्चिय इमंति वयणाओ । एत्तोऽणाभोगम्मिवि पण्णवणिज्जो इमो होई ॥ <— [११/१२] इति । यस्तु स्थूलधीगम्यग्रन्थार्थविबोधायोग्यः प्रवचनमातृविज्ञानशून्यो वा स इह नाऽनाभोगपदेन बोध्यः, प्रयोजनविरहात् । **पापात् भीरुः** कर्मविपाकदर्शनादिना **भवविरक्तत्वात्** तदुक्तं **आचाराङ्गे** —> आयंकदंसी न करेइ पावं <— [१/३/२] । यथोक्तं **धर्मरत्नप्रकरणे**ऽपि —> खणमित्तसुहे विसए, विसोवमाणे सया वि मन्नंतो । तेसु न करेइ गिद्धिं भवभीरू मुणियतत्तत्थो ॥६४॥ <— इति । एतादृश एव धर्मार्हः, यथोक्तं **धर्मरत्नप्रकरणे** एव **श्रीशान्तिसूरिभिः** —> इह-परलोयावाए संभावंतो न वट्टए पावे । बीहइ अजसकलंका तो खलु धम्मारिहो भीरु ॥१३॥ <— इति । **नारदपरिव्राजकोपनिषदि** अपि —> संसारदोषदृष्ट्यैव विरक्तिर्जायते सदा । विरक्तस्य तु संसारात्संन्यासः स्यान्न संशयः ॥ <— [६/२४] इत्युक्तम् । विशिष्टज्ञानविकलानामपि गुरुपरतन्त्रताश्रद्धादेः ज्ञानफलसाधकत्वात् ।

ज्ञानिगुरुपरतन्त्रत्वात् माषतुषादीनामपि स्वाश्रयपारतन्त्र्यसम्बन्धेन ज्ञानमस्तीति विज्ञेयम्, यथोक्तं **पञ्चाशके** —> गुरुपारतंतं नाणं सद्दहणं एयसंगयं चेव । एत्तो उ चरित्तीणं मासतुसादीण निद्दिट्ठं ॥ <— [११/७] इति प्राक् (पृ.४९) दर्शितमेव । **ज्ञानफलभावात्** = ज्ञानजन्यभववैराग्य-सद्भावात् । इदमेवाभिप्रेत्य **साङ्ख्यसूत्रे**ऽपि —> विरक्तस्य हेयहानमुपादेयोपादानं

છે ? <— તો તેનું સમાધાન આપતા ગ્રંથકારશ્રી જણાવે છે કે —

**ગાથાર્થ :-** નિરનુબંધ દોષના કારણે જે શ્રદ્ધાવાન હોય, સૂક્ષ્મ જ્ઞાનના અભાવવાળો હોય, પાપભીરુ હોય, ગુરુભક્તિવાળો હોય, કદાગ્રહરહિત હોય તે પણ જ્ઞાની જ છે, કારણ કે જ્ઞાનનું ફળ તેની પાસે છે. [૧૨/૩]

## ⊡ જ્ઞાનરહિત એવો વૈરાગી-ગુરુભક્ત-પાપભીરુ પણ દીક્ષાધિકારી ⊡

**ટીકાર્થ :-** જ્ઞાનાવરણાદિ દોષ નિરનુબંધ = વિચ્છિન્નસંતાનવાળા (= ઉચ્છિન્નપ્રવાહવાળા = જેની પરંપરા લાંબી ચાલે તેવી ન હોય = સોપક્રમ = અક્લિષ્ટ = નબળા) થવાના લીધે જે શ્રદ્ધાવાળો થયો હોય. (તેનું અહીં જ્ઞાની તરીકે ગ્રહણ કરવું.) નિરુપક્રમ ક્લિષ્ટ કર્મસ્વરૂપ સાનુબંધ દોષના કારણે જેના ભાવનો પ્રતિઘાત થયેલો હોય તેવો કથંચિત્શ્રદ્ધાવાળો = મંદશ્રદ્ધાવાળો જે હોય તેનો અહીં (જ્ઞાની તરીકે) સ્વીકાર નથી થતો. તથા સૂક્ષ્મબુદ્ધિગમ્ય એવા ગ્રંથોના અર્થોનો ચારેબાજુથી જેને બોધ ન હોય તે અનાભોગવાળો (અહીં જ્ઞાની જાણવો. સામાન્ય બુદ્ધિગમ્ય એવા ગ્રંથોના અર્થનો જેને સર્વથા અબોધ હોય કે અષ્ટપ્રવચનમાતાની પણ જેને જાણકારી ન હોય તે અહીં અનાભોગવાળો ન જાણવો. તેને જ્ઞાની કહેવાનો પ્રસ્તુતમાં કોઈ આશય નથી.) તથા જે સંસારથી વિરક્ત હોવાના લીધે પાપભીરુ હોય. પૂજ્ય એવા ગુરુઓ (સંસારમાં ગુરુ તરીકે માતા, પિતા, કલાચાર્ય, કુટુંબના વડીલ, ધર્મગુરુ તથા દીક્ષાજીવનમાં દીક્ષાદાતા ગુરુ, વિદ્યાગુરુ, પોતાના ગુરુદેવ, આચાર્ય વગેરે ગુરુ) પ્રત્યે બહુમાનવાળો (ભાવથી બંધાયેલો) હોવાના કારણે તેઓનો ભક્ત હોય તથા મિથ્યા કદાગ્રહથી જે રહિત હોય. આવા જણાવેલ (૫) વિશેષણોથી યુક્ત એવો જે હોય તે પણ જ્ઞાની જ જાણવો; કારણ કે તેની પાસે જ્ઞાનનું ફળ છે. જ્ઞાન દ્વારા પણ સંસારનો વૈરાગ્ય, શ્રદ્ધા,

॥१२/३॥ फलतुल्यतायामेव दृष्टान्तमाह → 'चक्षुष्मानि'त्यादि ।

**चक्षुष्मानेकः स्यादन्योऽन्यस्तन्मतानुवृत्तिपरः । गन्तारौ गन्तव्यं प्राप्नुत एतौ युगपदेव ॥१२/४॥**

**एकः** कश्चित् पुरुषः मार्गगमनप्रवृत्तः **चक्षुष्मान्** = निर्मलानुपहतनेत्रः **स्यात्, अन्यः अन्धः** = दृग्विकलः तस्य चक्षुष्मतो मतं = वचनं तदनुवृत्तिपरः = तदनुसारे परः = प्रधानः, मार्गानुसारिता-प्रयोजकादृष्टेनान्यानुवृत्ति-व्यावर्तनात् **एतौ** द्वावपि चक्षुष्मदन्धौ **गन्तारौ** = गमनशीलौ[1] अनवरतप्रयाणप्रवृत्त्या **गन्तव्यं** = अभिमतनगरादि **युगपदेव** = एककालमेव **प्राप्नुतः**, तयोरग्रपृष्ठभावेन व्रजतोरेकपदन्यास एवान्तरं न महत्, यद्वा तदपि तुल्य-पदन्यासयोरेकश्रेण्या बाहुलग्नयोर्व्रजतोः नास्तीति द्वयोर्युगपत्प्राप्तव्यप्राप्तिः । एवं ज्ञान्यज्ञानिनोरपि सन्मार्गगमन-प्रवृत्तयोर्मुक्तिपुरप्राप्तौ नान्तरमिति गर्भार्थः ॥१२/४॥

## कल्याणकन्दली

हंसक्षीरवत् ← [४/२३] इत्युक्तम् । उपलक्षणाच्च दीक्षाराग-लोकविरुद्धत्यागादेरपि दीक्षाधिकारसम्पादकत्वम्, यथोक्तं **पञ्चाशके** → दिक्खाए चेव रागो लोगविरुद्धाण चेव चाउत्ति । सुंदरगुरुजोगोऽवि य जस्स तओ एत्थ उचिओत्ति ॥ ←[२/४] इति । **आत्मप्रबोधे** → अमन्दवैराग्यनिमग्नबुद्धयस्तनूकृताशेषकषायवैरिणः । ऋजुस्वभावाः सुविनीतमानसा भजन्ति भव्या मुनिधर्ममुत्तमम् ॥ ← [२/१६/पृ.२५६] इत्येवं **जिनलाभसूरि**भिरुक्तमप्यनुसन्धेयमत्र ॥१२/३॥

मूलग्रन्थे दृष्टान्तयस्त्वेवम् → एकः चक्षुष्मान् स्यात् अन्योऽन्धः तन्मतानुवृत्तिपरः । एतौ गन्तारौ गन्तव्यं युगपदेव प्राप्नुतः ॥१२/४॥ इयं कारिका **लोकविंशिकावृत्ति-पञ्चाशकवृत्त्यादौ** [लो.विं.गा.७ पंचा.११/७] समुद्धृता । एतदनुसारेण **दीक्षाद्वात्रिंशिकायां** → एकः स्यादिह चक्षुष्मानन्यस्तदनुवृत्तिमान् । प्राप्नुतो युगपद् ग्रामं गन्तव्यं यदुभावपि ॥ ← [द्वा.द्वा.२८/२]

**मार्गानुसारिताप्रयोजकादृष्टेन** = दृष्टान्ते सन्मार्गानुसरणप्रयोजकसाताभिधानवेदनीयकर्मणा दार्ष्टान्तिके चाऽसद्ग्रहविजयेन तत्त्वानुसारिताप्रयोजकशुभादृष्टविपाकोदयेन **अन्यानुवृत्तिव्यावर्त्तनात्** = चक्षुष्मदन्यानुसरणव्यवच्छेदात्, चक्षुष्मदनुवृत्तिपरत्वाच्च । तदुक्तं **पञ्चाशके** → चारित्तओ च्चिय दढं मग्गणुसारी इमो हवइ पायं । एत्तो हिते पवत्तति तह णाणातो सदंधोव्व ॥ ←[११/१०] इति । अन्धत्वेऽपि शोभनत्वञ्चास्य सज्ञाक्षसहायनरवचनानुवर्तकत्वात् । यथाहि सदन्धः सहायानुवर्तनेनेप्सितस्थान-प्राप्तिरूपे हिते प्रवर्तते तथैवाऽगीतार्थोऽपि 'ज्ञाताऽयं हितश्च मे गुरुः' इत्येवं ज्ञानात् मार्गानुसारितया गीतार्थाज्ञापालनादौ हिते प्रवर्तते । अत एव **चक्षुष्मत्सदन्धौ गन्तारौ = गमनशीलौ**, न तु पङ्गु-गमनपराङ्मुखौ, प्रतिबन्धविरहेण **अनवरतप्रयाणप्रवृत्त्या अभिमतनगरादि एककालमेव प्राप्नुतः** । यथोक्तं **पञ्चाशके** → अंधोऽणंधोव्व सदा तस्साणाए तहेव लंघेइ । भीमंपि हु कंतारं भवकंतारं इय अगीतो ॥ ← [११/११] **एतेन** षट्कायपरिज्ञानविकलायाऽ**तिमुक्ताय** कथं **श्रीवीरेण** दीक्षा प्रदत्ता ? इति पर्यनुयोगोऽपि **परिहृतः**, सदन्धन्यायेन मार्गानुसरणे कर्मवैचित्र्येण वैकल्यसम्भवेऽपि पुनः मार्गगामित्वसम्भवात् । तदुक्तं **योगबिन्दौ** → असातोदयशून्योऽन्धः कान्तारपतितो यथा । गर्तादिपरिहारेण सम्यक् तत्राभिगच्छति ॥३५४॥ तथाऽयं भव-

પાપભીરુતા, ગુરુભક્તિ, કદાગ્રહશૂન્યતા વગેરે ફળ પ્રાપ્ત થાય છે અને તે બધું ફળ તો ઉપર બતાવેલ વ્યક્તિ (દા.ત. માષતુષમુનિ વગેરે) પાસે પણ છે જ. માટે તેને જ્ઞાની જ મનાય. [૧૨/૩]

ગ્રંથકારશ્રી ફલની તુલ્યતાને વિશે દૃષ્ટાન્તને જણાવે છે.

<u>ગાથાર્થ</u> :- એક આંખવાળો હોય અને બીજો તેના વચનને અનુસરવામાં તત્પર એવો અંધ હોય. જવાની ઈચ્છાવાળા એવા આ બન્ને પ્રાપ્ત કરવા યોગ્ય એવા ઈષ્ટ સ્થાનને એક સાથે જ પ્રાપ્ત કરે છે.[૧૨/૪]

**स्वकीयो जनो नालप्रतिबद्धादिः** = वल्लीप्रतिबद्धादिः । वल्ली च द्विधा, अनन्तरा परम्परा च । अनन्तरा इमे षड्जनाः --> माता, पिता, भ्राता, भगिनी, पुत्रो दुहिता च । तदुक्तं **व्यवहारसूत्रभाष्ये** --> वल्ली संतरणंतर, अणंतरा छज्जणा इमे हुंति । माया पिया य भाया भगिणी पुत्तो य धूया य ॥ <-- [उद्दे.४ गा.४३२] इति । सान्तरा पुनरियं [अ] मातुः [1]माता पिता[2], भ्राता[3], भगिनी[4] च । तथा [ब] पितुः [1]माता, [2]पिता, [3]भ्राता, [4]भगिनी च । तथा [क] भ्रातुः अपत्यं [5]भ्रात्रीयो भ्रात्रीया[6] वा । [ड] भगिन्या वा अपत्यं [7]भागिनेयो भागिनेयी[8] वा । दौहित्रो दौहित्री पौत्रः पौत्री च । तदुक्तं --> माउम्माया य पिया भाया भगिणी एय, एवं पिउणोऽवि । भाउ भगिणीण वच्चा धूया-पुत्ताण वि तहेव ॥[ ] इति ।

**पूर्वपुरुषप्रतिपन्नसम्बन्धे** = स्वपितृ-पितामह-कुलवृद्धादिपूर्वपुरुषाश्रिते **स्वप्रतिपन्नसम्बन्धे वा उक्तनिमित्तद्वयनिरपेक्षा** = उपकारि-स्वजनत्वनिमित्तानपेक्षा **या मैत्री** = हितबुद्धिः **सा तृतीया** । एतदनुसारेण **योगभेदद्वात्रिंशिकायां** --> सुखचिन्ता मता मैत्री सा क्रमेण चतुर्विधा । उपकारि-स्वकीय-स्वप्रतिपन्नाऽखिलाश्रया ॥ <-- [द्वा.द्वा.१८/३] इत्युक्तम् ।

**<u>विशेषार्थ</u>** :- મૈત્રી વગેરે ભાવનાઓ પ્રાથમિક અવસ્થામાં ઔદયિકભાવસ્વરૂપ છે. તથા તે ઉત્તર અવસ્થામાં ક્ષાયોપશમિક ભાવસ્વરૂપ બને છે. મૈત્રી વગેરે ભાવનાઓ અધ્યાત્મમાર્ગે આગળ વધતાં-વધતાં વિશુદ્ધ -પ્રકૃષ્ટ ક્ષાયોપશમિકભાવસ્વરૂપ થતાં મોક્ષ મળે છે. મોક્ષમાં આત્માના ઔદયિક કે ક્ષાયોપશમિક ગુણો હોતા નથી. મોક્ષમાં બધા જ આત્મગુણો ક્ષાયિકભાવસ્વરૂપ હોય છે. સંસારકાલીન ક્ષાયોપશમિક એવા ક્ષમા, નમ્રતા વગેરે ગુણો મોક્ષમાં ક્ષાયિકભાવ સ્વરૂપે પરિણમે છે. ક્ષમા વગેરેની જેમ મૈત્રી વગેરે ક્ષાયિક ભાવમાં પરિણમે તો તે પણ મોક્ષમાં હોય. પરંતુ પરહિતચિંતાસ્વરૂપ મૈત્રી વગેરે ભાવનાઓ ક્ષાયિક ભાવમાં પરિણમતી નથી. કારણ કે તે ચિત્તવૃત્તિસ્વરૂપ છે. સર્વજ્ઞ ભગવંતોને ચિત્ત જ હોતું નથી. ચિત્તસ્વરૂપ માધ્યમ વિના જ તેઓ સાક્ષાત્ આત્માથી જ સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયનો સાક્ષાત્કાર કરે છે. માટે ચિત્તવૃત્તિસ્વરૂપ મૈત્રી વગેરે ભાવો મોક્ષમાં સંભવિત નથી. પરંતુ ક્ષમા વગેરે ક્ષાયિક આત્મગુણોમાં અંતર્ગતસ્વરૂપે અથવા તે ક્ષાયિક ગુણોના અવાન્તર પ્રકાર સ્વરૂપે અથવા મોહક્ષોભરહિત શુદ્ધચૈતન્યમય નિર્વિકલ્પકસ્વરૂપે મોક્ષમાં પણ તે માની શકાય છે. એવું વિચાર કરતાં જણાય છે. [૧૩/૮]

આઠમી ગાથામાં જણાવેલ મૈત્રી વગેરે પ્રત્યેક ભાવનાના ચાર ભેદનું વિવરણ કરતા ગ્રંથકારશ્રી જણાવે છે કે —

**<u>ગાથાર્થ</u>** :- [1]ઉપકારી, [2]સ્વજન, [3]અન્યજન તથા [4]સામાન્યજન વિષયક મૈત્રી ચાર પ્રકારની છે. અને [1]મોહ, [2]સુખાભાવ, [3]સંવેગ તથા [4]અન્યહિતથી યુક્ત કરુણા ચાર પ્રકારની છે. [૧૩/૯]

## ❀ મૈત્રીના ચાર ભેદ ❀

**<u>ટીકાર્થ</u>** :- ઉપકારી, સ્વજન, અન્યજન અને સામાન્યજન - આ ચાર સંબંધી મૈત્રી ચાર પ્રકારની હોય છે. એમાં [૧] ઉપકાર કરવાનો જેનો સ્વભાવ છે એવા ઉપકારીએ કરેલા ઉપકારની અપેક્ષાએ જે મૈત્રી=મિત્રભાવ લોકમાં પ્રસિદ્ધ હોય તે **પ્રથમ મૈત્રી** જાણવી. [૨] ઉપકારની અપેક્ષા રાખ્યા વિના પણ સગાવહાલાની બુદ્ધિથી જ નાલપ્રતિબદ્ધ [પેટની ડુંટીમાં જે માતાની નાળ હોય છે તે જેની સમાન હોય અર્થાત્ એક જ માતાની કુખે જન્મેલ એવા કાકા, ફઈ, મામા-માસી તથા તેનો જે વ્યક્તિ સાથે પરંપરાસંબંધ છે તે ભત્રીજા-ભત્રીજી, ભાણિયા-ભાણેજી વગેરે] પોતાના સગાવહાલા ઉપર જે મિત્રભાવ હોય તે બીજી મૈત્રી જાણવી. [૩] ગાથામાં રહેલ ઈતર શબ્દ દ્વારા ઉપકારી અને સગા સ્વજનથી ભિન્ન એવો પરિચિત માણસ લેવો, [સર્વ સામાન્ય નહિ અર્થાત્ પરિચિત-અપરિચિત બધા નહિ] કારણ કે મૂળકારશ્રીએ ચોથા ભેદમાં સામાન્યનો સ્વતંત્ર ઉલ્લેખ

सामान्ये सर्वस्मिन्नेव जने परिचिताऽपरिचितसाधारण्येनोक्तनिमित्तत्रयनिरपेक्षा या मैत्री सा **चतुर्थी** ।

मोहश्चासुखञ्च संवेगश्चान्यहितञ्च तैः युता **चैव करुणा** भवति । मोहः = अज्ञानं, तेन युता ग्लानयाचिताऽपथ्यवस्तुप्रदानाभिलाषसदृशी **प्रथमा** । असुखं = सुखाभावः, स यस्मिन् प्राणिन्यास्ति तस्मिन् या लोकसिद्धाहारवस्त्र[1]शयनाऽऽसनादिप्रदानलक्षणा सा **द्वितीया** । संवेगः = मोक्षाभिलाषः, तेन सुखितेष्वपि सत्त्वेषु सांसारिकदुःखत्याजनेच्छया छद्मस्थानां स्वभावतः प्रीतिमत्तया प्रवर्त्तते सा **तृतीया** । ... त्वन्यहितेन - प्रीतिमत्तासम्बन्धविकलसर्वसत्त्वहितेन केवलिनामिव भगवतां महामुनीनां सर्वानुग्रहपरा अनुकम्पा सा **चतुर्थी** ॥१३/९॥

**'सुखमात्र'** इत्यादि ।

**सुखमात्रे सद्धेतावनुबन्धयुते परे च मुदिता तु । करुणाऽनुबन्ध-निर्वेद-तत्त्वसारा ह्युपेक्षेति ॥१३/१०॥**

कल्याणकन्दली

**तेन** = मोहेन **युता** ग्लानयाचिताऽपथ्यवस्तुप्रदानाभिलापसदृशी **प्रथमा** करुणा ज्ञेया । उपलक्षणात् —> **मय्येव** निपतत्वेतज्जगद्दुश्चरितं तथा । मत्सुचरितयोगाच्च मुक्तिः स्यात् सर्वदेहिनाम् ॥ <— [ ] इति मायापुत्रीयकल्पिताऽपि करुणा प्रथमभेदेऽवगन्तव्या, मोहोपेतत्वात् । तदुक्तं **अष्टकप्रकरणे** —> तदेवं चिन्तनं न्यायात्तत्त्वतो मोहसङ्गतम् <— [२९/६] । दुःखितेषु **चौरादिषु** शास्त्रनिषिद्धशस्त्रादिदानेच्छाऽपि प्रकृताद्यकरुणायामवगन्तव्या । 'मा भूद् व्याधस्य दुःखं' इति बुद्ध्या मृगादिमार्गमृतमावेदयतोऽपि मोहगर्भैव करुणा । 'मा भूद् दुर्भिक्षे पश्वादिः दुःखभाजनं' इति करुणया पश्वादीन् व्यापादयतोऽपि प्रथमैव करुणा । दुःखमोचनबुद्ध्या दुःखशतजर्जरकलेवरान् मनुष्यादीन् घ्नतोऽपीयमेव ज्ञेया, सद्भावानवगतत्वे सति परदुःखप्रहाणेच्छावत्त्वादिति दिक् ।

**या तु प्रीतिमत्तासम्बन्धविकलसर्वसत्त्वहितेन** = प्रीतिमत्तासम्बन्धशून्येषु सर्वेषु एव सत्त्वेषु स्वभावादेव कल्याणेन **युता केवलिनामिव भगवतां महामुनीनां सर्वानुग्रहपरा अनुकम्पा सा चतुर्थी** करुणा ज्ञेया । मूलग्रन्थानुसारेण **योगभेदद्वात्रिंशिकायां** —> करुणा दुःखहानेच्छा मोहाद् दुःखितदर्शनात् । संवेगाच्च स्वभावाच्च प्रीतिमत्स्वपरेषु च ॥ <— [द्वा.द्वा. १८/४] इत्युक्तम् ॥१३/९॥

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् —> मुदिता तु सुखमात्रे सद्धेतौ अनुबन्धयुते परे च । उपेक्षा हि करुणाऽनुबन्ध-निर्वेद-तत्त्वसारा इति॥१३/१०॥ इयमपि कारिका **योगसूत्रटिप्पण-योगभेदद्वात्रिंशिकावृत्त्यादौ** समुद्धृता [यो.टि.१/३३-द्वा.द्वा.१८/

કરેલો છે. પોતાના પૂર્વજોએ જેની સાથે સંબંધ રાખેલો હોય અથવા પોતે જેની સાથે સંબંધ-પરિચય-ઓળખાણ કરેલ હોય તે વ્યક્તિને વિશે પૂર્વોક્ત (૧) ઉપકારી કે (૨) સગા હોવાના કારણે જે મિત્રભાવ થાય તે બન્ને નિમિત્તથી નિરપેક્ષ એવો [ઓળખાણ હોવાના લીધે થતો] જે મિત્રભાવ તે ત્રીજી મૈત્રી જાણવી. [૪] પરિચિત-અપરિચિત સાધારણરૂપે બધા જ લોકોમાં ઉપકારી હોવાના લીધે કે સગા હોવાના કારણે કે પરિચિત હોવાના નિમિત્તે જે મિત્રભાવ થાય તેનાથી ભિન્ન એવો જે હિતચિંતાસ્વરૂપ મિત્રભાવ તે ચોથી મૈત્રી જાણવી.

## ❀ કરુણાના ચાર ભેદ જાણીએ ❀

મોહ, અસુખ, સંવેગ અને અન્ય હિતથી યુક્ત કરુણા ચાર પ્રકારની હોય છે. [૧] મોહ = અજ્ઞાન. અજ્ઞાનથી યુક્ત એવી કરુણા એ ગ્લાન વ્યક્તિએ માંગેલ અપથ્ય વસ્તુને આપવાના અભિલાષ જેવી છે. [કતલખાનું શરૂ કરવા ઈચ્છતા ગરીબ કસાઈને આધુનિક યંત્ર વસાવવા માટે જરૂરી આર્થિક સહાય કરવાની ઈચ્છા એ પણ મોહગર્ભિત કરુણા જાણવી.] [૨] જે પ્રાણી પાસે સુખ ન હોય તેને લોકપ્રસિદ્ધ આહાર, વસ્ત્ર, આસન વગેરે આપવા સ્વરૂપ બીજી કરુણા સુખાભાવગર્ભિત જાણવી. [૩] મોક્ષાભિલાષાસ્વરૂપ સંવેગના લીધે સાંસારીક દુઃખથી છોડાવવાની ઈચ્છાથી સુખી એવા જીવોને વિશે પણ છદ્મસ્થ જીવોની સ્વાભાવિક રીતે સ્નેહસંબંધથી જે કરુણા પ્રવર્તે તે ત્રીજી કરુણા સંવેગગર્ભિત જાણવી. [૪] જેની સાથે સ્નેહનો વ્યવહાર ન હોય એવા પણ સર્વ જીવોના હિતથી, કેવલીની જેમ મહામુનિઓની સર્વ જીવોના અનુગ્રહમાં તત્પર એવી ચોથી કરુણા હિતગર્ભિત જાણવી.[૧૩/૯]

**ગાથાર્થ** :- [1]સર્વ સુખને વિશે, [2]સુંદર હેતુને વિશે, [3]સાનુબંધ સુખને વિશે અને [4]ઉત્કૃષ્ટ સુખને વિશે મુદિતા ભાવના ચાર પ્રકારની જાણવી. [1]કરુણાપ્રધાન, [2]અનુબંધપ્રધાન, [3]નિર્વેદપ્રધાન અને [4]તત્ત્વપ્રધાન આમ ઉપેક્ષા ભાવના ચાર પ્રકારની જાણવી. [૧૩/૧૦]

१. 'शयन' पदं मुद्रितप्रतौ नास्ति ।

**सुखमात्रे** सामान्येनैव वैषयिकेऽपथ्याऽऽहारतृप्तिजनितपरिणामाऽसुन्दरसुखकल्पे स्वपरनिष्ठे **प्रथमा मुदिता** । सत् = परिणामसुन्दरसुखजननशक्तिमान् हेतुः यस्य तादृशे हित-मिताहारपरिभोगजनितरसास्वाद-सुखकल्पे स्व-परगतैहिकसुखविशेषे **द्वितीया** । अनुबन्धः = देव-मनुजजन्मसु सुखपरम्पराऽविच्छेदः तेन युते लोकद्वयसुखे आत्म-परापेक्षया **तृतीया** । परं = प्रकृष्टं मोहक्षयादिसम्भवं यत्सुखं तस्मिन् **चतुर्थी** मुदिता ।

करुणा चानुबन्धश्च निर्वेदश्च तत्त्वञ्च एतानि सारो यस्याः सा तथा **इति** = अमुना प्रकारेण चतुर्विधा **उपेक्षा** । करुणा = मोहयुतकरुणा तत्सारा उपेक्षा **प्रथमा**, यथा कश्चिदातुरस्य स्वातन्त्र्यादपथ्यं सेवमानस्याऽहितं जानानोऽपि तन्निवारणमवधीर्योपेक्षां करोति, 'मा भूदनुकम्पाभङ्गः' इति । अनुबन्धः = फलासिद्ध्यन्तः[1] कार्यविषयः प्रवाहपरिणामः तत्सारा **द्वितीया**, यथा कश्चित् कुतश्चिदालस्यादेरर्थार्जनादौ न प्रवर्तते, तत्राऽप्रवर्तमानमन्यदा तद्धितार्थी [2]प्रवर्तयति, विवक्षिते तु काले परिणामसुन्दरकार्यसन्तानमवेक्षमाणो माध्यस्थ्यमवलम्बत इति । निर्वेदः = भववैराग्यं, तत्सारा **तृतीया**, यथा नरकादिषु गतिषु नानाविधदुःखपरम्परामनुभवतो जीवस्य कथञ्चिन्मनुज-देवगतिषु सर्वेन्द्रियाह्लादकं सुखविशेषमनुपश्यतोऽपि तदसारताकादाचित्कत्वाभ्यां तस्मिन्नुपेक्षा । तत्त्वं = वस्तुस्वभावः, तत्सारा **चतुर्थी** या मनोज्ञामनोज्ञानां वस्तूनां परमार्थतो राग-द्वेषानुत्पादकत्वेन स्वापराधमेव मोहविकारसमुत्थं भावयतः स्वरूप-

कल्याणकन्दली

५/६] ।

**मोहयुतकरुणेति** । प्रथमकरुणाया मोहानुविद्धत्वेऽपि दानांशप्राधान्यात् करुणात्वम् । अत्र तूपेक्षाप्राधान्यात् उपेक्षायामवतारः, उपधेयसाङ्कर्येऽप्युपाध्योरसाङ्कर्यादिति विभावनीयम् ।

**परमार्थतो रागद्वेषानुत्पादकत्वेन** –> 'तानेवार्थान् द्विषतः तानेवार्थान् प्रलीयमानस्य । निश्चयतोऽस्यानिष्टं न विद्यते किञ्चिदिष्टं वा ॥५२॥ इति **प्रशमरतिवचनादिना स्वापराधमेव मोहविकारसमुत्थं भावयतः** । तदुक्तं **श्रीबुद्धिसागरसूरिभिरपि**

## ☫ મુદિતા ભાવનાના ૪ ભેદને ઓળખીએ ☫

**ટીકાર્થ :-** [૧] કોઈ પણ સુખને વિશે સામાન્યથી પોતાનામાં કે બીજામાં રહેલ વૈષયિક સુખને વિશે, કે જે અપથ્ય આહારથી થયેલ તૃપ્તિથી ઉત્પન્ન થનાર પરિણામે ખરાબ સુખ જેવું છે, આનંદ થવો તે પ્રથમ મુદિતા ભાવના જાણવી. [પોતાની પ્રકૃતિને અનુકૂળ ન હોય - નુકશાનકારક હોય તેવી કુપથ્ય ચીજને ખાવાથી થનાર તૃપ્તિથી જે સુખ ઉત્પન્ન થાય છે તે પરિણામે ખરાબ હોય છે તેમ વૈષયિક સુખ ભોગવવામાં મજા આવે પણ તે પરિણામે ભયંકર સજા છે. છતાં પોતાના કે બીજાના વૈષયિક સુખમાં જે આનંદ થાય તે પ્રથમ મુદિતા ભાવના જાણવી. આ ઔદયિક ભાવસ્વરૂપ છે] [૨] જેનો હેતુ પરિણામે સુંદર એવા સુખને ઉત્પન્ન કરવાની શક્તિવાળો હોય તેવા પોતાના કે બીજાના આ લોકના વિશેષ પ્રકારના સુખને વિશે જે આનંદ થાય તે બીજી મુદિતા ભાવના જાણવી. એનો વિષય બનનાર સુખ વિશેષ એ હિત-મિત એવા આહારને વાપરવાથી થનાર રસાસ્વાદના સુખ જેવું છે. [કે જે પરિણામે સુંદર છે, શક્તિવર્ધક છે, આરોગ્યદાયક છે, સ્ફૂર્તિજનક છે. જંબુકુમાર, શાલિભદ્ર વગેરેની સમૃદ્ધિ જોઈને આનંદ થાય તેનો બીજી મુદિતામાં સમાવેશ થઈ શકે-એવું જણાય છે.] [૩] દેવ-મનુષ્યભવમાં સુખની પરંપરાનો વિચ્છેદ ન થવો તે અનુબંધ કહેવાય. પોતાની અને બીજાની અપેક્ષાએ આલોક અને પરલોકના અનુબંધયુક્ત સુખને વિશે જે આનંદ થાય તે ત્રીજી મુદિતા અનુબંધપ્રધાન જાણવી. [૪] મોહનીય કર્મના ક્ષયથી ઉત્પન્ન થનાર પ્રકૃષ્ટ સુખને વિશે જે આનંદ થાય [સિદ્ધ પરમાત્માના સુખને જાણીને આનંદ થાય] તે ઉત્કૃષ્ટસુખપ્રધાન એવી ચોથી મુદિતા ભાવના જાણવી.

## ❀ ચાર પ્રકારની ઉપેક્ષાને સમજીએ ❀

કરુણા, અનુબંધ, નિર્વેદ અને તત્ત્વ જેનો સાર છે તે રીતે ચાર પ્રકારની ઉપેક્ષા જાણવી. [૧] કરુણાશબ્દનો અર્થ છે મોહયુક્ત કરુણા. તે જેનો સાર હોય તેવી ઉપેક્ષા = કરુણાસાર ઉપેક્ષા. જેમ કે સ્વચ્છંદતાથી અપથ્યને ખાનાર રોગીના અહિતને જાણવા છતાં તેને અટકાવવાનું માંડી વાળીને 'અનુકંપાનો ભંગ ન થાય' એવી બુદ્ધિથી જે માણસ તેની ઉપેક્ષા કરે. [૨] અનુબંધ = ફળની સિદ્ધિ સુધી રહે તેવો કાર્યવિષયક પ્રવાહનો પરિણામ. આ અનુબંધ જેનો સાર હોય તેવી ઉપેક્ષા = અનુબંધસાર ઉપેક્ષા. જેમ કે કોઈક આળસ વગેરેને લીધે કોઈ માણસ ધનોપાર્જન વગેરેમાં પ્રવૃત્તિ ન કરે તો તેવા અપ્રવર્તમાનને તેનો હિતેચ્છુ આમ તો પ્રવર્તાવે પણ [કાલક્ષેપ કરવાથી] પરિણામે સારા કાર્યની પરંપરાને જોતો કોઈક સમયે મધ્યસ્થતાને - ઉદાસીનતાને ધારણ કરે. આ અનુબંધસાર બીજી ઉપેક્ષા જાણવી. [૩] સંસારનો વૈરાગ્ય જેનો સાર હોય તેવી ઉપેક્ષા નિર્વેદસાર કહેવાય. જેમ કે નરકાદિ ચારેય ગતિમાં અનેકવિધ દુઃખોની પરંપરાને અનુભવતા જીવને મનુષ્ય-દેવ ગતિમાં સર્વ ઇન્દ્રિયોને ખુશ કરે તેવું

१. मुद्रितप्रतौ 'फलसिद्धान्त' इत्यशुद्धः पाठः । २. ह.प्रतौ अत्र 'न' पदप्रक्षेपो वर्तते । स चाशुद्धः प्रतिभाति ।

व्यवस्थितवस्त्वपराधमपश्यतो बाह्यार्थेषु सुख-दुःखहेतुताऽनाश्रयणान्माध्यस्थ्यमवलम्बमानस्य भवति ॥१३/१०॥

केषां पुनरेताश्चतस्रः परिणमन्तीत्याह —> 'एता' इत्यादि ।

**एताः खल्वभ्यासात्क्रमेण वचनानुसारिणां पुंसाम् । सद्वृत्तानां सततं श्राद्धानां परिणमन्त्युच्चैः ॥१३/११॥**

**एताः** = प्रागुक्ताः **खलु** = पुनः **अभ्यासात्** = पुनः पुनरावृत्तेः **क्रमेण** = आनुपूर्व्या **वचनानुसारिणां** = आगमपुरस्कारिणां **पुंसां** = पुरुषाणां **सद्वृत्तानां** = सच्चरित्राणां **सततं** = अनवरतं **श्राद्धानां** = श्रद्धायुक्तानां **परिणमन्ति** = आत्मसाद्भवन्ति **उच्चैः** = अत्यर्थम् ॥१३/११॥

## कल्याणकन्दली

**अध्यात्मगीतायां** —> वैषयिकपदार्थेषु सुखं दुखं न वस्तुतः । तत्र मिथ्यात्वबोधेन मोही भवति मानवः ॥२४॥ <— इति । विषयाणां सुख-दुःखाऽहेतुता तु परेषामपीष्टैव । तदुक्तं **विष्णुपुराणे** —> वस्त्वेकमेव दुःखाय सुखायेर्ष्योद्भवाय च । कोपाय च यतस्तस्माद् वस्तु दुःखात्मकं कुतः ? ॥ तदेव प्रीतये भूत्वा पुनर्दुःखाय जायते । तदेव कोपाय ततः प्रमादाय च जायते ॥ तस्माद् दुःखात्मकं नास्ति न च किञ्चित् सुखात्मकम् । मनसः परिणामोऽयं सुख-दुःखादिलक्षणः ॥ <— [२/६/४५-४६-४७] इति । शिष्टं स्पष्टम् । चतुर्विधा अपि मैत्र्यादिभावना यथोत्तरं विशिष्ट-विशिष्टतरविवेकजन्याः । एतत्कारिकानुसारेण **योगभेदद्वात्रिंशिकायां** —> आपातरम्ये सद्धेतावनुबन्धयुते परे । सन्तुष्टिर्मुदिता नाम सर्वेषां प्राणिनां सुखे ॥५॥ करुणातोऽनुबन्धाच्च निर्वेदात्तत्त्वचिन्तनात् । उपेक्षा ह्यहिते काले सुखेऽसारे च सर्वतः ॥६॥ <— इत्युक्तम् ॥१३/१०॥

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् —> एताः खलु क्रमेण अभ्यासात् वचनानुसारिणां सद्वृत्तानां सततं श्राद्धानां पुंसां उच्चैः परिणमन्ति ॥१३/११॥ इयं कारिका **लोकविंशिकावृत्ति-योगभेदद्वात्रिंशिकावृत्ति-योगसूत्रटिप्पणादौ** समुद्धृता [लो.वि.गो.७ यो.भे.९८/७ यो.टि.२/३३] । श्रद्धायुक्तानां उपलक्षणात् संवेगोदितानाञ्च, तेषामपि आसन्नसमाधिलाभादेः परेषामपि सम्मतत्वात्, तदुक्तं **योगसूत्रे** —> तीव्रसंवेगानामासन्नः <— [१/२१] । **आत्मसात् भवन्ति** = फलोपधायिका भवन्ति, फलञ्चैतासां यथाक्रमं सुखीर्ष्या-दुःखितोपेक्षा-पुण्यद्वेषाऽपुण्यतिरस्कारपरित्यागः । तदुक्तं **योगभेदद्वात्रिंशिकायां** —> सुखीर्ष्यां दुःखितोपेक्षां पुण्य-द्वेषमधर्मिषु । राग-द्वेषौ त्यजन्नेता लब्ध्वाऽध्यात्मं समाश्रयेत् ॥ <— [द्वा.द्वा.१८/७] इति । **वाचस्पतिमिश्रोऽपि तत्त्ववैशारद्यां** —> सुखितेषु **मैत्रीं** = सौहार्दं भावयतः ईर्ष्याकालुष्यं निवर्तते चित्तस्य । दुःखितेषु च करुणां आत्मनीव परस्मिन् दुःखप्रहाणेच्छां भावयतः परापकारचिकीर्षाकालुष्यं चेतसो निवर्तते । पुण्यशीलेषु प्राणिषु मुदितां = हर्षं भावयतोऽसूयाकालुष्यं चेतसो निवर्तते । अपुण्यशीलेषु चोपेक्षां = माध्यस्थ्यं भावयतोऽमर्षकालुष्यं चेतसो निवर्तते । ततश्चास्य राजसतामसधर्मनिवृत्तौ शुक्लो धर्म उपजायते <— [यो.सू.१/३३ त.वै.पृ.९८] इत्याह । प्रागुक्त [१२/१४] ध्यानसिद्ध्यै मैत्र्यादीनामावश्यकता प्रसिद्धैव । तदुक्तं **न्यायविजयेन अध्यात्मतत्त्वालोके** —> ध्यानस्य सिद्ध्यै दृढभावनानामावश्यकत्वं विबुधा वदन्ति । मैत्रीं प्रमोदं करुणामुपेक्षां युञ्जीत तद् ध्यानमुपस्करोति ॥ <— [६/१४] इति । मैत्र्यादिविरहे तु धर्मप्राप्तिर्दुर्लभा । तदुक्तं **योगसारे** —> धर्मकल्पद्रुमस्यैता मूलं मैत्र्यादिभावनाः । यैर्न ज्ञाता न चाभ्यस्ताः स तेषामतिदुर्लभः ॥ <— [२/७] इति । प्रागुक्त-

थोडुं-घणुं सुख छे - एवुं जोवा छतां तेनी असारता अने क्षणिकताने लीधे तेनी उपेक्षा करवी-आ निर्वेदसार उक्त उपेक्षा जाणवी. [४] वस्तुनो स्वभाव जेनो सार-निष्कर्ष होय ते उपेक्षा तत्त्वसार जाणवी. जेम के सारी के खराब वस्तु वास्तवमां राग-द्वेषनुं कारण नथी, परंतु पोतानुं मोहनीय कर्म तेनुं कारण छे. मोहनीय कर्मनी विकृतिथी उत्पन्न थयेल पोताना अपराधनी विचारणा करतो जीव पोताना [= वस्तुना] स्वभावमां व्यवस्थित एवी बाह्य वस्तुना अपराधने जोतो नथी. तेवुं न जोवाथी बाह्य पदार्थमां सुखकारणतानो के दुःखकारणतानो ते आश्रय नथी करतो. आम बाह्य पदार्थने सुख-दुःखकारण न मानवाथी मध्यस्थताने धारण करता जीवनी उपेक्षा तत्त्वसार जाणवी. [१३/१०]

केवा जीवोने आ मैत्री वगेरे चार भावनाओ परिणमे छे ? आनो जवाब जणावता मूलकारश्री कहे छे के —

**गाथार्थ** :- आ भावनाओ क्रमशः अभ्यास करवाथी आगमने अनुसरनारा, सुंदर चारित्रवाळा अने सतत श्रद्धावाळा पुरुषोने अत्यंत परिणमे छे. [१३/११]

## ❀ मैत्री वगेरे भावना कोने परिणमे ? ❀

**टीकार्थ** :- [सर्वत्र कार्यमां] आगमने आगळ करनारा, सुंदर चारित्रवाळा अने सदा श्रद्धावाळा एवा पुरुषोने - जीवोने पूर्वोक्त मैत्री वगेरे चार भावनाओ वारंवार पुनरावर्तन = अभ्यास करवाथी अत्यंत आत्मसात् थाय छे. [१३/११]

आ बधुं योगनो आरंभ करनार अने जेणे योगारंभ करी दीधेल छे तेवा योगाभ्यासी योगीओने आश्रयीने कह्युं. निष्पन्नयोगवाळा

एतच्च योगारम्भकारब्धयोगान् प्रत्युक्तम् ।

निष्पन्नयोगानां तु चित्तं कीदृशम् ? इत्याह --> 'एतदि'त्यादि ।

**एतद्रहितं तु तथा तत्त्वाभ्यासात्परार्थकार्येव । सद्बोधमात्रमेव हि चित्तं निष्पन्नयोगानाम् ॥१३/१२॥**

**एतद्रहितं तु** = निर्विकल्पसंस्कारेण मैत्र्यादिभावनानाशात् तद्रहितमेव **तथा** = तेन प्रकारेण इतराऽसम्भविना **तत्त्वाभ्यासात्** = परमार्थाभ्यासात् प्रकृष्टभावनाजनित-तद्विप्रमुक्त-तत्त्व[१]ज्ञानाऽऽहितसंस्कारादित्यर्थः । **परार्थकार्येव** = परोपकारैकशीलमेव । सद्बोधः = निर्मलज्ञानं तन्मात्रमेव **हि चित्तं निष्पन्नयोगानाम्** । तल्लक्षणश्चेदं

**कल्याणकन्दली**

क्षान्त्यादिकमपि मैत्र्याद्यभ्यासलब्धसमतां विना नोपपद्यते तत्त्वतः । तदुक्तं **योगसार** एव --> क्षान्त्यादिर्दशधा धर्मः सर्वधर्मशिरोमणिः । सोऽपि साम्यवतामेव मैत्र्यादिकृतकर्मणाम् ॥ <-- [२/३७] इति ॥१३/११॥

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् --> निष्पन्नयोगानां चित्तं तु एतद्रहितं तत्त्वाभ्यासात्परार्थकारि एव सद्बोधमात्रमेव ॥१३/१२॥

**निर्विकल्पसंस्कारेण** = ज्ञातृ-ज्ञेय-ज्ञानविकल्पानवभासपूर्विल-स्वप्रकाशबोधाभ्यासेन **मैत्र्यादिभावनानाशात् तद्रहितमेव** = मैत्र्यादिरहितमेव । यत्तु विशेष्य-विशेषण-संसर्गतानवगाहिज्ञानं निर्विकल्पकमिति नैयायिकोपपादितं तन्नात्र ग्राह्यम्, तस्याऽत्राऽकिञ्चित्करत्वात् । **अन्ये** तु परमार्थभूतं शुद्धवस्तुप्रकाशकं ज्ञानं निर्विकल्पकमित्याहुः । ज्ञेयभेदेनाऽप्रकाशकत्वे सति ज्ञानवेदनं निर्विकल्पकमित्य**परे** । **न च** प्राक् [१३/९ पृ.३०६] चतुर्थी करुणा केवलिनि प्रतिपादिताऽत्र तु मैत्र्यादिव्यवच्छेदः निष्पन्नयोगानामुक्त इति विरोध इति **शङ्कनीयम्**, निर्विकल्पाभ्यासेन सविकल्पकमैत्र्यादिभावनानाशेऽपि निर्विकल्पात्मना तदनुवृत्तेरिष्टत्वात् । तदुक्तं **स्याद्वादरहस्ये** --> भगवतां मोहाभिव्यक्तचैतन्यविशेषरूपाया इच्छाया असत्त्वेऽपि तदनभिव्यक्तचैतन्यविशेषरूपानुजिघृक्षादिसत्त्वं न विरुद्धम् <-- [म.स्या.रह.का.७ द्वि.ख. पृ.५२८] । अत्रानुजिघृक्षा = अनुग्रहपरिणामः = हितपरिणतिः = कल्याणाशयः = उचिताध्यवसायः । यथा चैतत्तत्त्वं तथाऽस्माभिर्जयलताभिधानायां तट्टीकायामभिहितम् । **ऐन्द्रस्तुतिचतुर्विंशतिकावृत्तौ** अपि --> भगवतः सर्वेष्वपि जीवेषु अविशेषेण कृपालुत्वात् कृपाऽस्त्येव; अन्यथा माध्यस्थ्यहानिप्रसङ्गात् <-- [६/१] इत्युक्तम् । बीजजन्यवृक्षफलेषु बीजसद्भाववत् निर्विशेषप्रकृष्टविशुद्धकरुणोपहिततीर्थङ्करत्वशालिनि करुणासद्भावोऽनाविल एवेत्यपि प्राहुः । प्रागुक्तमैत्र्यादिफलसद्भावात्तत्त्वतः तदनिवृत्तिरित्यपि नयान्तराभिप्रायो विभावनीयोऽत्र । **इतरासम्भविना** = सुखादिचिन्तान्येर्ष्यादिसम्भवशून्येन **प्रकारेण** --> मत्तः कायादयो भिन्नास्तेभ्योऽहमपि तत्त्वतः । नाहमेषां किमप्यस्मि ममाप्येते न किञ्चन ॥ एवं सम्यग्विनिश्चित्य स्वात्मानं भिन्नमन्यतः । विधाय तन्मयं भावं न किञ्चिदपि चिन्तयेत् ॥ <-- [५/१८-१९] इति **तत्त्वानुशासनाद्युक्तस्वरूपमालम्ब्य परमार्थाभ्यासात् प्रकृष्टभावनाजनित-तद्विप्रमुक्ततत्त्वज्ञानाऽऽहितसंस्कारात्** = प्रकृष्टमैत्र्यादिभावनाजनितेन मैत्र्यादिविकल्पाननुविद्धतत्त्वज्ञानेन उपहितात् संस्कारात् । परोपकारैकशीलं = मोहाऽसम्पृक्तान्यहितकरणैकस्वभावम् । **तन्मात्रमेव** = निर्मलज्ञानमात्रमेव **हि चित्तं निष्पन्नयोगानाम्** । तदुक्तं **मुक्तिकोपनिषदि** --> मानसीर्वासनाः पूर्वं त्यक्त्वा विषयवासनाः । मैत्र्यादिवासनानाम्नीर्गृहाणाऽमलवासनाः ॥ ता अप्यतः परित्यज्य ताभिर्व्यवहरन्नपि । अन्तःशान्तः समस्नेहो भव चिन्मात्रवासनः ॥ <-- [२/६९-७०] इति । तादृशनिर्विकल्पदशायामेव तत्त्वतः सुखसंवेदनम् । तदुक्तं **बृहत्कल्पभाष्ये** --> निव्विकप्पसुहं सुहं <-- [५७१७] इति । परमतानुसारेण समाधिदशाऽत्राऽवबोद्धव्या, तदुक्तं **विष्णुपुराणे** --> तस्यैव कल्पनाहीनं स्वरूपग्रहणं हि यत् । मनसा ध्याननिष्पाद्यं समाधिः सोऽभिधीयते ॥ <-- [६/७/९२] तस्य = ध्येयस्य । **परेषामपि सम्मतमिदम्** । तदुक्तं **बृहत्संन्यासोपनिषदि** --> भ्रष्टबीजोपमा भूयो जन्माङ्कुरविवर्जिता । हृदि जीवन्मुक्तानां शुद्धा भवति वासना ॥ पावनी परमोदाराशुद्धसत्त्वानुपातिनी । आत्मध्यानमयी नित्या सुप्रतिष्ठेव तिष्ठति ॥ [२/५९-६०] <-- इति ।

યોગીઓનું ચિત્ત કેવું હોય ? આ વાતને ગ્રંથકારશ્રી જણાવે છે.

**ગાથાર્થ** :- નિષ્પન્નયોગવાળા યોગીઓનું ચિત્ત મૈત્રી વગેરે ભાવનાઓથી રહિત જ હોય છે. તેમ જ તત્ત્વના અભ્યાસથી પરાર્થ કરનાર જ હોય છે. તથા કેવલ સદ્બોધસ્વરૂપ જ હોય છે. [૧૩/૧૨]

### ❀ નિષ્પન્ન યોગીના ચિત્તનો પરિચય ❀

**ટીકાર્થ** :- નિષ્પન્નયોગીઓનું ચિત્ત મૈત્રી આદિ ભાવનાઓથી રહિત હોય છે, કારણ કે નિર્વિકલ્પક સંસ્કાર દ્વારા મૈત્રી વગેરે ભાવનાઓનો નાશ થાય છે. બીજા કોઈ જીવોમાં ન સંભવી શકે તેવા પારમાર્થિક તત્ત્વોના અભ્યાસથી અર્થાત્ પ્રકૃષ્ટ મૈત્રી વગેરે ભાવનાથી ઉત્પન્ન થયેલ અને મૈત્રી વગેરે ભાવનાથી તદ્દન મુક્ત બનેલ એવા તત્ત્વજ્ઞાનથી આવેલ સંસ્કારથી નિષ્પન્ન યોગીનું ચિત્ત પરોપકાર કરવાના જ એકમાત્ર સ્વભાવવાળું હોય છે. કારણ કે તેઓનું ચિત્ત બીજા દોષથી રહિત જ્ઞાનમાત્રસ્વરૂપ જ

१. मुद्रितप्रतौ --> .... ज्ञानादीतरसंस्कारा... <-- इत्यशुद्धः पाठः ।

—> दोषव्यपायः परमा च तृप्तिरौचित्ययोगः समता च गुर्वी । वैरादिनाशोऽथ ऋतंभरा धीः निष्पन्नयोगस्य तु चिह्नमेतत् ॥ <— । पूर्वलक्षणञ्चैतत् —> अलौल्यमारोग्यमनिष्ठुरत्वं गन्धः शुभो मूत्रपुरीषमल्पम् । कान्तिः प्रसादः स्वरसौम्यता च योगप्रवृत्तेः प्रथमं हि चिह्नम् ॥ मैत्र्यादियुक्तं विषयेषु चेतः प्रभाववद्धैर्यसमन्वितञ्च । द्वन्द्वैरधृष्यत्वमभीष्टलाभो जनप्रियत्वञ्च तथा परं स्यात् ॥ <— इति ॥१३/१२॥

'अभ्यासक्रमेण मैत्र्यादिपरिणतिर्भवती'त्युक्तम् (१३/११) । स कथं शुद्धः ? केषाञ्च स्यात् ? इत्याह —> 'अभ्यासोऽपी'त्यादि ।

**अभ्यासोऽपि प्रायः प्रभूतजन्मानुगो भवति शुद्धः । कुलयोग्यादीनामिह तन्मूलाधानयुक्तानाम् ॥१३/१३॥**

**अभ्यासोऽपि** = परिचयोऽपि **प्रायः** = बाहुल्येन **प्रभूतजन्मानुगः** = बहुतरभवानुवृत्तः **शुद्धः** = निर्दोषो **भवति**

**कल्याणकन्दली**

यत्तु **भगवद्गीतायां** —> शक्नोतीहैव यः सोढुं प्राक् शरीरविमोक्षणात् । कामक्रोधोद्भवं वेगं स **योगी** स सुखी नरः ॥ <— [५/२३] इत्युक्तम्, **तत्तु** आरब्धयोगस्यापेक्षया बोध्यम् । निष्पन्नयोगस्य तु काम-क्रोधादिविनिर्मुक्तमेव चेतः सदा कालमिति ध्येयम् । अन्येषामपि परिक्षीणविकल्पत्वेनाऽयमभिमतः, यथोक्तं —> शय्यासनस्थोऽथ पथि व्रजन्वा स्वस्थः परिक्षीणवितर्कजालः । संसारबीजक्षयमीक्षमाणः स्यान्नित्यमुक्तोऽमृतभोगभोगी ॥ <— [ ] इति । तथा च तच्चित्तं संकल्प-विकल्पवृत्तिरहितं शुद्धज्ञानमात्रमित्यर्थः । इदमेवाभिप्रेत्य **मार्कण्डेयपुराणे**ऽपि —> युञ्जीत योगी निर्जित्य त्रीन् गुणान् परमात्मनि । तन्मयश्चात्मना भूत्वा चिद्वृत्तिमपि संत्यजेत् ॥ <— [३/४५] इत्युक्तम् । एतादृशज्ञानयोगदग्धकर्म-क्लेशादयो न पुनरुत्पद्यन्त इति परेषामपि सम्मतम् । तदुक्तं **मोक्षधर्मे** —> बीजान्यग्न्युपदग्धानि न रोहन्ति यथा पुनः । ज्ञानदग्धैस्तथा क्लेशैर्नात्मा सम्पद्यते पुनः ॥ <— [२११/१७] इति । **भगवद्गीतायामपि** —> ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुतेऽर्जुन ! <— [४/३७] इत्युक्तम् । **शार्ङ्गधरपद्धति**संवादमाह —> **अलौल्य**मित्यादि । तदुक्तं **स्कन्दपुराणे**ऽपि —> अलौल्यमारोग्यमनिष्ठुरत्वं गन्धः शुभो मूत्रपुरीषयोश्च । कान्तिः प्रसादः स्वरसौम्यता च योगप्रवृत्तेः प्रथमं हि चिह्नम् ॥ <— [माहेश्वरखण्ड-कुमारिकाखण्ड ५५/१३८] इति । तदुक्तं **श्वेताश्वतरोपनिषदि** —> लघुत्वमारोग्यमलोलुपत्वं वर्णप्रसादः स्वरसौष्ठवं च । गन्धः शुभो मूत्रपुरीषमल्पं योगप्रवृत्तिं प्रथमां वदन्ति ॥ <—[२/१३] इति ॥१३/१२॥

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् —> तन्मूलाधानयुक्तानां कुलयोग्यादीनां इह अभ्यासोऽपि हि प्रायः प्रभूतजन्मानुगः शुद्धो भवति ॥१३/१३॥ इयं कारिका **द्रव्यसप्ततिकावृत्ति-लोकविंशिकावृत्ति-पञ्चाशकवृत्त्यादौ** [द्र.स.गा.८ लो.विं.गा.७ पंचा. १/२६ वृ.पृ.४१] समुद्धृता ।

**मैत्र्यादीनां अभ्यासो**ऽपि = **परिचयो**ऽपीति । स च दीर्घकाल-नैरन्तर्य-सत्काराऽऽसेवितो दृढभूमिः [१/४] इति **योगसूत्रकारः** । सततं प्रवर्धमानः सदभ्यासो हि भावना भण्यते । यथोक्तं **योगभेदद्वात्रिंशिकायां** —> अभ्यासो वृद्धिमानस्य बुद्धिसङ्गतः । निवृत्तिरशुभाभ्यासाद्भाववृद्धिश्च तत्फलम् ॥ <— [द्वा.द्वा.१८/९] इति । अन्यत्रापि —> जन्मान्तरे यदभ्यस्तं

હોય છે. નિષ્પન્નયોગીઓનું લક્ષણ આ પ્રમાણે છે —> [1]દોષરહિતતા, [2]વિશુદ્ધ મનોવૃત્તિ, [3]ઔચિત્યલાભ, [4]પ્રકૃષ્ટ સમતા, [5]વૈરાદિનો નાશ, [6]ઋતંભરા = સત્યતાઅવગાહી બુદ્ધિ <— આ નિષ્પન્નયોગીનું લક્ષણ છે યોગાભ્યાસીના લક્ષણ આ મુજબ છે. —> [1]રસલંપટતાનો અભાવ, [2]આરોગ્ય, [3]નિષ્ઠુરતાનો અભાવ, [4]સુગંધ, [5]મળ-મૂત્રની અલ્પતા, [6]કાંતિ-તેજ, [7]પ્રસન્નતા અને [8]સૌમ્ય અવાજ. આ યોગપ્રવૃત્તિનું પ્રથમ ચિહ્ન છે. તેમ જ જીવોના વિશે મૈત્રી વગેરેથી વાસિત ચિત્ત[9], પ્રભાવશાળી ચિત્ત[10], ધૈર્યયુક્ત ચિત્ત[11], સુખ-દુઃખ, ઠંડી-ગરમી, અનુકૂળતા-પ્રતિકુળતા વગેરે દ્વન્દ્વોથી પરાભવ ન પામવાપણું[12], મનોવાંછિતપ્રાપ્તિ[13] અને શ્રેષ્ઠ લોકપ્રિયતા[14] પણ હોય. <— [૧૩/૧૨]

**વિશેષાર્થ :-** નિષ્પન્નયોગીનું ચિત્ત તો તત્ત્વાભ્યાસથી પરાર્થકારી જ નિર્દોષ જ્ઞાનસ્વરૂપ બની ગયું હોવાથી તેમનામાં મૈત્રી વગેરે ભાવનાઓ હોતી નથી. મૈત્રી વગેરે ભાવો પ્રકૃષ્ટ રીતે આત્મસાત્ કર્યા બાદ જે સૂક્ષ્મ બુદ્ધિગમ્ય પારમાર્થિક તત્ત્વોના જ્ઞાનથી જન્ય નિર્વિકલ્પક સંસ્કાર દ્વારા મૈત્રી વગેરે ભાવના નાશ પામવા છતાં ચિત્ત પરોપકારરસિક બને છે. તીર્થંકર પરમાત્માઓ વગેરેના જીવનમાં દૃષ્ટિપાત કરતાં આ વાત બરાબર સંગત થઈ જાય છે. [૧૩/૧૨]

અભ્યાસ દ્વારા કાલક્રમે મૈત્રી વગેરે પરિણતિ આત્મસાત્ થાય છે. - આ વાત આગલી ગાથામાં જણાવી. 'એ અભ્યાસ કેવી રીતે અને કોને શુદ્ધ થાય ?' આ વાતને ગ્રંથકારશ્રી જણાવે છે.

**ગાથાર્થ :-** પ્રસ્તુતમાં મૈત્રી વગેરેના બીજન્યાસથી યુક્ત એવા કુલયોગી વગેરેનો અભ્યાસ પણ પ્રાયઃ અનેક જન્મોમાં અનુગત હોય તો શુદ્ધ થાય છે. [૧૩/૧૩]

## ❀ અભ્યાસશુદ્ધિ ❀

**ટીકાર્થ :-** અભ્યાસ = પરિચય પણ મોટા ભાગે ઘણા બધા ભવોમાં ચાલે તો શુદ્ધ = નિર્દોષ થાય છે. જેમ સેંકડો વખતના

शतक्षारपुटशोध्यरत्नन्यायेन **कुलयोग्यादीनां** = गोत्रयोगिव्यतिरिक्तानां कुलयोगि-प्रवृत्तचक्रप्रभृतीनां **इह** = प्रक्रमे तासां = मैत्र्यादीनां मूलाधानं = मार्गानुसारिक्रियाजनित-पुण्यानुबन्धिपुण्यलक्षणबीजन्यासः, तद्युक्तानाम् । तत्र

**कल्याणकन्दली**

तदप्युपपद्यते । हिंस्राहिंस्रे मृदुक्रूरे तस्मात्तत्तस्य रोचते ॥ <— [ ] इत्युक्तम् । जिनाज्ञाभ्यास एव हि जिनाराधनोपायः यथोक्तं —> यस्य चाराधनोपायः सदाज्ञाभ्यास एव हि । यथाशक्तिविधानेन नियमात्स फलप्रदः ॥ <— [ ] इति । **बहुतरभवानुवृत्तः निर्दोषो भवति**, तत्संस्कारप्रकर्षात् । इदमेवाभिप्रेत्य **योगवाशिष्ठे** —> विषाण्यमृततां यान्ति सतताभ्यासयोगतः <— [निर्वाणप्रकरणे उत्तरार्धे ६७/२८] इत्युक्तम् । एतेनेदमपि ज्ञायते यदुत सातिचारादप्यनुष्ठानादभ्यासतः कालेन निरतिचारमनुष्ठानं भवतीति । बाह्योऽपि अभ्यासो हि कर्मणां कौशलमावहति । न हि सकृन्निपातमात्रेणोदबिन्दुरपि ग्रावणि **निम्नतामादधातीति** तत्त्वं व्यक्तमुक्तं **द्रव्यसप्ततिकावृत्तौ** [गा.८ पृ.१०] । यथोक्तं परैः —> अभ्यासेन क्रियाः सर्वा अभ्यासात् सकलाः कलाः । अभ्यासाद् ध्यानमौनादि किमभ्यासस्य दुष्करम् ॥ <— [ ] इति । अन्यत्रापि —> अभ्यासो हि **कर्मणां कौशलमावहति** <— [ ] इत्युक्तम् । —> जं अब्भसेइ जीवो गुणं च दोसं च एत्थ जम्मंमि । तं पावइ परलोए **तेण** य अब्भासजोगेणं ॥ <— [ ] इत्यपि प्रसिद्धम् । यथोक्तं **वीरभद्रसूरि**भिः आराधनापताकायां —> जह खलु दिवसऽब्भत्थं रयणीए सुमिणयम्मि पिच्छंति । तह इह जम्मब्भत्थं सेवंति भवंतरे जीवा ॥९८१॥ <— इति । इयञ्च गाथा **योगशतके** मूलकृदुद्धृता । अन्यत्रापि —> प्रादुर्भवेद् यथाभ्यासं संस्कारो हि भवान्तरे <—[ ] इत्युक्तम् । **योगशास्त्रे**ऽपि तदनुसारेणैव —> जन्मान्तरसंस्कारात्स्वयमेव किल प्रकाशते तत्त्वम् । सुप्तोत्थितस्य पूर्वप्रत्ययवन्निरुपदेशमपि ॥ <— [१२/१३] इत्युक्तं श्रीकलिकालसर्वज्ञेन । दृढाभ्यासाऽऽहितसंस्कारादेवाऽग्रेतनगुणप्राप्तिरपि झटिति सुकरा च भवति । यथोक्तं **बोधिचर्यावतारे** —> न किञ्चिदस्ति तद्वस्तु यदभ्यासस्य दुष्करम् <— [६/१४] । अभ्यासेनैव ज्ञानदीपकप्रकाशप्रसारः । तदुक्तं **योगकुण्डल्युपनिषदि** —> यथाऽग्निर्दारुमध्यस्थो नोत्तिष्ठेन्मथनं विना । विना चाभ्यासयोगेन ज्ञानदीपस्तथा न हि ॥ <— [३/१४-१५] इति । —> यथाभ्यासेन शास्त्राणि स्थिराणि स्युर्महान्त्यपि । तथा ध्यानमपि स्थैर्यं लभतेऽभ्यासवर्तिनाम् ॥ <— [३/१४] इति **तत्त्वानुशासन**वचनमप्यत्र स्मर्तव्यम् । **भगवद्गीतायां** —> प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः । अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ॥ <— [६/४५], **योगशिखोपनिषदि** च —> पूर्वजन्मकृताभ्यासात् सत्वरं फलमश्नुते <— [१/१४३] इति प्रोक्तम् । न ह्यभ्यासविकले वक्ष्यमाणपरतत्त्वं प्राप्यते, तदुक्तं **भगवद्गीतायामपि** —> अभ्यासयोगयुक्तेन चेतसा नान्यगामिना । परमं पुरुषं दिव्यं याति पार्थानुचिन्तयन् ॥ <— [८/८] इति । **एतेन** योगाभ्यासादिहैव मुक्त्यनुपधाने व्यर्था योगप्रवृत्तिरित्यपि **प्रत्याख्यातम्**, इह योगासमाप्तौ परत्र तदनुकूलसामग्रीप्राप्तिसम्भवात् । इदमेवाभिप्रेत्य **भगवद्गीतायां** —> शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते । अथवा योगिनामेव कुले भवति धीमताम् ॥ <— [भ.गी.६/४१-४२] इत्युक्तम् । योगभ्रष्टत्वञ्च न विघ्नादिभङ्गकत्वं किन्तु **योगारम्भकत्वे** सति विधिविशुद्धप्रवृत्त्या तत्परिपालकत्वे सति कालादिसामग्रीविकल्यात् तदसमापकत्वम् । न च नानाजन्मव्यवधानेनाऽभ्यासशुद्ध्यादिप्रतिपादनमसङ्गतमिति शङ्कनीयम्, कालक्रमसाध्यस्यार्थस्य शीघ्रमनुपस्थितेः । न खलु न्यग्रोधबीजानि अह्नायैव न्यग्रोधशाखिनं सान्द्रशाद्वलदलजटिलशाखाकाण्डनिपीतमार्तण्डचण्डातपमण्डलमारभन्ते किन्तु क्षितिसलिलानिलसम्पर्कात्परम्परोपजायमानाङ्कुर-पत्र-काण्ड-नालादिक्रमेण । एवमिहापि युक्त्यागमसिद्धः कालक्रम आस्थेयः । इदञ्चौत्सर्गिकम् । ततो न **मरुदेव्यादिना** व्यभिचार उद्भावनीय इति दिक् ।

**गोत्रयोगिव्यतिरिक्तानां**, गोत्रयोगिनां श्रुतशक्तिवैकल्यात् न योगशुद्धिसम्भवः । **कुलयोगि-प्रवृत्तचक्रप्रभृतीनां प्रक्रमे मैत्र्यादीनां मार्गानुसारिक्रियाजनित-पुण्यानुबन्धिपुण्यलक्षणबीजन्यासः** = मार्गानाभोगेऽपि सदन्धन्यायेन मार्गानुसारिक्रियया जनितस्य पुण्यानुबन्धिपुण्यलक्षणस्य बीजस्य वपनं **तद्युक्तानाम्** । इदञ्च हेतुगर्भविशेषणम् । कुलयोग्यादीनां श्रुतशक्तिसमावेशात्

ક્ષારના પુટ-પડો દ્વારા રત્ન શુદ્ધ થાય છે એ દૃષ્ટાંતથી આ વાત સમજવી. [કેવા જીવોનો અભ્યાસ શુદ્ધ થાય ? તેનો જવાબ એ છે કે] ગોત્રયોગીથી ભિન્ન એવા કુલયોગી, પ્રવૃત્તચક્રયોગી વગેરે યોગીઓ, કે જેઓ મૈત્રી વગેરે ભાવનાઓના માર્ગાનુસારી ક્રિયાથી ઉત્પન્ન થયેલ પુણ્યાનુબંધી પુણ્યસ્વરૂપ બીજના ન્યાસથી યુક્ત છે, તેઓનો મૈત્રી વગેરે સંબંધી અભ્યાસ પ્રસ્તુતમાં વિવક્ષિત છે.

## ૪ પ્રકારના યોગીઓ

[યોગીઓ ૪ પ્રકારના છે. [૧] ગોત્રયોગી, [૨] કુલયોગી, [૩] પ્રવૃત્તચક્રયોગી અને [૪] નિષ્પન્ન યોગી.] એમાં [૧] ગોત્રયોગી તેને જાણવા કે જે માત્ર ગોત્રથી-નામથી 'યોગી' છે. પરંતુ વાસ્તવમાં યોગ સાથે એમને કશી નિસ્બત નથી. સામાન્યથી તેમના પૂર્વજો યોગ સાધતા હોવાના કારણે તેઓ ભૂમિભવ્ય = સુંદરગોત્રવાળા કહેવાય. પરંતુ પાછળથી સાધના નીકળી ગઈ ને માત્ર 'યોગી' ગોત્ર-નામ રહ્યું. દા.ત. કબીરનો અશ્રદ્ધાળુ અવસ્થાવાળો દીકરો. [૨] 'કુલયોગી' તેમને જાણવા કે જે યોગીના કુળમાં

गोत्रयोगिनः –> 'सामान्येनोत्तमा भव्याः सर्वत्राऽद्वेषिणः (?)' <–, कुलयोगिनः –> 'ये योगिनां कुले जाताः तद्धर्मानुगताश्च ये ।' <– प्रवृत्तचक्राश्च प्रवृत्तरात्रिन्दिवानुष्ठानसमूहा ज्ञेयाः ॥१३/१३॥ 'केन प्रकारेण कस्यायमभ्यासः शुध्यति ?' इत्याह –> '**अविराधनया**' इत्यादि ।

**अविराधनया यतते यस्तस्यायमिह सिद्धिमुपयाति । गुरुविनयः श्रुतगर्भो मूलञ्चास्या अपि ज्ञेयः ॥१३/१४॥**

**कल्याणकन्दली**

ज्ञानपूर्वकेनाभ्यासेन शुद्ध्यमानस्य सदनुष्ठानस्य मुक्त्यङ्गताऽभीष्टा, तदुक्तं **योगदृष्टिसमुच्चये** –> ज्ञानपूर्वाणि तान्येव मुक्त्यङ्गं कुलयोगिनाम् । श्रुतशक्तिसमावेशादनुबन्धफलत्वतः ॥१२८॥ अमृतशक्तिकल्पश्रुतशक्तिविरहे न मुख्यं कुलयोगित्वमिति भावः । इह योगिनः चतुर्विधा भवन्ति, गोत्रयोगिनः, कुलयोगिनः, प्रवृत्तचक्रयोगिनः, निष्पन्नयोगिनश्च । **तत्र गोत्रयोगिनः** = **गोत्रमात्रेण** योगिनः **सामान्येन उत्तमाःभव्याः** = भूमिभव्या अपि मलिनान्तरात्मतया योगसाध्यफलाभावान्न योगप्रयोगाधिकारिणः । **कुलयोगिनः –> ये योगिनां कुले जाताः** = लब्धजन्मानः **तद्धर्मानुगताश्च** = योगिधर्मानुसरणवन्तश्च **ये** = प्रकृत्याऽन्येऽपि द्रव्यतो भावतश्च कुलयोगिन उच्यन्ते । तदुक्तं **योगदृष्टिसमुच्चये** –> ये योगिनां कुले जातास्तद्धर्मानुगताश्च ये । कुलयोगिन उच्यन्ते गोत्रवन्तोऽपि नाऽपरे ॥२१०॥ सर्वत्राऽद्वेषिणश्चैते गुरु-देव-द्विज-प्रियाः । दयालवो विनीताश्च बोधवन्तो यतेन्द्रियाः ॥२११॥<– इति । **प्रवृत्तचक्राश्च प्रवृत्तरात्रिन्दिवानुष्ठानसमूहा ज्ञेयाः**, उपलक्षणात् इच्छायम-प्रवृत्तियमाश्रयाः स्थिर-सिद्धि-यमद्वयार्थिन इत्यादि ज्ञेयम् । तदुक्तं **योगदृष्टिसमुच्चये** –> प्रवृत्तचक्रास्तु पुनर्यमद्वयसमाश्रयाः । शेषद्वयार्थिनोऽत्यन्तं शुश्रूषादिगुणान्विताः ॥२१२॥ <–इति । योगावञ्चकप्राप्त्या अवन्ध्यभव्यत्वेन च क्रियाऽवञ्चक-फलावञ्चकद्वयलाभिनः कुल-प्रवृत्तचक्रयोगिनः योगप्रयोगाधिकारिणः । तदुक्तं **योगदृष्टिसमुच्चये** –> आद्यावञ्चकयोगाप्त्या तदन्यद्वयलाभिनः । एतेऽधिकारिणो योगप्रयोगस्येति तद्विदः ॥ <–[यो.दृ. २१३ द्वा.द्वा.१९/२४]इति । निष्पन्नयोगिनस्तु योगसिद्धिभावादेव नाधिकारिणः । तदुक्तं **योगदृष्टिसमुच्चये** –> कुल-प्रवृत्तचक्रा ये त एवास्याधिकारिणः । योगिनो न तु सर्वेऽपि तथाऽसिद्ध्यादिभावतः ॥२०९॥ अधिकं तु तद्वृत्त्यादितोऽवसेयम् ॥१३/१३॥

જન્મેલા હોય અને યોગીના પ્રારંભિક ગુણોને અનુસરનારા હોય. [૩] 'પ્રવૃત્તચક્ર યોગી' તેમને જાણવા કે જેમની રાત-દિવસ ચક્રમાં = યોગચક્રમાં = અનુષ્ઠાનસમૂહમાં પ્રવૃત્તિ હોય છે. [ઈચ્છાયમ-પ્રવૃત્તિયમને સાધનારા હોય છે અને સ્થૈર્યયમ-સિદ્ધિયમની તીવ્ર ઈચ્છાવાળા હોય છે.] [૪] નિષ્પન્નયોગી તેમને જાણવા કે જેમણે યોગ સિદ્ધ કરેલ છે. [૧૩/૧૩]

## ❁ અનંતા ઓઘા નિષ્ફળ નથી ❁

**વિશેષાર્થ :–** શ્રીહરિભદ્રસૂરિપુરંદર લખે છે કે અનેક જન્મો પછી મૈત્રી વગેરે ભાવનાઓનો અભ્યાસ શુદ્ધ થાય છે. આનું કારણ એ છે કે અનાદિ કાળથી મોહપરસ્ત આત્મામાં શુભ સંસ્કારની-શુદ્ધિની મૂડી જ નથી. અને અશુભ સંસ્કાર-અશુદ્ધિ ભરચક છે. ચરમાવર્ત કાળમાં આવ્યા બાદ પણ અશુભ સંસ્કાર અને અશુદ્ધિ રહેલી તો છે જ. તેથી ચારિત્ર વગેરેનો અભ્યાસ કરે તો પ્રારંભમાં જ તે શુદ્ધ થાય એ શક્ય નથી. જન્મોજન્મ સુધી ચારિત્રનો-સદનુષ્ઠાનનો નિરંતર આદરસહિત અભ્યાસ કરે પછી જ પ્રાયઃ તે શુદ્ધ થાય છે. પ્રત્યેક ચારિત્ર-સદનુષ્ઠાનના અભ્યાસથી શુદ્ધિ થઈ રહેલી જ છે. પરંતુ સંપૂર્ણ શુદ્ધિ અનેક ભવોના અભ્યાસ પછી જ થાય. જેમ મોટા તળાવમાંથી કોઈ એક ઘડો પાણી બહાર કાઢે તો તળાવના પાણીમાં ઘટાડો જરૂર થાય છે. પરંતુ તે ઘટાડો ખ્યાલમાં નથી આવતો - આંખ દ્વારા તેની નોંધ થઈ શકતી નથી. પરંતુ રોજ ૧ ઘડો પાણી ખાલી કરતાં કરતાં લાંબા ગાળે તે તળાવ સંપૂર્ણ ખાલી થાય છે. માટે તળાવ ખાલી કરવાનો પ્રત્યેક પ્રયત્ન સફળ કહેવાય. તે જ રીતે અનંત ચારિત્ર લેવા દ્વારા તેનો અભ્યાસ કરવાથી ધીમે-ધીમે શુદ્ધિ વધે જ છે. પરંતુ તે નોંધપાત્ર નથી હોતી. યોગબિંદુ વગેરે ગ્રંથોમાં અચરમાવર્તકાળમાં પણ પ્રત્યેક પુદ્ગલપરાવર્તમાં અશુદ્ધિમાં ઘટાડો અવશ્ય થાય છે તેમ જણાવેલ જ છે.[યોગબિંદુ ગા.૧૩૦] માટે અનંતા ઓઘા એકાંતે નિષ્ફળ ગયા ન કહેવાય. હા, અચરમાવર્ત કાળની અપેક્ષાએ ચરમાવર્ત કાળમાં ચારિત્રઅભ્યાસ દ્વારા શુદ્ધિ ઝડપથી-વધુ પ્રમાણમાં થાય એવું જરૂર કહી શકાય. ચરમાવર્તમાં પણ ચારિત્ર-સદનુષ્ઠાનાદિનો અભ્યાસ આદર-વિધિ-યતનાપૂર્વક થાય તો વધુ ઝડપથી સાનુબંધ અશુદ્ધિહ્રાસ થાય - એ વાત ભૂલવી ન જોઈએ. અહીં આ વાત પણ ધ્યાનમાં રાખવી કે પેસેફિક મહાસાગર કે સ્વયંભૂરમણસમુદ્રમાંથી રોજ ૧ ઘડો પાણી કાઢીએ કે દરીયામાં ઓટ આવે તો પણ તે ક્યારેય સંપૂર્ણ ખાલી ન થાય. તેમ અભવ્ય જીવ ચારિત્રના અભ્યાસ દ્વારા થોડી ઘણી [દા.ત. એકાદ ઘડા જેટલી] અશુદ્ધિ ઘટાડે યાવત્ યથાપ્રવૃત્ત કરણ સુધીની શુદ્ધિને પામે [અર્થાત્ દરિયામાં અમાસની રાત્રે આવતી ઓટથી થતા પાણીના ઘટાડા જેટલી અશુદ્ધિના ઘટાડાથી શુદ્ધિ પામે] તો પણ તે ક્યારેય પણ સંપૂર્ણ શુદ્ધ બનતો નથી. મૂલ ગાથામાં 'प्रायः' પદ મૂકેલ છે. તેથી મરુદેવા માતા વગેરે દૃષ્ટાંતમાં વ્યભિચારનો પરિહાર થઈ જાય છે. [૧૩/૧૩]

'કઈ રીતે કોને આ અભ્યાસ શુદ્ધ થાય છે ?' આ પ્રશ્નનો જવાબ આપતા ગ્રંથકારશ્રી જણાવે છે કે —

**ગાથાર્થ :–** જે વિરાધનાને છોડીને પ્રયાસ કરે છે તેને પ્રસ્તુતમાં અભ્યાસ સિદ્ધ થાય છે. વિરાધનાત્યાગનું મૂળ પણ શ્રુતગર્ભિત

**अविराधनया** = अपराधपरिहारेण **यः** पुरुषो **यतते** = प्रयत्नं विधत्ते **तस्य अयं** = अभ्यासः **इह** = प्रक्रमे **सिद्धिमुपयाति**, आज्ञाभङ्गभीतिपरिणामस्य तथाविधजीववीर्यप्रवर्धकत्वात् । **अस्या अपि** अविराधनाया **मूलं** = कारणं **गुरुविनयः श्रुतगर्भः** = आगमसहितो **ज्ञेयः**, तेनाऽऽज्ञास्वरूपज्ञानसम्भवात् ॥१३/१४॥ 'गुरुविनयस्य किं मूलम् ?' इत्याह —> '**सिद्धान्ते**'त्यादि ।

**सिद्धान्तकथा सत्सङ्गमश्च मृत्युपरिभावनं चैव । दुष्कृत-सुकृतविपाकालोचनमथ मूलमस्यापि ॥१३/१५॥**

**कल्याणकन्दली**

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् —> य इह अविराधनया यतते तस्य अयं सिद्धिं उपयाति । अस्या अपि मूलं श्रुतगर्भो गुरुविनयः ज्ञेयः ॥१३/१४॥

**अपराधपरिहारेण** = यतनया **प्रयत्नं विधत्ते तस्य अभ्यासः** = योगाभ्यासः **सिद्धिं** = सिद्धत्वाख्यविशेषं **उपयाति** —> भंगे दारुणत्तं, महामोहजणगत्तं, भूओ दुल्लहत्तं' <— [२/१] इतिपञ्चसूत्रादिवचनजातस्य **आज्ञाभङ्गभीतिपरिणामस्य तथाविधजीववीर्यप्रवर्धकत्वात्** = तथाविधाभ्यासशुद्ध्यनुकूलस्य जीवानां उत्साहस्य प्रवर्धकत्वात् ।

**अविराधनाया** अपि **कारणं श्रुतगर्भो गुरुविनयः**, **तेन** = श्रुतगर्भगुरुविनयेन **आज्ञास्वरूपज्ञानसम्भवात्** = जिनाज्ञायोग-सम्बन्धिहेतु-स्वरूपानुबन्धगोचरस्य विज्ञानस्य उत्पादात्, तादृशविज्ञानाच्च यतनावरणक्षयोपशमाधानात् । तदुक्तं **दशवैकालिके** —> जे आयरिय-उवज्झायाणं सुस्सूसावयणं करे । तेसिं सिक्खा पवड्ढंति जलसित्ता इव पायवा ॥ <— [९/२/१२] इति । **विशेषावश्यकभाष्ये**ऽपि —> चित्तण्णु अणुकूलो सीसो सम्मं सुयं लहइ <— [९३७] इत्युक्तम् । **निशीथचूर्णौ** अपि —> विणओववेयस्स इह परलोगे वि विज्जाओ फलं पयच्छंति <— [नि.चू.१३] इत्युक्तम् । ततश्च विनयः सर्वश्रेयोमूलम्, —> कल्याणानां सर्वेषां भाजनं विनयः <— [७४] इति **प्रशमरति**वचनमप्यत्र संवदति । तदुक्तं **ज्ञाताधर्मकथाङ्गे** —> विणयमूले धम्मे पन्नत्ते <— [१/५] । —> धम्मस्स मूलं विणयं वदंति <— [४४४१] इति **बृहत्कल्पभाष्य**वचनमपि स्मर्तव्यमत्र । **विशेषावश्यकभाष्ये**ऽपि —> विणओ सासणे मूलं विणीओ संजओ भवे । विणआओ विप्पमुक्कस्स कओ धम्मो कओ तवो ? ॥ <— [वि.भा.३४६८] इत्युक्तम् । टीकाकृताऽपि **विनयद्वात्रिंशिकायां** —> इत्थञ्च विनयो मुख्यः सर्वानुगमशक्तितः । मिष्टान्नेष्विव सर्वेषु निपतन्निक्षुजो रसः ॥ <— [द्वा.द्वा.२९/२७] इत्युक्तमिति विभावनीयं **स्वसमयवेदिभिः** ॥१३/१४॥

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् —> अथ अस्य अपि मूलं सिद्धान्तकथा, सत्सङ्गमः मृत्युपरिभावनं चैव दुष्कृत-सुकृतविपाका-लोचनम् ॥१३/१५॥ **सिद्धान्तकथा** इति । ततश्च परिश्रान्तो यतिःकथामपि कुर्यात्, तदुक्तं **पञ्चवस्तुके** —> सज्झायाईसंतो

ગુરુવિનય જાણવું [૧૩/૧૪]

## ❀ અભ્યાસશુદ્ધિજનક અવિરાધનાનું કારણ શું ? ❀

**ટીકાર્થ :-** અપરાધસ્વરૂપ વિરાધનાનો પરિહાર કરીને જે પુરુષ પ્રયત્ન કરે છે તેને પ્રસ્તુતમાં આ અભ્યાસ સિદ્ધિને પામે છે; કારણ કે આજ્ઞાભંગના ભયનો પરિણામ જીવોનો તેવા પ્રકારનો વીર્યોલ્લાસ પ્રકૃષ્ટ રીતે વધારે છે. અવિરાધનાનું = વિરાધનાના પરિહારનું મૂળ કારણ આગમબોધયુક્ત એવો ગુરુવિનય જાણવો, કારણ કે આગમ દ્વારા જિનાજ્ઞાના સ્વરૂપનું જ્ઞાન સંભવે છે. [૧૩/૧૪]

## ❀ જ્ઞાનગર્ભિત ગુરુવિનય કદાપિ છોડશો નહિ ❀

**વિશેષાર્થ :-** આગમના પરિશીલનથી જિનાજ્ઞાના સ્વરૂપનું તાત્ત્વિક જ્ઞાન થાય છે. ગુરુવિનયથી આગમવાચના ગ્રહણ કરવાથી જિનાજ્ઞાનો બોધ આત્મામાં પરિણમે છે. જિનાજ્ઞાનું તાત્ત્વિક જ્ઞાન પરિણત થવાથી તે જીવ બહુમાન-વિધિપૂર્વક ગુરુવિનયમાં પ્રવૃત્ત થાય છે. જેમ આંબાના ઝાડ ઉપર કેરી ઊગે ત્યારે આંબાની ડાળીઓ ઝૂકે છે તેમ તત્ત્વજ્ઞાન-આગમબોધ-જિનાજ્ઞાજ્ઞાન પરિણત થાય એટલે વ્યક્તિ વિવેકપૂર્વક વધુ વિનમ્ર બને છે, ગુરુવિનયમાં ઉદ્યત થાય છે. તેથી જિનાજ્ઞાનું હેતુ-સ્વરૂપ-ફલ દ્વારા સર્વતોમુખી જ્ઞાન થાય છે. આમ ગુરુવિનય અને આગમજ્ઞાન આ બન્ને એકબીજાના યોગ-ક્ષેમ-વિકાસને કરનારા બને છે. આવો જ્ઞાનગર્ભિત ગુરુવિનય આત્મામાં જિનાજ્ઞાનો ભંગ ન થઈ જાય તેની સાવધાનીનો-ભીતિનો પરિણામ જાગૃત કરે છે, કારણ કે આજ્ઞાપાલનના સાનુબંધ ઉત્કૃષ્ટ લાભો અને આજ્ઞાભંગના ભયંકર નુકશાનોનો તેને સારી રીતે ખ્યાલ છે. તેના કારણે જિનાજ્ઞાપાલનનો વીર્યોલ્લાસ વધે છે, જિનાજ્ઞાભંગનો ત્યાગ કરે છે, આદર-ઉલ્લાસ-વિનય-ઔચિત્ય-વિધિ-જયણાપૂર્વક જિનાજ્ઞાને પાળવાના લીધે ચારિત્ર-સદનુષ્ઠાન, મૈત્રી વગેરે ભાવના સંબંધી અભ્યાસ તેને સિદ્ધ થાય છે. માટે બધાના મૂળમાં રહેલ છે જ્ઞાનગર્ભિત ગુરુવિનય. તેનો ક્યારેય ત્યાગ ન થઈ જાય તે માટે દરેક મુમુક્ષુએ ઘણી કાળજી રાખવા જેવી છે. [૧૩/૧૪]

ગુરુવિનયનું મૂળ કારણ શું છે ? આ પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા ગ્રંથકારશ્રી જણાવે છે કે —

**ગાથાર્થ :-** ગુરુવિનયનું પણ મૂળ છે સિદ્ધાન્તકથા, સત્સંગ, મૃત્યુની પરિભાવના અને દુષ્કૃત-સુકૃતના વિપાકની વિચારણા. [૧૩/૧૫]

**सिद्धान्तकथा** = स्वसमयप्रवृत्तिः **सत्सङ्गमश्च** = सत्पुरुषसङ्गश्च, मृत्योः परिभावनं **चैव सर्वदा** सर्वङ्कषत्वादिरूपेण, दुष्कृतानां = पापानां सुकृतानां च पुण्यानां यो विपाकः = अनुभवः तदालोचनं = तद्विचारणं हेतु-फलभावद्वारेण । **अथ** अनन्तरं **मूलं** = कारणं **अस्यापि** = गुरुविनयस्य सर्वमेतत्समुदितं, एतदर्थसिद्धेर्गुरुविनय-मूलत्वात् ॥१३/१५॥ अस्यैव सर्वस्याऽऽदेयतामुपदर्शयन्नाह —> 'एतस्मिन्नि'त्यादि ।

**एतस्मिन् खलु यत्नो विदुषा सम्यक् सदैव कर्तव्यः । आमूलमिदं परमं सर्वस्य हि योगमार्गस्य ॥१३/१६॥**

**एतस्मिन् खलु** = अस्मिन्नेव प्रागुक्ते सिद्धान्तकथादौ **यत्नः** = आदरो **विदुषा** = सुधिया **सम्यक्** = समीचीनः **सदैव कर्तव्यः**; **आमूलं** = अभिव्याप्त्या कारणं **इदं** = सिद्धान्तकथादि **परमं** = प्रधानं[1] **सर्वस्य हि** = यतो **योगमार्गस्य** ॥१३/१६॥

**॥ इति त्रयोदशं साधुसच्चेष्टा-षोडशकम् ॥**

**कल्याणकन्दली**

तित्थयरकुलाणुरूवधम्माणं । कुज्झा कहं जईणं संवेगविवड्ढणं विहिणा ॥९०२॥ जिणधम्मसुद्धिआणं सुणिज्ज चरिआइं पुव्व-साहूणं । साहिज्जइ अन्नेसिं जहारिहं भावसाराइं ॥९०३॥ <— इति ।

**मृत्योः परिभावनं चैव सर्वदा सर्वङ्कषत्वादिरूपेण** यथा —> छायामिसेण कालो सयलजीयाणं छलं गवेसंतो । पासं कहवि न मुंचइ, ता धम्मे उज्जमं कुणह ॥ [ ] इति **वैराग्यशतकादिवचनैः** । **उत्तराध्ययनेऽपि** —> जहेव सीहो व मियं गहाय मच्चु नरं नेइ हु अंतकाले । न तस्स माया व पिया व भाया कालंमि तंमि सहरा भवंति ॥ <— [१३/२२] इत्युक्तम् । **आचाराङ्गेऽपि** —> नत्थि कालस्स णागमो <— [१/२/३] इत्युक्तम् । तदुक्तं **पञ्चसूत्रेऽपि** धर्मजागरिकायां —> भीसणो मच्चू, सव्वाभावकारी, अविन्नायागमणो, अणिवारणिज्जो पुणो पुणोऽणुबंधी <— [२/१०] इत्यादिकम् । **धर्मोपदेशकुलकेऽपि** —> नियमत्थओवरिगयं जइ मच्चुं पेच्छई इमो लोगो । तो नाहारे वि रुइं करेज्ज किमकज्जकरणम्मि ॥ <— [८] इत्युक्तम् । **अन्यैरपि** —> गृहीत इव केशेषु मृत्युना धर्ममाचरेत् <— [ ] इत्युक्तम् । **पापानां योऽनुभवः तद्विचारणं, यथा** —> शक्रेणाऽऽपन्निषेधार्थं यः सिद्धार्थो न्ययुज्यत । गोशालोत्तरवेलायां जजृम्भे सोऽपि नान्यदा ॥ <— [ ] इति । एवं सुकृत-विपाकालोचनमपि भावनीयम् । प्रकृतविशेषणविशिष्टं सदाचारपालनं तु परैः विचारणाभिलापेन वर्ण्यते, तदुक्तं **महोपनिषदि** —> शास्त्रसज्जनसम्पर्कवैराग्याभ्यासपूर्वकम् । सदाचारप्रवृत्तिर्या प्रोच्यते सा विचारणा <— ॥२९५॥ **एतदर्थसिद्धेः** = परमार्थतः सिद्धान्तसत्कथाद्यर्थप्राप्तेः **गुरुविनयमूलत्वात्**, गुरुविनयं विना प्राप्तस्य सिद्धान्तश्रवणादेः धनकीर्त्यादिवस्त्वन्तरोपायत्वेऽपि न परमार्थसाधकत्वमिति ध्येयम् । इदमेवाभिप्रेत्य **बृहत्कल्पभाष्येऽपि** —> विणयाऽहीया विज्जा देंति फलं इह परे य लोगम्मि । न फलंति विणयहीणा सस्साणि व तोयहीणाइं ॥५२०३॥ <— इत्युक्तम् । इत्थञ्च योगत्रिकावेदनमकारि, तदुक्तं **भागवते** —> योगास्त्रयो मया प्रोक्ता भक्ति-ज्ञान-क्रियात्मकाः <— [११/२०/६] । पञ्चमादिषोडशकेषु भक्तियोगः प्रदर्शितः, एकादशे षोडशके ज्ञानयोग उपदर्शितः, नवमे षोडशके इह च क्रियायोगो दर्शितः इति ध्येयम् ॥१३/१५॥

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् —> विदुषा एतस्मिन् खलु सदैव सम्यक् यत्नः कर्तव्यः हि सर्वस्य योगमार्गस्य इदं परमं आमूलम् ॥१३/१६॥ योगदीपिका स्पष्टा ॥१३/१६॥

**इति मुनियशोविजयविरचितायां कल्याणकन्दल्यां त्रयोदशषोडशक- योगदीपिकाविवरणम् ।**

## ❀ ગુરુવિનયના કારણોને અપનાવીએ ❀

**ટીકાર્થ :-** [૧] જૈન આગમિક સિદ્ધાન્તોની કથા = પ્રવૃત્તિ કરવી. [૨] સત્પુરુષોનો સંગ કરવો. [૩] 'સર્વદા સર્વ જીવોને મૃત્યુ પોતાના તરફ ખેંચી રહ્યું છે' ઈત્યાદિ સ્વરૂપે મૃત્યુની સર્વતોમુખી ભાવના-વિચારણા કરવી. [૪] હેતુમુખે અને ફળમુખે પાપ અને પુણ્યના વિપાકની = અનુભવની વિચારણા કરવી. આ ચારેય ભેગા થયેલા ગુરુવિનયના સાક્ષાત્ કારણ છે. આ ચારેયની અર્થથી [માત્ર શબ્દથી નહિ] સિદ્ધિ થવી એ ગુરુવિનયનું મૂળ કારણ છે. [૧૩/૧૫]

'બધાને માટે આ જ ઉપાદેય = ગ્રહણ કરવા યોગ્ય છે' એવું બતાવતા ગ્રંથકારશ્રી કહે છે કે —

**ગાથાર્થ :-** વિદ્વાને આમાં જ સદાય સમ્યક્ યત્ન કરવો જોઈએ, કારણ કે બધા યોગમાર્ગનું આ જ પરમ વ્યાપક કારણ છે. [૧૩/૧૬]

**ટીકાર્થ :-** પૂર્વોક્ત સિદ્ધાન્તકથા વગેરેમાં જ વિદ્વાને સદૈવ સમ્યક્ આદર કરવો જોઈએ. કારણ કે આ સિદ્ધાન્તકથા વગેરે જ બધા યોગમાર્ગનું પરમ અભિવ્યાપ્ત = સર્વવ્યાપી કારણ છે. [૧૩/૧૬]

१. मुद्रितप्रतौ 'प्रधानं' इति नास्ति ।

## ૧૩ મા ષોડશકનો સ્વાધ્યાય

**(અ) નીચેના કોઈ પણ સાત પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો.**

૧. ગુરુવિનય વર્ણવો.
૨. યોગાભ્યાસનું નિરૂપણ કરો.
૩. સાધુની ભિક્ષાચર્યા પરાર્થકરણ કઈ રીતે ?
૪. મૈત્રીના ચાર ભેદ બતાવો.
૫. પ્રમોદના ચાર પ્રકાર સમજાવો.
૬. ચાર પ્રકારના યોગીઓ જણાવો.
૭. અભ્યાસ કેવી રીતે શુદ્ધ બને ?
૮. ગુરુવિનયના કારણો જણાવો.
૯. શ્રુતગર્ભિત ગુરુવિનયનો મહિમા જણાવો.
૧૦. મૈત્રી વગેરે ભાવના કોને પરિણમે ?

**(બ) યોગ્ય જોડાણ કરો.**

| | |
|---|---|
| (૧) સ્વાધ્યાય | (A) આસન |
| (૨) ગુરુવિનય | (B) અપ્રમાદપરાયણતા |
| (૩) કાઉસગ્ગ | (C) શબ્દ |
| (૪) અવિરાધના | (D) પ્રતિમા |
| (૫) સ્વજન | (E) ગુરુવિનયકારણ |
| (૬) ઇતિકર્તવ્યતા | (F) પંચવિધ |
| (૭) ઊર્ણ | (G) ચતુર્વિધ |
| (૮) આલંબન | (H) દોષત્યાગ |
| (૯) કર્મવિપાક વિચાર. | (I) નાલબદ્ધ |
| (૧૦) પરમાનંદહર્ષ | (J) ૩જી ચોથી ભાવના |

**(ક) ખાલી જગ્યા યોગ્ય રીતે પૂર્ણ કરો.**

૧. સાધુની સુંદર ચેષ્ટા....... પ્રકારની છે. (૫, ૬, ૧૨)
૨. ઉગ્ર ગ્લાનને અપથ્ય આપવું તે ....... કરુણા છે. (મોહયુક્ત, અન્યહિતયુક્ત, સુખયુક્ત)
૩. પરિચિત વ્યક્તિ સાથે મિત્રતા તે ...... સંબંધીમૈત્રી કહેવાય. (સ્વજન, ઇતર, સામાન્યજન)
૪. અપથ્યભક્ષણ વિશે આનંદ તે ....... વિષયક પ્રમોદ જાણવો. (સુખમાત્ર, પર, અનુબંધ)
૫. ગ્લાનને અપથ્ય ખાતાં ન રોકવો તે ....... ગર્ભિત ઉપેક્ષા બને. (કરુણા, નિર્વેદ, અનુબંધ)
૬. નિષ્પન્નયોગીનું મન ....... હોય. (મૈત્રીયુક્ત, પરોપકારી, વૈર્યવાળું)
૭. ....... એ યોગપ્રવૃત્તિનું પ્રથમ લક્ષણ છે. (ઋતંભરા બુદ્ધિ, વૈરાદિનાશ, અલૌલ્ય)
૮. નામ માત્રથી યોગી હોય, વાસ્તવમાં સદાચારશૂન્ય હોય તે ....... યોગી કહેવાય.(ગોત્ર, કુલ, પ્રવૃત્ત)
૯. ....... ગર્ભિત વિનય વિરાધનાત્યાગનું બળ આપે છે. (જ્ઞાન, તપ, વૈરાગ્ય)
૧૦. મોક્ષમાં મૈત્રી વગેરે ભાવો ....... (હોય, ન હોય, પ્રકૃષ્ટ હોય)

નોંધ : આ પ્રશ્નપત્રમાં કોઈએ પેન-પેન્સીલ વગેરેથી કોઈ પણ નિશાની વગેરે ન કરવા ખ્યાલ રાખવો.

## કલ્યાણકંદલીની અનુપ્રેક્ષા

**(અ) નીચેના પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.**

૧. 'નાલપ્રતિબદ્ધ' એટલે શું ? ઉદાહરણસહિત સમજાવો.
૨. ચિત્તવૃત્તિનિરોધને યોગ કેમ ન મનાય ?
૩. યોગની અલગ-અલગ સાત વ્યાખ્યા જણાવો.
૪. વસ્ત્રૈષણાવિધિ જણાવો.
૫. સામાયિકમાં ઉચિત પ્રવૃત્તિ શા માટે થાય ?
૬. ઈતિકર્તવ્યતાનું નિરૂપણ કરો.
૭. મૈત્રી વગેરે ભાવના કેવી રીતે આત્મસાત્ થાય ?
૮. યોગીના નિર્વિકલ્પ ચિત્તને ઓળખાવો.
૯. અભ્યાસનું સ્વરૂપ શું છે ? તે કેવી રીતે શુદ્ધ બને ?
૧૦. ગુરુવિનયનું મહત્ત્વ ૧૦ મુદ્દામાં જણાવો.

**(બ) નીચેના પ્રશ્નોના સંક્ષેપથી જવાબ આપો.**

૧. વૈયાવચ્ચ ગુરુમાં કયા સંબંધથી રહે ? તે સમજાવો.
૨. ગુરુબહુમાન મોક્ષસ્વરૂપ કઈ રીતે બને ?
૩. ખિન્ન થયેલ ગૌતમસ્વામીને ભગવાને શું જણાવ્યું.
૪. આજ્ઞાયોગ ઓળખાવો.
૫. વિનીતના પાંચ લક્ષણ બતાવો.
૬. મર્યાદા અને અભિવિધિનો ભેદ સમજાવો.
૭. યોગના આઠ અંગ બતાવો.
૮. પાત્રૈષણાવિધિ જણાવો.
૯. અવિધિથી સ્વાધ્યાય કરવામાં શું દોષ છે ?
૧૦. યોગસિદ્ધ પુરુષના લક્ષણ જણાવો.
૧૧. ધર્મની વ્યાખ્યા જણાવો.
૧૨. રાગાદિના બે પ્રકારના નાશ જણાવો.
૧૩. મોહગર્ભિત કરુણા સમજાવો.
૧૪. કરુણા અને ઉપેક્ષાના પ્રથમ ભેદમાં અભેદ કેમ નથી ?
૧૫. બાહ્ય વસ્તુ રાગ-દ્વેષનું કારણ કેમ નથી ?
૧૬. ક્ષમા વગેરે કોને સંભવી શકે ?
૧૭. યોગારંભના લક્ષણ જણાવો.
૧૮. ભગવાનમાં અનુગ્રહની ઈચ્છા કેવી રીતે સંભવે ?
૧૯. યોગી પરમાર્થનો અભ્યાસ કેવી રીતે કરે ?
૨૦. ત્રણ યોગનું સ્વરૂપ સમજાવો.

**(ક) ખાલી જગ્યા પૂરો.**

૧. આગમબોધ ..... છે. (નમનશીલ, ઉદ્ધતતાયુક્ત, વ્યાપક)
૨. ...... દિવસમાં અડધો શ્લોક કંઠસ્થ થાય તો પણ જ્ઞાનપુરુષાર્થ ન છોડવો. (૮, ૧૫, ૩૦)
૩. ધ્યાનસિદ્ધિ માટે ....... ની મુખ્ય આવશ્યકતા છે. (એકાગ્રતા, મૈત્રીઆદિભાવના, યોગાસન)
૪. સ્વાધ્યાયથી થાકેલા સાધુઓ .... કરે. (આરામ, યોગાસન, ધર્મકથા)
૫. ...... નું ક્યારેય નિવારણ ન થઈ શકે. (મૃત્યુ, કર્મ, ખરાબ સંસ્કાર)
૬. મહોપનિષદ્‌માં વિશિષ્ટ સદાચારને .... જણાવેલ છે. (વિચારણા, ક્રિયાયોગ, ધર્મ)

## મુનિ યશોવિજય કૃત સંસ્કૃત-હિન્દી-ગુજરાતી વ્યાખ્યાયુક્ત ગ્રંથની સૂચિ

| | નામ | મૂલ્ય રૂ. |
|---|---|---|
| ૧ | **દ્વિવર્ણરત્નમાલિકા** - મૂલકાર :- શ્રીપુણ્યરત્નસૂરિજી મ.<br>મૂલ + સંસ્કૃત ટીકા + ગુજરાતી ભાવાનુવાદ | ૦૦-૦૦ |
| ૨ | **ન્યાયાલોક** - કર્તા :- મહોપાધ્યાય યશોવિજયજી ગણિવર<br>મૂલ + ભાનુમતી (નવ્ય સંસ્કૃત ટીકા) + પ્રતિદાયિની (ગુજરાતી વ્યાખ્યા) | ૧૭૦-૦૦ |
| ૩ | **ભાષારહસ્ય** - કર્તા :- મહોપાધ્યાય યશોવિજયજી ગણિવર<br>મૂલ + સ્વોપજ્ઞવિવરણ + મોક્ષરત્ના (અભિનવ સંસ્કૃત ટીકા) + કુસુમામોદા (હિન્દી વિવેચના) | ૧૬૦-૦૦ |
| ૪ | **સ્યાદ્વાદરહસ્ય** (મધ્યમ) (પ્રથમ ખંડ)<br>મૂલકાર :- કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિશ્વરજી મહારાજ<br>મધ્યમ-સ્યાદ્વાદરહસ્યકર્તા :- મહોપાધ્યાય યશોવિજયજી ગણી<br>મૂલ + સંસ્કૃત વિવરણ + જયલતા (નૂતન સંસ્કૃત ટીકા) + રમણીયા (હિન્દી વ્યાખ્યા) | ૧૫૦-૦૦ |
| ૫ | **સ્યાદ્વાદરહસ્ય** (મધ્યમ) (દ્વિતીય ખંડ) | ૧૪૫-૦૦ |
| ૬ | **સ્યાદ્વાદરહસ્ય** (મધ્યમ) (તૃતીય ખંડ) | ૧૪૦-૦૦ |
| ૭ | **વાદમાલા** - કર્તા :- મહોપાધ્યાય યશોવિજયજીગણી<br>મૂલ + હેમલતા (નૂતન સંસ્કૃત ટીકા) + વલ્લભા (હિન્દી વ્યાખ્યા) | ૧૨૦-૦૦ |
| ૮ | **ષોડશક** (ભાગ-૧) - મૂલકાર :- શ્રી હરિભદ્રસૂરિશ્વરજી મહારાજ<br>યોગદીપિકાકાર :- મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર્ય<br>મૂલ + યોગદીપિકા + કલ્યાણકંદલી (અર્વાચીન સંસ્કૃત ટીકા) + રતિદાયિની (ગુજરાતી વ્યાખ્યા) | ૧૦૦-૦૦ |
| ૯ | **ષોડશક** (ભાગ-૨) | મુદ્રણાલયસ્થ |
| ૧૦ | **અધ્યાત્મોપનિષત્**<br>મૂલ + અધ્યાત્મવૈશારદી (અદ્યતન સંસ્કૃત ટીકા) + અધ્યાત્મપ્રકાશ (ગુજરાતી વિવેચન) | મુદ્રણાલયસ્થ |

### -: પ્રાપ્તિ સ્થાન :-

**દિવ્ય દર્શન ટ્રસ્ટ,** ૩૬, કલિકુંડ સોસાયટી, ધોળકા, PIN - 387810.

સૂચના :- જ્ઞાનનિધિ દ્વારા પ્રકાશિત થયેલ ઉપરોક્ત ગ્રંથ અધ્યયનશીલ સાધુ-સાધ્વીજી ભગવંતોને ભેટ રૂપે મળી શકશે.

## चतुर्दशं योगभेदषोडशकम्

'आमूलमिदं योगमार्गस्य' (१३/१६) इत्युक्तम् । तत्र कतिविधो योग इत्याह —> '**सालम्बन**' इत्यादि ।

**सालम्बनो निरालम्बनश्च योगः परो द्विधा ज्ञेयः । जिनरूपध्यानं खल्वाद्यस्तत्तत्त्वगस्त्वपरः ॥१४/१॥**

सह आलम्बनेन चक्षुरादिज्ञानविषयेण प्रतिमादिना वर्तत इति **सालम्बनः, निरालम्बनश्च** आलम्बनात् विषयभावापत्तिरूपात् निष्क्रान्तः, यो हि छद्मस्थेन ध्यायते न च स्वरूपेण दृश्यते, **योगः** = ध्यानविशेषः **परः** = प्रधानो **द्विधा ज्ञेयः** । जिनरूपस्य समवसरणस्थस्य ध्यानं = चिन्तनं **खलु**शब्दो वाक्यालङ्कारे **आद्यः** = प्रथमो **योगः**

### कल्याणकन्दली

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् —> परो योगः सालम्बनो निरालम्बनश्च द्विधा ज्ञेयः । जिनरूपध्यानं **खलु** आद्यः, अपरः तु **तत्तत्त्वगः** ॥१४/१॥ इयं कारिका **योगविंशिकावृत्त्यादौ** [यो. विं. १९] समुद्धृता । **प्रतिमादिना वर्तत** इति **सालम्बनः** योगो रूपस्थध्यानपदेनाप्युच्यते । तदुक्तं **योगशास्त्रे** —> जिनेन्द्रप्रतिमारूपमपि निर्मलमानसः । निर्निमेषदृशा ध्यायन्, रूपस्थध्यानवान् भवेत् ॥ <— [९/१०] इति । प्रशस्तालम्बनेन मनः प्रशस्तं कार्यमित्युपदेशः । तदुक्तं **अध्यात्मसारे** —> आलम्बनैः प्रशस्तैः प्रायो भावः प्रशस्त एव यतः । इति सालम्बनयोगी मनः शुभालम्बनं दध्यात् ॥ <— [२०/१५] इति । **श्रीश्रीपालकथायां श्रीरत्नशेखरसूरिभिरपि** —> भावो वि मणोविसओ मणं च अइदुज्जयं निरालंबं । तो तस्स नियमणत्थं कहियं सालंबणं झाणं ॥२१॥ <— इत्युक्तम् । **निरालम्बनश्च** योगो रूपातीतध्यानपदेनोच्यते, यथोक्तं **योगशास्त्रे** —> अमूर्तस्य चिदानन्दरूपस्य परमात्मनः । निरञ्जनस्य सिद्धस्य ध्यानं स्याद्रूपवर्जितम् ॥ [१०/१] <— इति । **भास्करनन्दिनाऽपि ध्यानस्तवे** —> परमात्मानमात्मानं ध्यायतो ध्यानमुत्तमम् । रूपातीतमिदं देव ! निश्चितं मोक्षकारणम् ॥३६॥ <— इत्युक्तम् । अयमेव निरालम्बनयोगः **तत्त्वानुशासने नागसेनेनाऽपि** —> लोकाग्रशिखरारूढमुदूढसुखसम्पदम् । सिद्धात्मानं निराबाधं ध्यायेन्निर्धूतकल्मषम् ॥<— [४/३३] इत्येवमुक्तः । **भावसङ्ग्रहे** तु —> ण य चिंतइ देहत्थं देहं च ण चिंतए किंपि । ण सगयपरगयरूवं तं गयरूवं णिरालंबं ॥ <— [६२८] इत्युक्तम् । **ज्ञानार्णवे शुभचन्द्रेणापि** —> चिदानन्दमयं शुद्धममूर्तं परमाक्षरम् । स्मरेद्यत्रात्मनात्मानं तद्रूपातीतमिष्यताम् [४०/१६] इत्युक्तम् । **आलम्बनात् विषयभावापत्तिरूपात्** = चक्षुरादिज्ञानगोचरताशालिनः **निष्क्रान्तः** = अतिक्रान्तः । एतदेव स्पष्टयति-**यो हीति** । न चाऽतीन्द्रियालम्बनत्वेनायमपि सालम्बन एव स्यादित्यारेकणीयम्, अरूप्यालम्बनस्येषदालम्बनत्वेन 'अलवणा यवागूः' इत्यत्रेवात्र नञ्पदप्रवृत्तेरविरोधात् । तदुक्तं **योगविंशिकायां** —> आलंबणं पि एयं रूवमरूवी य इत्थ परमुत्ति । तग्गुणपरिणइरूवो सुहुमो अणालंबणो नाम ॥१९॥ <— इति । अरूपितत्त्वस्य ईषदालम्बनत्वादनालम्बनत्वमुक्तम् । विषयतामात्रेण तस्याऽऽलम्बनत्वमनूद्यापि तद्विषययोगस्येषदालम्बनत्वमेव प्रसाधीति फलतो न कश्चिद्विशेष इति स्मर्तव्यम् । **योगः = ध्यानविशेषः** अध्यात्मभावनायोगापेक्षया **प्रधानो द्विधा ज्ञेय** इति । प्रकृतसालम्बन-निरालम्बनयोगावेव परैः सगुण-निर्गुणध्यानतयेष्यते । तदुक्तं **शाण्डिल्योपनिषदि** —> अथ ध्यानम् । तद् द्विविधं सगुणं निर्गुणञ्चेति । **सगुणं** मूर्तिध्यानम् ।

### ❀ રતિદાયિની ❀

'સિદ્ધાન્તકથા વગેરે યોગમાર્ગનું મૂળભૂત કારણ છે' - આવું ૧૩ મા ષોડશકમાં કહ્યું. 'યોગમાર્ગનો ઘટક યોગ કેટલા પ્રકારનો છે ?' આ શંકાનું સમાધાન કરવા મૂલકારશ્રી જણાવે છે કે —

**ગાથાર્થ** :- પ્રધાન યોગ બે પ્રકારનો જાણવો - આલંબન અને નિરાલંબન. જિનરૂપધ્યાન એ પ્રથમ = સાલંબન યોગ છે. જિનસ્વભાવગામી અપર = બીજો = નિરાલંબન યોગ જાણવો. [૧૪/૧]

### ☰ સાલંબન અને નિરાલંબન યોગ ☰

**ટીકાર્થ** :- આલંબન સહિત જે યોગ હોય તે સાલંબન યોગ જાણવો. આલંબનશબ્દનો અર્થ છે ચક્ષુ વગેરે ઈંદ્રિયથી ઉત્પન્ન થનાર ચાક્ષુષ વગેરે પ્રત્યક્ષનો વિષય બનનાર પ્રતિમા વગેરે. ચાક્ષુષાદિ પ્રત્યક્ષની વિષયતાની પ્રાપ્તિ જેમાં છે તેવા પ્રતિમાદિસ્વરૂપ આલંબનથી નીકળી ગયેલ હોય અર્થાત્ આલંબનરહિત હોય તે નિરાલંબનયોગ જાણવો. મતલબ કે જે છદ્મસ્થ જીવ વડે ધ્યાન કરાય પરંતુ સ્વરૂપથી ચક્ષુ વગેરે દ્વારા ન દેખાય તેવો યોગ અર્થાત્ ધ્યાનવિશેષ. આ બન્ને યોગ પ્રધાન જાણવો. [અધ્યાત્મભાવનાસ્વરૂપ યોગની અપેક્ષાએ ધ્યાનયોગ પ્રધાન જાણવો.] આમ આ ધ્યાનયોગ બે પ્રકારનો જાણવો. સમવસરણમાં બેઠેલા જિનેશ્વર-તીર્થંકરદેવના રૂપનું ધ્યાન-ચિંતન કરવું તે પ્રથમ સાલંબન યોગ છે. મૂળ ગાથામાં 'खलु' પદ વાક્યની શોભા માટે છે.

सालम्बनः । तस्यैव जिनस्य तत्त्वं = केवलजीवप्रदेशसङ्घातरूपं केवलज्ञानादिस्वभावं तस्मिन् गच्छतीति **तत्त्वगः** **तुः** एवकारार्थे, **अपरः** = द्वितीयः, शुद्धपरमात्मगुणध्यानं निरालम्बनमित्यर्थः ॥१४/१॥

'कथं पुनर्जिनरूपं ध्यातव्यम् ?' इत्याह -> '**अष्टे**'त्यादि ।

**अष्टपृथग्जनचित्तत्यागाद्योगिकुलचित्तयोगेन । जिनरूपं ध्यातव्यं योगविधावन्यथा दोषः ॥१४/२॥**

अष्ट च तानि पृथग्जनचित्तानि = अयोगिजनमनांसि, तेषां त्यागात्, योगिकुलस्य = योगिपारम्पर्यस्य चित्तं = मनः तद्योगेन = तदभ्युपगमेन **जिनरूपं** = परमात्मस्वरूपं **ध्यातव्यं योगविधौ** = ध्यानाचारे **अन्यथा दोषः** = अपराधः, निरपेक्षवृत्तौ मानसातिचारस्यापि भङ्गरूपत्वात् ॥१४/२॥

**कल्याणकन्दली**

निर्गुणमात्मतादात्म्यम् <— [१/८/१०]। निर्गुणत्वञ्चौदयिकादिभावापेक्षयाऽवगन्तव्यम् । योगव्याख्या च **विष्णुपुराणे** -> आत्मप्रयत्नसापेक्षा विशिष्टा या मनोगतिः । तस्या ब्रह्मणि संयोगो 'योग' इत्यभिधीयते ॥ <— [  ] इत्येवमुक्ता ।

योगस्यैव कर्मक्षये विशिष्टसामर्थ्यम् । तदुक्तं **मोक्षधर्मे** -> नास्ति योगसमं बलम् <— [३१६/२] । प्रारब्धकर्मवैफल्यमपि योगफलतया परेषामपीष्टम् । तदुक्तं **योगवार्तिके विज्ञानभिक्षुणा** -> योगद्वयेनाखिलसंस्कारक्षये भोगसंस्काराख्यसहकार्य-भावात् प्रारब्धं कर्माऽपि यत्फलाक्षमं भवति । इदमपि योगफलम् <— [यो.सू.१/२ योगवा.पृ.९] इति ॥१४/१॥

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् -> अष्टपृथग्जनचित्तत्यागात् योगिकुलचित्तयोगेन जिनरूपं ध्यातव्यं, अन्यथा योगविधौ दोषः ॥१४/२॥

**निरपेक्षवृत्तौ** = आज्ञाऽनपेक्षयोगप्रवृत्तौ तु **मानसातिचारस्यापि** = मनोमात्रजन्यस्यापि अतिचारस्य **निश्चयनयतो भङ्ग-रूपत्वात्** = असङ्गानुष्ठानभ्रंशस्वरूपत्वात्, असङ्गध्यानयोगपरिणामविरहात् । योग-व्रत-सदनुष्ठान-ध्यानादिप्रवृत्तौ आज्ञासापेक्षायां वचनानुष्ठानरूपायां योगादिपरिणामोपधानव्याप्यायां अनाभोग-शक्तिवैकल्यादिना जायमानस्य वैगुण्यस्य तत्त्वतोऽतिचाररूपतैव, व्यवहारनयतः तदानीं वचनानुष्ठानस्याऽभग्नत्वात् । षष्ठोपवास-प्रतिलेखन-प्रतिक्रमण-प्रमार्जन-पूजन-विहारादिबाह्ययोगस्य शरीरस्वा-स्थ्य-देश-कालादिसापेक्षतया विधिपरतायामप्यनाभोगादिना तद्वैकल्यस्यातिचाररूपता व्यवहारनयतोऽभिमता । सिद्धस्य तात्त्विक-ध्यानयोगस्य बाहुल्येन देहसौष्ठव-क्षेत्र-समयाद्यनपेक्षतया तत्र मानसातिचारस्याऽपि भङ्गरूपतैव, तस्य स्वापराधप्रयुक्तत्वात् ।

તે જ જિનેશ્વરના કેવલજ્ઞાનાદિસ્વભાવવાળા કેવલ જીવના પ્રદેશોના સંઘાત = સમૂહસ્વરૂપ તત્ત્વને અનુસરનાર એવું શુદ્ધપરમાત્મગુણધ્યાન એ બીજો નિરાલંબન યોગ જાણવો. [૧૪/૧]

**વિશેષાર્થ** :- જિનપ્રતિમાનું ધ્યાન કે આંખ બંધ કરીને સમવસરણસ્થ તીર્થંકરને મુખ્ય કરીને તેમનું અદ્ભુત રૂપ, અષ્ટપ્રાતિહાર્ય વગેરેનું ધ્યાન એ સાલંબન ધ્યાન = યોગ છે. પરમાત્માના કેવલજ્ઞાનાદિ શુદ્ધ ગુણોનું ધ્યાન, પરમાણુદ્રવ્ય-ગુણ-પર્યાયનું ધ્યાન વગેરે અરૂપી તત્ત્વવિષયક ધ્યાન નિરાલંબન યોગ કહેવાય છે. અહીં એ પણ ખ્યાલમાં રાખવું કે યોગબિંદુ [ગા.૩૧ તથા ૩૫૮ થી ૩૬૭] ગ્રંથમાં અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષય - આમ પાંચ પ્રકારના યોગ બતાવેલ છે કે જે ઉત્તરોત્તર ચઢિયાતા છે. અધ્યાત્મ અને ભાવના યોગની અપેક્ષાએ ધ્યાનયોગ પ્રધાન હોવાથી સાલંબન ધ્યાન અને નિરાલંબન ધ્યાન આ બન્નેને પ્રસ્તુતમાં પ્રધાન કહેલ છે. [૧૪/૧]

જિનરૂપનું ધ્યાન કેવી રીતે કરવું ? આનો જવાબ આપતા ગ્રંથકારશ્રી કહે છે કે —

**ગાથાર્થ** :- સામાન્ય માણસોના આઠ પ્રકારના ચિત્તને છોડી યોગીકુલના ચિત્તને સ્વીકારીને જિનરૂપનું ધ્યાન ધરવું; બાકી ધ્યાનના આચારમાં દોષ લાગે. [૧૪/૨]

**ટીકાર્થ** :- પૃથક્જન = યોગીથી પૃથક્જન = અયોગી લોકોના આઠ પ્રકારના મનનો ત્યાગ કરીને યોગીની પરંપરાના મનને સ્વીકારીને પરમાત્માના સ્વરૂપનું ધ્યાન ધરવું જોઈએ. બાકી ધ્યાનના આચારમાં દોષ લાગે, કારણ કે નિરપેક્ષવૃત્તિમાં = ધ્યાનયોગમાં માનસિક અતિચાર પણ ભંગસ્વરૂપ છે. [૧૪/૨]

**વિશેષાર્થ** :- ઉપવાસાદિ પચ્ચખ્ખાણ, પૂજા, વ્રતપાલન, પડિલેહણ, પ્રમાર્જન, લોચ, વિહાર વગેરે બાહ્ય યોગો શરીરસ્વાસ્થ્ય, દેશ, કાળ, સાધનસામગ્રી વગેરેને સાપેક્ષ પ્રવૃત્તિ સ્વરૂપ હોવાથી તેની ત્રુટિ, સ્ખલના, ન્યૂનતા વગેરેના કારણે, વિધિસાપેક્ષ રહેવા છતાં, કાયિક-વાચિક-માનસિક નાનો દોષ લાગે તો તે તે બાહ્ય યોગોનો ભંગ નથી કહેવાતો, પણ અતિચાર કહેવાય છે. પરંતુ તાત્ત્વિક ધ્યાન વગેરે યોગો નિરપેક્ષપ્રવૃત્તિસ્વરૂપ છે અર્થાત્ બાહ્ય સાધનસામગ્રીથી મુખ્યતયા નિરપેક્ષ છે. માટે જ તેમાં માનસિક અતિચાર પણ લાગે તો ધ્યાનભંગ કહેવાય છે. ધ્યાનમાં લાગતો માનસિક અલ્પ દોષ બાહ્યસામગ્રીવિકલ્યાદિપ્રયુક્ત નથી પરંતુ સ્વાપરાધપ્રયુક્ત છે. વળી, બીજી વાત એ પણ છે કે ઉપવાસાદિ પચ્ચખ્ખાણ, પૂજા, પડિલેહણ વગેરે પ્રવૃત્તિ મુખ્યતયા વ્યવહાર નયનો વિષય છે જ્યારે તાત્ત્વિક ધ્યાન એ નિશ્ચય નયનો મુખ્યતયા વિષય કહેવાય. વ્યવહાર નયમાં અલ્પ દોષસ્વરૂપ અતિચારનો

तान्येव त्याज्यान्यष्टौ चित्तान्याह –> 'खेदे'त्यादि ।

**खेदोद्वेगक्षेपोत्थानभ्रान्त्यन्यमुद्रुगाऽऽसङ्गैः । युक्तानि हि चित्तानि प्रबन्धतो वर्जयेन्मतिमान् ॥१४/३॥**

(१) खेदः = पथि परिश्रान्तवत् पूर्वक्रियाप्रवृत्तिजनितं उत्तरक्रियाप्रवृत्तिप्रतिबन्धकं दुःखम् । (२) उद्वेगः = कष्टसाध्यताज्ञानजनितमालस्यं, यद्वशात् कायखेदाभावेऽपि स्थानस्थितस्यैव क्रियां कर्तुमनुत्साहो जायते, कुर्वाणोऽपि ततो न सुखं लभते । (३) क्षेपः = अन्तराऽन्तराऽन्यत्र चित्तन्यासः । (४) उत्थानं = चित्तस्याऽप्रशान्तवाहिता, मदनप्रभृतीनामुद्रेकान्मदावष्टब्धपुरुषवत् । (५) भ्रान्तिः = अतस्मिंस्तद्ग्रहरूपा, शुक्तौ रजताध्यारोपवत् । (६) अन्यमुत् = प्रकृतकार्यान्यकार्यप्रीतिः । (७) रुग् = रोगः पीडा भङ्गो वा । (८) आसङ्गः = प्रकृतानुष्ठाने

**कल्याणकन्दली**

इदञ्चाखण्डैकाकारपदार्थग्राहकशुद्धनिश्चयनयानुरोधेनोक्तम् । अत एवाष्टादशसहस्रशीलाङ्गरथोऽविकल एवाभ्युपगम्यते निश्चयेन, तद्वैकल्यस्याऽपि तद्भङ्ग एव पर्यवसानात् । निश्चयतो योगस्याखण्डचित्तपरिणामरूपतयैव नैश्चयिकप्रत्याख्यानात्मके सर्वविरति-प्रत्याख्यानेऽपवादाऽऽगारादिकं नैवाऽङ्गीक्रियते, अन्यथा तादृशाखण्डपरिणामसम्पादनानुकूलोत्साहभङ्गापातात् । कालग्रहणादिविधि-रप्येतादृशनिश्चयानुगृहीतव्यवहारनयेनावसेय इति दिक् ॥१४/२॥

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् –> मतिमान् खेदोद्वेगक्षेपोत्थानभ्रान्त्यन्यमुद्रुगासङ्गैः युक्तानि हि चित्तानि प्रबन्धतो वर्जयेत् ॥१४/३॥ इयञ्च कारिका **सार्धशतत्रयप्रमितसीमन्धरस्वामिस्तवनटिप्पणक** - [१०/१२] **योगभेदद्वात्रिंशिकावृत्ति**-[द्वा.द्वा. १८/१२]**योगदृष्टिसमुच्चयवृत्त्यादौ** [गा.१६] समुद्धृता वर्तते ।

[१] **खेदः = पूर्वक्रियाप्रवृत्तिजनितं उत्तरक्रियाप्रवृत्तिप्रतिबन्धकं दुःखम्** । न हि श्रान्ते शरीरे क्लान्ते च चेतसि सत्प्रवृत्त्यौपयिकं दार्ढ्यं सम्भवति । तद्विरहे च कथं प्रणिधानादिगर्भा सत्प्रवृत्तिः सम्भवेत् । यथोक्तं **वाल्मीकिना रामायणे** –> शरीरस्य भवेत् खेदः कस्तत् कर्म समाचरेत् <– [अरण्यकाण्ड-५०/१९] । ततश्च कृषिकर्मणि वारिवत् सत्कर्मणि प्रणिधानमावश्यकमिति ध्वन्यते । **स्थानस्थितस्यैव** = अविद्यमानाऽऽयासस्य, एवकारोऽयोगव्यवच्छेदार्थः । **न सुखं लभते,** उत्साहस्य तत्कारणत्वात् । **अनेन** –> अनिर्वेदः परं सुखं <– [सुंदरकाण्ड-१२/१०] इति **वाल्मीकीरामायणवचनमपि**

સ્વીકાર છે. જ્યારે નિશ્ચય નયના મતે અતિચાર હોતા જ નથી. કાં તો ધ્યાન કાં તો ધ્યાનભંગ. સદોષ ધ્યાન એ નિશ્ચય નયને માન્ય નથી. નિશ્ચય નયથી વસ્તુ અખંડ હોય છે, સખંડ નહિ. સખંડ વસ્તુ એ અવસ્તુ છે. નિરંશ-અખંડ-એકાકાર વસ્તુને માનનાર નિશ્ચય નયના મતે અતિચાર નથી, તેમ આગાર-અપવાદ-છૂટછાટ પણ નથી. માટે જીવનપર્યંત પ્રામાણિક પ્રણિધાનસ્વરૂપ સર્વવિરતિ દીક્ષાર્થીને ઉચ્ચરાવવામાં આવે છે ત્યારે સામાયિક સૂત્રમાં પણ કોઈ આગાર વગેરે રાખવામાં આવેલ નથી. જો આગાર-અપવાદ-છૂટછાટપૂર્વક 'કરેમિ ભંતે' સૂત્ર સાધુને ઉચ્ચરાવવામાં આવે તો સર્વવિરતિપરિણામ-સર્વવિરતિપ્રણિધાન અખંડના બદલે સખંડ બની જવાથી સર્વવિરતિ = સર્વથા સર્વદા સર્વત્ર વિરતિપ્રણિધાન જ ખંડિત થઈ જાય. સર્વવિરતિપરિણતિ આત્મસાત્ થવાનો ઉલ્લાસ મંદ-હીન-નિસ્તેજ બની જાય. સાધુ ભગવંતો અપવાદમાર્ગે નદી ઉતરે ત્યારે પણ તેમનો સર્વપાપવિરતિપ્રણિધાન તો અખંડ જ હોય છે. તે વખતે વ્યવહાર ચારિત્રમાં અતિચાર લાગવા છતાં પણ નૈશ્ચયિક સર્વવિરતિપરિણામધારા અખંડ-અસ્ખલિત જ રહે છે. નિરતિચાર-અખંડ-અભાગ એવા ધ્યાન યોગના પુરસ્કર્તા નિશ્ચય નયને અભિમુખ એવા વ્યવહાર નયથી પ્રદર્શિત અનુષ્ઠાન તરીકે કાલગ્રહણ, સજ્ઝાય પઠવવાની [સ્વાધ્યાયપ્રસ્થાપનની] વિધિ, કાલ પવેવવાની [કાલપ્રવેદનની] વિધિ વગેરે ગણી શકાય, કે જેનો અભ્યાસ-પાલન-સ્વીકાર હાલમાં પણ યોગોદ્વહનમાં [જોગમાં] સાધુ ભગવંતો કરે છે. इति दिक्. [૧૪/૨]

છોડવા યોગ્ય તે જ આઠ અયોગીચિત્તને ગ્રંથકારશ્રી બતાવે છે.

<u>**ગાથાર્થ**</u> :- બુદ્ધિશાળીએ [1]ખેદ, [2]ઉદ્વેગ, [3]ક્ષેપ, [4]ઉત્થાન, [5]ભ્રાન્તિ, [6]અન્યમુદ્, [7]રોગ, [8]આસંગ દોષોથી યુક્ત એવા ચિત્તને પ્રવાહથી [સાનુબંધ રીતે] છોડવા જોઈએ. [૧૪/૩]

## ❀ આઠ દોષને છોડીએ ❀

**ટીકાર્થ :-** [૧] ખેદ = માર્ગમાં થાકેલાની જેમ પૂર્વ ક્રિયાની પ્રવૃત્તિથી ઉત્પન્ન થયેલ એવું ઉત્તરકાલીન ક્રિયાની પ્રવૃત્તિમાં પ્રતિબંધક દુઃખ-થાક. [૨] ઉદ્વેગ =કષ્ટસાધ્યતાનું જ્ઞાન થવાથી ઉત્પન્ન થયેલ આળસ કે જેના કારણે કાયિક ખેદ ન હોવા છતાં સ્થાને બેઠા બેઠા જ ક્રિયાને કરવાનો અનુત્સાહ થાય છે અને કરવા છતાં પણ મજા ન આવે. [૩] ક્ષેપ = વચ્ચે વચ્ચે મન બીજે જાય. [૪] ઉત્થાન = કામ વગેરેના ઉદ્રેકથી-આવેગથી મત્ત થયેલ પુરુષની જેમ ચિત્તની અપ્રશાંતવાહિતા. [૫] ભ્રાન્તિ = છીપમાં ચાંદીના આરોપની જેમ તેના અભાવમાં તેનો ભ્રમ. અર્થાત્ ક્રિયામાં કર્યા કે ન કર્યાનો ભ્રમ. [૬] અન્ય મુદ્ = પ્રસ્તુત કાર્યને મૂકી અન્ય કાર્યમાં પ્રીતિ. [૭] રોગ = ચિત્તની પીડા કે મનોભંગ. [૮] આસંગ = વિહિત એવા અન્ય અનુષ્ઠાનમાં જે પ્રેમ હોય તે કરતાં પ્રસ્તુત-વિવક્ષિત અનુષ્ઠાનમાં અતિઆસક્તિ. આ આઠ દોષથી યુક્ત એવા આઠ ચિત્તનો પ્રવાહથી-સાનુબંધ

विहितेरागुष्ठानप्रीत्यतिशयितप्रीतिः । एतैः **युक्तानि हि** = सम्बद्धानि हि **चित्तानि** अष्ट **प्रबन्धतः** = प्रवाहेन **वर्जयेत्** = परिहरेत् **मतिमान्** = बुद्धिमान् ॥१४/३॥

उक्तानेव खेदादींश्चित्तदोषान् फलद्वारा विवृण्वन्नाह —> '**खेद**'इत्यादि ।

**खेदे दार्ढ्याऽभावान्न प्रणिधानमिह सुन्दरं भवति । एतच्चेह प्रवरं कृषिकर्मणि सलिलवज्ज्ञेयम् ॥१४/४॥**

**खेदे** चित्तदोषे सति **दार्ढ्याभावात्** = क्रियासमाप्तिव्यापिस्थैर्याऽभावात् **न प्रणिधानं** = ऐकाग्र्यं **इह** = प्रस्तुते योगे **सुन्दरं** = प्रधानं **भवति । एतच्च** प्रणिधानं **इह** = योगे **प्रवरं** = प्रधानं = फलासाधारणकारणमित्यर्थः, **कृषिकर्मणि** = धान्यनिष्पत्तिफले **सलिलवत्** = जलवत् **ज्ञेयम्** ॥१४/४॥

**उद्वेगे विद्वेषाद्विष्टिसमं करणमस्य पापेन । योगिकुलजन्मबाधकमलमेतत्तद्विदामिष्टम् ॥१४/५॥**

**कल्याणकन्दली**

**व्याख्यातम्**, कार्य-कारणयोरभेदोपचारात् । ततश्चोत्साहो जनयितव्य इति उपदेशः । तदुक्तं **वाल्मीकीरामायणे** —> उत्साहवन्तः पुरुषा नावसीदन्ति कर्मसु <— [किष्किन्धाकाण्ड-१/१२२] । **पञ्चतन्त्रे विष्णुशर्मणापि** —> अनिर्वेदः श्रियो मूलम् <— [१/३५९] इति प्रोक्तम् । शिष्टं स्पष्टमधिकञ्च वक्ष्यते तत्तद्दोषनिरूपणे ॥१४/३॥

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् —> खेदे दार्ढ्याभावात् इह सुन्दरं प्रणिधानं न भवति । एतच्च कृषिकर्मणि सलिलवत् प्रवरं ज्ञेयम् ॥१४/४॥ इयं कारिका **योगभेदद्वात्रिंशिकावृत्तौ** [द्वा.द्वा.१८/१३] समुद्धृता । एतदनुसारेण **योगभेदद्वात्रिंशिकायां** —> प्रवृत्तिजः क्लमः खेदस्ततो दार्ढ्यं न चेतसः । मुख्यो हेतुरदश्चात्र कृषिकर्मणि वारिवत् ॥१३॥ <— इत्युक्तम् । **क्रियासमाप्तिव्यापिस्थैर्याभावात् =** सत्क्रियापूर्णतां यावत् स्थैर्यस्याऽयोगात् **न प्रस्तुते योगे प्रधानं ऐकाग्र्यं भवति**, प्रवृत्तिजन्यस्य मानसदुःखानुबन्धिनः खेदस्य तद्विघटकत्वात् । अतः खेददोषपरिहाराय स्वोचितकर्तव्ये प्रेम कर्तव्यम् । तदुक्तं **प्रेमगीतायां** —> सत्कर्तव्योपरि प्रेम कर्तव्यं शुद्धरागिभिः । यत्र प्रेम भवेत् तत्र चित्तैकाग्र्यं प्रजायते ॥ <— [५१२] इति ।

**प्रणिधानं योगे फलासाधारणकारणम्** । प्रणिधानलिङ्गं तु यथाशक्तिक्रियादि, यथोक्तं —> विशुद्धभावनासारं तदर्थार्पितमानसम् । यथाशक्तिक्रियालिङ्गं प्रणिधानं मुनिर्जगौ ॥ <— स्वल्पकालमपि शोभनमिदं [= प्रणिधानं], **सकलकल्याणाऽऽक्षेपादिति** [पृ.११६] व्यक्तं **ललितविस्तरायाम्** । **योगदृष्टिसमुच्चये** प्रथमदृष्टौ खेदत्याग उक्त इति ध्येयम् ॥१४/४॥

રીતે બુદ્ધિશાળીએ ત્યાગ કરવો જોઈએ. [૧૪/૩]

**વિશેષાર્થ** :- ઉપરોક્ત ખેદ વગેરે આઠ દોષ ચિત્તને મલિન, અસ્થિર કરે છે, કે ઉન્નતિ કરવા માટે અસમર્થ કરી દે છે. માટે શુદ્ધ, સ્થિર, સમર્થ ચિત્તે દરેક ધર્મક્રિયા કરવા માટે આ આઠ દોષને ટાળવાના છે. [૧૪/૩]

ઉપરોક્ત ખેદ વગેરે ચિત્તદોષનું જ ફલ દ્વારા વિવેચન કરતા ગ્રંથકારશ્રી જણાવે છે કે —

**ગાથાર્થ** :- ખેદ હોને છતે દૃઢતા ન રહેવાથી યોગમાં સુંદર પ્રણિધાન થતું નથી. જેમ ખેતીક્રિયામાં પાણી પ્રધાન છે તેમ આ પ્રણિધાન અહીં યોગમાં પ્રધાન જાણવું. [૧૪/૪]

## ❖ ધર્મક્રિયામાં ખેદને ટાળીએ ❖

**ટીકાર્થ** :- ખેદ નામનો ચિત્તનો દોષ હોને છતે ક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી ટકનારી સ્થિરતા ન રહેવાના કારણે પ્રસ્તુત યોગમાં પ્રણિધાન-એકાગ્રતા પ્રધાન બનતી નથી. અહીં યોગમાં પ્રણિધાન તો ફલ પ્રત્યે અસાધારણ કારણ છે. જેમ કે ધાન્યનિષ્પત્તિફલક કૃષિક્રિયામાં પાણી ફલ પ્રત્યે અસાધારણ = પ્રધાન કારણ છે તેમ ઉપરનું સમજવું. [૧૪/૪]

**વિશેષાર્થ** :- જેમ લાંબો માર્ગ કાપીને મુસાફર થાકી જાય અને ત્યાર બાદ આગળ ચાલવા માટે ઉત્સાહી ન રહે. તેમ પૂર્વકાલીન ધર્મક્રિયાની પ્રવૃત્તિથી થાક લાગતાં પછીની ક્રિયા કે ધ્યાનમાં પ્રવૃત્તિ કરવાને આત્મામાં ઉત્સાહ ન થાય, ખેદ હોય, ખિન્નતા હોય. આમ ખિન્ન થયેલું ચિત્ત પછીથી ધ્યાન કે ક્રિયામાં દૃઢ બનતું નથી. તેથી ત્યાં પ્રણિધાન-એકાગ્રતા-તન્મયતા થવામાં અવરોધ ઉભો થાય છે. પ્રણિધાન વિના તો ચાલી શકે તેમ છે જ નહિ. કેમ કે જેમ ધાન્યને નિષ્પન્ન કરે તેવી ખેતીમાં પાણી જરૂરી છે તેમ દરેક ધર્મસાધનામાં પ્રણિધાન જરૂરી છે. ખેદના લીધે તન્મયતાનો રંગ આવે નહિ. પછી ક્રિયા કે ધ્યાન કરે તો પણ શુભ અધ્યવસાય ક્યાંથી વિકસ્વર થવાના ? જો શુભ અધ્યવસાય કમાવવા હોય તો જેમ વેપારી લાભ કરાવનાર આડતિયાની સરભરા બરાબર ઉત્સાહ-ઉલ્લાસ-ઉમંગથી કરે છે તેમ મહાન શુભ અધ્યવસાયનો લાભ કરાવનારી ક્રિયાની ઉપાસના બરાબર રંગેચંગે ઉલ્લાસથી કરવી જોઈએ. ત્યાં ખિન્નતા શા માટે ? રોતા રોતા ક્રિયા થાય એમાં લાખનો માલ પાંચ રૂપિયામાં લીલામ કરવાની મુર્ખાઈ થાય. બુદ્ધિમાન આવું ન કરે. સીમંધરસ્વામીના ૩૫૦ ગાથાના સ્તવનમાં ઉપાધ્યાયજી મહારાજે જણાવેલ છે કે —> કિરિયામાં ખેદે કરી રે, દૃઢતા મનની નાંહિ રે, મુખ્ય હેતુ તે ધર્મમાં રે, જિમ પાણી કૃષિમાંહિ રે. <— યોગદૃષ્ટિસમુચ્ચયમાં પ્રથમ મિત્રાદૃષ્ટિમાં ખેદ દોષનો ત્યાગ જણાવેલ છે. [૧૪/૪]

**उद्वेगे** चित्तदोषे जाते **विद्वेषात्** योगविषयात् **अस्य** = योगस्य कथञ्चित् **करणं विष्टिसमं** = राजविष्टि-कल्पं **पापेन** = दासप्रायत्वहेतुभावेन[1] । **एतच्च** एवंविधं करणं योगिनां कुले यज्जन्म तस्य बाधकम्, 'उद्विग्नक्रियाकर्त्ता योगिकुलजन्माऽपि जन्मान्तरे न लभ्यते इति कृत्वा. **अलं** = अत्यर्थं **तद्विदां** = योगविदां **इष्टं** = अभिमतम् ॥१४/५॥ **'क्षेपेऽपि च'**इत्यादि ।

**क्षेपेऽपि चाऽप्रबन्धादिष्टफलसमृद्धये न जात्वेतत् । नाऽसकृदुत्पाटनतः शालिरपि फलावहः पुंसः ॥१४/६॥**

**कल्याणकन्दली**

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् —> उद्वेगे [सति] पापेन विद्वेषात् अस्य विष्टिसमं करणम् । एतत् अलं योगिकुलजन्मबाधकं [इति] तद्विदां इष्टम् ॥१४/५॥ इयमपि कारिका **योगभेदद्वात्रिंशिकावृत्त्यादौ** [द्वा.द्वा. १८/१४] समुद्धृता । एतदनुसारेण **योगभेदद्वात्रिंशिकायां** —> स्थितस्यैव स उद्वेगो योगद्वेषात्ततः क्रिया । राजविष्टिसमा जन्म बाधते योगिनां कुले ॥१४॥ <— इत्युक्तम् । उद्वेगे सति शान्तिरपि व्याहन्यते । तदुक्तं **महाभारते** —> उद्विग्नस्य कुतः शान्तिरशान्तस्य कुतः सुखम् <— [वनपर्व २३३/१३] ।

कष्टसाध्यताज्ञानजनिताऽऽलस्यात्मके **उद्वेगे चित्तदोषे जाते** तज्जनितात् **योगविषयात् विद्वेषात् योगस्य कथञ्चित्** = पारवश्यादिनिमित्तकं **करणं राजविष्टिकल्पं** = नृपनियुक्तानुष्ठानतुल्यं **दासप्रायत्वहेतुभावेन** = दास-किङ्करादिभावोपधायकेन **पापेन** = भावपापपरिणामेन । **उद्विग्नक्रियाकर्त्ता** = अनादरापन्नमनःकरणक-सत्क्रियायाः कर्त्ता **योगिकुलजन्मापि जन्मान्तरे न लभ्यते,** शरीरसुखमात्रलिप्सया स्थानस्थितत्व-करयोजनत्वादिना अनादरेण क्रियमाणाया योगक्रियाया योगिकुलजन्म-बाधकत्वनियमात् । तदुक्तं **उपदेशमालायां** —> जो पुण निरच्चणो च्चिय सरीरसुहकज्जमित्ततल्लिच्छो । तस्स न बोहिलाभो न सुग्गई नेय परलोगो ॥४९३॥ <— इति । अत एव **अक्ष्युपनिषदि** —> योगस्थः कुरु कर्माणि नीरसो वाऽथ मा कुरु <— [खंड-२ श्लो.३] इत्युक्तम् । तारादृष्टावयं दोषो न विद्यते ॥१४/५॥

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् —> क्षेपेऽपि च अप्रबन्धात् एतत् न जातु इष्टफलसमृद्धये । शालिः अपि असकृत् उत्पादनतः पुंसो न फलावहः ॥१४/६॥ इयमपि कारिका **योगभेदद्वात्रिंशिकावृत्त्यादौ** [द्वा.द्वा.१८/१७] समुद्धृता ।

**ગાથાર્થ** :- ઉદ્વેગ દોષ હોતે છતે પાપના લીધે દ્વેષ થવાના કારણે જીવ યોગને વેઠની જેમ કરે છે. આ રીતે કરવું તે યોગીના કુળમાં જન્મ થવામાં અત્યંત બાધક બને છે - એવું તેના જાણકારોનું મંતવ્ય છે. [૧૪/૫]

## ❀ સાધનામાં ઉદ્વેગનો પડછાયો પણ ન પાડો ❀

**ટીકાર્થ** :- ચિત્તનો ઉદ્વેગ નામનો દોષ હોય ત્યારે ભવાંતરમાં પ્રાયઃ કરીને દાસ-નોકર બનાવે અર્થાત્ નીચગોત્ર પ્રાપ્ત કરાવે તેવા પાપ કર્મના લીધે જીવ યોગવિષયક દ્વેષથી યોગને રાજાની વેઠની જેમ માંડ માંડ કરે છે. આ રીતે યોગનું કરવું એ યોગીઓના કુળમાં જન્મ થવામાં અત્યંત બાધક છે. ક્રિયા કરનાર ઉદ્વિગ્ન જીવ જ અન્ય જન્મમાં યોગીના કુળને પ્રાપ્ત કરતો નથી - એવું યોગવેત્તાઓને અભિમત છે. [૧૪/૫]

**વિશેષાર્થ** :- ઉદ્વેગ એટલે 'ક્રિયા કષ્ટસાધ્ય છે.' એવી બુદ્ધિથી ક્રિયા કરવામાં થતી સુસ્તી. જો કે ખેદમાં જેમ કાયાને થાક લાગે છે તેવું અહીં નથી. છતાં એ સુસ્તીને લીધે ક્રિયા કરવામાં ઉલ્લાસ થતો નથી. અલબત્ત ક્રિયા તો કરે પરંતુ ક્રિયામાં કોઈ ધનખર્ચ - બહુ સમય લાગવાનો કે શારીરિક કષ્ટ લાગવા વગેરેનો ઉદ્વેગ રહ્યા કરે છે. દા.ત. પક્ખી પ્રતિક્રમણ લાંબુ ચાલે - અજીત શાંતિ-કોઈ રાગથી બોલે ત્યારે કંટાળો આવે. જેમ મજૂરને કોઈ રાજા આજ્ઞા કરે અને ઈચ્છા વિના મજૂર વેઠ કરે તેમ વેઠ વાળવાની જેમ ક્રિયા થાય. યોગ પ્રત્યે આ અરુચિ-દ્વેષ છે. અને તે કુયોગની જેમ એટલો બધો બાધક બને છે કે ભવાંતરમાં યોગીકુળમાં જન્મ ન મળે. અંતરમાં ઉદ્વેગ હોય તો ભાવોલ્લાસ વધવાની વાત તો દૂર રહી ઊલટો દ્વેષ ઊભો થાય છે. આનો પરિહાર કરવા યોગ પ્રત્યે પ્રીતિ-ભક્તિ કેળવવી જ રહી. જેમ પત્ની પ્રત્યે પ્રેમ-પ્રીતિ હોવાથી અને માતા પ્રત્યે અપાર ભક્તિભાવ હોવાથી એના માટે કષ્ટસાધ્ય ક્રિયા પણ ઉદ્વેગ વિના પ્રેમ-ભક્તિપૂર્વક કરાય છે તેમ સાધકને સાધના પ્રત્યે પ્રેમ-ભક્તિ-આદર હોય તો કષ્ટસાધ્ય ધર્મક્રિયામાં પણ આનંદનો અનુભવ થાય. પછી વેઠ ઉતારવાનું ન થાય. ૩૫૦ ગાથાના સ્તવનમાં જણાવેલ છે કે —> બેઠા પણ જે ઉપજે રે, કિરિયામાં ઉદ્વેગ રે. યોગદ્વેષથી તે ક્રિયા રે, રાજવેઠસમ વેગ રે. <— યોગની બીજી તારા દૃષ્ટિમાં ઉદ્વેગ દોષ હોતો નથી-એમ યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથમાં જણાવેલ છે. [૧૪/૫]

**ગાથાર્થ** :- ક્ષેપ દોષ હોય ત્યારે પણ સાતત્ય ન રહેવાના કારણે આ ક્રિયા ક્યારેય પણ ઈષ્ટ ફળના અભ્યુદય માટે થતી

१. मुद्रितप्रतौ इदंपदं प्रमादेन लुप्तम् । अन्यत्र च 'दासप्रायत्वहेतुभूतेन' इति पाठः । २. मुद्रितप्रतौ —> 'उद्विग्नः क्रियाकर्त्ता जन्मान्तरे न लभते <— इति पाठः ।

**क्षेपेऽपि** चित्तदोषे **अप्रबन्धात्** = चित्तस्य शिथिलमूलत्वात् इष्टफलस्य योगनिष्पत्तिरूपस्य समृद्ध्यै = अभ्युदयाय **न जातु** = कदाचित् **एतत्** = करणं भवति । अत्र दृष्टान्तमाह - **न असकृत्** = अनेकशः **उत्पाटनात्** = उत्खननात् **शालेरपि** धान्यविशेषः **फलावहः** = फलप्रदः **पुंसः** = पुरुषस्य भवति ॥१४/६॥

'**उत्थान**' इत्यादि ।

**उत्थाने निर्वेदात् करणमकरणोदयं सदैवाऽस्य । अत्यागत्यागोचितमेतत्तु स्वसमयेऽपि मतम् ॥१४/७॥**

**उत्थाने** चित्तदोषे सत्यप्रशान्तवाहितया **निर्वेदात्** हेतोः **करणं** = निष्पादनं आयतिमाश्रित्याऽकरणस्यैवोदयो यस्मिंस्तत्तथा, **सदैव अस्य** = योगस्य । 'कीदृशं तत्करणं ?' अत्यागं = अशक्यत्यागं, बाह्यप्रतिज्ञाभङ्गस्य

## कल्याणकन्दली

योगकरणकालस्याऽन्तराऽन्तराऽधिकृतान्यकर्मणि चित्तन्यासात्मके **क्षेपे चित्तदोषे** सति **अपि चित्तस्य शिथिलमूलत्वात्** = **योगफलजननशक्तिलक्षणमूलशैथिल्यात् योगनिष्पत्तिरूपस्य इष्टफलस्य अभ्युदयाय** = उत्पादनाय **न कदाचित्** योगस्य **करणं** भवति । **न अनेकशः** = वारंवारं **उत्खननात्** शालिः = व्रीहिः **अपि फलप्रदः**, असकृदुत्पादनेन शालेरिव क्षेपेण योगस्य फलजननशक्तिनाशात्र ततः फलमिति भावः । तदुक्तं **योगभेदद्वात्रिंशिकायां** –> क्षेपोऽन्तराऽन्तराऽन्यत्र चित्तन्यासोऽफलावहः । शालेरपि फलं नो यद् दृष्टमुत्खननेऽसकृत् ॥१७॥ <– इति । बलादृष्टौ क्षेपदोषो नास्ति ॥१४/६॥

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् –> उत्थाने निर्वेदात् सदैव अस्य करणं अकरणोदयम् । एतत् तु स्वसमयेऽपि अत्यागत्यागोचितं मतम् ॥१४/७॥ इयमपि कारिका **योगभेदद्वात्रिंशिकावृत्त्यादौ** [द्वा.द्वा.१८/१६] समुद्धृता । एतदनुसारेण **योगभेदद्वात्रिंशिकायां** –> प्रशान्तवाहिताऽभाव उत्थानं करणं ततः । त्यागानुरूपमत्यागं निर्वेदादतथोदयम् ॥१६॥ <– इत्युक्तम् । **अप्रशान्तवाहितया** = प्रशमैकवृत्तिसन्तानस्याऽभावेन **निर्वेदात्** = मनोमालिन्यात् यद्वा एकवृत्तिभङ्गात् **निष्पादनं योगस्य; आयतिं** = अनागतकालं **आश्रित्य अकरणस्य** = योगाऽप्रवृत्तेः **एव उदयो** = भाविकालविपाकः **यस्मिन् तत् तथा** अप्रशान्तवाहितया निर्वेदात् योगनिष्पादनस्य अनागतकालीनयोगप्रवृत्तिप्रतिबन्धककर्मार्जकत्वात् । **अशक्यत्यागं, बाह्यप्रतिज्ञाभङ्गस्य**

નથી. ડાંગર પણ વારંવાર ઉખેડ્યા પછી પુરુષને ફલપ્રદ નથી બનતી. [૧૪/૬]

### ❋ ધર્મસાધનામાં ક્ષેપ દોષને હટાવીએ ❋

**ટીકાર્થ :-** ચિત્તનો ક્ષેપનામક દોષ હોય ત્યારે પણ મન શિથિલ થવાથી યોગસિદ્ધિસ્વરૂપ ઈષ્ટ ફલના અભ્યુદય માટે ક્યારેય પણ આ ક્રિયા થતી નથી. અહીં ગ્રંથકાર શ્રીમદ્જી દૃષ્ટાંતને જણાવે છે. ડાંગર નામનું ધાન્ય પણ વારંવાર ઉખેડવાથી પુરુષને ફલપ્રદ બનતું નથી. [૧૪/૬]

**વિશેષાર્થ :-** ક્ષેપ એટલે ચિત્તની ક્ષિપ્ત અવસ્થા. આ ક્ષિપ્ત અવસ્થામાં ખેદ-ઉદ્વેગ નથી પરંતુ આગે ચિત્ત બીજે મૂકાવાની જેમ ક્રિયા કરતાં વચ્ચે-વચ્ચે ચિત્ત બીજે ઠેકાણે ચાલ્યું જાય છે. બીજા-ત્રીજા વિચારમાં ચઢી જાય છે. દા.ત. પ્રતિક્રમણ કરતી વખતે પડિલેહણમાં મન ગૂંથાયેલ રહે, પડિલેહણ કરતી વખતે દેરાસર જવાનું મન રહે, પ્રભુસન્મુખ ચૈત્યવંદન કરતાં નવકારશી-સ્વાધ્યાય વગેરે કરવામાં મન પરોવાયેલ રહે. જેમ ડાંગરના છોડને એક ક્યારામાંથી ઉખેડીને બીજે રોપે, બીજામાંથી ઉખેડી ત્રીજે રોપે... આમ સ્થાનાંતર કર્યા જ રાખે તો એ છોડ પર ફળ-ડાંગરઅનાજ ઊગતું નથી. તેમ ચાલુ ક્રિયામાંથી ચિત્તને બીજે-ત્રીજે સારા યા ખરાબ ઠેકાણે ફેરવ્યા કરવાથી આ ક્રિયામાં સળંગ ચિત્તધારા- મનનું સાતત્ય - પ્રસ્તુત ક્રિયાનુકૂળ વર્ધમાન શુભ અધ્યવસાયનો પ્રવાહ તૂટી જાય છે. વળી, મન બીજા-ત્રીજા ઠેકાણે જાય એટલે જે ધર્મક્રિયા થતી હોય એને અનુકૂળ ભાવોલ્લાસ પણ પ્રગટવામાં વાર લાગે છે. પરિણામે યોગસિદ્ધિસ્વરૂપ પ્રસ્તુત ફળનો ઉદય-સંયોગ થતો નથી. ૩૫૦ ગાથાના સ્તવનમાં જણાવેલ છે કે –> બિયે બિયે બીજા કાજમાં રે, જાય મન તે ખેપ રે. ઉખણતાં જિમ શાલિનું રે, ફલ નહિ તિહાં નિર્લેપ રે. <– યોગની ૩ જી બલા દૃષ્ટિમાં ક્ષેપ દોષ હટી જાય છે. [૧૪/૬]

### ❁ ઉત્થાન દોષવાળી આરાધના રવાના કરીએ ❁

**ગાથાર્થ :-** ઉત્થાન દોષ હોય ત્યારે નિર્વેદ હોવાથી હંમેશા યોગને કરે છતાં ન કરવાનું જ ફળ મળે છે. આવી ક્રિયા અશક્યત્યાગવાળી હોવા છતાં ત્યાગને યોગ્ય છે - એવું આપણા જૈનાગમમાં પણ અભિમત છે. [૧૪/૭]

**ટીકાર્થ :-** ચિત્તનો ઉત્થાન દોષ હોય ત્યારે અપ્રશાંતવાહિતાથી નિર્વેદ-કંટાળો થવાના કારણે કાયમ યોગને કરે છતાં ભવિષ્યકાળની અપેક્ષાએ ન કરવાનું જ ફળ મળે. અર્થાત્ કરવાનું ફળ ન જ મળે. તે આવી ક્રિયા અત્યાગ-ત્યાગોચિત છે. મતલબ કે બાહ્ય પ્રતિજ્ઞાનો ભંગ કરે [સાધુ પ્રતિક્રમણાદિ ન કરે કે સાધુવેશ છોડે] તો તે લોકનિંદાનું કારણ બને અને લોકો દ્વારા

लोकापवादहेतुत्वात् तस्य च दुःसहत्वात् तथा त्यागाय उचितं = योग्यं अप्रशान्तवाहितादोषविषमिश्रितत्वात्, **एतत्तु** = एतत्पुनः करणं **स्वसमयेऽपि** = स्वसिद्धान्तेऽपि **मतं** = अभीष्टम् । अत एव गृहीतदीक्षस्य सर्वथा मूलोत्तरगुणनिर्वहणाऽभावे विधिना सुश्रावकाचारग्रहणमुपदर्श्यते[1] ।

अत्यागं कथञ्चिदुपादेयत्वात् त्यागोचितं च '[2]सदोषत्वादिति व्याख्यायां तु भावविशेषकृतगुणदोषतुल्यभावो द्रष्टव्यः । इत्थमेव संविग्नपाक्षिकादिव्यवस्थासिद्धेरिति दिग् ॥१४/७॥

## कल्याणकन्दली

**लोकापवादहेतुत्वात्, तस्य च** = बहुजनकृतस्वनिन्दादेः हि **दुःसहत्वात्** । **तथा त्यागाय योग्यं अप्रशान्तवाहितादोषविषमिश्रितत्वात्** । ततश्च सर्पस्याऽऽखुगलनवृत्तान्तानुसरणमेतत् । **एतत्पुनः** अप्रशान्तवाहितया **करणं स्वसिद्धान्तेऽपि** अकरणोदयत्वेन अत्यागत्यागोचितत्वेन च रूपेण **अभीष्टम्** । प्रशान्तवाहितयैव कृतो योगः तत्त्वतः कृतो भवति, तस्याः तद्धेतुत्वेनोपदेशात् । तदुक्तं **अध्यात्मकल्पद्रुमे** —> योगस्य हेतुर्मनसः समाधिः <— [९/१५] इति । **अत एव** = अप्रशान्तवाहिताकृतयोगस्य त्यागोचितत्वादेव, **गृहीतदीक्षस्य** अपि **सर्वथा मूलोत्तरगुणनिर्वहणाभावे विधिना** = जन्म-दीक्षा-विहारभूमित्रितयवर्जन-जिनपूजोद्यम-सुसाधुसेवादिविधिना **सुश्रावकाचारग्रहणं उपदर्श्यते**, तदुक्तं **उपदेशमालायां** —> जइ न तरसि धारेउं मूलगुणभरं सउत्तरगुणं च । मुत्तूण तो तिभूमी सुसावगत्तं वरतरागं ॥५०१॥ अरिहंतचेइयाणं सुसाहुपूयारओ दढायारो । सुस्सावगो वरतरं न साहुवेसेण चुअधम्मो ॥५०२॥ <— इति । **व्यवहारसूत्रादौ** दर्शितं सिद्धपुत्र-सारूपिकादिव्यवस्थापनमप्यत्र विभावनीयम् ।

**अत्यागं कथञ्चित् उपादेयत्वात् त्यागोचितं च सदोषत्वात्** = अप्रशान्तवाहितादोषात् इति **श्रीयशोभद्रसूरिकृतायां सुगमार्थकल्पना**भिधानायां **व्याख्यायां** स्वीक्रियमाणायां **तु भावविशेषकृतगुणदोषतुल्यभावः** = सदनुष्ठानकर्तृगतपरिणामविशेषकृतः गुणदोषयोः साम्यभावः **दृष्टव्यः** । यावती अप्रशान्तवाहिताशक्तिः तावत्येव निजदोषगर्हाऽन्यसुकृतानुमोदनादिपरिणत्या गुणशक्तिरपि सम्भवतीति स्यादुपादेयताऽप्यविरुद्धैव । **इत्थमेव संविग्नपाक्षिकादिव्यवस्थासिद्धेः** । शुद्धिविचारे प्रथमः सुसाधुः द्वितीयः सुश्रावकः तृतीयश्च संविग्नपाक्षिक इति व्यवस्था सिद्धान्तसिद्धा । तदुक्तं **उपदेशमालायां** —> सावज्जजोगपरिवज्जणाउ सव्वुत्तमो जईधम्मो । बीओ सावगधम्मो तइओ संविग्गपक्खपहो ॥५१९॥ सुज्झइ जई सुचरणो सुज्झइ सुस्सावओऽवि गुणकलिओ । ओसन्नचरणकरणो सुज्झइ संविग्गपक्खरूई ॥५१३॥ <— इति । संविग्नपाक्षिकलक्षणान्यपि ततोऽवसेयानि [उप.माला.५१४-५१८] । अत एव एतादृशानुष्ठानस्य सर्वथा न हेयता किन्तु स्वीयपरिणामविशेषेण प्रवचनराग-निजाचारगर्हा-

પોતાની નિંદા થાય તે સહન થવી ખૂબ મુશ્કેલ છે. માટે તે છોડી દેવું અશક્ય છે. તથા [પાળી શકે તેમ ન હોય અને મનમાં સતત અજંપો રહેતો હોય. તેથી] તે છોડવા યોગ્ય છે, કારણ કે અપ્રશાંતવાહિતા-અજંપાના દોષસ્વરૂપ ઝેરથી તે મિશ્રિત થયેલ છે. આ રીતે ક્રિયા થતી હોય છે. એવું આપણા જૈનાગમમાં પણ માન્ય છે. માટે જ દીક્ષા ગ્રહણ કર્યા પછી સર્વથા મૂલ ગુણ અને ઉત્તર ગુણનો નિર્વાહ થઈ શકે તેમ ન હોય તો વિધિપૂર્વક [દીક્ષા છોડી] સારા શ્રાવકના આચાર પાળવા - એવું શાસ્ત્રમાં બતાવાય છે. [પોતાના અભિપ્રાય મુજબ વ્યાખ્યા કર્યા બાદ ષોડશકની સુગમાર્થકલ્પના ટીકાના રચયિતા શ્રીયશોભદ્રસૂરિજી મ.ના મતને જણાવતા ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે] કથંચિત્ ઉપાદેય હોવાથી ત્યાગ થઈ શકે તેમ નથી અને દોષયુક્ત હોવાથી ત્યાગને યોગ્ય છે - એવી વ્યાખ્યા કરવામાં આવે તો ભાવવિશેષથી ગુણ-દોષનું સમાન બળ જાણવું. આ રીતે જ સંવિગ્નપાક્ષિક વગેરે વ્યવસ્થા સિદ્ધ થાય છે. આ એક દિગ્દર્શન છે. [૧૪/૭]

**<u>વિશેષાર્થ</u>** :- ઉત્થાન એટલે ચિત્તની અપ્રશાંતવાહિતા - અસ્વસ્થતાભર્યું ચિત્ત. જેમ મદોન્મત્ત પુરુષનું મન ઠેકાણે નથી હોતું-શાંત નથી હોતું, તેમ અહીં પ્રસ્તુત ધર્મારાધનામાં મન સ્વસ્થ-શાંત ન રહે. અજંપો-ઉચાટ રહે. અલબત્ત પ્રસ્તુત આરાધનામાં ખેદ-ઉદ્વેગ-ક્ષેપ ઉભા થવા દીધા ન હોય છતાં ગમે તે કારણે ચિત્ત અશાંત-અસ્વસ્થ-ઉદાસ રહેવાથી આરાધના કરાય છતાં છૂટી જવા જેવી તે આરાધના થાય છે. દા.ત. દીક્ષા લીધા પછી એને કલ્યાણકારી-ઉપાદેય સમજવા છતાં મોહોદય વગેરેથી દીક્ષામાં અજંપો, અસ્વસ્થતા રહે તો અહીં ઉત્થાન દોષ લાગુ પડે છે. લોકનિંદાના ભયથી દીક્ષાનો ત્યાગ ન કરે તો પણ તે દીક્ષા ત્યાગને યોગ્ય બને છે. દીક્ષા વ્યવહારથી પાળે છતાં પણ પોતે દીક્ષાને યોગ્ય નથી રહેતો. - ચારિત્રાંતરાય બાંધે. જંબુસ્વામીના જીવે ભવદેવના ભવમાં પૂર્વે ૧૨ વર્ષ અનિચ્છાએ દીક્ષા પાળી છતાં અજંપો-અકળામણ આ બધા કારણોને લીધે ચારિત્રના અંતરાય બાંધ્યા અને તેથી જ શિવકુમારના ભવમાં દીક્ષાની પ્રાપ્તિ માટે ૧૨ વર્ષ સુધી તપશ્ચર્યા કરવા છતાં દીક્ષા મેળવી ન શક્યા. માટે મહાવ્રત પાળવાની ક્ષમતા ન ધરાવનાર સાધુને સુશ્રાવકના આચાર પાળવાનો ઉપદેશ અપાય છે. સિદ્ધપુત્ર, સારૂપિક વગેરે આના માટે શાસ્ત્રપ્રસિદ્ધ વ્યવસ્થા છે. અર્થાત્ તેવા જીવોએ દીક્ષા છોડી દેવી જોઈએ. સાધુવેશને કલંકિત કરવો કોઈ પણ હિસાબે વ્યાજબી નથી. માટે તો અષાઢાભૂતિ, નંદીષેણ વગેરેએ દુભાતા દિલે પણ દીક્ષા છોડી. સાધુ વેશમાં રહીને અબ્રહ્મસેવન કરવાથી તો સંસાર વધી જ જાય.

१. अन्यत्र च '.... मुपदिश्यते' इति पाठः ॥ २. मुद्रितप्रतौ 'दोषत्वादिति' इत्यशुद्धः पाठः ।

'**भ्रान्तावि**'त्यादि ।

**कल्याणकन्दली**

संविग्नानुमोदनाद्युद्यमात् गुणशक्तिः प्रवर्धनीया, दोषोपरमे च यतितव्यम्, न तु स्वीयपरिणामविशेषजन्यगुणतुल्यं स्वदोषमभ्यासदशायां दृष्ट्वा सदनुष्ठानमेकान्तेन त्याज्यम् । इदमेवाभिप्रेत्य टीकाकृताऽपि **न्यायालोके** —> अस्मादृशां प्रमादग्रस्तानां चरणकरणहीनानाम् । अब्धौ पोत इवेह प्रवचनरागः शुभोपायः ॥ <— [प्र.३ गा.६ पृ.२३४], —> विधिकथनं विधिरागो विधिमार्गे स्थापनं विधीच्छूनां । अविधिनिषेधश्चेति प्रवचनभक्तिः प्रसिद्धा नः । अध्यात्मभावनोज्ज्वलचेतोवृत्त्योचितं हि नः कृत्यम् । पूर्णक्रियाभिलाषश्चेति द्वयमात्मशुद्धिकरम् ॥ <— [२०/३३] इति च **अध्यात्मसारे** प्रोक्तम् ।

परेषामपि योगारम्भदशायां वितर्कादयोऽभिमताः । तदुक्तं **मोक्षधर्मे** —> वितर्कश्च विवेकश्च विचारश्चोपजायते । मुनेः समादधानस्य प्रथमं योगमादितः ॥ <—[१९५/१५] प्रथमं योगं = संप्रज्ञातं आदितः = क्रमात् जायत इत्यर्थः । चतुर्थदृष्टावुत्थानदोषो न विद्यते किन्तु तत्पूर्वं वर्तते । इदमप्यत्राऽवधातव्यम्-कलिकालसर्वज्ञेन **श्रीहेमचन्द्रसूरीश्वरेण योगशास्त्रे** योगिना **गोरक्षनाथेन** च **अमनस्कयोगे** ग्रन्थे विक्षिप्त-यातायात-श्लिष्ट-सुलीनाभिधानाः चत्वारः चेतःप्रकाराः प्रदर्शिताः । अभ्यासदशायां तरलत्वं चित्तस्य स्यात् । तदुत्तरं योगानन्दवृद्ध्या दोषह्रासात् परतत्त्वप्राप्तिः स्यात् । तदुक्तं **योगशास्त्रे** —> [१] विक्षिप्तं चलमिष्टं [२] यातायातञ्च किमपि सानन्दम् । प्रथमाभ्यासे द्वयमपि विकल्पविषयग्रहं तत्स्यात् ॥ [३] श्लिष्टं स्थिरसानन्दं, [४] सुलीनमतिनिश्चलं परानन्दम् । तन्मात्रकविषयग्रहमुभयमपि बुधैस्तदाम्नातम् ॥ एवं क्रमशोऽभ्यासाऽऽवेशात् ध्यानं भजेत् निरालम्बम् । समरसभावं यातः परमानन्दं ततोऽनुभवेत् ॥ <—[यो.शा.प्र.१२/गा.३-४-५, **अमनस्कयोग** ९५-९६-९७-१११] इति । ततश्च प्राथमिकदशायां विक्षिप्तत्वादिसम्भवेऽपि शुद्धभावेन दोषापकरणे गुणोपार्जने चैव यतितव्यं योगप्रयोगद्वारा अपुनर्बन्धकादिभिः । यथोक्तं **अध्यात्मसारे** —> विषय-कषायनिवृत्तं योगेषु च सञ्चरिष्णु विविधेषु । गृहखेलद्बालोपममपि चलमिष्टं मनोऽभ्यासे ॥ [२०/२२] वचनानुष्ठानगतं यातायातञ्च सातिचारमपि । चेतोऽभ्यासदशायां गजाङ्कुशन्यायतोऽदुष्टम् ॥[२०/२१] अशुद्धाऽपि हि शुद्धायाः क्रिया हेतुः

ઝેરવાળું ભોજન કરવું તે કરતાં ન ખાવું સારું. ભૂખ્યા રહેવું સારું. સર્વથા નિરપવાદ મહાવ્રતને સાધુવ્રતમાં રહીને તોડી ન જ શકાય. પણ તે તૂટે તેમ જ હોય તો સાધુએ સાધુવેશ છોડવો જ જોઈએ- એવું શાસ્ત્રકારોનું તાત્પર્ય જણાય છે. ૩૫૦ ગાથાના સ્તવનમાં પણ જણાવેલ છે કે —> શાંતવાહિતા વિણ હોવે રે જે યોગે ઉત્થાન રે - ત્યાગ યોગ છે તેહથી રે, આણછંડાનું ધ્યાન રે.<—

## ❦ સંવિગ્નપાક્ષિક વ્યવસ્થાનું રહસ્ય ❦

મૂલ-ઉત્તર ગુણ અર્થાત્ ચરણસત્તરી અને કરણસત્તરીમાં જેની શાસ્ત્રમાં અપવાદમાર્ગે કારણિક છૂટ આપવામાં આવેલ હોય તેની જ વિના કારણે પણ ઘણી વાર છૂટછાટ લે પરંતુ પોતે સમજે કે —> 'આ સ્થિતિમાં મારું સાધુપણું કેવી રીતે કહી શકાય ? રસ-ઋદ્ધિ-શાતાગારવને પરાધીન બનેલો હું કેવો અભાગી છું કે તારક તીર્થંકરોની કલ્યાણકારી આજ્ઞાને તુચ્છ સુખને ખાતર કચડી નાંખું છું ! હાય ! મારું શું થશે ? બીજી બાજુ આંતરિક રીતે મને સાધુપણું ગમે છે. સારા સાધુઓ પણ મને ગમે છે. સાધુવેશ છોડવાની મારી ઈચ્છા નથી. ફરીથી સંસારી બનવાની કલ્પના કરતાં પણ મને ધ્રૂજારી છૂટે છે, મારી નસમાં વહેતું પવિત્ર-ખાનદાન માબાપનું લોહી એવું છે કે હું આપઘાત કરવાનું પસંદ કરીશ પણ સાધુવેશ તો છોડી જ નહિ શકું. લોકનિંદા-બેઆબરુ વગેરેના કારણે પણ સાધુવેશ છોડવાની મારી તૈયારી નથી. રોજેરોજ ષડ્જીવનિકાયની વિરાધનાથી ઊભરાતું સંસારી જીવન હવે હું જીવી શકું તેવી મારી સ્થિતિ નથી. છતાં ભારે કર્મીપણાના લીધે નાલાયક હું સંયમજીવનમાં દોષ લગાડું છું. જંબુકુમાર થનારા ભવદેવ મુનિની જેમ ચારિત્ર પાળવા છતાં હું ચારિત્રના અંતરાય બાંધી રહ્યો છું. હે પરમાત્મા ! મને બચાવ. હું શુદ્ધ સંયમજીવન જીવું એવું બળ આપ' <— આવી વિચારધારાના કારણે ગુણ અને દોષનું બળ લગભગ સમાન થઈ જાય છે. તેવા જીવો માટે શાસ્ત્રમાં સંવિગ્નપાક્ષિક વગેરે વ્યવસ્થા બનાવી છે. શાસ્ત્રમાં જે નિરપવાદ બાબતોની છૂટછાટ આપવામાં આવેલ ન જ હોય તેનું સંવિગ્નપાક્ષિક સેવન ન જ કરે. પોતે સંવિગ્ન ન હોવા છતાં સંવેગી સાધુઓ પ્રત્યે પક્ષપાત રાખીને જીવન જીવે. સુવિહિત સાધુના વંદન-સેવા વગેરે ના લે... ઈત્યાદિ સંવિગ્નપાક્ષિકસંબંધી વિશેષ વાતો ઉપદેશમાલા [૫૧૪ થી ૫૨૬ ગાથા] વગેરે ગ્રંથમાંથી જાણી લેવી. સંવિગ્નપાક્ષિક પોતાની પ્રામાણિકતા-ખાનદાની-સંવેગી સાધુનો પક્ષપાત - સાધુભક્તિ-પોતાની જાત પ્રત્યે ધિક્કાર, પાપનો પશ્ચાતાપ વગેરેના કારણે કર્મક્ષય કરી કાલાંતરે ફરીથી સંવિગ્ન-સુસાધુ બને તેવી પૂર્ણ શક્યતા છે. તેની પાસે સાધુવેશરૂપી દૂધ હાજર હશે તો માત્ર પુરૂષાર્થ-ભાવસ્વરૂપ સાકર ભેળવવાની જ જરૂર રહેશે. અલ્પ પ્રયત્નથી મધુર દૂધ પીવાનું સૌભાગ્ય મળી શકે. જો તે દીક્ષા છોડી દે તો કાં તો આપઘાત કરે કાં તો કાલાંતરે પુનઃ દીક્ષાનો ઉત્સાહ ન જાગે. તેનો આત્મવિકાસ અટકી ન પડે માટે શાસ્ત્રકારોએ સંવિગ્નપાક્ષિક માર્ગ પણ બતાવેલ છે. જે સાધુ નિઃશુકતાથી મહાવ્રત ભાંગે, દોષને સેવ્યા બાદ નિષ્ઠુર બનીને દોષ સ્વીકાર ન કરે, બચાવ કરે, નિર્લજ્જ બની સાધુમર્યાદા તોડે, તો તેવા જીવ દીક્ષામાં ચીકણા કર્મ ન બાંધે તે માટે શાસ્ત્રકાર ભગવંતોએ તેમને સાધુવેશ છોડી પરમાત્મભક્તિ વગેરેમાં પ્રવૃત્ત થવાની સુંદર હિતકારી સલાહ આપેલી છે. [૧૪/૭]

**भ्रान्तौ विभ्रमयोगान्न हि संस्कारः कृतेतरादिगतः । तदभावे तत्करणं प्रक्रान्तविरोध्यनिष्टफलम् ॥१४/८॥**

**भ्रान्तौ** चित्तदोषे सति विभ्रमस्य = मनोवैकल्यस्य योगात् = सम्बन्धात् **न हि** = नैव **संस्कारः** = वासनाविशेषः **कृतेतरादिगतः** 'इदं मया कृतमितरदकृतं' आदिशब्दात् 'इदं मयोच्चरितमिदमनुच्चरितं' एतद्गतः = एतद्विषयः, विपरीतसंस्कारेण सत्यसंस्कारनाशात् । **तदभावे** = कृतेतरादिसंस्काराभावे तस्य = प्रस्तुतस्य योगस्य करणं प्रक्रान्तस्य योगस्य विरोधि, अनिष्टफलं = इष्टफलरहितं, कृतेतरादिसङ्कलनसहितक्रियाया एवेष्टफलहेतुत्वात् ।

**अथ** यत्रोपेक्षयैव कृताकृतसंस्काराभावो न तु भ्रान्त्या, तत्र कोऽयं दोषः ? इति **चेत्** ? **न**, भ्रान्तेः उपेक्षाया अप्युपलक्षणत्वात् ॥१४/८॥ **'अन्यमुदी'**त्यादि ।

**अन्यमुदि तत्र रागात्तदनादरताऽर्थतो महापाया । सर्वानर्थनिमित्तं मुद्विषयाङ्गारवृष्ट्याभा ॥१४/९॥**

**कल्याणकन्दली**

सदाशयात् । ताम्रं रसानुवेधेन स्वर्णत्वमधिगच्छति ॥ <— [२/१६] इत्यादिसूचनार्थं दिक्पदोपादानमकारि ॥१४/७॥

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् —> भ्रान्तौ विभ्रमयोगात् कृतेतरादिगतः संस्कारो हि न । तदभावे तत्करणं प्रक्रान्तविरोधि अनिष्टफलम् ॥१४/८॥ इयं कारिका **योगभेदद्वात्रिंशिकावृत्त्यादौ** [द्वा.द्वा.१८/१५] समुद्धृता । एतदनुसारेण **योगभेदद्वात्रिंशिकायां** —> भ्रमोऽन्तर्विप्लवस्तत्र न कृताकृतवासना । तां विना योगकरणं प्रस्तुतार्थविरोधकृत् ॥१५॥ <— इत्युक्तम् ।

**मनोवैकल्यस्य सम्बन्धात् नैव संस्कारः कृतेतरादिगतः** जायते, विभ्रमजन्येन **विपरीतसंस्कारेण सत्यसंस्कारनाशात्** = कृतेतरादिगोचरयथार्थसंस्कारप्रतिबन्धात् ।

**एतेन** —> न ह्ययुक्तेन मनसा किञ्चन सम्प्रति शक्नोति कर्तुं <— [६/३/१/१४] इति **शतपथब्राह्मण**वचनमपि **व्याख्यातम्**, द्रव्यतः करणेऽपि भावतोऽकरणात् । अत एव सत्यसंस्कारानुत्पादः । **कृतेतरादिसंस्काराभावे योगस्य करणं, प्रक्रान्तस्य योगस्य विरोधि** । अत एव तत्त्वतः तदकरणमेव । भ्रान्तेः पारमार्थिकवृत्त्या तत्कालीनयोगप्रतिबन्धकत्वेऽपि नानुबन्धतो योगविरोधित्वं सम्भवति, सति विधि-यतनाऽऽदरादिपरिणामे । अत एव —> **अनिष्टफलं = इष्टफलरहितं** <— इति टीकाकृता व्याख्यातम् । विशिष्टतरयोगाराधनायां ऊर्ध्वभूमिकायां स्वल्पस्याऽपि दोषस्य मन्त्रविधाने इवानिष्टफलत्वमित्याशयेन 'अनिष्टफलं' इति मूलकृदुक्तिः । योगारम्भकालीनस्वल्पदोषयुक्तयोगकरणस्य प्रज्ञापनीयता-विधिपरतादिगुणकलितकर्तृकस्य नाऽनागतकाले विपरीतफलत्वं किन्तु तदभीष्टफलशून्यत्वमेव, **कृतेतरादिसङ्कलनसहितक्रियाया एव इष्टफलहेतुत्वा**दित्याशयेन **'इष्टफलरहितं'** इति टीकाकृदुक्तिरिति न विरोध इति ध्येयम् । पञ्चमदृष्टौ सूक्ष्मबोधादिसद्भावात् भ्रान्तिर्निवर्तते । **उपेक्षाया अपि उपलक्षणत्वात्**, संशयस्यापि तत एव ग्रहणमवगन्तव्यम् ॥१४/८॥

## ❁ ધર્મક્રિયામાં ભ્રાંતિ અનિષ્ટફળદાયક છે ❁

**ગાથાર્થ :-** ભ્રાંતિ દોષ હોય ત્યારે વિભ્રમની હાજરીથી 'કર્યું કે નહિ' તે સંબંધી સંસ્કાર નથી રહેતા. તેવા સંસ્કાર ન હોય તો તે ક્રિયા પ્રસ્તુત યોગનું વિરોધી અનિષ્ટ ફળ આપે છે. [૧૪/૮]

**ટીકાર્થ :-** ચિત્તનો ભ્રાંતિ નામનો દોષ હોય ત્યારે મનોવિકલતા-અનુપયોગની હાજરીથી 'આ મેં કર્યું, બાકીનું નથી કર્યું.' મૂળ ગાથામાં રહેલ 'આદિ' શબ્દથી 'આ હું બોલ્યો, બીજું બોલેલ નથી.' આ સંબંધી સંસ્કાર થતા નથી જ; કારણ કે વિપરીત સંસ્કાર દ્વારા સાચા સંસ્કારનો નાશ થાય છે. કર્યું કે નહિ તેના સાચા સંસ્કાર ન હોય તો પ્રસ્તુત યોગની ક્રિયા એ પ્રસ્તુત યોગના વિરોધી એવા અનિષ્ટ ફળને આપે છે. ઈષ્ટ ફળ આપતું નથી. કારણ કે 'આટલું કર્યું, બાકીનું કરવાનું બાકી છે' આવી સંકલન સહિતની ક્રિયા જ ઈષ્ટ ફળનો હેતુ બને છે.

—> જ્યાં ઉપેક્ષાથી જ કર્યા-ન કર્યાનો સંસ્કાર ન હોય, નહિ કે ભ્રાંતિ દોષથી ત્યાં સંકલનનો અભાવ એ કયો દોષ કહેવાય ? <— આ પ્રશ્નનો જવાબ એ છે કે ભ્રાંતિ એ ઉપેક્ષાનું પણ ઉપલક્ષણ છે. અર્થાત્ ભ્રમના [વિપરીતસંસ્કારના] કારણે કે ઉપેક્ષા-ઉદાસીનતાના [સત્ય સંસ્કારના અભાવના] કારણે કર્યું કે નહિ ? તેની સંકલના ન હોય તે ભ્રાન્તિ દોષ જ જાણવો.[૧૪/૮]

**વિશેષાર્થ :-** ભ્રાંતિ એટલે અમુક ક્રિયા કર્યા ન કર્યાની, અમુક સૂત્ર બોલ્યા-ન બોલ્યાની ભ્રમણા. દા.ત. વંદન, મુહપત્તિ-પડિલેહણ કર્યા ને ન કર્યું માને, નમુત્થુણં સૂત્ર ન બોલ્યા ને બોલ્યું માની બેસે. 'કાઉસગ્ગમાં ૪ લોગસ્સ થયા કે ૩ લોગસ્સ ?' તે ખ્યાલ ન રહે. વિપરીત સંસ્કાર પડે કે સાચા સંસ્કાર ન પડે - આ બન્ને અવસ્થામાં સત્યસંકલના ન હોવાથી ક્રિયા કરવા છતાં ક્રિયાનું જે ફળ મળવું જોઈએ તે ન મળે. ૩૫૦ ગાથાના સ્તવનમાં જણાવેલ છે કે —> **ભ્રમથી જેહ ન સાંભરે રે, કાંઈ** અકૃતકૃત કાજ રે. તેહથી શુભ કિરિયા થકી રે અર્થવિરોધી અકાજ રે. <— [૧૪/૮]

अनुष्ठीयमानादन्यस्मिन् मुत् = प्रमोदः, तस्यां सत्यां **तत्र** = अन्यस्मिन् **रागात्** = अभिलाषातिरेकात् **तदनादरता** = अनुष्ठीयमानाऽनादियमाणता, **अर्थतः** = सामर्थ्यात्, तत्क्रियाकालेऽन्यरागस्य तदरागाक्षेपकत्वात् । सा च तदनादरता **महापाया** = महाधर्मविघ्नवती, तथा सर्वेषामनर्थानां निमित्तं, लेशतोऽपि विहितानुष्ठानाऽनादरस्य दुरन्तसंसारहेतुत्वात् ।

तदनादरदोषेऽप्यन्यादरगुणात्तुल्याऽऽयव्ययत्वमित्याशङ्कायामाह —> **मुद्विषये इतरानुष्ठाने अङ्गारवृष्ट्याभा** = अङ्गारवृष्टिसदृशी, अकालरागस्य तत्फलोपघातकत्वादिति भावः । इयश्चान्यमुत्सुन्दरेष्वपि शास्त्रोक्तेषु चैत्यवन्दन-स्वाध्यायादिषु श्रुतानुरागाच्चैत्यवन्दनादिकरणवेलायामपि तदनादियमाणस्य तदुपयोगाभावेन इतरासक्तचित्तवृत्तेः सदोषा । न हि शास्त्रोक्तयोरनुष्ठानयोरयं विशेषोऽस्ति यदेकमदरणीयमन्यत्तु नेति ॥१४/१॥

**कल्याणकन्दली**

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् —> अन्यमुदि तत्र रागात् अर्थतः तदनादरता महापाया सर्वानर्थनिमित्तं मुद्विषयाङ्गारवृष्ट्याभा ॥१४/१॥ इयमपि कारिका **योगभेदद्वात्रिंशिकावृत्तौ** [द्वा.द्वा.१८/१९] समुद्धृता । एतदनुसारेण **योगभेदद्वात्रिंशिकायां** —> विहितेऽविहिते वाऽर्थेऽन्यत्र मुत्प्रकृतात्किल । इष्टेऽर्थेऽङ्गारवृष्ट्याभाऽत्यनादरविधानतः ॥१९॥ <— इत्युक्तम् । कान्तायां योगदृष्टावन्यमुद्दोषो नास्ति ।

**अन्यस्मिन्** = अनुष्ठीयमानभिन्ने विहितेऽविहिते वा कर्मणि **अभिलाषातिरेकात् अनुष्ठीयमानाऽनाद्रियमाणता तत्क्रियाकाले अन्यरागस्य** = प्रकृतभिन्नाभिलाषस्य **तदरागाऽऽक्षेपकत्वात्** = अनुष्ठीयमानाऽरागोपधायकत्वात् । अवसरोचितरागाभाव-रागविषयानवसराभ्यां प्रकृतान्याभिलाषोऽत्र गाढोऽवगन्तव्यः । तत एवानुष्ठीयमानेऽपि गाढानादरताऽवसेया । **तदनादरता** = अवसरोचिते विहिते सदनुष्ठानेऽनादृतिः **महाधर्मविघ्नवती** = स्वजनकतासम्बन्धेन तात्त्विकयोगप्रतिपत्त्यन्तरायविशिष्टा ।

**अकालरागस्य** = स्वरूपतः कथञ्चित् प्रशस्तस्याऽपि अनवसरकृतत्वेनाऽनुबन्धतोऽप्रशस्तस्य प्रचुराभिलाषस्य **तत्फलोपघातकत्वात्** = गाढरागविषयीभूताऽनागतकालीनाऽनुष्ठानसाध्यप्रधानफलसामग्रीविघातकत्वात् ।

**तदनाद्रियमाणस्य** = स्वकालोपस्थित-विहित-चैत्यवन्दनाद्यनादरवतः **तदुपयोगाभावेन** = चैत्यवन्दनादिवर्णार्थालम्बनगोचरप्रणिधानविरहेण **इतराऽऽसक्तचित्तवृत्तेः** = स्वाध्यायाद्यासक्तमनोवृत्तेः **अन्यमुत् सदोषा** ज्ञेया। इदश्चात्रावधेयं विवक्षितानुष्ठानप्रारम्भात् प्राक् प्रजायमानं रात्रिन्दिवनियतक्रमिक-स्वकर्तव्यवृन्दविषयसङ्कलनं तदारम्भसमाप्तिकालपरिमाणावधारणञ्च नान्यमुद्दोषाक्रान्तं किन्तु

## ❀ અન્યમુદ્ દોષ અંગારાની વૃષ્ટિ જેવો છે ❀

**ગાથાર્થ :-** અન્યમુદ્ દોષ હોય ત્યારે અન્યત્ર રાગ હોવાના કારણે અર્થતઃ પ્રસ્તુત અનુષ્ઠાનમાં અનાદર થાય છે જે મહાવિઘ્નકારી છે. તે મહા અનર્થનું નિમિત્ત બને છે. રાગના વિષયભૂત અનુષ્ઠાનમાં તે અંગારાની વૃષ્ટિ તુલ્ય બને છે. [૧૪/૧]

**ટીકાર્થ :-** જે અનુષ્ઠાન ચાલી રહેલ હોય તેને છોડીને બીજે આનંદ હોય તે અન્યમુદ્ દોષ છે. આ દોષ હોય ત્યારે અન્યત્ર અત્યંત રાગ હોવાના લીધે જે અનુષ્ઠાન ચાલી રહેલ છે તેમાં અનાદર આવે છે, કારણ કે જે અનુષ્ઠાન કરવાનો કાળ છે તે સમયે અન્ય અનુષ્ઠાનનો રાગ એ પ્રસ્તુત અનુષ્ઠાનમાં અરાગ-અનાદરનો આક્ષેપક [લાવનાર] છે. આ અનાદર મહાધર્મમાં વિઘ્ન કરે છે. તેમ જ બધા અનર્થોનું એ મૂળ છે; કારણ કે વિહિત અનુષ્ઠાનનો આંશિક પણ અનાદર દીર્ઘ સંસારનો હેતુ છે.

**શંકા :-** પ્રસ્તુત અનુષ્ઠાનમાં અનાદર દોષ હોવા છતાં પણ અન્ય અનુષ્ઠાનમાં આદર-રાગ થવાનો ગુણ હોવાથી લાભ અને નુકશાન બન્ને સમાન થશે. [માટે આવી રીતે ધર્મક્રિયા કરે તો પણ નુકશાન નહિ થાય.]

**સમાધાન :-** પ્રસ્તુત અનુષ્ઠાનનો અનાદર એ આનંદનો વિષય બનનાર અન્ય અનુષ્ઠાનમાં અંગારાના વરસાદ જેવો છે; કારણ કે અકાળે-અનવસરે થયેલ રાગ એ અન્ય અનુષ્ઠાનના ફળનો ઉપઘાત કરે છે. શાસ્ત્રોક્ત હોવાથી સુંદર એવા ચૈત્યવંદન, સ્વાધ્યાય આદિ યોગોમાં ચૈત્યવંદન વગેરે કરવાના અવસરે પણ શ્રુતના અનુરાગથી ચૈત્યવંદન વગેરેનો અનાદર કરનાર વ્યક્તિને ચૈત્યવંદનાદિમાં ઉપયોગ ન હોવાના કારણે શ્રુતાદિ અન્ય યોગોમાં આસક્ત ચિત્તવૃત્તિવાળાને માટે અન્યમુદ્ = અન્યત્ર આનંદ સદોષ છે, કારણ કે શાસ્ત્રોક્ત એવા ચૈત્યવંદન અને સ્વાધ્યાયમાં આ કોઈ વિશિષ્ટતા નથી કે એકનો આદર કરવો ને બીજાનો નહિ. [શાસ્ત્રમાં અસંખ્ય તારક યોગો બતાવેલ છે. તે બધાને આરાધી શકવાની શક્તિ પોતાની પાસે ન હોવાથી આરાધના પોતાની શક્તિ મુજબના યોગની કરવાની. પરંતુ આદર તો શાસ્ત્રોક્ત સર્વ યોગો પર જોઈએ. એક અનુષ્ઠાનને અતિ આદરવાના લીધે બીજા શાસ્ત્રોક્ત યોગો પ્રત્યે અરુચિ-અનાદર તો ન જ થવો જોઈએ. એક યોગના રાગના ભોગે બીજા યોગો ઉપર આદર-રાગ કરવો એ જિનાજ્ઞાથી વિરુદ્ધ હોવાથી શુભ ભાવ નથી. બીજા અનુષ્ઠાનનો અતિરાગ એ અનુષ્ઠાનને આરાધવાની યોગ્યતા ખતમ કરે છે. ૩૫૦ ગાથાના સ્તવનમાં

'रुजी'त्यादि ।

**रुजि निजजात्युच्छेदात् करणमपि हि नेष्टसिद्धये नियमात् । अस्येत्यननुष्ठानं तेनैतद्वन्ध्यफलमेव ॥१४/१०॥**

**रुजि** = रोगे चित्तदोषे सति निजजातेः = अनुष्ठानसामान्यस्य उच्छेदात् **करणमपि हि अस्य** = प्रस्तुतार्थस्य **नियमात् नेष्टसिद्धये** = नाभिमतसम्पादनाय **इति** = हेतोः **अननुष्ठानं** = अकरणम् । **तेन** कारणेन **एतत्** = करणं **वन्ध्यफलमेव**, इष्टफलाभावात् । इयं हि रुग् भङ्गरूपा पीडारूपा वा अनुष्ठानजात्युच्छेदकत्वात् सर्वकृतानुष्ठानवन्ध्यत्वाऽऽपादिकेति विवेकिना परिहर्तव्या ।

**अथ** भङ्गरूपायाः पीडारूपाया वा रुजः शक्तौ सत्यामपरिहारः पुरुषस्य स्वतन्त्रं दोषान्तरं तत्र 'अव्यापृतानामनुष्ठानानां तु कोऽपराधः इति **चेत्** ? **न**, यदनुष्ठानव्यासङ्गेन पुरुषस्य रुक्परिहारोपायानुपयोगस्तत्र

**कल्याणकन्दली**

प्रवहमाने प्रकृतानुष्ठाने प्रकृतान्य-विहिताविहितकर्मगोचरोद्भूतोत्कटाभिलाष एवान्यमुत्पदवान्यः इति तावद् वयं विद्मः ॥१४/९॥

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् —> रुजि निजजात्युच्छेदात् अस्य करणं अपि हि नियमात् न इष्टसिद्धये इति अननुष्ठानम् । तेन एतत् वन्ध्यफलमेव ॥१४/१०॥ इयमपि कारिका **योगभेदद्वात्रिंशिकावृत्त्यादौ** [२०] समुद्धृता । एतदनुसारेण **योगभेदद्वात्रिंशिकायां** —> रुजि सम्यगनुष्ठानोच्छेदाद् वन्ध्यफलं हि तत् <— [द्वा.द्वा.१८/२०] इत्युक्तम् ।

**अनुष्ठानसामान्यस्य** = सदनुष्ठानत्वस्य **उच्छेदात्** = प्रच्यवात् **प्रस्तुतार्थस्य करणं** क्वचित् वस्त्वन्तरसाधकं सत् **अपि हि नियमात्** = निश्चयेन **नाभिमतसम्पादनाय** = न परमार्थसाधनाय भवति । 'इतिशब्दः स्मृतो हेतौ प्रकारादिसमाप्तिषु <— [ह.को.५/८८७] इति **हलायुधकोशवचनात् इति** = हेतोः बाह्याकृत्या करणेऽपि तत्त्ववृत्त्या **अकरणम् । तेन कारणेन** बहिर्वृत्त्या बलात्कारेण **करणं वन्ध्यफलमेव** = मोघप्रयोजनमेव, अनुबन्धशक्तिविरहेण **इष्टफलाभावात् । अनुष्ठानजात्युच्छेदकत्वात्** = अनुष्ठानत्वविच्छेदकारित्वात् **सर्वकृतानुष्ठानवन्ध्यत्वापादिका** = सर्वेषां कृतानामनुष्ठानानां मोघत्वाक्षेपिका । न हि कारणतावच्छेदकशून्येन कारणवदाभासमानेन कार्योत्पत्तिः युक्ता, अन्यथा कार्यकारणभावभङ्गापातात् । **इति** हेतोः **इयं रुग् विवेकिना** = क्षायोपशमिकगुणौदयिकगुणदोषभेदवेदिना सर्वादरेण **परिहर्तव्या** । प्रभायां दृष्टावयं दोषो नास्ति ।

**अथ** निश्चयनयेन सर्वतो **भङ्गरूपायाः** निश्चयानुगृहीतव्यवहारनयेन देशतो **भङ्गरूपायाः** नैगमादिनयेन च **पीडारूपाया रुजः स्वस्मिन् शक्तौ** = रुगपनायकशक्तौ **सत्यां अपरिहारः पुरुषस्य** अनुष्ठानकारकस्य **स्वतन्त्रं दोषान्तरं** भवतु । तत्र न नो विरोधः । किन्तु **तत्र** = रुग्दोषे **अव्यापृतानां** = अप्रवृत्तानां स्वसामग्रीवशात् उत्पन्नानां **अनुष्ठानानां तु कोऽपराधः** ? येन तेषां वन्ध्यफलत्वमापाद्यते अनुष्ठानत्वञ्चापाक्रियते तत्रभवद्भिः भवद्भिः इति चेत् ? न, **यदनुष्ठानव्यासङ्गेन** = यत्कर्मालम्बनेन **पुरुषस्य रुक्परिहारोपायानुपयोगः** = रुगपाकरणोपायानामव्यापारः **तत्र** = आलम्बनीभूतानुष्ठाने **रुग्दोषस्य न्यायप्राप्त-**

જણાવેલ છે કે —> માંડી કિરિયા અવગણે રે, બીજે ઠામે હર્ષ રે. ઈષ્ટ અર્થમાં આગીએ રે, અંગારાનો વર્ષ રે.] <— [૧૪/૯]

## ⊡ ઉપાસનામાં રોગ દોષ નિવારો ⊡

**ગાથાર્થ :-** રોગ દોષ હોય ત્યારે પોતાની જાતિનો ઉચ્છેદ થવાથી આ અનુષ્ઠાનને કરે તો પણ નિયમા ઈષ્ટસિદ્ધિ માટે થતું નથી. માટે તે અનનુષ્ઠાન = અકરણ જ જાણવું. તે કારણે આ નિષ્ફળ જ છે. [૧૪/૧૦]

**<u>ટીકાર્થ</u> :-** રોગ નામનો ચિત્તદોષ હોય ત્યારે અનુષ્ઠાનસામાન્યનો = અનુષ્ઠાનની પોતાની જાતિનો = અનુષ્ઠાનપણાનો ઉચ્છેદ થાય છે. માટે પ્રસ્તુત અનુષ્ઠાનને કરે તો પણ નિયમા અભિમત અર્થની સિદ્ધિ માટે થતું નથી. એ હેતુથી એ અનનુષ્ઠાન જ કહેવાય. [અનુષ્ઠાન ન કર્યું જ કહેવાય.] તે કારણે એ નિષ્ફળ જ જાણવું, કારણ કે એનાથી ઈષ્ટ ફળ મળતું નથી. આ રોગ દોષ ભંગસ્વરૂપ કે પીડાસ્વરૂપ છે, કારણ કે કરેલા સર્વ અનુષ્ઠાનોમાં અનુષ્ઠાનપણાનો તે નાશ કરે છે અને અનુષ્ઠાનને નિષ્ફળ બનાવે છે. માટે વિવેકી વ્યક્તિએ રોગ દોષનો ત્યાગ કરવો જોઈએ.

**<u>શંકા</u> :-** શક્તિ હોવા છતાં ભંગસ્વરૂપ કે પીડાસ્વરૂપ રોગ દોષનો પરિહાર ન થાય તો તે વ્યક્તિનો તે સ્વતંત્ર બીજો દોષ થયો. પરંતુ એ દોષમાં પ્રવૃત્ત ન થયેલા અનુષ્ઠાનોનો શું દોષ છે ? [તે અનુષ્ઠાનો કાંઈ પ્રસ્તુત દોષને ઉદ્દેશીને થતાં નથી કે જેના લીધે અનુષ્ઠાનપણાનો જ ઉચ્છેદ થઈ જાય છે.]

**<u>સમાધાન</u> :-** તમે કહ્યું તેમ નથી. કારણ કે જે અનુષ્ઠાનના ઓઠા નીચે સાધક પુરુષ રોગ દોષને ટાળવાનું ખ્યાલ નથી

१. मुद्रितप्रतौ 'व्या....' इति पाठः ।

रुग्दोषस्य न्यायप्राप्तत्वात् ॥१४/१०॥ **'आसङ्गेऽपी'**त्यादि ।

**आसङ्गेऽप्यविधानादसङ्गसक्त्युचितमित्यफलमेतत् । भवतीष्टफलदमुच्चैस्तदप्यसङ्गं यतः परमम् ॥१४/११॥**

**आसङ्गेऽपि** चित्तदोषे सति विधीयमानानुष्ठाने 'इदमेव सुन्दरमि'त्येवंरूपे **अविधानात्** = तद्भावपुरस्कारेण शास्त्रविध्यभावात् प्रत्युताऽनासङ्गभावं पुरस्कृत्य विधिप्रवृत्तेः, असङ्गा = सङ्गरहिता सक्तिः = अनवरतप्रवृत्तिः तस्या उचितं = योग्यं **इति** कृत्वा । **अफलं** = इष्टफलरहितं **एतत्** = अनुष्ठानं **भवति यतः** = यस्मात् **तदपि** शास्त्रोक्तत्वेन प्रसिद्धमप्यनुष्ठानं **परमं** = प्रधानं **असङ्गं** = अभिष्वङ्गरहितं **उच्चैः** = अतिशयेन **इष्टफलदं** = इष्टफलसम्पादकं **भवति** । आसङ्गयुक्तं ह्यनुष्ठानं **गौतमगुरुभक्तिदृष्टान्तेन** तन्मात्रगुणस्थानकस्थितिकार्येव न मोहोन्मूलनद्वारेण केवलोत्पत्तये प्रभवति, तस्मात् तदर्थिनाऽऽसङ्गस्य दोषता ज्ञेयेति ॥१४/११॥

**कल्याणकन्दली**

**त्वात्** । सति सामर्थ्ये यन्निमित्तेन यत्र दोषो न परिह्रियते तस्य तत्र दुष्टत्वं तथाऽत्राऽपि विभावनीयं विद्वद्भिः ॥१४/१०॥

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् —> आसङ्गे अपि अविधानात् एतत् अफलं भवति; **यतः** [तत्] असङ्गसक्त्युचितं तदपि परमं असङ्गं उच्चैः इष्टफलदं भवति ॥१४/११॥ इयमपि कारिका **योगभेदद्वात्रिंशिकावृत्त्यादौ** [गा.१८] समुद्धृता । एतदनुसारेण **योगभेदद्वात्रिंशिकायां** —> आसङ्गः स्यादभिष्वङ्गस्तत्राऽसङ्गक्रियैव न । ततोऽयं हन्त तन्मात्रगुणस्थानस्थितिप्रदः ॥ <— [द्वा.द्वा.१८/१] इत्युक्तम् । अष्टमयोगदृष्टावासङ्गदोषो नास्तीति व्यक्तं **योगदृष्टिसमुच्चये** ।

**विधीयमानानुष्ठाने** 'इदमेव सुन्दरमि'त्येवंरूपे **आसङ्गे सति अपि तद्भावपुरस्कारेण** = विहितानुष्ठानान्तरविषयाभिलाषातिशयिताऽभिलाषात्मकाभिनिवेशं पुरस्कृत्य **शास्त्रविध्यभावात्** । प्रत्युत इति वैपरीत्यबोधने । तदेवाह - **अनासङ्गभावं** = अनभिष्वङ्गपरिणामं **पुरस्कृत्य विधिप्रवृत्तेः** = शास्त्रविधानस्य प्रवर्तनात् । कुत एतदवगतम् ? इत्याह - **सङ्गरहिता अनवरतप्रवृत्तिः तस्या योग्यं** अनुष्ठानकरणं इति शास्त्रवचनोपलब्धेः **इति कृत्वा** । न चाभिष्वङ्गपूर्वकमप्यनुष्ठानकरणात्किञ्चित्फलं तु भविष्यतीति वाच्यम्, **यतः एतत्** = आसङ्गयुक्तं **अनुष्ठानं इष्टफलरहितं भवति** । इदमपि कुतोऽवसितं ? इत्याह **यस्मात् शास्त्रोक्तत्वेन प्रसिद्धमपि अनुष्ठानं प्रधानं अभिष्वङ्गरहितं** = निरुक्ताभिनिवेशशून्यं **अतिशयेन इष्टफलसम्पादकं भवति** । **गौतमगुरुभक्तिदृष्टान्तेनेति** । तदुक्तं **मित्राद्वात्रिंशिकायां** —> प्रतिबन्धैकनिष्ठं तु स्वतः सुन्दरमप्यदः । तत्स्थानस्थितिकार्येव वीरे गौतमरागवत् ॥ <— [द्वा.द्वा.२२/१०] इति । तथास्वभावत्वात् **तन्मात्रगुणस्थानकस्थितिकार्येव** = विवक्षितगुणस्थानकस्थानकारकमेव, **न तु मोहोन्मूलनद्वारेण केवलोत्पत्तये प्रभवति** । अत एव परत्र सीमन्धरादिजिनसमीपे दीक्षाप्राप्तिनिदानं

રાખતો ને અનુષ્ઠાનમાં રોગ દોષ લાગુ પડવો ન્યાયસંગત છે. [૧૪/૧૦]

**વિશેષાર્થ** :- ચિત્તની પીડા અથવા ચિત્તભંગ એ ચિત્તનો દોષ કર્મોદયથી થવા છતાં સાધકે તેને ટાળવા પુરુષાર્થ કરવો જોઈએ. પુરુષાર્થથી તે ટળી શકે છે. ચિત્તપીડા કે ચિત્તભંગ કરનારા નિમિત્તોથી સાધકે દૂર રહેવું જોઈએ. અને તેવું પ્રબળ ભાવનાબળ વારંવાર અભ્યાસ કરીને વધારવું જોઈએ. એના લીધે ન ટાળી શકાય તેવા વિપરીત સંયોગોમાં પણ ચિત્ત પીડિત થતું નથી, ભગ્ન થતું નથી. ક્રિયાના લોભમાં આ દોષને ટાળવાનું લક્ષ ન રાખવું એ સાધકનો અપરાધ હોવા છતાં ક્રિયા-અનુષ્ઠાનના નિમિત્તે રોગદોષના પરિહારનો ઉપયોગ ન રહેવાથી તે ક્રિયા-અનુષ્ઠાન વાસ્તવમાં અનુષ્ઠાન જ બની શકતા નથી. દા.ત. કોઈ ભિખારીને શ્રીમંત પાસે કરગરતો જોઈને સાધુને મનમાં એમ થાય કે 'માણસને કર્મવશ કૃપણતા કેવી નડે છે ? કે આ લોભી શેઠ બિચારા ગરીબ ભિખારીને દાન કરતો નથી !' આ મનોરોગ છે. ઊંચું સંયમજીવન પાળવામાં દુનિયાની આ માથાકુટમાં સાધુએ પડવાનું નથી. નહિતર એમાં પોતાની એકધારી સંયમપરિણતિને ધક્કો પહોંચે અને નહિ દેનારા કૃપણ શ્રીમંત ઉપર પોતાને દ્વેષ થાય. ૩૫૦ ગાથાના સ્તવનમાં જણાવેલ છે કે —> રોગ હોએ સમજણ વિના રે, પીડા ભંગસ્વરૂપ રે. શુદ્ધ ક્રિયાઉચ્છેદથી રે, તેહ વંધ્યફલરૂપ રે. <— (૧૦-૧૯) [૧૪/૧૦]

## ❖ આસંગનો સંગ ટાળો ❖

**ગાથાર્થ** :- આસંગ દોષ હોય ત્યારે પણ આ અનુષ્ઠાન નિષ્ફળ બને છે, કારણ કે આસંગપૂર્વક અનુષ્ઠાન કરવાનું વિધાન નથી. શાસ્ત્રમાં તો અસંગપ્રવૃત્તિથી થતું અનુષ્ઠાન યોગ્ય જણાવેલ છે. કારણ કે પ્રધાન અસંગ અનુષ્ઠાન અત્યંત ઈષ્ટફળદાયક બને છે. [૧૪/૧૧]

**ટીકાર્થ** :- ચિત્તનો આસંગ દોષ હોય ત્યારે પણ અનુષ્ઠાન નિષ્ફળ બને છે. કેમ કે 'આ જ સુંદર છે' આ ભાવથી કરાતા અનુષ્ઠાનને વિશે તેવા ભાવને આગળ કરીને અનુષ્ઠાન કરવાની શાસ્ત્રીય વિધિ નથી. ઊલટું અનાસંગ ભાવને આગળ કરીને શાસ્ત્રીય વિધિની પ્રવૃત્તિ છે. અનુષ્ઠાન સંગ વિનાની સતત પ્રવૃત્તિને યોગ્ય છે. [માટે આસંગજન્ય અનુષ્ઠાન નિષ્ફળ બને છે.] શાસ્ત્રોક્ત હોવાના લીધે પ્રસિદ્ધ અનુષ્ઠાન પ્રધાન હોવા છતાં પણ એવું અસંગ અનુષ્ઠાન બને તો અત્યંત ઈષ્ટ ફળનું સંપાદક બને છે.

एवमष्ट चित्तदोषानुक्त्वा तत्त्यागिचित्तस्वरूपमाह —> '**एतदि**'त्यादि ।

**एतद्दोषविमुक्तं शान्तोदात्तादिभावसंयुक्तम् । सततं परार्थनियतं सङ्क्लेशविवर्जितं चैव ॥१४/१२॥**

एतैरष्टाभिश्चित्तदोषैर्वियु(मु)क्तं = रहितं शान्तः = क्रोधाद्यभाववान् उदात्तः = निजपरगणनारूपलघुचित्ताभावेन उदारः तदादिभावेन संयुक्तं = समन्वितं, आदिशब्दात् गम्भीर-धीरादिभावपरिग्रहः । **सततं** = अनवरतं **परार्थनियतं** = परोपकारनियतवृत्ति सङ्क्लेशेन = कालुष्येण विवर्जितं **चैव** ॥१४/१२॥ '**सुस्वप्ने**'त्यादि ।

कल्याणकन्दली

**दशाश्रुतस्कन्धादौ** निषिद्धम् ॥१४/११॥

मूलग्रन्थे दण्डान्वयस्त्वेवम् —> एतद्दोषविमुक्तं शान्तोदात्तादिभावसंयुक्तं सततं परार्थनियतं सङ्क्लेशविवर्जितं चैव ॥१४/१२॥

**चैतैः** = चित्तसम्भवैः **दोषैः** खेदादिभी **रहितं** 'योगिनां चित्तमि'ति वक्ष्यमाणमन्त्रान्वेति । अनेन मनोविशुद्धिर्दर्शिता । तदुक्तं **सम्बोधप्रकरणे** —> खेयाइदोसरहिया तदज्झवसिया य मणसुद्धी <— [१३९] । **शान्तः** = **क्रोधाद्यभाववान्** । तदुक्तं **योगदृष्टिसमुच्चयवृत्तौ** —> शान्तः = तथाविधेन्द्रिय-कषायविकारविकलः <— [१८६] । इदमेवाभिप्रेत्य **भगवद्गीतायां** —> वीतरागभयक्रोधः स्थिरधीर्मुनिरुच्यते <— [२/५६] इत्युक्तम् । अन्यत्रापि —> न यत्र दुःखं न सुखं न रागो न द्वेष-मोहौ न च काचिदिच्छा । रसः स शान्तो विहितो मुनीनां सर्वेषु भावेषु समः प्रदिष्टः ॥ <— [ ] इत्युक्तम् । **उदात्तः** इति 'इदं मदीयं तत्तु परकीयमि'त्यादिविचारविरहेण = **निज-परगणनारूपलघुचित्ताभावेन उदारः** । **योगदृष्टिसमुच्चयवृत्तौ** तु —> उदात्तः = उच्चोच्चतराद्याचरणस्थितिबद्धचित्तः <— [गा.१८६] इत्येवं पूर्वतनभूमिकामाश्रित्योक्तम् ॥१४/१२॥

આસંગવાળું અનુષ્ઠાન તો ગૌતમસ્વામીની ગુરુ મહાવીર પ્રત્યેની ભક્તિના દૃષ્ટાંતથી એના એ જ ગુણસ્થાનકમાં રાખનાર છે. મોહનું ઉન્મૂલન કરવા દ્વારા કેવળજ્ઞાનની ઉત્પત્તિ માટે તે સમર્થ બનતું નથી. માટે કેવલજ્ઞાનના અર્થી વ્યક્તિને આસંગને દોષ તરીકે જાણવો જોઈએ. [૧૪/૧૧]

**વિશેષાર્થ** :- આસંગ = આસક્તિ. આ આસક્તિના કારણે એમ લાગ્યા કરે કે 'આ જ ક્રિયા સુંદર છે'. આથી વારંવાર એમાં જ પ્રવૃત્તિ કરવાનું મન થાય અથવા એટલા જ ભાવમાં અટકી રહેવાનું થાય. અલબત અમુક અવસ્થા સુધી ધર્મયોગ ઉપર અથાગ રાગ જોઈએ જ. તો જ પાપપ્રવૃત્તિના રાગ છૂટે. છતાં એ કોઈ એક ધર્મયોગ ઉપર એવો આસક્તિરૂપ ન બનવો જોઈએ કે એ ધર્મયોગ બીજા ધર્મયોગને બાધા કરે, અગર નીચેની કક્ષાના એ જ ધર્મયોગમાં અટકાવી રાખે. એવો આસંગ દોષસ્વરૂપ છે, કારણ કે એ ગુણસ્થાનકમાં આગળ વધવા નથી દેતો. એના એ જ ગુણસ્થાનકમાં અટકાવી રાખે છે. આ આસંગ દોષ મૂળમાંથી ત્યારે ટળે કે જ્યારે અસંગ અનુષ્ઠાન સિદ્ધ થાય. આસંગ-ગાઢઆસક્તિ ટળે તો જ મોહનું ઉન્મૂલન થવા દ્વારા વીતરાગતા આવે, કેવળજ્ઞાન પ્રગટે. માટે 'આ જ ધર્મયોગ સુંદર છે' એવી આસક્તિ શાસ્ત્રવિહિત નથી. અનેકવિધ ઉચ્ચ-ઉચ્ચતર-ઉચ્ચતમ યોગોને કર્તવ્ય તરીકે બતાવનાર શાસ્ત્ર એક જ યોગને સુંદર કેવી રીતે જણાવે ? એકમાં જ આસક્ત થવાનું કેમ કહે ? ધર્મયોગ એ સીડી-દાદર છે. વીતરાગતા એ ધ્યેય છે, પ્રાપ્તવ્ય સ્થાન છે. સીડી ઉપર આસક્તિ રાખી સીડી ન છોડે તે ઈષ્ટ સ્થાને પહોંચી ન શકે. દાદરના માધ્યમથી ઉપર ચડવાનું છે તેમ તે તે ધર્મયોગની સાધના દ્વારા વીતરાગદશા પ્રાપ્ત કરવાની છે. આદરપૂર્વક સતત ધર્મયોગાભ્યાસથી ઉપર-ઉપરની કક્ષાની સાધના પ્રાપ્ત થતી જાય. એકમાં જ આસક્ત રહે તો આ ન બને. માટે આંધળી આસક્તિ છોડીને આદરપૂર્વક પોતાની ભૂમિકાને ઉચિત અનુષ્ઠાન સાધે તો તે સફળ થાય અને અંતે વીતરાગતા - કર્મરહિતતા મળે. ૩૫૦ ગાથાના સ્તવનમાં જણાવેલ છે કે —> એક જ ઠામે રંગથી રે, કિરિયામાં આસંગ રે, તેહ જ ગુણઠાણે થિતિ રે, તેહથી ફલ નહિ ચંગ રે. <— ચંગ = સુંદર. [૧૪/૧૧]

આ રીતે ચિત્તના આઠ દોષને કહીને આઠ દોષના ત્યાગી ચિત્તના સ્વરૂપને ગ્રંથકારશ્રી જણાવે છે.

## ❀ યોગીચિત્તની ૭ વિશિષ્ટતા ❀

**ગાથાર્થ** :- આ દોષોથી રહિત ચિત્ત [1]શાંત-ઉદાત્ત વગેરે ભાવથી સંયુક્ત હોય છે, સતત [2]પરાર્થવ્યાપ્ત હોય છે અને [3]સંક્લેશથી શૂન્ય હોય છે. [૧૪/૧૨]

**ટીકાર્થ** :- ચિત્તના આ આઠ દોષોથી રહિત એવું ચિત્ત [૧] શાન્ત = ક્રોધાદિશૂન્ય, ઉદાત્ત = 'આ પોતાનું અને તે પારકું' આવી લઘુવૃત્તિ [= તુચ્છવૃત્તિ = સંકુચિતવૃત્તિ] ન હોવાના કારણે ઉદારતા વગેરે ભાવોથી યુક્ત હોય છે. વગેરે કહેવાથી ગંભીર-ધીર વગેરે ભાવોનું ગ્રહણ કરવું. [૨] તે ચિત્ત સતત પરોપકારવ્યાપ્ત વૃત્તિવાળું હોય છે. અને [૩] સંક્લેશથી = કલુષિતતાથી રહિત જ હોય છે. [૧૪/૧૨]

**सुस्वप्नदर्शनपरं समुल्लसद्गुणगणौघमत्यन्तम् । कल्पतरुबीजकल्पं शुभोदयं योगिनां चित्तम् ॥१४/१३॥**

सु[1] = शोभनाः श्वेतसुरभि-पुष्प-वस्त्राऽऽतपत्र-चामरादयो ये स्वप्नाः = स्वापज्ञेया, तद्दर्शनपरं = तद्दर्शनप्रवृत्तं, समुल्लसन् गुणगणौघः = गुणनिकरप्रवाहो यस्मिंस्तत्तथा **अत्यन्तं** = अतिशयेन कल्पतरोः यद् बीजं तत्कल्पं = तत्तुल्यं, शुभ उदयो यस्य तत्तथा **योगिनां चित्तं** भवति ॥१४/१३॥

'कस्य पुनर्विशेषेणेदृक् चित्तं स्यात् ?' इत्याह –> '**एवंविधमि**'त्यादि ।

**एवंविधमिह चित्तं भवति प्रायः प्रवृत्तचक्रस्य । ध्यानमपि शस्तमस्य त्वधिकृतमित्याहुराचार्याः ॥१४/१४॥**

